आयुर्वेद निबंधमाळा

भाग १ लो.

જેમાં આયુર્વેદ સંબંધી જગત ઉત્પત્તિથી માંડી બાળકોની સારવાર તથા ઉપાયો સાથેના દશ નિબંધો છે.

કર્તા

શા. તિલકચંદ તારાચંદ / વૈદ્ય.

સુરત.

સુરત વૈદ્ય સભામાં વાંચેલા અને વૈદ્ય સભાએ પસંદ કરેલા નિબંધો.

आयुर्वेद निबंधमाळा.

भाग १ को.

જેમાં આયુર્વેદ સંબંધી જગતની ઉત્પત્તિથી માંડી
બાળકોની સારવાર તથા ઉપાયો સાથેના
દશ નિબંધો છે.

विद्वानेव हि जानाति विद्वज्जनपरिश्रमम् ।
न च वंध्या विजानाति गुर्वी प्रसववेदनाम् ॥

—: રચનાર :—

શા. તિલકચંદ તારાચંદ વૈદ્ય.
મહીધરપુરા-ઘીયાશેરી ટેકરા-સુરત.

-: છપાવી પ્રસિદ્ધ કરનાર :-
પ્રેમસિંહ પ્રતાપસિંહ ઠાકોર.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું:—
"સુરત સીટી" પ્રિન્ટીંગ પ્રેસ—સુરત.

આવૃત્તિ બીજી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૭—સને ૧૯૨૧

કિંમત (૧) એક રૂપીઓ.

સુરત–ચૌટાના પૂલ ઉપર આવેલા "સુરત સીટી" પ્રિન્ટીંગ
પ્રેસમાં ઠાકોરદાસ માનસિંહે છાપ્યું.

વૈદ્ય-બંધુઓને વિનતિ.

આથી સર્વે વૈદ્ય બંધુઓને તથા સદ્‌ગૃહસ્થોને વિનતિ કરવામાં આવે છે કે, પરસ્પર જ્ઞાનનો લાભ આપવા તથા લેવા માટે સુરતમાં લગભગ ૭ વર્ષ થયાં **વૈદ્યસભા સ્થાપવામાં આવેલી** છે, જેમાં સુરતના વિદ્વાન વૈદ્યરાજો આગેવાની ભર્યો ભાગ લઇ આયુર્વેદનાં ગૂઢ તત્વો તથા આયુર્વેદનું રહસ્ય, પ્રજા વર્ગને સમજાવવા માટે હાલમાં સુરત ઘી કાંટાની વાડીમાં દર રવિવારે સાંજે પાંચ વાગે ભાષણ આપે છે.

આ વૈદ્યસભામાં શહેરના તથા બહાર ગામના વૈદ્યરાજો દર વર્ષે એક રૂપીઓ લવાજમનો આપવાથી સભાસદ થઇ શકે છે. માટે દરેક વૈદ્યરાજોને આ સભામાં દાખલ થઇ પોત પોતાનો અનુભવ એક બીજાને આપવા માટે તથા સદ્‌ગૃહસ્થોને જોઇતી જરૂરીઆતો પૂરી પાડી આયુર્વેદના સહાયક થવા માટે અમારી ખાસ વિનતિ છે.

આપનો કૃપાકાંક્ષી

વૈદ્ય ધીરજરામ દલપતરામ.

મંત્રી-વૈદ્યસભા સુરત.

મારી છબી.

તોટક છંદ.

તનની છબીને હરખી નીરખી,
મનની છબીને નીરખી પરખી;
બહુ ભેદ પડે ન ગણો સરખી,
નીરખી પરખી સરખી હરખી.—૧

તનની છબી જોઈ શું ફૂલી ફરો,
ધનની છબી ધારી કરો મુજરો;
મનની છબીમાં જવ રંગ ભરો,
તનની છબી વ્યર્થ પછી ઉચરો.—૨

શા. તિલકચંદ તારાચંદ વૈદ્ય.

આયુર્વેદ નિબંધમાળા ભાગ ૧ લો

પ્રયોજન.

અખિલ વિશ્વના ઉત્પાદક કે જેને સ્વયંભૂ, બ્રહ્મ, પરમેશ્વર, ઇશ્વર, વગેરે અનેક નામોથી વર્ણવવામાં આવ્યા છે, પરંતુ તેને જાણવાને માટે યોગી પુરૂષો તથા સિદ્ધ પુરૂષોએ પ્રયત્ન આરંભી એટલું સિદ્ધ કર્યું છે કે, તે પરમાત્મા પરથી પર, આક્ષરાતીત, અને અનિર્વચનીય છે. તે પરમાત્માની ગતિ, શકિત અને લીલા કહો કે કુદરત કહો તે સર્વે એકજ વાત છે. કુદરતના નિયમ તપાસતાં કાર્ય કારણરૂપે જે દસ્યમાન જગત્ જણાય છે, તેમાં કોઇપણ પ્રાણીની પ્રવૃત્તિ કોઇપણ જાતના પ્રયોજન વિના જણાતી નથી. એટલા ઉપરથી સમજી શકાશે કે, પૂર્વાચાર્યોએ મનુષ્યજીવમાં નિરામય આયુષ્ય ભોગવવાને માટે આયુર્વેદની સંકલના એટલાજ પ્રયોજનથી કરેલી છે કે, પ્રાણિમાત્ર યાવત્ જીવન પર્યન્ત નિરામય જિંદગી ગુજારી, કુદરતના નિયમને પાળી, સંસારરૂપ સમુદ્રને તરી, ઇશ્વરના પદમાં લીન થાય. એ પ્રમાણે જ્યારે આયુર્વેદાચાર્યોએ આયુર્વેદરૂપ નૌકા તૈયાર કરી કોઇપણ જાતની અપૂર્ણતા વિના, કોઇપણ જાતની ખામી વિના સંશય રહિતપણે સિદ્ધ વચનોનો સમુદાય રચીને તે મનુષ્યસૃષ્ટિમાં પ્રકટ કર્યો છે, તો પછી તેજ વિષયમાં આયુર્વેદનાં લખાયલાં, સાહિત્યોમાં આ અયુર્વેદ નિબંધમાળાનું શું પ્રયોજન છે ? એવો પ્રશ્ન સ્વાભાવિક ઉઠે, તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

આયુર્વેદ નિબંધમાળા લખવાનું પ્રયોજન કાંઇજ હતું નહિ, પરંતુ સુરત શહેરની વૈદ્યસભાએ દર રવિવારે આયુર્વેદમાંથી અમુક વિષયને લઇ, વ્યાખ્યાન આપવાનું શરૂ કર્યું, તે એટલા માટે કે વર્તમાનકાળમાં આયુર્વેદનો અભ્યાસક્રમ પ્રાયઃલુપ્ત થયલો જણાતો હોવાથી, તથા ઇતર દેશના ચિકિત્સાશાસ્ત્ર પંડિતોના આગળ આયુર્વેદની હેલના થતી હોવાથી, જો કે આખી પૃથ્વીનાં ચિકિત્સાશાસ્ત્ર આયુર્વેદ ઉપરથીજ લઇને નિર્માણ કરેલાં છે, તથાપિ આયુર્વેદ તેની છાયામાં એટલો બધો આચ્છાદિત થઇ ગયો છે કે, તેના તરફ બારીક દષ્ટિએ જોતાં પણ

તેનાં દર્શન દુર્લભ થઇ પડયાં છે. તે આયુર્વેદનું દિગ્દર્શન કરાવવા માટે, વર્તમાનમાં આખા આર્યાવર્તમાં વૈદ્યસભાઓ તથા વૈદકસંમેલનો દ્વારા ઉહાપોહ ચાલુ થએલો જોવામાં આવે છે. તે પ્રમાણે સુરત શહેરની વૈદ્યસભાએ પણ વ્યાખ્યાનનો ક્રમ શરૂ કર્યો છે. તે સભામાં મારે વ્યાખ્યાન આપવા ઠરવાથી બે ચાર વ્યાખ્યાનો આપ્યાં, તેટલામાં અમારા મિત્ર વર્ગ તરફથી એવી સૂચના કરવામાં આવી કે, આવાં સ્પષ્ટીકરણવાળાં વ્યાખ્યાનોનો સંગ્રહ થાય તો મનુષ્ય પ્રજાને ભાવિકાળમાં અતિ ઉપયોગી થઇ પડે. એટલી વાત નક્કી થયા પછી અમારો વિચાર આયુર્વેદ નિબંધમાળા લખવા તરફ દોરાયો, પરંતુ દરેક કાર્યમાં બે શકિતની અથવા બે વ્યકિતની જરૂર હોય છે. તે પ્રમાણે સુરત નિવાસી શ્રીયુત્ ઇશ્વરલાલ રતનલાલ ત્રિવેદીએ આગ્રહપૂર્વક લેખનનું કામ, કોઇપણ જાતના સ્વાર્થ વિના પોતાને માથે ઉપાડી લીધું અને તે એવી રીતે પાર પાડવામાં આવ્યું કે, પોતાનો વ્યવસાય છોડીને માત્ર પરોપકારવૃત્તિથી, નિયમિત સમયે લખવાનું કામ શરૂ કરવામાં આવ્યું, જેથી આ નિબંધમાળા ઘણા ટુંક વખતમાં આપ લોકોનાં કરકમળને શોભાવી મનને આનંદ આપનારી થઇ પડી. એ નિબંધમાળામાં આપ લોકોને જોવામાં આવશે કે, આ કાર્ય કેટલી ત્વરાથી સંપૂર્ણ કરવામાં આવ્યું છે.

આયુર્વેદ નિબંધમાળા લખવાનું પ્રયોજન એટલા માટે ઉપસ્થિત થયું કે, પ્રાચીન કાળમાં ઋષિમુનિઓની ગ્રંથ લખવાની પદ્ધતિ એવી જોવામાં આવે છે કે, જેમ બને તેમ ટુંકામાં પણ સંપૂર્ણ જ્ઞાન આપનારાં સૂત્રોમાં લખવું અને તે પછી વિદ્વાનોએ તે ઉપરથી સમજી લેવું. પરંતુ જેમ જેમ કાળનો પ્રવાહ વહેતો ગયો, તેમ તેમ જીવનની જરૂરિઆતોનો વધારો થતો ગયો. એ જીવનકલહમાં સ્વાર્થ વૃત્તિએ એટલું મોટું પરાક્રમ દર્શાવ્યું કે, અમુક શાસ્ત્રો અમુક વ્યકિત સિવાય કોઇથી પઠન પાઠન કરી શકાય નહિ. તે એટલે સુધી કે, આ જગતના ઉત્પાદક, પાલન અને સંહારક શકિતવાળા પરમાત્માનું નામ, એટલે પ્રણવશબ્દ સરખો બીજાથી બોલાય નહિ. જો કે પ્રણવ શબ્દની કાંઇ

કિંમત ઉપજતી નથી. તો જ્યારે એવા અમૂલ્ય પ્રણવ શબ્દનો ઉચ્ચાર કરવાની સત્તા જે લોકોએ પોતાના હાથમાં રાખી; તે લોકો બીજાં ઉપયોગી શાસ્ત્રો ભણવાની છૂટ, ઇતર પ્રજાને શી રીતે આપી શકે? એ કારણથી આયુર્વેદ જેવા ઉપયોગી શાસ્ત્રને ગુપ્ત રાખવાનો રિવાજ શરૂ થયો, એટલે બીજાં શાસ્ત્રો ઉપર જેમ ભાષ્ય, ટીકા, ચૂર્ણિકા, અવચૂર્ણિકા વગેરે પ્રાચીન ધર્મશાસ્ત્રના આશય સમજાવવા માટે રચવામાં આવ્યા, તેમ આયુર્વેદ ઉપર રચવાનો અવકાશ મળ્યો નહિ. એટલે એ વિદ્યા ગુરૂપરંપરાથી જાણવાનો તથા ભણવાનો ક્રમ, માત્ર એકજ પ્રજાના હાથમાં રહેવાથી, એ વિદ્યાની વિશેષ ઉન્નતિ થઇ શકી નહિ, જેથી કાળ બદલાતાં અને સંસ્કૃત ભાષાનો પ્રજાની માતૃભાષા તરીકેના હક્કનો લોપ થવાથી, પ્રાકૃત ભાષાઓમાં લોકોની જીવનકલહ પ્રવૃત્તિ ગુંથાઇ ગઇ, એટલુંજ નહિ પરંતુ કાળના યોગે આર્યપ્રજા પરચક્રમાં જોડાયાથી પોતાનું ભાન ભૂલી ગઇ! તે એટલે સુધી કે, સાંસારિક, વ્યાવહારિક તમામ વર્ત્તનોમાં પારકી વસ્તુ પ્રિય લાગવા માંડી, જેથી પોતાની વિદ્યા ઉપર અભાવ ઉત્પન્ન થયો. એક તરફ એવા અભાવનું ઉત્પન્ન થવું અને બીજી તરફ પશ્ચિમ દિશા તરફથી બ્રિટિશ સૂર્યનો પ્રકાશ થવો. જેના પ્રકાશથી આર્ય પ્રજા એટલી બધી અંજાઇ ગઇ કે, પોતાના હાથનાં રત્ન છે, પરંતુ જ્યાંસુધી પશ્ચિમના વિદ્વાનો તેને રત્ન તરીકે સ્વીકારે નહિ ત્યાંસુધી પોતે પોતાના રત્નને પત્થર માની ફેંકી દેતાં સુધી પણ વિચાર કરે નહિ!!! આવી દશામાં આવી પડતાં છતાં બ્રિટિશ પ્રજાએ દેશમાં સુલેહ, શાંતિ, વિદ્યાનો પ્રચાર અને ઉદ્યોગની જાગૃતિ એટલી હદ સુધી વધારી કે, આર્યાવર્તની પ્રજા તેના સુખાનંદમાં મોહવશ થઇ તૃપ્ત બની ગઇ! પરંતુ બ્રિટિશ પ્રજાએ જેમ જેમ વિદ્યાનો પ્રચાર વધારવા માંડયો, એટલે પ્રજામાં સત્ય શું છે? તેનો શોધ જારૂ થયો પરંતુ પશ્ચિમના વિદ્વાનોનો ઋષિ મુનિઓના સિદ્ધાંતો કે જેમાં થોડામાં ઘણું સમજાય તેથી ઉલટો એટલે ઘણામાં થોડું સમજાય એવો સિદ્ધાન્ત હોવાથી પ્રજામાં હેતુવાદને પડતો મુકી, શબ્દવાદ ઉપર વિચાર કરવાનો પ્રથા પડયો. એટલે તે દષ્ટિએ જોતાં આયુર્વેદ અપૂર્ણ છે, તેમાં સુધારાની ઘણી જરૂર છે, એ વાત બહાર આવી! પરંતુ આયુર્વેદ અપૂર્ણ

નથી, પણ તે સંપૂર્ણ છે. એ વાત સિદ્ધ કરવાને માટે આયુર્વેદની એકેક પ્રક્રિયાને લઇને તેના ઉપર વિવેચન કરીને પ્રજાના મનનો સંશય દૂર કરવા માટે આ નિબંધમાળા લખવાનું પ્રયોજન ઉત્પન્ન થયું છે.

આયુર્વેદ નિબંધમાળાના આ પ્રથમ ભાગમાં દશ નિબંધોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં એટલુંજ પ્રયોજન રાખવામાં આવ્યું છે કે, આયુર્વેદમાં અપૂર્ણતા નથી. આયુર્વેદમાં વિચાર કરવાને માટે વિવેચકોને વસ્તુની ખોટ નથી. આયુર્વેદમાં ટુંકામાં ઘણું સમજાવવામાં આવ્યું છે અને આયુર્વેદમાં લખેલા નિયમ પ્રમાણે તેના હેતુને સમજીને તે હેતુ પુરઃસર જો મનુષ્ય પોતાની જીવનચર્યા ચલાવે, એટલે તે પ્રમાણે વર્તે તો વર્તમાન પ્રજાને હાલમાં જે રોગે જકડી લીધી છે, તેના બંધનમાંથી છૂટે, અને ભાવી પ્રજાને રોગરૂપી શત્રુ પોતાના બંધથી બાંધી શકે નહિ, એટલુંજ આ આયુર્વેદ નિબંધમાળા લખવાનું પ્રયોજન છે.

મનુષ્ય સૃષ્ટિમાં દરેક માણસ અપૂર્ણ છે, ભૂલને પાત્ર છે, છતાં અજ્ઞાન દશામાં અહંકારથી એવું સમજે છે કે હું જે સમજું છું તે પૂર્ણ છે અને મારા કરતાં ઇતર મનુષ્યો મારા જેટલું સમજતાં નથી. એટલે હું જે કરૂં છું અને કહું છું તે પૂર્ણ, વ્યાજબી અને સત્ય છે, માટે મારામાં કોઇએ ભૂલ કાઢવી નહિ. આવો રિવાજ ઘણા પ્રાચીનકાળથી ચાલતો આવેલો હોવાને લીધે, આખી દુનિયાની પ્રજામાં જુદા જુદા વિચારના જુદા જુદા સમૂહો જોવામાં આવે છે. જો એમ નહિ હોત તો દરેક માણસના સુખદુઃખ અને પ્રતિકાર એક સરખા હોત, અને જો એમ હોત તો આજકાલ આખી દુનિયામાં સુખ, શાંતિ, આનંદ અને લાંબા કાળ સુધી જીવવાને માટે જે પ્રયત્નો ચાલી રહ્યા છે અને જેને માટે નવીન નિબંધો, નવીન પુસ્તકો અને નવીન ચિકિત્સાઓ વધતી જાય છે તેનુ પ્રયોજન હોત નહિ. પરંતુ અમારૂં માનવું એવું છે કે અમે પોતે દરેક બાબતમાં અપૂર્ણ છીએ અને જગતના પ્રવાહમાં એક વિદ્યાર્થી તરીકેનું જીવન પૂરૂં કરવા માટે, પૂર્વજન્મના કૃતકર્મના સંકેત પ્રમાણે વહ્યા જઇએ છીએ, જેથી અમોને ઇતર વિદ્વાનોના આશયની, ઉપદેશની અને અનુભવની સંપૂર્ણ ઇચ્છા તથા

લાલસા છે; પરંતુ કુદરતના નિયમ પ્રમાણે જ્યાં સુધી મનુષ્ય પોતાની પાસેનું બીજાને આપે નહિ ત્યાં સુધી બીજાની પાસેનું લેવાને માટે તે હકદાર થઇ શકતો નથી. એટલા માટે અમારા જીવનકલહમાં પ્રજાને ઉપયોગી થાય એવા કંઇક વિચારોનો જે અનુભવ અમને થયો છે, તે અનુભવ અમારા વૈદ્યબંધુઓને આપવો અને તેઓ પાસેથી તેઓનો અનુભવ માંગવો, એટલુંજ આયુર્વેદ નિબંધમાળાં લખવાનું પ્રયોજન છે. બાકી અમારી સ્થિતિ અને આ અમારૂં કાર્ય—

" यत्र विद्वज्जनो नास्ति श्लाघ्यस्तत्राल्पधीरपि ।
निरस्तपादपे देशे, एरंडोऽपि द्रुमायते ॥ "

અર્થ.

હોય નહિ વિદ્વાન જ્યાં, અલ્પબુદ્ધિ વખણાય;
ઝાડ વગરના દેશમાં, એરંડો દ્રુમ થાય.

એવી સ્થિતિ છે, તે છતાં આ આયુર્વેદ નિબંધમાળા પ્રગટ કરી છે, તેમાં બનતી સાવધાની, કાળજી અને દક્ષતા રાખવામાં આવી છે, છતાં જે ભૂલચૂક રહી ગઇ હોય, તે વિદ્વાનોએ સુધારીને વાંચવા કૃપા કરવી અને જે અપૂર્ણતા જણાતી હોય તે વિદ્વાન આયુર્વેદાચાર્યોએ પોતે પોતાના તરફથી બીજી નિબંધમાળાઓ લખીને પૂર્ણ કરવી એટલુંજ આ નિબંધમાળાનું પ્રયોજન છે. अलमिति विस्तरेण विपश्चिद् वरेषु किमधिकम्.

લિ૦ આપનો કૃપાકાંક્ષી,

શા. તિલકચંદ તારાચંદ વૈદ્ય–સુરત.

अनुक्रमणिका.

નિબંધ ૧ લો.

આયુર્વેદ એટલે શું ?

નિબંધ ૨ જો.

આયુર્વેદ અને વર્તમાન પથીયો.

નિબંધ ૩ જો.

આયુર્વેદનું વનસ્પતિશાસ્ત્ર.

નિબંધ ૪ થો.

પ્રાણી માત્રની ઉત્પત્તિ અને મનુષ્ય શરીરની રચના.

નિબંધ ૫ મો.

ગર્ભોત્પત્તિ અને શરીર રચનાનો ક્રમ.

નિબંધ ૬ ઠ્ઠો.

માતાપિતાની કુચેષ્ટાથી ગર્ભમાં થતી વિક્રિયા.

નિબંધ ૭ મો.

રૂપાળાં તથા ગુણવાળાં બાળકો.

નિબંધ ૮ મો.

ગર્ભિણીને થતા રોગો અને તેની ચિકિત્સા.

ઉત્પલાદિ ગણ. ૮૬
ગર્ભ પડતો અટકી જાય... ૮૭
કુંઠિત ગતિ ૮૭
મૂંઢ ગર્ભ ૮૭
સંકલિક. ૮૭
બીજક ૮૭

વિષય. પૃષ્ટ.

યોનિસંવર્ણ ૮૮
પ્રસુતા કષ્ટાતી હોય તો... ૮૮
શસ્ત્રકર્મ કરનારનો જોગ ન હોય તો. ૮૯
જો ઓર રહી ગઇ હોય તો ૮૯
યોનિમાં જખમ હોય તો ૮૯
મક્કલ થયો હોય તો ... ૯૦
ગર્ભપ્રદ. ૯૦
ગર્ભનિવારણ પ્રયોગ. ... ૯૧
સુવારોગનું નિદાન અને ચિકિત્સા ૯૧
પંચજીરક પાક. ૯૨
સૌભાગ્ય સુંઠીપાક ૯૨

નિબંધ ૯ મો.

બાળકનો પ્રસવ અને સુવાવડની સારવાર. ૯૪

પ્રસુતિગૃહનું સ્થાન ૯૫
પ્રસૂતા સ્ત્રીને બીજા વાસાથી ૯૬
હુવક્ષાઇ. ૧૦૩
દશમૂળની પડી. ૧૦૩
દેવદાર્વ્યાદિક ક્વાથ... ... ૧૦૪
પ્રસુતાને પાણીની અત્યંત તૃષા લાગે તો ૧૦૫
તેજાનાની રાબડી ૧૦૭

યોનિભ્રંશ થયો હોય ...૧૦૮
યોનિ ધસી હોય ૧૦૯
રાબડી બનાવીને ૧૦૯
સુવાવડમાં પાછલી અરજ...૧૦૯
છર્દિરિપુની ગોળી ૧૧૦
પ્રસુતાવસ્થામાં તાવ લાગુ પડે૧૧૦
ખાંસી લાગુ પડી ગઇ હોય ૧૧૦
ઝાડા વિશેષ થતા હોય તો.૧૧૦
મરડાની ગોળી ૧૧૦
સુવાવડમાં ઉષ્ણ વાયુ. ...૧૧૧
સુવાવડી અને યોનિકંડુ ...૧૧૧
ગર્ભાવસ્થામાં શરીરે સોજા
આવે છે ૧૧૧
પંચામૃત પર્પટી ૧૧૧
લઘુ વસંતમાલતી ૧૧૨
સુવર્ણ વસંતમાલતી ...૧૧૨
પ્રસુતાને ઝાડો કબજ ...૧૧૨
રક્તપ્રદર. ૧૧૩
સોમ રોગ ૧૧૩
યોનિદ્વારનો અવાજ કરતો
વાયુ... ... ...૧૧૪

નિબંધ ૧૦ મો.

બાળકની સારવાર અને તેના રોગોની ચિકિત્સા.

બાળશોષ. ૧૨૦
આલતી ચૂર્ણ ૧૨૧
બાળકને વિશેષ ઝાડા થતા હોય૧૨૨
ગુલાબી ૧૨૩
જેને થુલીયું કહે છે ...૧૨૩
મધપાક. ૧૨૪
વરાધ, વાવળી તથા સસણી ૧૨૫
વરાધનું લક્ષણ. ૧૨૫
વાવળીનું લક્ષણ. ૧૨૫
સસણીનું લક્ષણ. ૧૨૫
શીતભંજી રસ. ૧૨૬
માણેકરસાદિ ગુટીકા. ...૧૨૬
ખોંખલી. ૧૨૬
કૃમિકુઠાર. ૧૨૭
વધારીયાં. ૧૨૯
રતવા, (વિસર્પ)... ...૧૨૯
ગુલેબનફસા ૧૩૦
મબારખી. ૧૩૨
નળબંધ. ૧૩૨
સોરાણી. ૧૩૨
નાળકોટ. ૧૩૩
નઠારી ઉધરસ. ૧૩૪
નાનાં બાળકની આંખો
દુખવા આવે છે.... ...૧૩૫
રાતો સુરમો... ... ...૧૩૫
આંખે ચોપડવાની ગોળી...૧૩૬
બબ્બુલાદિ સ્વરસ ૧૩૬
પાણુરો લાગ્યો છે ૧૩૭
ધાવણ સાફ થાય છે. ...૧૩૮

ધાવણ સારૂ છે. ૧૩૯
દુધની તાણ પડતી હોય. ... ૧૪૧
એરંડીનો મલમ. ૧૪૩
નાનાં બાળકને સખત તાવ આવે ૧૪૪
રાસ્ના... ... ... ૧૪૫
માહેશ્વરધુપ ૧૪૬
શીતળા ૧૪૯
આગરૂ. ૧૫૭
ધોળો મલમ. ૧૫૭
બાળકના રોગ પારખવાની. ૧૫૮
કુકુણક ૧૫૮
બાળકને લોહીવાળા ઝાડા... ૧૫૮
પ્રવાહીકા ૧૫૯
હિક્કા (હેડકી) ૧૫૯
પેશાબ કરતા રડતો હોય... ૧૫૯
મૂત્ર ટપકયા કરતું હોય ... ૧૫૯
નસકોરી ફૂટતી હોય... ... ૧૫૯
કાનમાં ચસકા મારતા હોય. ૧૫૯
કાનમાં નાસુર પડી ગયું હોય.
ઓછા... ... ... ૧૫૯
તામ્રભસ્મ બનાવવાની રીત ૧૬૧
માણેકરસ બનાવવાની રીત. ૧૬૧



ॐ नमो भगवते श्रीधन्वंतरये नमः

श्री सुरत वैद्यशाळा.

अर्थात्

देशी वैद्यकशास्त्र भणावी वैद्य बनावनारी निशाळ.

मफ्त लाभ ! मफ्त लाभ !

सद्गृहस्थो ! आजकाल आपणे त्यां देशी वैद्यकशास्त्रनी अने अने वैद्यकना धंधानी अवनति थती जाय छे, तेनुं खरूं कारण एटलुंज छे के, आयुर्वेदोक्त शास्त्र शीखवानी शाळाने अने आश्रयनो अभाव छे.

लगभग एक हजार वर्षथी वैद्यकविद्या विविध प्रकारना आघातोथी हीणाती अने पददलीत थवा छतां पण गुरूपरंपराथी चालता अभ्यासक्रमना प्रतापे घणा सद्वैद्यो उत्पन्न करी पोतानुं गौरव साचवी रही छे; तोपण न्यायी तथा समदर्शी, सत्यप्रिय अने विद्याविलासी, नेकनाम ब्रिटिश राज्यनी शीतळ छायामां वैद्यकशास्त्रने खीलववानो अनुपम समय निरर्थक जवा देवो, ए आपणी मोटामां मोटी भूल तथा आळसज गणाय. एवा विचारथी दोराइने में आपणा इतिहास-प्रसिद्ध सुरत शहेरमां वैद्यशाळा स्थापी, कोइ पण न्यातना विद्यार्थीने भणवाना पुस्तको तथा रहेवानुं स्थान मफ्त आपी, कोई पण रीतनुं लवाजम के फी लीधा सिवाय, वैद्यकशास्त्र संबंधीना मारा ४२ वर्षना अनुभववाळा ज्ञान साथे आयुर्वेदना माननीय ग्रंथो भणावी, सद्वैद्यो बनाववा निश्चय कीधो छे. मात्र भोजननी गोठवण विद्यार्थीए पोताने खरचे करवानी छे

जे विद्यार्थीने वैद्यकशास्त्र रीतसर शीखी, सद्वैद्य थवानी मरजी होय अने जेनी उम्मर अगीआर वर्षथी ओछी अने पंदर वर्षथी वधारे नहीं होय, तेणेज प्रथम अरजी करवी, **"श्री सुरत वैद्यशाळाना नियमो अने पठण पद्धति"** मंगावी लेवा. पण गुजराती पांचमा धोरण सुधीनो अभ्यास नहीं कर्यो होय अने जेनी जीभे शुद्ध उच्चार नहीं थतो होय तेवा विद्यार्थीए तो अरजी करवीज नहीं, कारणके संस्कृतशास्त्र भणवाने शुद्ध वाणीनी खास जरूर छे.

सुरत विक्रम संवत् १९७५ सने १९१८.	शा. तिलकचंद ताराचंद वैद्य. व्यवस्थापक तथा मालिक "श्री सुरत वैद्यशाळा."

અમારૂં દવાખાનું.

સુરત મહિધરપરાની ધીયાશેરીના ટેકરા ઉપર આવેલું છે, જ્યાં તમામ રોગીનાં નિદાન અને નાડી પરીક્ષાથી રોગનો નિશ્ચય કરી, ઔષધ આપવામાં આવે છે.

દવાખાનાના નિયમો.

૧. કોઇ પણ દરદી પાસે પ્રથમથી પૈસા લઇ તેને માટે ખાસ દવા બનાવવામાં આવતી નથી.

૨. કોઇ પણ દરદને માટે મુદત ઠરાવી અમુક રકમ પઠવા કે ઠેરવવામાં આવતી નથી.

૩. કોઇ પણ જાતની દવા તોલાબંધ આપવામાં આવતી નથી.

૪. કોઇ પણ દરદ સારૂં થયા પછી ઇનામ લેવાનો રિવાજ નથી.

૫. સુરતમાં દરદીને ઘેર જઇ તપાસવાની ફી માત્ર આઠ આના રાખી છે. બહાર ગામના દરદીઓ તપાસવાની ફી વખતના પ્રમાણમાં જુદી ઠરાવીએ છીએ.

૬. હલકામાં હલકા ચૂર્ણોથી માંડી ગુટીકા-ગુગળ-તેલ-ઘૃત-રસો-ઉપરસો-આસવ-અરિષ્ટો-અને છેલ્લે ધાતુ ઉપધાતુની ભસ્મો, રસસિંદુર, મૃગાંક, ચંદ્રોદય વાપરવામાં આવે, તોપણ એક દિવસની દવાના માત્ર બેજ આના લેવામાં આવે છે. કોઇપણ સંજોગોમાં દવાની કિંમત વધારે લેવામાં આવતી નથી.

૭. શરીરની અંદરના રોગો દવા ખવડાવીને અને બહારનાં પાકતાં સડતાં, જેવાં કે કંઠમાળ-હાડગંભીર-રાંફી-ભુડણુ-નાસુર વગેરે ભયંકર દરદો ઝાડ પાલા, મલમ પટ્ટીથી સારાં કરવામાં આવે છે.

અમારૂં દવાખાનું બેતાલીશ વર્ષથી ચાલુ છે, જેમાં સેંકડો દરદીઓને આરામ થયા છે અને થાય છે. ભયંકર દરદો સારાં થાય છે, પણ લખેલાં સરટીફીકેટ લેવાનો રિવાજ નથી. પરંતુ જીવતાં અને બોલતાં સેંકડો સરટીફીકેટ વિદ્યમાન છે. જેને વિશ્વાસ પડે, તેણે શ્રદ્ધા અને ધીરજ રાખી પધારવું.

મોતનો ઇલાજ નથી.

ધીઆશેરીનો ટેકરો.	સર્વનો શુભેચ્છક
સંવત ૧૯૭૫.	શા. તિલકચંદ તારાચંદ વૈદ્ય-સુરત.

आयुर्वेद निबंधमाळा.

(१)

આયુર્વેદ એટલે શું ? અને તેની અગત્ય.

મંગલાચરણ.

प्रणम्य जगदुत्पत्ति स्थिति संहार कारणम.
स्वर्गा पवर्गयो द्वारं त्रैलोक्य शरणः शिवम.

વર્તમાન કાળમાં આખી દુનિયામાં મનુષ્ય માત્રને જેમ બને તેમ વધારે જીવવાની તૃષ્ણા વધી પડી છે, અને તેટલા માટે શરીરને ટકાવી રાખવા સારૂ ભગીરથ પ્રયત્નો શરૂ થયા છે. એ પ્રયત્નો જો કે સ્તુતિપાત્ર છે, તથાપિ કેટલાક શોધકો જુની વાતને નવા રૂપમાં ગોઠવી, આ શોધ હમે સ્વતંત્ર કરેલો છે એવું પ્રતિપાદન કરે છે; પણ જેમ શિષ્યો ગુરૂની નિંદા કરે તેમ, જે શાસ્ત્ર ઉપરથી જ્ઞાનવાન થઇ, નવા રૂપમાં તેજ વાતને ગોઠવી, તે મૂળ શાસ્ત્રની નિંદા કરે છે, એટલુંજ માત્ર શોચનીય છે.

મનુષ્ય માત્રના જીવનને માટે, કલ્યાણને માટે, આરોગ્યતા માટે અને સંપૂર્ણ સુખ પામવા માટે, જુદી જુદી દિશામાં, જુદી જુદી ભાષામાં જુદા જુદા રૂપમાં અને જુદે જુદે પ્રકારે પ્રવૃતિ થાય, એ જરૂરનું તેમ આનંદદાયી છે, પરંતુ તે પ્રવૃત્તિ એવી નહિ હોવી જોઇએ. કે જેથી એક બીજાના માનને હાનિ પહોંચે.

હિંદુસ્તાનની આર્ય પ્રજા, સૃષ્ટિની આદિથી એટલે વેદકાળથી, મનુષ્યના જીવનને પૃથ્વીથી પરમેશ્વર પર્યન્ત સરળતાથી સુખરૂપ પહોંચવા માટે, કેવા માર્ગો લેવા તેનો વિચાર કરતી આવી છે, અને આર્ય પ્રજાએ શારીરીક, માનસિક અને આત્મિક ઉન્નતિ કેવી રીતે કરવી તેના નિયમો જ્ઞાન દ્વારાએ. અનુભવ દ્વારાએ અને પ્રત્યક્ષ અનુમાન અને ઉપમાનથી સિદ્ધ કરી, આપ્ત-પ્રમાણમાં એવી રીતે ગોઠવી તેની સંકલના કરી છે કે, તે સંકલનામાં થોડો પણ ફેરફાર કરવાની આવશ્યકતા રહી નથી;

પરંતુ તે ઋષિ મુનિઓએ જે નિયમો ઠરાવ્યા છે. અથવા જે શોધ કર્યાં છે તે, જેમ ઘડામાં સમુદ્રને સમાવી દીધો હોય તેમ, એક વાક્યમાં અથવા એક સૂત્રમાં સમાવેશ કરેલો છે. એટલે હવેના વિદ્વાનોના હાથમાં એટલીજ વાત રહેલી છે કે, તે સૂત્રોને સમજીને પોતપોતાની બુદ્ધિ પ્રમાણે તેને વિસ્તારમાં લખી આ કાળના ઓછી બુદ્ધિવાળા મનુષ્યો સમજી શકે તેવા રૂપમાં લાવી. જગતનો ઉપકાર કરવો, એ સીવાય બીજો ઉપાય રહ્યો નથી. કેટલાક વિદ્વાનોનો એવો અભિપ્રાય છે કે, આર્યોનું વૈદકશાસ્ત્ર અપૂર્ણ છે, તેમાં સુધારાની ઘણી જરૂર છે; એ લોકોએ પ્રત્યક્ષમાં જોયા સિવાય જેમ મનમાં આવ્યું તેમ લખી માર્યું છે, પરન્તુ એવો વિચાર હસી કાઢવા સિવાય, આપણી પાસે બીજો ઉપાય નથી.

આપણા શાસ્ત્ર પ્રમાણે અથવા આપણી ભાષા પ્રમાણે જ્યાં સુધી મનુષ્ય જીવે અથવા જન્મે અને મરે તેની વચમાંનો જે કાળ, તેને આયુ: કહે છે અને એ આયુ:ને ઉપદ્રવ રહીત, રોગ રહીત, કલેશ રહિત અને નિર્બલતા રહીત નિભાવી રાખવાની જે વિદ્યા, તેને આયુર્વેદ કહે છે. શાસ્ત્રકાર આપણને શીખવે છે કે—

शरीर प्राणयो रेवम संयोगादायु रुच्यते ।
कालेन तद्वियोगाद्धि पंचत्वं कथ्यते बुधैः ॥

એટલે શરીર અને પ્રાણનો જ્યાં સુધી યોગ કાયમ રહે, ત્યાં સુધીના કાળને આયુ૦ કહે છે. હવે આપણાં સમજવામાં આવે છે કે, જ્યારે જે દેશમ મનુષ્યો ઋષિપદને, યોગીપદને અને સિદ્ધપદને પામતા હતા ત્યારે તેઓએ નિ:સ્વાર્થપણે મનુષ્ય માત્રના કલ્યાણને માટે જે શાસ્ત્રો રચેલાં છે તે શાસ્ત્રો, અપૂર્ણ કેમ હોઇ શકે?

મિત્રો! આપણે એટલું તો ધ્યાનમાં રાખવું જોઇએ કે આપણી માતા વાત્સલ્યપ્રેમથી આપણા ઉપર જે હેત બતાવી, કાયમના સુખને માટે જે યોજના કરે તે, એક અપરમાતા આપણા સુખની હાનિ કરવાને, આપણા મનની તરંગોને પુષ્ટિ આપી, આપણને આડે રસ્તે દોરી જાય, અને આપણે અજ્ઞાન દશામાં મોહવશ થઇને, આપણી વાત્સલ્યતાથી

પરિપૂર્ણ માતાનો ત્યાગ કરી, (જ્યાં સુધી આપણને આપણી ભૂલ ન જણાય ત્યાં સુધી) અપરમાતાના સ્વરૂપને જાણ્યા વિના દોરાઈ જઇએ તે શોચનીય છે.

ખરી વાતતો એ છે કે જે શાસ્ત્રમાં (પછી તે ગમે તે ભાષામાં લખાયલું હોય) પરમેશ્વરનું, પ્રકૃતિનું, આત્માનું, આત્માના કર્મોનું અને તેથી જોડાતા પ્રાણી શરીરનું તથા તેના સુખદુઃખનું વર્ણન કરવામાં આવ્યું હોય, તથા મનુષ્ય જન્મ્યા પછી તેના શરીર ઉપર આકાશમાં પ્રકાશતા ગૃહોનાં કીરણોની, વાતાવરણમાં વહેતા વાયુઓની ઋતુમાં થતા (હીનયોગ, મિથ્યાયોગ અને અતિયોગ) ફેરફારની, તેમ માબાપોના કર્મો ચારિત્રો, અને મનોવિકારથી થતી અસરોની અને પોતાના આહાર વિહારથી ઉત્પન્ન થતી અસરથી શરીર ઉપર થતા નાનાવિધ પ્રકારના ફેરફારોની વિધાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય, તેને આયુર્વેદ નામ આપી શકાય છે.

જે શાસ્ત્રમાં સ્વાભાવિક એટલે મનુષ્યના આહાર વિહારથી થએલા, આગંતુક એટલે મનુષ્યની ઉપાધીથી થએલા, કાયિક એટલે માબાપ તરફથી વારસામાં આવેલા અને કર્મજ એટલે આત્માએ કરેલો પૂર્વ-જન્મના કૃતકર્મથી ઉત્પન્ન થએલા રોગોનું વર્ણન કરવામાં આવ્યું હોય તે શાસ્ત્ર આયુર્વેદ કહેવાય છે.

જે શાસ્ત્રમાં મનુષ્યની પ્રકૃતિ પ્રમાણે વિચાર ચલાવી, ત્રિદોષ સિદ્ધાંતનું પ્રતિપાદન કરી, પાંચ પ્રકારના વાયુ, પાંચ પ્રકારના પિત્ત, પાંચ પ્રકારના કફ, તેને રહેવાનાં સ્થાનો, તેને કરવાનાં કર્મો અને તેના અતિયોગ, હિનયોગ અને મિથ્યાયોગથી થતા ગુણ દોષનું વર્ણન કરવામાં આવ્યું હોય તેને આયુર્વેદ કહે છે.

જે શાસ્ત્રમાં મનુષ્યના ત્રણ દોષો, પાંચ તત્વો, પાંચ તન્માત્રાઓ, ચાર અંતઃકર્ણોની વ્યવસ્થાથી મનુષ્ય શરીરની તેસેંઠ પ્રકૃતિનું વર્ણન કરી, તેમાં થએલી અવ્યવસ્થાને પાંચ તત્વો અને ૭ ઋતુઓના યોગથી તથા સૂર્ય અને ચંદ્રના બળની અસરથી ઉત્પન્ન થએલા ૭ રસો, અને તે ૭ રસોના ન્યૂનાધિક સંમેલનથી ઉત્પન્ન થતા તેંસેઠ રસો (સ્વાદોનું) વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું હોય, તેને આયુર્વેદ કહે છે.

જે શાસ્ત્રમાં પ્રકૃતિને સમજી, દોષને સમજી, આહાર વિહારના નિયમોને સમજી, ઋતુમાન્ પ્રમાણે હવામાં થતા ફેરફારને સમજી, શરીરને આરોગ્ય રાખી પ્રાણને આત્મા સાથે, અને આત્માને પરમેશ્વર સાથે જોડવાને, અંતઃકરણની જે ઘટના રચાયલી છે તેને યથાર્થ રૂપમાં ગોઠવી ધર્મ અર્થ કામ અને મોક્ષપર્યન્ત પહોંચવાને માટે પ્રણાલીકા ઠરાવી હોય, તેને આયુર્વેદ કહે છે.

મિત્રો ! આપણા ઋષિઓએ મનુષ્યના અથવા કહો કે પ્રાણિમાત્રના હિતને માટે આયુર્વેદની સ્થાપના કરી, કોઇપણ સ્વાર્થ વિના માત્ર પરમાર્થ બુદ્ધિથી પોતાના જ્ઞાન સમુદ્રમાંથી નિષ્કર્ષરૂપ જે મુક્તાફળની માળા પ્રમાણે શબ્દરૂપ માળાઓ ગોઠવી રાખી છે, તેનું પરિધાન કરવાથી આપણા આબાળવૃદ્ધના આધિ દૈવિક, આધિ ભૌતિક અને અધ્યાત્મિક તાપનું શાંતવન થાય છે, માટે આપણે તે આયુર્વેદના રહસ્યને સમજવાને અને આયુર્વેદમાં લખેલા ટુંકા સૂત્રોમાં રહેલાં રહસ્યો સમજવા, પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે. તેટલા માટે આ પ્રથમ નિબંધ તેની પ્રસ્તાવના રૂપે લખી આપ લોકોના મનને આનંદ પમાડવા અને આપને આયુર્વેદ એ શું છે ? અને આયુર્વેદમાં કેટલું ગાંભીર્ય છે ! તથા આયુર્વેદ ભણવાની અને તેનું મનન કરવાની કેટલી બધી આવશ્યકતા છે ! તે તરફ આપનું ધ્યાન ખેંચવાની અમારી ખાસ ફરજ છે. આજકાલ એવું મનાયું છે કે, આયુર્વેદનો અભ્યાસ કરવો એ માત્ર વૈદોને માટે છે. આપણે (બીજાઓએ) એના તરફ દ્રષ્ટિ કરવાની કાંઈ જરૂર નથી ! પણ એવા વિચાર કરનારાઓ કેવળ ભૂલ કરે છે. કારણ કે જેને આયુષ્ય છે અથવા જેને પોતાનું આયુષ્ય ટકાવી રાખવાની ઇચ્છા છે, અથવા જેને જન્મથી મરણ પર્યન્ત, રોગરૂપી શત્રુના દળને શરીરમાં દાખલ નહિ થવા દેવાનો વિચાર છે, તેણે તો બીજાં ધર્મશાસ્ત્રો, અર્થશાસ્ત્રો, કામશાસ્ત્રોનો અભ્યાસ કરતાં પહેલાં, આયુર્વેદનો અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. ઇત્યલમ્.

તારીખ	પ્રયોજક—
૪—૩—૧૮	શા. તિલકચંદ તારાચંદ વૈદ સુરત.
	લેખક—
સોમવાર.	ઇશ્વરલાલ રતનલાલ ત્રિવેદી સુરત.

आयुर्वेद निबंधमाळा.

(२)

આયુર્વેદ અને વર્તમાન પથીઓ.

ઘણા પ્રાચીનકાળથી આયુર્વેદની સ્થાપના આપણા આર્યાવર્તમાં થએલી છે. આર્યાવર્તમાં અથવા આખી દુનિયામાં પ્રાચીનમાં પ્રાચીન ગણાતા પુસ્તકોમાં, "વેદ" નામથી ઓળખાતા પુસ્તકો સિવાય બીજું કોઇપણ પુસ્તક જાણવામાં આવ્યું નથી. તે વેદને માનનારાઓ તથા વેદનું મનન કરનારાઓ, વેદને અનાદિ તથા અપૌરૂષેય માને છે. અને તેજ વેદ પૈકી ઋગ્વેદનો ઉપવેદ, તે આયુર્વેદ ગણાય છે. એટલે સૃષ્ટિની આદિમાં જે જે મંત્રદ્રષ્ટા ઋષિઓ ઉત્પન્ન થયા તે તે ઋષિઓને વેદમંત્રો દેખાયા અને તે પછી તે મંત્રોનું વિવેચન કરતાં આયુર્વેદનું નિરૂપણ કરવામાં આવ્યું, જે ઉપરથી સમજી શકાય છે કે, આયુર્વેદ વેદકાળની સાથે સાથેજ ઉત્પન્ન થએલો છે. હવે જાણવાનું એટલું બાકી રહે છે કે આયુર્વેદ નામનું કોઇ પુસ્તક હાલમાં હયાત નથી; પણ હાલમાં જે પુસ્તકો ઉપલબ્ધ થાય છે તે આયુર્વેદનો આશ્રય લઇને ઋષિ મુનિઓએ ચરક, સુશ્રુત આદિ સંહિતાઓ રચેલી છે તેને, આયુર્વેદ કહેવામાં આવે છે; તે આયુર્વેદની જુદી જુદી સંહિતાઓ જુદા જુદા ઋષિઓએ ગુંથેલી હોવા છતાં, તે એટલી તો પૂર્ણ છે કે જેમ વર્તમાનકાળમાં કોઇપણ ઋષિ ઉત્પન્ન થઇ વેદમંત્રનો દ્રષ્ટા થવાનો દાવો કરે, પણ તેણે ગમે તેવા ગોઠવેલા મંત્રના આશય, અસલ વેદમાંથી નીકળી આવે. જેથી તે મંત્રદ્રષ્ટા ગણાય નહિ પણ, માત્ર વેદ મંત્રના વિવેચક અથવા ભાષ્યકાર ગણાય; તેમ આયુર્વેદના સિદ્ધાંતોને લીધા સિવાય, કોઇપણ શોધક, વૈદક વિદ્યામાં નવો શોધ કરી શકે નહિ, પણ આયુર્વેદના ઉપર વિવેચક કે ભાષ્યકાર ગણાય. એટલે કહેવાની મતલબ એવી છે કે, આયુર્વેદ પછીના ઇતર ગ્રંથકારો તથા આયુર્વેદના ભાષાંતર કરી, તે ભાષાંતર ઉપરથી પોતાનો

તર્ક દોડાવી, તેમાં ફેરફાર કરી પરદેશી લોકોએ જે રૂપાંતર કર્યાં હોય તે તેઓનો સ્વતંત્ર શોધ નહીં, પણ આયુર્વેદનોજ પ્રતાપ છે. દાખલા તરીકે, આયુર્વેદના ચિકિત્સા ખંડમાં દરેક રોગને માટે, રોગીની ૬૩ પ્રકૃતિ જાણી વનસ્પતિના છ રસને ઓળખી, તેના ૬૩ સ્વાદ કલ્પી, કયા રોગીને કયો રસ અનુકુળ પડશે તેનો વિચાર કરી, દરેક રોગીને વનસ્પતિનો તાજો રસ આપી, તેનાં રોગની નિવૃત્તિ કરવામાં આવતી હતી, પણ તે પછીના કાળમાં મનુષ્યની વસ્તીના વિસ્તારના પ્રમાણમાં, જે સ્થળે જોઇએ તે સ્થળે તે તે રસ, ગુણ, વીર્ય વિપાક અને શક્તિવાળી લીલી વનસ્પતિ નહિ મળવાથી, તે તે વનસ્પતિઓને લાવી, સુકવી અને સંગ્રહીને તેને ફાન્ટ, હીમ, કલ્ક, ચૂર્ણ અને કવાથ રૂપે આપવાનો પ્રવાહ પડયો. તે પછી ઘણે કાળે જ્યારે યુનાની વૈદકનો આવિર્ભાવ આર્યાવર્તમાં થયો, તેણે એવો સુધારો કર્યો કે, જે જે દ્રવ્યોના ફાન્ટ આદિ ઉપર કહેલાં સ્વરૂપો વપરાતાં હતાં તે તે દ્રવ્યોને શરબત, માજુન, ખમીરા, જવારીશ, ઇતરીફલ, ચ કુતિ, ગુલકંદ વગેરે રૂપમાં ફેરવી આયુર્વેદનું નવું સ્વરૂપ બનાવી, તેને યુનાની વૈદક અથવા મુગલાઇ દવાઓનું નામ આપ્યું, એટલે આપણા લોકોનો પ્રવાહ તે તરફ ઝુકતો ગયો. એવી રીતે આયુર્વેદના ઉપર મુગલાઇનો સખત આઘાત થયો, જેની ઉથલપાથલમાં આયુર્વેદને લગતાં સેંકડો પુસ્તકો ભસ્મિભૂત થયાં. તે પછી પશ્ચિમ દિશાથી નવા સૂર્યનો ઉદય થયો એટલે પૂર્વના સૂર્યના ઉપાસકો, પશ્ચિમના સૂર્યના પૂજારી બન્યા. તે સૂર્યના ઉપાસકોએ મુગલાઇ અથવા યુનાનિ વૈદકનું રૂપાંતર કરી ઉકાળાને ટીન્ચરમાં અને ચૂર્ણને પાઉડરમાં તથા સત્વને એકસ ટ્રેકટના રૂપમાં ફેરવ્યાં, અને પોતાના વૈદકને "એલોપથી" એવું નામ આપ્યું. એ પ્રમાણે આ એકજ દાખલાથી, વૈદકશાસ્ત્રમાં કાળે કાળે કેવો કેવો અને કઇ કઇ જાતનો કેટલો કેટલો ફેરફાર થયો છે, તે તરફ દ્રષ્ટિ કરતાં આપણને સમજાશે કે, જેમ વડના ઝાડનું ગાંભીર્ય, વડની મૂળીઓથી આવર્ત થઇ, ઘણે કાળે જોનારને, અસલ થડ શોધી કાઢવું મુસ્કેલ થઇ પડે છે, તેમ વર્તમાન ચિકિત્સાશાસ્ત્રો જોતાં પ્રાચીન આયુર્વેદને શોધી કાઢવો કઠીણ થઈ પડયો છે; પણ અમે લોકો હિંમત અને ખાત્રી સાથે

કહી શકીએ છીએ કે, હાલમાં જે જુદી જુદી જાતનાં ચિકિત્સાશાસ્ત્રો પ્રવર્તિ રહ્યાં છે તે, મૂળ આયુર્વેદના પુત્રો પ્રપુત્રો અને વંશજો છે તેનું દિગદર્શન નીચે કરાવવામાં આવે છે.

વેદ અને આયુર્વેદના પ્રાચીન સિદ્ધાંતો તપાસતાં જેમ વેદ ધર્મના ઉપર, જુદે જુદે સમયે, જુદી જુદી જાતનાં પડો ચઢેલાં જણાય છે, તેમ આયુર્વેદના ઉપર પણ, તે તે કાળમાં જૂાં જૂદાં પડો ચઢેલાં માલમ પડે છે. વેદ અને આયુર્વેદ એ પ્રાણી માત્રના કલ્યાણ માટે નિર્માણ થયલાં છે, તેથી હાલમાં જે કિંવદંતી ચાલે છે કે "વૈદિકી હિંસા હિંસા ન ભવતિ" તે પ્રમાણે વેદ તથા આયુર્વેદમાં, હિંસા હતી નહિ, પણ જ્યારથી કૃષ્ણ યજુર્વેદની સ્થાપના થઇ, ત્યારથી વેદમાં યજ્ઞ નિમિત્તે હિંસાની રીતિ ચાલુ થઈ. તે પ્રમાણે આયુર્વેદમાં પણ પક્ષીના માંસ વગેરે અવયવે ને, જુદા જુદા દ્રવ્ય ગણીને તેના રસ, ગુણ, વીર્ય, વિપાક અને શક્તિનો વિચાર કરીને, તે તે પ્રયોગોનું એક નવું પડ ચઢાવવામાં આવ્યું. એટલે વેદ ધર્મના ઉપર જેવું હિંસાનું પડ ચઢયું, તેવું આયુર્વેદના ઉપર પણ ચઢયું. તે પછી જ્યારે વામ માર્ગીઓએ સૂરા અને વારૂણી વગેરે ઘણી જાતના માદક દ્રવ્યોનો શોધ કર્યો, એટલે આયુર્વેદના ઉપર આસવો અને આરિષ્ટોનો બીજો લેપ ચઢયો. તે પછી તે તે દ્રવ્યોમાં અનિષ્ટતા દેખાવવાથી, શુદ્ધ દ્રવ્યોને સિદ્ધ લોકોએ શુદ્ધિ સંસ્કાર કરીને, પૃથ્વીના વિકારથી ઉત્પન્ન થએલાં રત્નોને ઔષધીરૂપમાં આણી, મનુષ્ય માત્રને દીર્ઘજીવી, આરોગ્યતા આપવા વાળી અને શરીરને અજરામર કરવા વાળી ચિકિત્સાનું ત્રીજું પડ ચઢાવ્યું. પણ તે પછીના જે રૂપાંતરો થયાં તે, "પથીઓ"નાં નામથી ઓળખાય છે. માટે હવે આપણે વર્તમાન "પથીઓ"નાં વિચાર કરવાને તે તરફ આપણું ધ્યાન લગાડીશું કે વર્તમાન પથીઓ પૈકી જે પથીઓ, પોતાનું નવું સ્વરૂપ ધારણ કરી, આયુર્વેદથી રૂપમાં અને ભાષામાં જુદી પડી, પોતાનું સ્વરૂપ જુદું બતાવે છે, તે પથીઓ આયુર્વેદના કયા કયા ભાગમાં સમાઈ જાય છે, તેનું ઓળખાણ આપણને થઈ શકે, અને જે પથીકારો આયુર્વેદમાંથી, આયુર્વેદરૂપી કલ્પવૃક્ષનું એક પાંદડું લઇ, તેના ઉપરથી નવું વૃક્ષ બનાવી,

આ વૃક્ષ આયુર્વેદના બીજમાંથી ઉત્પન્ન થયું નથી પરંતુ અમે નવું બીજ ઉત્પન્ન કરી આ વૃક્ષનો ઉદ્ભવ કર્યો છે એવો દાવો કરે છે, તેનું રહસ્ય આપણા ધ્યાનમાં બરાબર આવે. જ્યારે આયુર્વેદના આચાર્યોએ ત્રિદોષ સિદ્ધાંતને સ્થાપી, વાયુ પિત્ત અને કફના પાંચ પાંચ ભાગ પાડી, તેનાં સ્થાનો અને કાર્યોનો નિશ્ચય કરી, તેના હીનયોગ અતિયોગ અને મિથ્યા-યોગથી મનુષ્ય શરીરમાં થતા ફેરફાર જાણી, તેમાં થએલી વિક્રિયાને રોગનામ આપ્યું, અને તે રોગની ચિકિત્સા કરવાને જે યોજના ગોઠ-વવામાં આવી, તેનું નામ ચિકિત્સાશાસ્ત્ર પાડ્યું, ત્યારે તે પછીની પથી-ઓએ ત્રિદોષ સિદ્ધાંતનો ત્યાગ કરી, એટલે રોગનાં કારણને દૂર કરવાને બદલે, રોગનાં કાર્યને મટાડવાનો પ્રયત્ન આરંભ્યો. દાખલા તરીકે, એક મનુષ્યને તાવ આવે છે, ત્યારે આયુર્વેદની ચિકિત્સા પ્રમાણે તેને લંઘન, પાચન, સમન, અને શોધન ઔષધો આપી, દર્દીને નિરામ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેવી રીતે પથીઓના આશ્રિત–ચિકિત્સકો કરી શકતા નથી, પરંતુ તેઓ તાવના દર્દીને તાવના જે જે ઉપદ્રવો જણાય, તે તે ઉપદ્રવોને મટાડવાનો પ્રયત્ન કરે છે. તેથી થાય છે એમ, કે દર્દીનો કોઠો નિરામ નહિ થવાથી, રોગ સમૂળ જતો નથી, પણ તેનો ફરી ફરીને હુમલો થાય છે.

પ્રથમ આપણે એલોપથી માટે વિચાર કરીએ. એલોપથી ચિકિત્સામાં ઔષધ અને શસ્ત્રકર્મ પ્રાધાન્ય ગણાય છે. ઔષધોનો વિનિમય તો આયુર્વેદ ઉપરથીજ કરવામાં આવ્યો છે, કારણ કે આયુર્વેદે માનેલા દ્રવ્યોના રૂપાંતર કરી, તેને પોતાની ભાષાનાં નામ આપી ટિંચર, પોટાશ, અને એક્સટ્રેક્ટના રૂપમાં ગોઠવ્યાં છે; અને શસ્ત્રવિદ્યા તરફ જ્યારે ધ્યાન આપીએ છીએ ત્યારે અમારા સુશ્રુતાચાર્યે સુશ્રુતસંહિતામાં જે "શલ્યતંત્ર" લખ્યો છે, તેમાં કાપવાના, ફોડવાના, છોલવાના, ઉખેડવાના, વીંધવાના, ભેદવાના, અને સીવવા વગેરેના એકસો ઓજારો નિર્માણ કરેલાં છે. હું ધારૂં છું કે એલોપથીના આચાર્યો, એ કરતાં વિશેષ કોઈ-પણ જાતનું ઓજાર ભાગ્યેજ પ્રકટ કરી શક્યા હશે, એટલે એલોપથીને આયુર્વેદની પ્રથમ પુત્રી કે પુત્ર ગણીએ, તો કાંઇ અતિશયોક્તિ ગણાય નહિ.

એ પછી "હોમીઓપથી"નો વારો આવે છે. હોમીઓપથીના પ્રકટ કરનાર એવો દાવો કરે છે કે, અમારી ચિકિત્સા કુદરતી, સઘવડવાળી, ઘણો ગુણ કરનારી, અને કોઇપણ જાતનો વિકાર ઉત્પન્ન નહિ કરનારી છે. તેઓ એમ માને છે કે જે દ્રવ્યમાં વિરેચન કરવાનો ગુણ છે, તેજ દ્રવ્ય ઝાડાને રોકે છે, અને તે જો બહુજ ઓછા પ્રમાણમાં આપ્યું હોય તો વધારે કામ કરે છે; પરંતુ અમારા આયુર્વેદના શાસ્ત્રો, અમને પ્રત્યક્ષ બતાવે છે કે, જેમ જેમ રસોનું મર્દન વધારે થતું જાય, તેમ તેમ તેના ગુણમાં વધારો થતો જાય છે, કારણ કે જો રસને વધારે વખત મર્દન કરવામાં આવે, તો તેના પરમાણુંઓ છુટાં પડે, અને છુટાં પડેલાં પરમાણુંઓ જેમ પ્રમાણમાં ઓછાં આપવામાં આવે, તેમ તે વધારે ફાયદો કરે છે. વિશેષમાં જેમ હોમીઓપથીકારો પોતાનાં દ્રવ્યને ખાંડની સાથે મેળવી, તેને ઘણા ભાગમાં વહેંચી નાંખે છે, તેમ આયુર્વેદના આચાર્યોએ નહિ કરતાં, રોગને અનુકુળ, તેની પીડાને હારક, પ્રકૃતિને માફક આવે તેવાં વસાણાં લઇ, તેમાં અમુક ભાગે એક દ્રવ્યને મૂકી તેને વિધીપૂર્વક ભાવના આપી, ઘણાજ નાના પ્રમાણમાં ગોળીઓ વાળી તે ગોળીને યોગ્ય અનુપાન સાથે આપવાથી શરીરના જૂદા જૂદા તત્વોમાં પ્રવેશી રોગને નિર્મૂળ કરે છે. દાખલા તરિકે સુંઠ, મરી, પીપર, હરડાં, બેડાં, આમળાં, ટંકણખાર, અક્કલગરો, અને ચિત્રો, એ વસાણાં એકેક તોલો લઇ તેમાં તામ્રભસ્મ તોલો એક નાંખી, તેને બારીક વાટી, ત્રણ વખત આદુના રસમાં ઘુંટી, પછી ત્રણ વખત ચિત્રાના રસમાં ઘુંટી, પછી પાંચ વખત લીંબુના રસમાં ઘુંટી, તેની મગ જેવડી ગોળી કરવામાં આવે, તો એ પ્રમાણે ઘુંટાયલી વસ્તુઓની મગ જેવડી ગોળીમાં, દશમેભાગે તામ્રભસ્મ આવે એટલે ઘણાજ ઓછા પ્રમાણમાં આવેલી તામ્રભસ્મવાળી ગોળી, જો કે તાંબાનો ગુણ સામાન્ય રીતે વાન્તિ, અને ભ્રાન્તિ કરાવનારો ગણાય છે, છતાં આ ગોળીથી વાન્તિ ભ્રાન્તિ મટી જાય છે, એટલે હોમીઓપથીના સિદ્ધાંત પ્રમાણે આયુર્વેદ પણ "વિષમસ્ય વિષમૌષધમ"નો ઉપદેશ કરે છે. એટલે હોમીઓપથીનાં મૂળતત્વો પણ આયુર્વેદનાંજ છે.

બાકીની પથીઓ જેવી કે હાઇડ્રોપથી, ક્રોમોપથી, ક્લેઓપથી વગેરે ઘણી પથીઓ વર્તે છે. પરંતુ તે પૈકીની એકજ પથીથી બધા રોગો સારા

થઇ શકતા નથી. હાઇડ્રોપથી એટલે માત્ર પાણીથીજ રોગો સારા કરવાની વિદ્યા. તે તેના પ્રમાણમાં ગમે તે કામ કરતી હશે, પણ અમારા આયુર્વેદમાં પાણીના સ્થાન પરત્વે, દેશ પરત્વે, કટીબંધ પરત્વે અને જમીન પરત્વેના જુદા જુદા ગુણનો વિચાર કરી, તેને આકાશમાંથી ઝીલીને અથવા જમીન ઉપરથી લઇને, અથવા જમીનની અંદરથી કાઢીને, તેને ગાળીને અથવા ઉકાળીને, અને ઉકાળતાં પણ એકપાદ શેષ, દ્વિપાદ શેષ, ત્રિપાદ શેષ, અને અષ્ટાવશેષ બનાવી વાપરવાનો વિધિ નિર્માણ કરેલો છે, અને તાપમાં તપાવીને કે ચંદ્રના કીરણમાં મૂકીને બનાવવામાં આવેલું "અંસુદક" જે કામ કરે છે, તેને હાઇડ્રોપથી પહોંચીવળે તેમ નથી. કારણ કે હાઇડ્રોપથી આયુર્વેદનું એક અંગ છે, નહિ કે તે સંપૂર્ણ આયુર્વેદ છે!

ક્રોમોપથી એટલે પ્રકાશના કીરણમાં જુદા જુદા રંગના કાચની શીશીમાં ભરેલા પાણી, તડકે મુકી, તેમાં સૂર્યના કિરણને ગ્રહણ કરી, તથા દીવાનો પ્રકાશમાં જુદા જુદા રંગના કાચને રાખી, તેમાંથી પ્રકાશના કિરણ બહાર ફેંકી, દર્દી સારો કરવાની વિદ્યા—આ વિદ્યા સહેલી, સગવડ ભરેલી અને તાત્કાલિક અસર કરનારી નીવડે છે. તોપણ એના ઉપર આધાર રાખી, આખી દુનિયાના રોગીને રોગ મુક્ત કરવાને અને દુનિયામાં ચાલતી તમામ ચિકિત્સાઓને માંડીવાળવા જેટલી શક્તિ એ ધરાવતી નથી. ક્રોમોપથીના ઉત્પાદકો, એ વિદ્યાનો પોતે સ્વતંત્ર શોધ કરેલો માની, તેને પ્રાધાન્યપણું આપે છે, પણ અમારા આયુર્વેદે, એ વિદ્યાનો એટલો મોટો પ્રસાર કર્યો છે કે, સૂર્યના કીર્ણથી મનુષ્ય શરીરપર થતી અસર ટાળવા માટે, ઋતુ ઋતુમાં પહેરવાનાં કપડાં જુદાં જુદાં બનાવ્યાં છે, અને એ બાબતમાં જેટલો ઉંડો વિચાર કરતાં જઇએ, તેટલો તેટલો ફાયદો અને ચમત્કાર દેખાતો જાય છે. ક્રોમોપથી ઉપરથી "રંગ રસાયન વિદ્યા"નો હમે એક સ્વતંત્ર નિબંધ લખ્યો છે, જે આ નિબંધમાળાના ત્રીજા ભાગમાં છપાશે.

ક્લેઓપથી એટલે માત્ર માટીથી રોગો સારા કરવાની વિદ્યા જો કે આ પથી, સંપૂર્ણ રૂપમાં જાહેરમાં આવી નથી પણ એના પ્રયોગો કરનારા ઘણા છે, તોપણ અમારા આયુર્વેદે જેટલો શોધ એ બાબતમાં

કરેલો છે તેટલો શોધ એ પથીના ઉત્પાદકો કરી શક્યા નથી. આયુર્વેદે ધોળી, રાતી, પીળી, અને કાળી એવી ચાર જાતની માટી કલ્પીને તેને બ્રહ્મત્વ, ક્ષત્રિયત્વ, વૈશ્યત્વ, અને શુદ્રત્વનું નામ આપી, વાયુ, પિત્ત કફ, અને લોહીવિકારના દરદો ઉપર, જે યોજના કરવાને બતાવ્યું છે, તેનો જેમ જેમ વિચાર કરતા જઇએ તેમ તેમ, વિશેષ લાભ દેખાતા જાય છે. દાખલા તરીકે ધોળી માટી બ્રહ્મત્વને પામેલી છે એટલે આખા શરીરની જ્ઞાનેન્દ્રિઓને સુધારવા માટે, તેનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે ગોપીચંદન, ખડી ભૂતડો વગેરે, રાતી માટી ક્ષત્રિ ધર્મવાળી હોવાથી શરીરપર થએલા ક્ષતો, અને લોહીના વિકારો, એટલે ગડગુમડ, ગ્રંથી આદિ વિકારોનું છેદન ભેદન કરવાના ઉપયોગમાં આવે છે. જેમકે સોનાગેરૂ, ગુલેઅરમાની વગેરે–પીળી માટી વૈશત્વ ધર્મવાળી હોવાથી તે શરીરમાં અપવિત્રતાથી ઉત્પન્ન થએલા રોગો અને તમોગુણથી ઉત્પન્ન થએલા વિકારોને શાંત કરે છે, અને કાળી માટી શુદ્રત્વવાળી હોવાથી જેમ શુદ્રવર્ણ ત્રિવર્ણની સેવા કરી તેના આધાર ભૂત થઇ રહેલી છે, તેમ કાળી માટી ત્રણે પ્રકારના ઉપદ્રવને શાંત કરી, રોગને નિર્મૂળ કરે છે; એટલે કલ્લેઓપથી ગમે તેટલું અભિમાન ધરાવે, પણ તે પોતાની અપૂર્ણતાજ સૂચવે છે. બાકી રહી હવે "ઇલેક્ટ્રોપથી" જો કે ઇલેક્ટ્રોપથી એટલે વિદ્યુત વિદ્યાનો પ્રચાર સ્થુલરૂપે હાલમાં એટલો બધો જોવામાં આવે છે કે, તેનો પ્રભાવ તથા તેનાં યંત્રો અને તેનાં કાર્યો જોઇને, મનુષ્યો આશ્ચર્ય ચકિત થાય છે, તોપણ તેના સૂક્ષ્મ તત્વને ઓળખી, તે ઉપર બરાબર વિચાર કરી, આયુર્વેદે એ વિદ્યુતને નિત્ય અને નૈમિતિક કાર્યમાં ગોઠવી, ધર્મ અને રૂઢીમાં આરૂઢ કરી છે. એટલે સુધી ઇલેક્ટ્રોપથીના ઉપાસકો પહોંચી શકયા નથી. જેમકે બે માણસે ભેગા સૂવું નહિ, કોઇનું પાયેલું પાણી પીવું નહિ. કોઇના એઠા વાસણમાં જમવું નહિ, કાંસાનું પાત્ર કોઇને અડકાડવું નહિ, બે માણસે હાથ ઝાલી સાથે ચાલવું નહિ, કોઇનું પહેરેલું કપડું પહેરવું નહિ, અર્થાત્ ટુંકામાં કહીએ તો આપણા દેશમાં જે સ્પર્શાસ્પર્શ, ભક્ષાભક્ષ, અને પેયાપેયનો વિવેક ચાલુ થયો છે તે ખાસ, આ વિદ્યુતવિદ્યાને અવલંબીનેજ થએલો છે.

હવે આપ લોકોની ધ્યાનમાં આવ્યું હશે કે આયુર્વેદ તે વેદ ધર્મની પેઠે પૂર્ણ ધર્મ છે, અને વર્તમાન પથીઓ તે મત, પંથ સંપ્રદાય પ્રમાણે સંપ્રદાયો છે. માટે વિચારવાન પુરૂષોએ જ્ઞાનના ભંડારરૂપ અને વિદ્યાના સમુદ્રરૂપ આયુર્વેદરૂપી મહાસાગરનું મંથન કરી, કેવળ નિષ્કામ વૃત્તિથી અને પરમાર્થ બુદ્ધિથી મહર્ષિઓએ જગતના ઉપકાર માટે જે સંહિતાઓ નિર્માણ કરેલી છે તેના રહસ્યને સમજીને જે જે તત્વોનું નિરીક્ષણ થાય તે જનહિતાર્થે પ્રકટ કરી, તેને વિસ્તારપૂર્વક સમજાવી પોતાના સમયનો સદુપયોગ કરવો એજ કર્તવ્ય છે. ઇત્યલમ્.

તારીખ ૬—૩—૧૮ બુધવાર

—: પ્રયોજક :—
શા. તિલકચંદ તારાચંદ વૈદ—સુરત.
—: લેખક :—
ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી—સુરત.

आयुर्वेद निबंधमाळा.

(૩)

આયુર્વેદનું વનસ્પતિશાસ્ત્ર.

આદિ સૃષ્ટિમાં ઉત્પન્ન થયલા પ્રાણી માત્રને ચાર ભાગમાં વહેંચવામાં આવ્યા છે. સ્વેદજ, ઉદ્ભિજ, અંડજ અને જરાયુજ તે પૈકી ઉદ્ભિજ એટલે જમીન ફાડીને નીકળનારા જીવોમાં વનસ્પતિનો સમાવેશ થાય છે. વનસ્પતિ અસંખ્ય અને અનંત છે, તોપણ વિદ્વાનલોકોએ તેના જુદા જુદા વર્ગો પાડેલા છે. જૈન શાસ્ત્રે ૧ લાખ પ્રત્યેક વનસ્પતિકાય અને ૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય મળી ૨૪ લાખ વનસ્પતિની યોની ઠરાવેલી છે. અને આર્યશાસ્ત્રે વનસ્પતિની અઢાર ભાર વનસ્પતિ છે. એવી ગણના કરેલી છે, પરંતુ વર્તમાનકાળમાં જે પુસ્તકો વનસ્પતિના ગુણ દોષ જણાવવા માટે નિઘંટુના નામથી ઉપલબ્ધ થાય છે તે જોતાં તેમાં અઢારભાર વનસ્પતિનો ઉલ્લેખ જોવામાં આવતો નથી. તેમ જેટલી વનસ્પતિઓ આપણી આંખે દેખાય છે, તે સર્વનું વર્ણન કરેલું હોય, એવું જણાતું નથી પણ માત્ર ચિકિત્સાશાસ્ત્રમાં વપરાતિ ઘણીખરી વનસ્પતિનું ઓળખાણ કરાવવામાં આવેલું છે, એટલે અઢારભાર વનસ્પતિનો શોધ કરવો, એ માત્ર કલ્પના ઉપરજ આધાર રાખે છે; અત્રે અમે જે કલ્પના કરીએ છીએ તે કરતાં સારી સચોટ અને બંધ બેસતી કલ્પના કરવાનું આયુર્વેદના પંડિતો કે જેઓ વનસ્પતિશાસ્ત્રના જ્ઞાતા છે તેઓના ઉપર રાખી, અમે અમારી કલ્પના આગળ ચલાવીએ છીએ.

ગુજરાતી ભાષામાં ચોવીશ મણ વજનનાં માપને એકભાર કહેવામાં આવે છે, તેથી ઘણા વૈદો પૂછે છે કે અઢારભાર વનસ્પતિ એટલે એશું વજનનું નામ હશે? અમે પણ એ બાબતમાં ઘણાઓને પૂછ્યું પણ સંતોષકારક જવાબ નહિ મળવાથી આખરે એવી કલ્પના ઉપર

આવ્યા છીએ કે, અઢારભાર એટલે એ વજન વાચક શબ્દ નથી, પરંતુ વર્ગવાચક શબ્દ છે, માટે વનસ્પતિના અઢાર વર્ગો અમે નીચે પ્રમાણે ઠરાવીએ છીએઃ—

૧. તૃણ જાતી (ઘાસ જેવી) ૨. ક્ષુપ જાતી (જમીન પર પથરાતી) ૩. છોડ જાતી. (છોડવા) ૪. વેલી જાતી (વેલા) ૫. ગુલ્મ જાતી (નહિ વૃક્ષમાં અને નહિ વેલામાં) ૬. વૃક્ષ જાતી (ઝાડ) એ પ્રમાણે મુખ્ય ૬ ભાગ પાડી શકાય છે અને આખી દુનિયાની વનસ્પતિનો એ છ વર્ગમાં સમાષ થઇ જાય છે. હવે દરેક વર્ગમાં વનસ્પતિના ત્રણ ત્રણ પ્રકાર જોવામાં આવે છે, જેવા કે કેટલીક વનસ્પતિને ફળ આવે છે પણ ફુલ આવતાં નથી. કેટલીક વનસ્પતિને ફુલ આવે છે પણ ફળ આવતાં નથી અને કેટલીક વનસ્પતિને ફળ અને ફુલ બંને આવે છે, એટલે દરેક વર્ગની ત્રણત્રણ જાતી ગણતાં ૧૮ ભાર અથવા ૧૮ વર્ગો ઠરાવવામાં આવ્યા છે, અને તેને લૌકિકમાં ૧૮ ભાર વનસ્પતિ કહેવામાં આવે છે. એ ૧૮ ભાર વનસ્પતિને જૂદા જૂદા નામ આપી તેના ગુણ દોષનું વર્ણન કરવામાં આવે તો કાળના કાળ વહી જાય તોપણ તેનો પાર આવે નહિ, અને પ્રાચિનકાળમાં ઋષિઓના સમયમાં લેખન પદ્ધતિનું સાહિત્ય વર્તમાનના જેવું નહિ હોવાથી અને ચિકિત્સાશાસ્ત્ર જાણનારાઓને વનસ્પતિવિદ્યાનું સંપૂર્ણ જ્ઞાન આપવું જરૂરનું હોવાથી પૂર્વાચાર્યોએ જેમ ઘડામાં સમુદ્રને સમાવ્યો હોય અથવા ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતપ્રમાણે સ્થાલી પુલાક ન્યાયવત એવી યુક્તિથી વનસ્પતિશાસ્ત્ર સમજાવ્યું છે કે, તે નિયમને અનુસરી વર્તનાર વૈદ્યને વનસ્પતિનું નામ કે ગુણ જાણવાની જરૂર પડયા સિવાય પોતાની બુદ્ધિ અને અનુમાનથી કોઇપણ વનસ્પતિને ઉપયોગમાં લઇ શકે. માત્ર વૈદ્યને પાંચ તત્વોના, છ ઋતુઓના અને છ રસના ગુણ ધર્મનું જ્ઞાન હોવું જોઇએ.

આ જગતમાં દ્રશ્યમાન થતી તમામ સ્થાવર અને જંગમ પ્રાણી જાતીઓ જેનાથી ઉત્પન્ન થએલી છે અને જે આત્માને ભોગાવળી કર્મથી બાંધીને જન્મ મર્ણના ફેરામાં અથડાવે છે, તેમ જે વસ્તુ આપણી આંખે દેખાય છે તે મૂળ પ્રકૃતિનું સ્થૂળભવાને પામેલું તત્વ છે. જેને આપણે

પંચભૂતના નામથી ઓળખીએ છીએ એ પંચભૂતનું સૂક્ષ્મરૂપ તે પ્રકૃતિ કહેવાય છે; એ પ્રકૃતિનો એક કણ જેનું બીજું નામ દ્રવ્ય કહેવામાં આવ્યું છે. અને તે દ્રવ્યને ન્યાયશાસ્ત્રકારે દ્રવ્ય, ગુણ, પર્યાય અને ઉપલબ્ધિમાં ગોઠવી તેના સ્વરૂપનું, ગુણનું વર્ણન કરેલું છે. આપણે આ સ્થળે વનસ્પતિશાસ્ત્રનું વર્ણન કરવાનું છે તેમાં જે જે વનસ્પતિમાં જે જે જાતનાં દ્રવ્યોનો સમાવેશ થયલો છે તે દ્રવ્યના ગુણ કર્મ અને સ્વભાવ જાણીને યોજના કરેલી છે અને અજાણી વનસ્પતિની પણ તેજ પ્રમાણે યોજના કરવાની છે.

પ્રત્યેક વનસ્પતિમાં છ રસ જેવા કે મધુર, ખાટો, ખારો, તીખો, કડવો અને કષાય રસ હોય છે. એ રસો પાંચ તત્વના સંમેલનથી અથવા ન્યુનાધિકપણાથી વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. જેમકે પૃથ્વીતત્વ અને પાણીતત્વ એ બે મળવાથી મધુરરસ ઉત્પન્ન થાય છે. પૃથ્વિતત્વ અને અગ્નિતત્વ એ બે મળવાથી ખાટો રસ ઉત્પન્ન થાય છે, પાણીતત્વ અને અગ્નિતત્વ એ બે મળવાથી ખારો રસ ઉત્પન્ન થાય છે. અને આકાશ તથા વાયુ એ બે તત્વો મળવાથી તીખો રસ ઉત્પન્ન થાય છે, વાયુ અને અગ્નિ એ બે તત્વો મળવાથી કડવો રસ ઉત્પન્ન થાય છે અને પૃથ્વી અને વાયુ એ બે તત્વો મળવાથી કશાયરસ ઉત્પન્ન થાય છે. એ પાંચ તત્વો પૈકી પૃથ્વીતત્વનો સ્વભાવ ભારે છે, પાણી તત્વનો સ્વભાવ સ્નિગ્ધ છે, અગ્નિતત્વનો સ્વભાવ તિક્ષણ છે, વાયુ તત્વનો સ્વભાવ રૂક્ષ છે, અને આકાશ તત્વનો સ્વભાવ લઘુ કહેતાં હલકો છે. એવી રીતે તે તે તત્વોના ન્યુનાધિક સંમેલનથી આખી દુનિયાની વનસ્પતિ જુદા જુદા સ્વાદવાળી ઉત્પન્ન થયલી છે. જે જે દેશમાં જે જે વનસ્પતિ જે જે ઋતુમાં નવપલ્લવ થાય છે તે તે દેશમાં તે તે વનસ્પતિ તેના રસ, સ્વાદ ઉપરથી તેના ગુણનું જ્ઞાન કરાવે છે, કારણ કે વનસ્પતિને ઉગાડીને તેના મૂળથી રસને ચઢાવી પાંદડાં, ફળ અને ફુલ સુધી આકર્ષવાનું કામ સૂર્ય કરે છે, અને તેને પોષીને તેમાં સ્વાદ ઉમેરી રસને સ્થિર રાખી, પોષણનું કામ ચંદ્ર કરે છે. હવે આખા વિશ્વને લઇને પૃથ્વિ સૂર્યની આસપાસ ફરે છે અને ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે. તથા પૃથ્વીની ભ્રમણ કરવાની ગતિમાં, નિયમિત ફેરફાર

થવાથી સૂર્યના ઉત્તરાયણ અને દક્ષિણાયણ એવા બે ભાગ પડે છે. એ બે ભાગને જેમ જેમ અયનનો સમય વહેતો જાય છે, તેમ તેમ તેને ત્રણ ત્રણ ભાગમાં વહેંચીને ત્રણ ત્રણ ઋતુ કલ્પવામાં આવી છે, તે ઋતુના સમ-યોગથી દરેક વનસ્પતિ ઉપર સૂર્ય અને ચંદ્રનાં કીર્ણોનાં પ્રભાવથી જેવી જેવી અસર થાય છે, તેવો તેવો રસ વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. તે છ ભાગનું અથવા તે છ ઋતુના પ્રભાવનું વર્ણન આ પ્રમાણે કરવાનું છે;–મેષ અને વૃષભ સંક્રાંતિમાં સૂર્ય હોય ત્યાં સુધી ગ્રીષ્મ ઋતુ કહેવાય છે. મિથુન અને કર્ક સંક્રાંતિના સમયને પ્રાવૃટઋતુ કહે છે, સિંહ અને કન્યા સંક્રાંતિના સમયને વર્ષાઋતુ કહે છે, તુલા અને વૃશ્ચિક સંક્રાંતિના સમયને શરદઋતુ કહે છે, ધન અને મકરસંક્રાંતિના સમયને હેમંતઋતુ કહે છે,, અને કુંભ તથા મીન સંક્રાંતિના સમયને વસંતઋતુ કહે છે. એ છએ ઋતુમાં જેવી રીતે ટાઢ, તડકો અને વરસાદ આવે છે, અથવા તેનું ન્યુનાધિકપણું થાય છે તેવી રીતે દરેક વનસ્પતિમાં તેવા તેવા રસો ઉત્પન્ન થાય છે. ઋતુના કાળ ધર્મને તપાસતાં આખા વર્ષમાં તડકાની મોસમ બે વખત આવે છે. વર્ષા અને ટાઢ એકેક વાર આવે છે, એટલે સૂર્ય દક્ષિણાયનમાં જતાં જ્યારે સીધા કીર્ણવાળો થાય છે ત્યારે શરદઋતુનો તાપ પડે છે, અને તે સૂર્ય જ્યારે ઉત્તરાયણમાં જઈ સીધા કીર્ણવાળો થાય છે ત્યારે ગ્રીષ્મઋતુનો તાપ પડે છે.

પૃથ્વીતત્વનો સ્વભાવ નીચી ગતિએ જવાનો છે પાણી તત્વનો સ્વભાવ ઢળતી જગ્યામાં વહેવાનો છે. વાયુતત્વનો સ્વભાવ તીરછી ગતિએ ચાલવાનો છે. અગ્નિતત્વનો સ્વભાવ ઉંચે ચઢવાનો છે અને આકાશ-તત્વનો સ્વભાવ એ ચારે તત્વોને અવકાશ આપવાનો છે. હવે કુદરતનો -નિયમ એવો છે કે જ્યાં આગળ અગ્નિતત્વ વધારે હોય ત્યાંથી વાયુ-તત્વ આઘું ખસે છે અને જળતત્વ પાસે આવે છે. તે પ્રમાણે જ્યારે દક્ષિણાયનનો સૂર્ય પૃથ્વીના જે ભાગમાં સીધાં કીર્ણ નાંખી ત્યાંના વાયુને દુર ખસેડે છે, એટલે ઉત્તર દિશામાં રહેલો પાણી ભરેલો રૂક્ષ વાયુ તેની સમીપ આવે છે, તે કારણથી શરદઋતુના તાપ પછી શિયાળાની ટાઢની મોસમ આવે છે. તેવી રીતે ઉત્તરાયનનો સૂર્ય ગ્રીષ્મઋતુમાં પોતાનાં

સીધાં કીર્ણ નાંખી પ્રખર તાપથી પૃથ્વીને તપાવી વાયુને આધો ખસેડે છે, જેથી તેની સામા પશ્ચિમ તથા નૈરૂત્યનો પવન, પોતાની સાથે પાણી લઇને દોડતો આવે છે અને વર્ષાઋતુ ઉત્પન્ન કરે છે; એ ઉપરથી આપણને સમજાય છે કે બે તાપની ઋતુના વચમાંના બે ગાળા, એક શિઆળાના નામથી અને એક ચોમાસાના નામથી ઓળખાય છે. ચોમાસું બેસતા પહેલાં તડકાની મોસમ અને વરસાદની મોસમનો વચલો ગાળો તાપ-મિશ્રીત પાણી ભરેલો હોય છે, તેમ શરદ ઋતુનો તાપ અને હેમંતઋતુની ટાઢનો વચમાંનો ગાળો, ભુખર પવનથી રસને સુકવનારો થાય છે. હેમંતઋતુ ઉતરતાં અને ગ્રીષ્મઋતુ બેસતાં વચમાંનો ગાળો વસંતઋતુને નામે ઓળખાય છે અને તે વખતમાં હવા સમશીતોષ્ણ હોવાથી, આનંદદાયી જણાય છે. ગ્રીષ્મઋતુમાં તાપ ઘણો પડવાથી પૃથ્વી ઉપર અગ્નિતત્વનો વધારો થાય છે, જેથી વનસ્પતિમાં ખાટો રસ વધારે ઉત્પન્ન થાય છે. વર્ષાઋતુમાં જળતત્વનો વધારો થવાથી પાણીના અત્યંત વહ-નને લીધે પૃથ્વીમાં મોળો અથવા મધુરરસ ઉત્પન્ન થાય છે, તેમ શિઆળામાં વાયુતત્વ, જળતત્વ, અને પૃથ્વીતત્વની ઐક્યતા થવાથી કાંઇક મધુર, કંઇક કડવો, કંઇક ખટમીઠો અને કંઇક કષાય અથવા તુરોરસ ઉત્પન્ન થાય છે. તે પ્રમાણે ગ્રીષ્મઋતુના તથા વર્ષાઋતુના ગાળામાં મધુર અને ખારોરસ ઉત્પન્ન થાય છે. તેમ શરદ અને હેમંતઋતુના ગાળામાં કડવો તીખો ગળ્યો, ખાટો ગળ્યો રસ ઉત્પન્ન થાય છે અને હેમંત અને ગ્રીષ્મઋતુના ગળામાં મધુર રસ પ્રાધાન્યપણું ભોગવતો છતાં, એ છએ રસ ઉત્પન્ન થાય છે. એટલે વાંચકોના ધ્યાનમાં આવશે કે જેમ જેમ સૂર્ય પોતાના રાશીચક્રને પરિભ્રમણ કરતો જાય તેમ તેમ આકાશમાં રહેલા તત્વને પોતા તરફ ખેંચી, જેમ રવઇથી દહીંનું મંથન કરવામાં આવે છે તેમ આકાશમાં રહેલા તત્વોનું મંથન કરી તેના સારરૂપ રસને ઉત્પન્ન કરી, દરેક વનસ્પતિને પોતપોતામાં ગુણ ધર્મ અને સ્વભાવવાળો રસ, જોઇતા પ્રમાણમાં વહેંચી આપે છે, અને તે વહેંચી આપેલા રસને ચંદ્ર પોષીને સ્થીર કરે છે.

દરેક વનસ્પતિમાં આયુર્વેદાચાર્યોએ રસ, ગુણ, વીર્ય, વિપાક અને શક્તિ એ પાંચ અવસ્થા માનેલી છે, અને એ પાંચ અવસ્થા પ્રમાણે તે

વનસ્પતિઓમાં પ્રભાવિક અને સ્વાભાવિક શક્તિઓ ઉત્પન્ન થાય છે; તેમાંથી આયુર્વેદના અભ્યાસીઓએ વનસ્પતિની સ્વાભાવિક શક્તિ જાણવાનો પ્રયત્ન કરવાનો છે. અને પ્રભાવિકશક્તિ, સિધ્ધો અને યોગી મહાત્માઓને માટે રાખેલી છે. આયુર્વેદની તમામ પ્રક્રિયા, દ્રવ્યના ઉપર આધાર રાખે છે. અને જે જે વનસ્પતિમાં જે જે રસવાળું દ્રવ્ય આવેલું હોય તે તે રસનાં ગુણ ધર્મ પ્રમાણે તે દ્રવ્યની યોજના સ્વભાવિક રીતે કરવામાં આવે છે. દ્રવ્ય શબ્દથી વૈદકશાસ્ત્રમાં જડ, છાલ, સાર, ગુંદર, નાળ, સ્વરસ, પલ્લવ, દૂધ, દૂધવાળાં ફળ, ફૂલ, ભસ્મ, તેલ, કાંટા, પત્ર, ટીશી, કંદ, મૂળી, આદિ લઇને, સ્થાવર જંગમ, સર્વ, દ્રવ્ય શબ્દથી ગણવામાં આવે છે, અને તે દ્રવ્યોમાં છ રસો મધુરઆદિ ન્યૂનાધિકપણે રહેલા છે; તેમ ગુણ ત્રણ પ્રકારના રહેલા છે તથા વીર્ય, શીત અને ઉષ્ણ એ બે પ્રકારના રહેલા છે. વિપાક ત્રણ પ્રકારના રહેલા છે અને શક્તિ અનંત પ્રકારની રહેલી છે. દ્રવ્ય વિના રસ નહિ. રસ વિના વીર્ય નહિ. વીર્ય વિના વિપાક નહિ અને વિપાક વિના શક્તિ નહિ તથા શક્તિ વિના પ્રભાવ નહિ એટલે ઉપર જે દ્રવ્યના ભાગ પાડવામાં આવ્યા છે તે દરેક ભાગને દ્રવ્યમણી તેને રસ, ગુણ, વીર્ય, વિપાક અને શક્તિમાં ગોઠવી, તેની પાસેથી જે કામ કરાવવું અથવા ફળ મેળવવું એટલે રોગીને આરોગ્યતા આપવી, એ વૈદ્યોનું ખાસ કર્તવ્ય છે.

આપણે ઉપર જણાવી ગયા તેમ ઋતુઓના અને પાંચ તત્વોના ગુણ-ધર્મ પ્રમાણે દરેક વનસ્પતિમાં અથવા વનસ્પતિના દ્રવ્યોમાં તે તે સમયને અનુસરતા રસો ઉત્પન્ન થાય છે. અને તે રસોના ગુણ ધર્મને જાણનાર વૈદ્ય, ૧૮ ભાર વનસ્પતિ પૈકી, પોતાની પાંચ ઇંદ્રિય વડે તપાસી તેનું નામ જાણ્યા સિવાય, તેનામાં ન્યુનાધિકપણે રહેલા રસોના ગુણ-ધર્મને જાણી, દરદીની પ્રકૃતિમાં થયલા પાંચ તત્વોના ન્યુનાધિક ઉલ્વણોથી રોગને જાણી, તે ઉપર તેની યોજના કરી શકે છે; જેમકે એક દ્રવ્યને લઇ તેને આંખેથી જોઇને હાથ ચામડીથી સ્પર્શ કરીને, નાકેથી સુંઘીને, જીભેથી ચાખીને અને કાનેથી તેને તોડતાં, મસળતાં ભાંગતાં, નીકળતા અવાજનું શ્રવણ કરીને, તેનામાં કયા કયા રસો ન્યૂનાધિકપણે સમાયલા

છે તેનું જ્ઞાન મેળવી, યોજના કરી શકે છે. તે યોજના કરવાને રસ ધર્મમાં પ્રવેશ કરનાર વૈદ્યને સુગમ પડવા માટે ચરક સંહિતામાંથી રસોના ગુણ–ધર્મનું વર્ણન કરવામાં આવે છે.

મધુર રસ શરીરમાં સમાનભાવ પામનારો હોવાથી શરીરમાં રહેલાં રસ, રૂધીર, માંસ, મેદા, હસ્થિ, મજ્જા અને શુક્રનો વધારનારો છે, તેમ આયુષ્યને આપનારો પિત્ત, વિષ અને વાયુનો નાશ કરનારો તૃષ્ણાને સમાવનારો, ત્વચા, વાળ અને કંઠ. એને હિતકારી, પ્રાણને પોષનારો, જીવન, તરપણ, સ્નેહનને સ્થિર કરનારો ક્ષતને સાંધનારો, નાક, મુખ, હોઠ, કંઠ, તાળવું. એમાં આનંદ આપનારો, દાહ, મૂર્છાને સમાવનારો, અને સ્નિગ્ધ, શીતળ તથા ભારે છે. એ મધુર રસ, જો દ્રવ્યમાં વિશેષપણે રહેલો હોય તો તે જાડાપણું, કોમળપણું, આળસુ, ભારેપણું, અન્નની અરૂચી, અગ્નિની મંદતા, મહોં, કંઠ અને માંસની અત્યંત વૃદ્ધિ, શ્વાસ, ખાંસી, સળેકમ, શીતજ્વર, પેટ ચઢવું, મ્હોંડું મીઠું થવું, હોડકાર આવવા, સંજ્ઞા અને સ્વરનો નાશ, ગળામાં ગંડમાળા, સ્લીપદ, ગળાનો સોજો, મૂત્રાશયમાં ભારેપણું, ગુદામાં ચીકાશ, આંખના રોગો અને અભિસ્યન્દના વિકારને ઉત્પન્ન કરે છે.

ખાટો રસ ભોજનમાં રૂચી ઉત્પન્ન કરે છે, અગ્નિને દીપન કરે છે, દેહની વૃદ્ધિ કરે છે, મનનું જીવન છે. ઇંદ્રિઓને દ્રઢ કરે છે, બળને વધારે છે, વાયુનું અનુલોમન કરે છે, હૃદયને તૃપ્ત કરે છે, મુખમાં રસનો શ્રાવ કરે છે, ખાધેલાનું અનુકર્ષણ કરે છે, અને ક્લેદને ઉત્પન્ન કરે છે. તે જાતે લઘુ, ઊષ્ણ અને સ્નિગ્ધ છે, પણ જો દ્રવ્યમાં અત્યંતપણે વર્તતો હોય તો દાંતને ખાટા કરી નાંખે તે, આંખોને મીંચાવી દે છે, વાળને ખેરવી નાંખે છે, કફને પીગળાવી નાંખે છે, પિત્તને વધારી આપે છે, લોહીને દુષિત કરે છે, માંસમાં દાહ કરે છે, શરીરને ઢીલું પાડી નાંખે છે, ખળા, પાતળા અને દુર્બળ માણસને સોજા ઉત્પન્ન કરે છે. ઘા વાગેલાને માર ખાધેલાને, હાડકાં ભાંગેલાને, પડી ગયલાને, મર્દન થયલાને, કાપેલાને, વીંધાયલાને ભચડાઇ ગયલાને પચાવી દે છે અને અગ્નિરૂપ સ્વભાવ હોવાથી કંઠને, હૃદયને તથા ઊરૂ યાને છાતીને દગ્ધ કરે છે.

ખારો રસ પાચન, ક્લેદન, દીપન, ચ્યાવન, છેદન, ભેદન, તિક્ષ્ણ, સર, વિકાશી, અધઃસ્ત્રંષી, અવકાશને કરવાવાળો, વાયુને હરવાવાળો સ્થંભ, બંધ, સંઘાત, એનો નાશ કરનારો, મોંઢામાં લાળ ઉત્પન્ન કરનારો, કફને પાતળો કરનારો અથવા ઉખેડનારો, શીરાઓના માર્ગનું શોધન કરનારો, આખા શરીરના અવયવોને કોમળ કરનારો, આહારનું રેચન કરનારો, અન્નનો સહયોગી, ઘણો ભારે નથી પણ સ્નિગ્ધ અને ઉષ્ણ છે. એ રસ જે દ્રવ્યમાં અત્યંતપણે વર્તતો હોય તે દ્રવ્યના સેવનથી પિત્તને કોપાવે છે, રક્તને વધારે છે, તૃષાને ઉત્પન્ન કરે છે, મૂર્છા, તાપ, દાહને કરે છે, માંસને સુકાવે છે, વિષની વૃદ્ધિ કરે છે, સોજાને ફોડે છે, દાંતોને કાળા કરે છે, પુરૂષત્વનો નાશ કરે છે. ઇંદ્રિઓને રોકે છે, વળી પલીત અને ખાલીત્યને ઉત્પન્ન કરે છે તથા લોહીતપિત્ત, અમ્લપિત્ત, વિષર્પ, વાતરક્ત, વિચર્ચિકા, ઇંદ્રલુપ્ત, આદિ વિકારોને ઉત્પન્ન કરે છે.

તીખો રસ મોઢાને શુદ્ધ કરે છે, અગ્નિ દીપન કરે છે. ભોજનનું સોષન કરે છે, નાકનો શ્રાવ કરે છે, આંખનું વિરેચન કરે છે ઇંદ્રિઓનો સ્ફોટન કરે છે, અલસ, સ્વયથુ, ઉપચય, ઉદર્દ અભિષ્યન્દ, સ્નેહ, સ્વેદ, ક્લેદ, મળ, એનો નાશ કરે છે; અન્નમાં રૂચી કરે છે, કંડુ, વ્રણ, કૃમિ, એનો નાશ કરે છે. માંસના તથા લોહીના સમુહનું ભેદન કરે છે, બંધોનું—છેદન કરે છે, માર્ગોને ખુલ્લા કરે છે, કફની શાંતિ કરે છે, તથા સ્વભાવે લઘુ, ઉષ્ણ અને રૂક્ષ છે, એવા પ્રકારનો રસ જે દ્રવ્યમાં વધારે વર્તતો હોય તે દ્રવ્ય, વિપાકના પ્રભાવથી પુરૂષ ત્વનો નાશ કરે છે અને રસ તથા વીર્યના પ્રભાવથી મોહ, ગ્લાનિ, સાધન, કર્પણ, મૂર્છન, નમન, તમ, ભ્રમ, એને ઉત્પન્ન કરે છે, કંઠને દગ્ધ કરે છે; શરીરમાં પરીતાપ કરે છે, બળને ક્ષીણ કરે છે, તૃષાને વધારે છે, વાયુ અને અગ્નિની અધિકતાથી ભ્રમ, મદ, ઉત્પાત, કંપ, તોદ, ભેદ, એના હોવાથી પગ, હાથ, પાસાં, વાંસો, આદિસ્થાનોમાં વાયુના વિકારને ઉત્પન્ન કરે છે.

કડવો રસ અરોચક, વિષ, કૃમિ એનો નાશ કરનારો છે. મૂર્છા, દાહ, કંડુ કુષ્ટ, તૃષ્ણા એનું શમન કરનારો છે, અને ત્વચા તથા માંસને સ્થિર કરનારો છે. જ્વરનાશક, દીપન, પાચન અને સ્તન્યનો

શોધન તથા લેખન કરનારો છે, અને કલેદ, મેદા, વસા, મજ્જા, લસીકા, પૂય યાને પરૂ, સ્વેદ, મૂત્ર ઝાડો, પિત્ત, કફ એને સુકવે છે, અને તે સ્વભાવથી રૂક્ષ, શીતને લઘુ છે. એવા પ્રકારનો રસ જે દ્રવ્યમાં વધારે વર્તતો હોય તે દ્રવ્ય, વિપાકના પ્રભાવથી રૂક્ષ, ખર, વિષદ સ્વભાવનો થઇને રસ, રૂધીર, માંસ, મેદા, અસ્તી, મજ્જા, શુક્ર એઓને અત્યંત સુકવે છે સ્રોતોને ખર બનાવે છે, બળનું આકર્ષણ કરે છે, મોહને ઉત્પન્ન કરે છે, શરીરનું શોષણ કરે છે અને બીજાપણ વાત વિકારોને ઉત્પન્ન કરે છે.

કષાય (તુરો) રસ સંશમન કરનારો, સંગ્રાહી, સંધારણ, પીડણ, રોપણ, શોષણ અને સ્થંભન કરવાવાળો છે. કફ તથા રક્તપિત્તનું શમન કરનારો છે અને સ્વભાવથી રૂક્ષ, શીતળ ને ભારે છે. એવા ગુણવાળા દ્રવ્યમાં એ રસ અત્યંતપણે વર્તતો હોય તો મુખનું શોષન, હૃદયનું પીડન પેટમાં આધમાન, વાણીનું ગ્રહણ, સ્રોતોનું બંધન કરનારો થાય છે. ત્વચામાં કાળાશ લાવે છે, પુરૂષત્વનો નાશ કરે છે અને બળાત્કારથી વૃદ્ધાવસ્થા લાવે છે. એ રસ વાત, મૂત્ર, મળ એને બાંધે છે અને કૃષતા, ગ્લાનિ. તૃષા, સ્થંભને ઉત્પન્ન કરે છે. એ રસ સ્વભાવથી ખર, વિષદ, રૂક્ષ હોવાથી પક્ષઘાત, શીરોગ્રહ, અપતાનક, આર્દીત આદિ વાયુના વિકારને ઉત્પન્ન કરે છે.

એવી રીતે એ છ રસો જુદા જુદા પોતપોતાની અનુકૂળ માત્રાથી મિશ્રભાવને પામી, જગતના ઉપકારને અર્થે યોજાયલા છે, પરંતુ મનુષ્યો તેના કુદરતી બંધારણ તરફ આંખ આડા કાન કરી પોતે પોતાનું ડહાપણ વાપરી, કુદરતી રીતે બીજા મળેલા રસોને દૂર કરી, માત્ર એકજ રસને ગ્રહણ કરી જે યોજના કરે છે, તેને તે રસો ઉલટી અસર કરી, તેની ચિકિત્સાને નિષ્ફળ બનાવે છે એટલુંજ નહિ, પણ મનુષ્ય પ્રકૃતિમાં બીજા પ્રકારના ક્ષોભ ઉત્પન્ન કરે છે. દાખલા તરીકે એક મધુરરસ તપાસીએ કે જે વનસ્પતિનું આપણે નામ જાણતા નથી પરંતુ તે વનસ્પતિનું મૂળ છોલી જોતાં ચીકણું માલમ પડે છે, અને ચાખી જોતાં મોળું જણાય છે, તો વનસ્પતિને જાણનાર વૈદે જાણવું જોઇએ કે આ વનસ્પતિમાં મધુરરસ પહેલી પંક્તિનો છે, એટલે તે શરીરને પોષવાનો ગુણ ધરાવે છે, તે સાથે તેમાં ચીકાશ એટલે સ્નેહ મળેલો હોવાથી તે વીર્યને વધારનારો

છે. એવા મધુર રસમાં જેમ જેમ મધુરતા વધતી જાય તેમ તેમ તેને આપણે ગળચટા શબ્દ આપીએ છીએ. તે વધતાં વધતાં શેરડી સુધી આવે એટલે તે મધુરરસને આપણે ગળ્યો રસ કહીએ છીએ. તે પછી કુદરતી કાયદાને બાજુએ મૂકી આપણે તે શેરડીમાંથી મૂળ મધુરરસ જેને આપણે મોળો રસ કહીએ છીએ તેને દૂર કરી, કુદરતના નિયમમાં ફેરફાર કરી, તે રસને ગોળ, ખાંડ, અને શાકરના રૂપમાં ફેરવી નાંખીએ છીએ. એટલે જેમ એક માણસ પાંચ કે દશ શેરડીના સાંઠા ચૂસી, મધુર રસનું સેવન કરી, તૃપ્તિ મેળવે છે, તેમ ગોળ ખાંડ કે શાકર, તેટલા પ્રમાણમાં ખાનારને તૃપ્તિ મળતી નથી, પણ તેથી ઉલટો અવગુણ થાય છે. પરંતુ તેથી વધીને તપાસતાં માલમ પડે છે કે વર્તમાન કાળમાં વિદ્યાની પરાકાષ્ટા થએલી હોવાથી, એ મૂળ શેરડીના મધુર રસમાંથી મોળાપણું દૂર કરતાં કરતાં, સેકેરીન નામનો પદાર્થ બનાવવામાં આવે છે, જેમાં શાકર કરતાં ૪૦૦થી માંડીને એક હજારગણું ગળપણ ઉત્પન્ન કરવામાં આવે છે. એટલે જે સ્થળે એક હજાર રતલ ખાંડ વાપરવાની જરૂર જણાય ત્યાં એક રતલ સેકેરીન વાપરવાથી તેટલોજ સ્વાદ ઉત્પન્ન થાય છે, પરંતુ એ સેકેરીનને ગળ્યો રસ જાણી જેમ શાકરનો કટકો મોંમાં નાંખી ગમે તે માણસ ચાવી ખાય પણ તેને કોઇ જાતનો ઉપાય થતો નથી અને થાય છે તો, ઘણા થોડા પ્રમાણમાં થાય છે, તેમ સેકેરીનનો એક ફાકો ભરવામાં આવે તો તે હળાહળ ઝેરનું કામ કરી માણસના પ્રાણનું હરણ કરે છે, અને એટલાજ માટે તે પરમકૃપાળુ પરમાત્માએ જેવી જેવી પ્રકૃતિવાળાને જેવા જેવા રસની જરૂર જોઇ, તેવા તેવા માણસને માટે જુદી જુદી વનસ્પતિઓમાં ઓછો વધતો મધુરરસ ઉત્પન્ન કરી તેની સાથે બીજા રસોને જોડીને વનસ્પતિની યોજના માત્ર જગતના ઉપકાર માટે કરી છે. એજ પ્રમાણે દરેક વનસ્પતિમાં રહેલા ન્યૂનાધિકપણે છએ રસોના પ્રમાણને સમજી, મનુષ્ય પ્રકૃતિમાં થએલી અસમાનતાને સમવૃત્તિમાં લાવવા માટે મહર્ષિઓએ વનસ્પતિ માત્રમાં રહેલા છએ રસોનું પ્રથક્કરણ કરી, તેને વાપરવાની જે યોજના તૈયાર કરી છે તેનું નામ ચિકિત્સાશાસ્ત્ર છે અને એ ચિકિત્સાશાસ્ત્રનું અધ્યયન કરી તે ઉપર પોતાની બુદ્ધિપૂર્વક વિચાર કરી, છએ રસના ગુણ ધર્મને જાણી, જે વૈદ્ય રસોપ ધર્માચાર્યની પદ્ધિ

મેળવી મનુષ્ય પ્રકૃતિ ઉપર યોજના કરી શકે છે. અને તે વૈદ્ય ૧૮ ભાર વનસ્પતિમાંની કોઇ પણ વનસ્પતિને માટે શાસ્ત્રમાં કોઇ પણ પ્રકારનો ઉલ્લેખ નહિ હોવા છતાં, તે વનસ્પતિને પોતાના ઉપયોગમાં લઇ શકે છે. એટલા માટેજ પૂર્વાચાર્યોએ આપણે આગળ કહ્યું તેમ, ઘડામાં સમુદ્ર સમાય તેમ વનસ્પતિના રસોનું વર્ણન કરી બુદ્ધિમાન અને વિચક્ષણ મનુષ્યોને માટે, વિચાર કરવાનું સ્થળ બાકી રાખ્યું છે.

કુદરતના નિયમ પ્રમાણે ઋતુઓના ફેરફારથી વનસ્પતિના રસોમાં, જે જે ઋતુને અનુકુળ, જે જે રસો પ્રાણી માત્રને જરૂરના હોય છે, તે તે રસો તે તે ઋતુમાં ઉત્પન્ન થાય છે; અને જે અક્ષાંશ અથવા રેખાંશ કે કટીબંધમાં જે રસોની જરૂર જણાય છે, તે રસોવાળી વનસ્પતિ તે તે સ્થળોમાં નવપલ્લવ એટલે રસ ભરેલી તૈયાર થઇ રહેલી હોય છે. આ ઉપરથી મનુષ્ય માત્રને વિચાર કરવાની જરૂર છે કે, જે જે ઋતુમાં જે જે ફળો, પુષ્પો, અન્નો, પાલાઓ, જે જે દેશમાં પાકતા હોય, તે તે દેશમાંજ ઉપયોગી થઇ શકે છે, પરંતુ જે દેશમાં જે ઋતુ વર્તતી હોય અને તે ઋતુમાં તે ફળ, ફુલ તે દેશમા નહિ પાકતાં હોય પણ બીજા દેશમાંથી આવતાં હોય તો, પોતાના દેશમાં પાકેલાં ફળો. મનુષ્ય પ્રકૃતિ ઉપર જે જાતની અસર ઉપજાવી ફાયદો કરે છે, તેટલી અસર તેઓ કરી શકતાં નથી. પરંતુ મારા વિચાર પ્રમાણે કાંઇક ઉલટી અસર પણ કરે ખરાં. કારણ કે દ્રવ્યોના રસ પછી તેના ગુણો, વીર્યો, વિપાકો અને શકિતના રૂપમાં તેને પલટાવું પડે છે. તે પલટાવાના સમયમાં પોતાના દેશમાં જે ઋતુ વર્તતી હોય, તે ઋતુના વાતાવરણમાં પસાર થતા સૂર્યના કીર્ણો મનુષ્ય શરીરને નીભાવવા માટે અને મનુષ્ય શરીરે જે રસનું ખાનપાનમાં સેવન કરેલું હોય તેને રસ, રકત, માંસ, મેદ, અસ્થી, મજ્જા અને શુક્રના રૂપમાં ફેરવવાના કામમાં લાગેલાં હોય છે. તે સમયમાં વિદેષથી આવેલાં ફળો અથવા આહાર-વિહારના પદાર્થો તે તે દેશના હવામાન પ્રમાણે રસથી પૂર્ણ થઇ બીજા દેશમાં આવેલાં હોય ત્યાંના રસને વિપાકમાં બદલાતાં ઉલટી અસરવાળા થયા વિના ચાલતુંજ નથી, એ વાત નિર્વિવાદ છે. જેમકે હિંદુસ્તાનમાં દરેક ઋતુમાં દરેક ઋતુ વર્તે છે એટલે એક સ્થાનમાં શિયાળો હોય

તેજ વખતે બીજા સ્થાનમાં ઉનાળો હોય છે, અને તેજ વખતે ત્રીજા સ્થાનમાં ચોમાસું હોય છે. જે સ્થાનમાં શિઆળો હોય તે સ્થાનના મનુષ્ય શરીરમાં હીમપૂર્ણ વાતાવરણને લીધે શુષ્કતા વધેલી હોય છે તે વખતમાં મનુષ્યના ખોરાકમાં બળકારી વસ્તુ જેવી કે મસાલા તથા તેજાના વગેરે ખાઇને, વાતાવરણની શુષ્કતા અંતરવેગી ન થઇ જાય એટલા માટે ખોરાકમાં ફેરફાર કરી, અંતરમાં ઉષ્મા ઉત્પન્ન કરવાની જરૂર પડે છે. તેવા સમયમાં જે સ્થાનમાં ઉનાળાનો પાછલો ભાગ વર્તતો હોય, એટલે તે સ્થાનમાં ગ્રીષ્મમાં ઉત્પન્ન થયલો ખાટો રસ પ્રાવૃટ ઋતુમાં મધુરતા પામી, ગળી કેરી તરીકે ઉત્પન્ન થાય છે તે કેરી (આંબા) જે સ્થાનમાં શિઆળો વર્તતો હોય તે સ્થાનમાં લાવી તેનો આહાર કરવાથી, મસાલાથી ઉષ્મા ઉત્પન્ન કરવાને બદલે મધુર રસની શીતળતા ઉત્પન્ન થાય છે અને બીતરમાં શીતળતા ઉત્પન્ન થવાથી, લોહીમાં જે ગરમી હોય છે તે શીતળના તરફ દોડી જવાથી લોહી ઠંડુ પડી તેની ગતિ મંદ થાય છે, જેથી શરીરને પોષનારા તથા નીભાવી રાખનારા બીજા ધાતુઓને ઉત્પન્ન થવામાં અટકાવ થાય છે, જેને પરિણામે શરીર દીનપર દીન અશક્ત થતું જાય છે, જેથી પૂર્વાચાર્યો અમને શીખવે છે કે "જે સ્થાનમાં જે ઋતુમાં વનસ્પતિ નવપલ્લવ થયલી હોય, તેજ વનસ્પતિ તેજ સ્થાનમાં ઔષધરૂપ બની, જીવનને ટકાવી રાખનારી થાય છે." હવે એ સંબંધી થોડો વિચાર આગળ ચલાવીએ. ધારો કે એક વનસ્પતિનો રસ તીખો છે અને જ્યારે તે પાકે ત્યારે પણ તે તીખા રસની વૃદ્ધિ કરે છે એક વનસ્પતિનો રસ ખાટો છે અને તે પાકે છે ત્યારે ગળ્યો થાય છે. એક વનસ્પતિનો રસ મોળો છે અને તે પાકે ત્યારે કડવો થાય છે. એવી રીતે વનસ્પતિના રસો તેના મૂળ રસો કરતાં વિશેષ ભાવને પામે છે અથવા તો પરિપક્વ દશામાં આવતાં તેના મૂળ રસમાં ફેરફાર થાય છે. આ તરફ આખી શ્રષ્ટિમાં જુદા જુદા આકારની જુદી જુદી જાતની, જુદા જુદા રસવાળી, ૧૮ ભાર વનસ્પતિઓ ગણાયલી છે, તેના જુદા જુદા રસો સમજવાને માટે પૂર્વાચાર્યોએ ખાસ ધ્યાન આપેલું છે; જેમકે મધુર, ખાટો, ખારો, કડવો, તીખો અને કષાય. (૧) મધુર, ખાટો, ખારો, કડવો, તીખો. (૨) મધુર, ખાટો, ખારો, કડવો. (૩) મધુર, ખાટો, ખારો.

(૪) મધુર, ખાટો. (૫) મધુર (૬) આ પ્રમાણે છ રસ પૈકીનો કોઇપણ રસ પ્રાધાન્યપણું ભોગવતો હોય તોપણ તેની સાથે બીજા રસો ઓછા વધતા પ્રમાણમાં મળેલા તો હોય છેજ, અને જો તે પ્રમાણે મળેલા ન હોય તો ઉપર કહી ગયા તેમ, એકલો એક રસ, વિષનું કામ કરી મનુષ્યના પ્રાણની હાની કરે છે.

જુદા જુદા દ્રવ્યોમાં જુદા જુદા રસો ગોઠવાયા છતાં આપણે તેના પ્રાધાન્ય રસનુંજ નામ આપીએ છીએ, પરંતુ તે તે દ્રવ્યમાં ગોઠવાયલા બીજા રસો જુદ જુદા ગુણ–ધર્મવાળા થઇને, જુદા સ્થાનમાં જૂદી જૂદી અસર ઉત્પન્ન કરે છે; દાખલા તરીકે સુંઠ, મરી, પીપર એ ત્રણે દ્રવ્યો તીખા રસ પ્રધાન્ય હોવાથી આપણે તેને તીખા પદાર્થમાં ગણીએ છીએ. જો કોઇને આપણે પૂછીએ કે સુંઠ, મરી અને પીપરનો સ્વાદ કેવો છે? તો જવાબ મળશે કે તીખો છે. મનુષ્ય પ્રકૃતિનો સ્વભાવ એવો છે કે એક વસ્તુ ચાખીને, તીખી છે, વધારે તીખી છે, ઘણી તીખી છે, મોઢું બળી જાય એટલી તીખી છે, એ પ્રમાણે કહી શકશે, પરંતુ ઓછી વધતી તીખાસ કેટલા પ્રમાણમાં છે? અને કયો રસ મળવાથી આ તીખાશમાં વધઘટ થઇ છે તે કહી શકશે નહિ! દાખલા તરીકે એક શેર દુધમાં ૨૦ તોલા શાકર નાંખીએ, પછી દરેક શેરમાં તોલો તોલો ઘટાડતા જઇએ ને દુધને પા પા શેર વધારતા જઇએ, અને તે દુધ બીજા માણસને ચાખવાને આપીએ તો ચાખનારો માણસ દુધ ગળ્યું છે. એમ કહેશે પણ તેનાથી શાકરનું પ્રમાણ કહી શકાશે નહિ. તેવી રીતે સુંઠ, મરી, પીપરને ચાખનારો માણસ તીખારસ સિવાય બીજા રસની કલ્પના કરી શકશે નહિ, પરંતુ સુંઠ મરી પીપરના જુદાં જુદાં પડીકાંવાળી, ચાંખનારૂ માણસને અંજાણમાં રાખી, રાત્રીને વખતે અંધારી ઓરડીમાં બેસડી, એકેક પડીકામાંથી જુદોજુદો ભૂકો તેને ચાખવા આપીએ, તો તે પોતાની જીભપર મુકી સુંઠ, મરી અને પીપરનો ભૂકો છે એમ જુદાં જુદાં નામો કહી બતાવશે. એ ઉપરથી સાબીત થાય છે કે, સુંઠ, મરી ને પીપર જો કે તીખાં છે તોપણ તેની સાથે જુદા જુદા પ્રમાણમાં જુદા જુદા રસો મળેલા છે, જેથી દ્રવ્યના ગુણ–ધર્મને જાણનારા વૈદ્યોએ તે તે રસોને ઓળખી, તેને જુદે જુદે સ્થાને કામે લગાડયા છે; જેમકે સુંઠમાં તીખાશ

સાથે ખારો રસ અને મધુર રસ મળેલો હોવાથી તે હોજરીમાં રહેલા દુષિત મળને કહાડી, અગ્નિને પ્રદિપ્ત કરવાને શક્તિમાન થાય છે તથા પીપરમાં તીખા રસ સાથે મધુર, ખારો અને કષાયરસ મળેલો હોવાથી તે પાનવાયુમાં જઇને કફનું ઉન્મુલન કરે છે, અને મરીમાં તીખો ગુણ પ્રાધાન્યપણું ભોગવતા છતાં તેની સાથે મધુર, ખારો, કષા રસ મળેલો હોવાથી તે ઉદાનવાયુ એટલે હૃદયના ઉપલા ભાગના જ્ઞાનતંતુઓવાળી જ્ઞાનેંદ્રિઓ અને મગજના સ્નાયુઓને નિરામય કરે છે આ પ્રમાણે ૧૮ ભાર વનસ્પતિમાં રહેલા ન્યુનાધિકપણે જુદા જુદા રસોને ઓળખી, જુદી જુદી પ્રકૃતિના મનુષ્યોને, દેખાતા એક જાતના પણ જુદા જુદા દોષથી ઉત્પન્ન થએલા રોગોના ઉપર યોજના કરનાર વૈદ્ય રસૌષધમાંચાર્ય અથવા પ્રાણાચાર્યની પદ્દિને લાયક થઇ, જગતને મહાન ઉપકાર કરે છે.

આપણે અત્યાર સુધીમાં દ્રવ્યના રસ, ગુણ સંબંધી થોડો વિચાર કર્યો. હવે દ્રવ્યના વીર્ય, વિપાક અને શક્તિ તથા પ્રભાવનું વર્ણન કરીએ છીએ. જે દ્રવ્યોને પછી તે ફળના રૂપમાં હો અથવા પત્ર, છાલ કે મૂળ અથવા કંદના રૂપમાં હો, પણ તે શીતવર્ય અને ઉષ્ણ વીર્ય એ બે રૂપમાંજ વહેંચી શકાય છે; પરંતુ મનુષ્ય પ્રકૃતિના જુદા જુદા સંમેલનથી પ્રકૃતિના ૬૩ ભેદ પાડવામાં આવેલા છે. તે ૬૩ ભેદના ઉપર વનસ્પતિઓ અથવા દ્રવ્યો, શીત અને ઉષ્ણ બે જાતના વીર્યની અસર કરે છે; એ તેનો સ્વાભાવિક પ્રભાવ છે. એ વીર્યની શક્તિ અસંખ્ય, અનંત અને અચિંત્ય છે. તેને શોધવા માટે પૂર્વાચાર્યોએ કેટલાક નિયમો બાંધેલા છે, પણ તે મનુષ્યોને પૂર્ણ રૂપમાં વર્તમાન કાળમાં ઉપલબ્ધ થઇ શકતા નથી; જેમકે જે વનસ્પતિના બીજ ખાંડી, વસ્ત્રગાળ કરતાં ઘણી મહેનત પડે અથવા જે બીજ કઠણ હોય અને તે મધુરરસ પ્રાધાન્ય હોય તો તે વીર્યને વૃદ્ધિ કરી શરીરને દૃઢ કરનારી શક્તિ ધરાવે છે. જે વનસ્પતિના ફળમાં સ્નેહગુણ હોઇને, પોચાપણું હોય છે તે ફળોનાં બીજોમાં વિરેચન અથવા વમન કરાવવાની શક્તિ હોય છે. જે વૃક્ષના અંગમાંથી અથવા ફળમાંથી દૂધ ઉત્પન્ન થાય છે, તેની સાથે જો કષાય રસ મળેલો હોય તો તે દૂધમાં વમન વિરેચન કરવાની શક્તિ હોય છે, પરંતુ એવા વૃક્ષોના દૂધમાં જો મધુર રસ મળેલો હોય તો તે વૃક્ષો

શરીરને પુષ્ટ કરી, ધાતુને વૃદ્ધિ કરનારા ગણાય છે. જે દ્રવ્યમાં કડવો રસ પ્રાધાન્યપણું ભોગવતો હોય એવાં ફળો જો ખાંડવામાં કઠણાશ બતાવે તો તે પણ શરીરને પોષણ કરનારાં, દૃઢ કરનારાં, શક્તિ ધરાવનારાં ગણાય છે. એ પ્રમાણે જેમ જેમ કઠણતાવાળાં જેટલા દ્રવ્યના પરમાણુઓ ઘટ્ટ થઇ, ઘનપણાને પામેલા હોય છે તે તે દ્રવ્યો, શીતવીર્ય એટલે પોષણ કરવાવાળી શક્તિવાળા હોય છે, અને જેમ જેમ દ્રવ્યોમાં પોચાશ વધતી જાય છે અને તેને ખાંડવામાં અથવા વાટવામાં ઓછો શ્રમ પડે છે, તેમ તેમ તે દ્રવ્યો ઉષ્ણવીર્ય ગણાઇ શરીરના વિકારોનો હ્રાસ કરી, પોષણ તત્વોને તે સ્થાનમાં પ્રવેશ કરીને સ્થિર થવાની જગ્યા તૈયાર કરી આપે છે. એવી રીતે દરેક દરેક વનસ્પતિ ઉપર વિચાર કરી શકાય છે પરંતુ ઉપર કહી ગયા તેમ વનસ્પતિના પ્રભાવનું વર્ણન તો સિધ્ધો અને યોગીઓજ જાણે છે; જેમ જ્વરના પ્રકરણમાં ઋષિઓનાં શાસ્ત્રો લંઘન, પાચન શમન અને શોધન દ્રવ્યોની યોજના કરી, જ્વરને દૂર કરવા મનુષ્યને નિરામ બનાવે છે: પરંતુ વનસ્પતિના પ્રભાવને જાણનાર યોગી, કાંટા સરીયાના મૂળને તેલનો ધુપ દઇ, હાથે બાંધે અથવા તાવ આવતા પૂર્વે પ્રાતઃકાળમાં ખીજડાના ઝાડનું દાતણ કરાવે, તો ઉપરની વીધી કરી, મનુષ્યને નિરામ કરવાની જરૂર વિના, તેના જ્વરને નસાડી મુકે છે, એટલે પ્રભાવનું વર્ણન કરવું એ અમારી શક્તિની બહાર છે. આ વિષયમાં અમારી બુદ્ધિ પ્રમાણે ટુંકાણમાં કહેવામાં આવ્યું છે પરંતુ વિદ્વાન અને પંડિત વૈદ્યો કે જેઓ દ્રવ્યની શક્તિ, અને પ્રભાવને જાણનારા હોય તેઓ, જેટલું જેટલું જાણતા હોય તેટલું, મનુષ્ય પ્રાણીના હિતાર્થે અથવા જગતના ઉપકારાર્થે પ્રસિદ્ધિમાં લાવી, સહેલામાં સહેલી રીતે રોગો કેમ નાશ પામે? તે ઉપર અજવાળું પાડી પોતાની વિદ્યાનો પ્રકાશ જન સમૂહપર પાડવા ચુકશે નહિ, એવી આગ્રહપૂર્વક વિનંતિ કરી આ વિષયને સંપૂર્ણ કરીએ છીએ. ઇત્યલમ્.

તારીખ ૭-૩-૧૮ રવીવાર

પ્રયોજક—
શા. તિલકચંદ તારાચંદ વૈદ્ય—સુરત.

લેખક—
ઇશ્વરલાલ રતનલાલ ત્રિવેદી—સુરત.

आयुर्वेद निबंधमाळा.

(४)

પ્રાણીમાત્રની ઉત્પત્તિ અને મનુષ્ય શરીરની રચના.

जगद्योने रनिच्छस्य चिदानंदैक रुपिणः
पुंसोस्ति प्रकृति नित्या प्रतिच्छायेव भास्वतः
अचेतनादि चैतन्य योगेन परमात्मनः
अकरोद्विश्व मखिल मनित्यं नाटका कृतिः

પ્રાણી માત્રની ઉત્પત્તિ કહો કે જગતની ઉત્પત્તિ કહો. પણ એ બેઉ સામાન્ય રીતે એકાર્થતાવાચકજ છે, પરંતુ આપણે આ સ્થળે વૈદ્યક વિષયની ચર્ચા કરતા હોવાથી, પ્રાણી માત્રની ઉત્પત્તિ અને તેના શરીરની રચના, એ વિષય રાખવાની જરૂર પડી છે, જેને આપણે જગત્ કહીએ છીએ તે જગત્માં ચાર વસ્તુ અનાદિ માનવાની જરૂર પડે છે ઇશ્વર, પ્રકૃતિ, આત્મા અને આત્માના કર્મો. એ ચાર વસ્તુ મળીને આપણને આ જગત્ દૃષ્ટિગોચર થાય છે; જેમ દીવાની પાસે બેઠા વિના અને સૂર્યના તેજ વિના, આપણે કોઇપણ કાર્ય કરી શકીએ નહિ તેમ ઇશ્વરના સાનિધ્ય વિનાં આપણાં જગતનો વ્યવહાર ચાલી શકે નહિ. જેમ દીવો કે સૂર્યનાં કીર્ણમાં રહીને, આપણે સારૂં કે માઠું કામ કરીએ તે દીવાને કે સૂર્યને બંધન કર્તા નથી. અથવા દીવો કે સૂર્ય તેને અટકાવી શકતો નથી તેમ ઇશ્વરના સાનિધ્યમાં આપણે જે કર્મ કરીએ તે ઇશ્વરને બંધન કર્તા નથી તેમજ તે કર્મ કરતાં ઇશ્વર આપણને અટકાવતો નથી, પરંતુ જગતની વ્યવહારીક રચના એવી છે કે આપણે જે જાતના સંકલ્પ વિકલ્પ કરીએ તેને અનુકુળ, કર્મના પરમાણુઓ આપણા તરફ ખેંચાઇ આવી આત્માની આસપાસ વીંટાય છે, તે કર્માનુસાર શરીર પોતાનો

વ્યવહાર ચલાવે છે. જ્યારે જગતનો ઉત્ક્રાન્તિ કાળ હોય છે ત્યારે દરેક આત્માને પોતાના શરીરની વૃદ્ધિ થતી માલમ પડે છે અને જ્યારે અવક્રાન્તિનો કાળ હોય છે ત્યારે દરેક વસ્તુ દીનપર દીન નહાના રૂપમાં દેખાતી જાય છે, એટલે દરેક પ્રાણીઓ સૂક્ષ્મરૂપને પામતાં પામતાં પ્રકૃતિ ભાવને પામે છે, જેને આપણે મહાપ્રલય કહીએ છીએ પરંતુ પ્રકૃતિભાવમાં રહેલા આત્માઓ તે સ્થીતિમાં પણ નવું કર્મ ઉપાર્જન કરે છે અને જુનાને ભોગવે છે અથવા ખપાવે છે. એ પ્રમાણે અવક્રાન્તિ કાળ વિત્યા પછી, ઉત્ક્રાન્તિ કાળમાં પાછું એ પ્રકૃતિરૂપ જગત વૃદ્ધિને પામતુ જાય છે. એ ઉપરથી આ જગતમાં રહેલા આત્માઓ અને તેના કર્મો અનાદિ છે એમ માનવું પડે છે, અને એટલાજ માટે ઇશ્વરને જો કે તે કર્ત્તા નથી તો પણ કર્ત્તાનું આરોપણ કરવું પડે છે. ઇશ્વરને કર્ત્તા, અકર્ત્તા, દાતા–ભોક્તા, કર્તુમ્–અકર્તુમ્, અન્યથા કર્તુમ્, સમર્થ વગેરે કહેવાનો, માનવાનો અને મનાવવાનો વિષય ઘણો તકરારી અને તર્કનો હોવાથી અને વળી આ વિષય સાથે તેનો સંબંધ નહિ હોવાથી, એ તકરારમાં ઉતરવાનું અમે પસંદ કરતા નથી પરંતુ પ્રકૃતિમય જગતમાંથી વિકૃતિરૂપ જગત કેવી રીતે ઉત્પન્ન થાય છે અને તે ક્રમવાર ગોઠવાયા પછી પ્રાણી શરીરની રચના કેવી યુક્તિથી રચાય છે, તે વિષયનું પ્રતિપાદન કરવાનું હોવાથી આપણે તે મુખ્ય વિષય તરફ વળવાની જરૂર પડે છે. પ્રકૃતિરૂપ જગતને ઓળખવા માટે આપણે વનસ્પતિના નાનામાં નાના બીજનો દાખલો લઇ શકીશું. વનસ્પતિ માત્રમાં જુદે જુદે રૂપે બીજ રહેલાં છે પણ કેટલીક વનસ્પતિમાં તે બીજો પ્રત્યક્ષ દેખાતાં નથી, અને કેટલીકમાં પ્રત્યક્ષ દેખાય છે; દાખલા તરીકે આપણે એક વડનું બીજ લઇએ. તે બીજને બારીક દૃષ્ટિથી અવલોકતાં અને તેને બુદ્ધિપૂર્વક તપાસી વિચાર કરતાં આપણને સમજણ પડે છે કે આ બીજરૂપ દ્રવ્યમાં આખું વડ વૃક્ષ સૂક્ષ્મરૂપે સમાયલું છે અને આ બીજમાં તેના રસ, ગુણ, વીર્ય, વિપાક અને શક્તિઓ રહેલી છે અને તેથીજ આકાશમાં રહેલા સજાતીય દ્રવ્યનું આકર્ષણ કરી પોતામાં રહેલી આકૃતિ પ્રમાણે તે મૂળને, છોડને, તેના ઝાડને, તેની છાલને, પાંદડાંને, ટીશીને, ફળને અને ફૂલને ગોઠવીને વૃક્ષરૂપે શોભે છે. હવે આ સ્થળે કોઇ શંકા કરે કે જે બીજ જમીનમાં

વધાયલું છે. તે જમીનના તત્વો લઇને, વૃક્ષનું રૂપ ધારણ કરે છે, પરંતુ આકાશમાંથી કોઇ તત્વને ગ્રહણ કરતું નથી તેનું સમાધાન એવી રીતે થઈ શકે છે કે જો પૃથ્વિમાંથી તમામ વૃક્ષો, પોત પોતાને જોઇતાં તત્વો લઇ, વૃદ્ધિ પામી, પાછાં સુકાઈ, ઘસાઇ, બળી, સડી, પૃથ્વીમાં સમાઇ જાય છે તો પણ પૃથ્વીનું વજન વધવું ન જોઇએ; પરંતુ વિચાર કરતાં સમજાય છે કે જેમ જેમ કાળ જતો જાય છે તેમ તેમ પૃથ્વીનું વજન વધતું જાય છે, તેનો પ્રત્યક્ષ દાખલો એ કે જ્યારે સૃષ્ટિની આદિ પછી કાળની ગણના થઇ ત્યારે પૃથ્વી સૂર્યની આસપાસ ૩૬૦ દિવસમાં એક ફેરો ફરતી હતી. તે પૃથ્વિને હાલમાં સૂર્યની આસપાસ ફરતાં ૩૬પા દિવસ અને કંઇક ઘડી વધારે જેટલી વાર લાગે છે. અર્થાત્ સાર એ નીકળે છે કે પૃથ્વી જેમ જેમ ભારે થતી જાય છે તેમ તેમ સૂર્યના આકર્ષણથી છુટી થઇ દુર જતી જાય છે, એટલે જેટલે દુર તે ગયલી હોય તે પ્રમાણમાં તેને ફરવાનો માર્ગ લંબાય છે અને તેથીજ પૃથ્વીનું વજન વધ્યું છે એમ કહી શકાય છે. અને જ્યારે પૃથ્વીનું વજન વધ્યું છે એમ સાબીત થાય ત્યારે આ વાત સિદ્ધ થાય છે કે બીજરૂપ વનસ્પતિ અથવા બીજરૂપ પ્રાણી માત્ર પોતાના બીજમાં રહેલા કર્મ પ્રમાણે આકાશમાંથી પંચભુતાત્મક દ્રવ્યોને આકર્ષી પોતાના મળતા સ્વજાતીય દ્રવ્યનું આકાશમાંથી આકર્ષણ કરી પોતાનું સ્વરૂપ ખડું કરે છે. તે સ્વરૂપની રચના કેવે કેવે પ્રકારે થાય છે અને તે તે પ્રકારોને તે તે રૂપમાં ગોઠવાયા પછી તેને કયા નામથી ઓળખવામાં આવે છે તેનું વર્ણન કર્યા સિવાય આ સ્થળે ચાલી શકતું નથી.

જગતની ઉત્પત્તિના કારણભુત જે પ્રકૃતિ છે તે પ્રકૃતિ ઇચ્છામયી એટલે સત્વ, રજ અને તમોગુણના સ્વભાવવાળી હોવાથી બુદ્ધિને ઉત્પન્ન કરે છે, અને એ બુદ્ધિથી અહંકાર ઉત્પન્ન થાય છે. તે અહંકાર રાજસ, તામસ અને સત્વગુણના ભેદથી ત્રણ પ્રકારનો ગણાય છે. અર્થાત વિકાર-વાળો સત્વગુણી, તેજસ રજોગુણી અને ભુતાદિરૂપમાં આવે છે ત્યારે તે તમોગુણી ગણાય છે. હવે જે પ્રકૃતિમાં સહાયક રાજસગુણ હોય અને તમોગુણ તેમાં મિશ્રીત થયો હોય તે સાત્વિક અહંકાર કહેવાય છે, અને

એ સાત્વિક અહંકારથી કાન, ચામડી, આંખ, જીભ, નાક, પગ, હાથ, વાણી, લીંગ, ભગ ગુદા અને મન એ ૧૧ ઇંદ્રિ ઉત્પન્ન થાય છે. તેમાં પ્રથમની પાંચ ઇંદ્રિઓને બુદ્ધિનો આશ્રય હોવાથી, તે જ્ઞાનેંદ્રિઓ કહેવાય છે અને બાકીની પાંચ ઇંદ્રિઓને કર્મનો (ક્રિયાનો) આશ્રય હોવાથી તે કર્મેંદ્રિઓ કહેવાય છે. આ મન બુદ્ધિ અને કર્મના ભેગા વ્યવહારનું ઉપાદાન કારણ હોવાથી મનને ૧૧ મી ઇંદ્રિ ગણેલું છે અથવા રાજસ અહંકારથી ઇંદ્રિ, સાત્વિક અહંકારથી ઇંદ્રિઓના દેવતા અને મન એ જુદા જુદા પાડીને તેનાથી ચાલતો વ્યવહાર તેને ઉત્પત્તિક્રમ કહે છે. હવે રાજસ અહંકાર જેનો સહાયક થાય છે અને સાત્વિક અહંકારનું મિશ્રણ થવાથી જે તામસ અહંકારનું રૂપ પકડે છે, તેને તન્માત્રાઓ કહેવામાં આવે છે, અને તે તન્માત્રાઓ જુદે જુદે સ્થળે રહી જુદાં જુદાં કાર્ય કરે છે તેથી તેને પાંચ નામ આપવામાં આવ્યાં છે; જેવાં કે શબ્દ તન્માત્રા, સ્પર્શ તન્માત્રા, રૂપતન્માત્રા, રસ તન્માત્રા અને ગંધ તન્માત્રા એ પ્રમાણે પાંચ તન્માત્રાઓના નામ આપી શકાય છે પરંતુ તેના ખરા સ્વરૂપને યોગીઓજ જાણી શકે છે. એ પાંચ તન્માત્રાઓ જેમ જેમ સ્થુલપણાને પામતી જાય છે અને તે સંપૂર્ણતાને પામે છે ત્યારે તે ભૂત એવા નામથી ઓળખાય છે. એવા પંચમહાભૂતોનાં નામ આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીરૂપે મનુષ્યને પ્રત્યક્ષ દેખાય છે. શ્રોત્ર, ત્વક, ચક્ષુ, જીવ્હા, ઘ્રાણ, એ પાંચ બુદ્ધિ ઇંદ્રિય છે અને એના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એ પાંચ વિષય ક્રમપૂર્વક છે. જેમકે શ્રોત્ર ઇંદ્રિનો વિષય શબ્દ છે. ત્વક્ ઇંદ્રિનો વિષય સ્પર્શ છે, ચક્ષુ ઇંદ્રિનો વિષય રૂપ છે, જીવ્હા ઇંદ્રિનો વિષય રસ છે અને ઘ્રાણ ઇંદ્રિનો વિષય ગંધ છે. તેવી રીતે વાણી, હાથ, પગ, ઉપસ્થ, ગુદા એ કર્મેન્દ્રિઓ છે અને તેના ભાષણ, આદાન, વિહાર, આનંદ, ઉત્સર્ગ, એ પાંચ વિષય છે; જેમકે વાણી ઇંદ્રિનો વિષય ભાષણ, હસ્ત ઇંદ્રિનો વિષય ગ્રહણ, પાદ ઇંદ્રિનો વિષય વિહાર, ઉપસ્થ ઇંદ્રિનો વિષય આનંદ અને ગુદા ઇંદ્રિનો વિષય ઉત્સર્ગ છે.

મહતત્ત્વ. અહંકાર અને પાંચ તન્માત્રા એ સાત ઇંદ્રિઓ ઉત્પન્ન થવાનું કારણ છે. એટલે તે વિકારરૂપ કહેવાય છે. આ સંપૂર્ણ જગતમાં દશ ઇંદ્રિ, મન અને પંચ મહાભૂત એ ૧૬ વિકાર સર્વત્ર વ્યાપક છે.

૧. અવ્યક્ત. ૨. મહાન. ૩. અહંકાર. ૪. શબ્દ તન્માત્રા. ૫. સ્પર્શ તન્માત્રા. ૬. રૂપાતન્માત્રા. ૭. રસ તન્માત્રા. ૮. ગંધ તન્ માત્રા. ૯. શ્રોત્ર તન્ માત્રા. (કાન) ૧૦. ત્વક (ચામડી) ૧૧. ચક્ષુ (નેત્ર) ૧૨. ઘ્રાણ (નાક) ૧૩. જીભ (રસના) ૧૪. વાક (વાણી) ૧૫. હાથ. ૧૬. પગ ૧૭ ઉપસ્થ (લીંગ અને યોની) ૧૮. પાયુ (ગુદા) મન. ૨૦. પૃથ્વિ. ૨૧. પાણી. ૨૨. તેજ. ૨૩. વાયુ. ૨૪. આકાશ. એ પ્રકારે ૨૪ તત્વો થયાં. એમાંથી નિર્માણ થયલાં શરીરરૂપ ઘરમાં ૨૫ મો પુરૂષ એટલે આત્મા સર્વકાળ રહે છે. તેને જીવાત્મા કહે છે. મન તેનો દૂત છે. એ જીવાત્મા મહદાદી કૃત સુક્ષ્મ લીંગ શરીરમાં રહે છે એટલા માટે તે દેહી કહેવાય છે, અને તે પાપ, પુન્ય, સુખ દુઃખથી યુક્ત છે અને વર્તમાન કાર્યવાહી મનના યોગથી તે કર્મ બંધનથી બંધાયલો છે, તે મનના યોગે ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, પ્રાણ, અપાન, ઉન્મેષ. બુદ્ધિ. સંકલ્પ, વિચાર, સ્મૃતિ, વિજ્ઞાન, અધ્યવસાય, વિષય, ઉપલબ્ધિ, ઇત્યાદિ કર્મને કરવાવાળી સુક્ષ્મ પ્રકૃતિથી બંધાયલો છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, દશ ઇંદ્રિ અને બુદ્ધિ એ જીવના બંધનરૂપ છે તેનાં લક્ષણ નીચે પ્રમાણે કહેવામાં આવે છેઃ—

કામ—પુરૂષોને સ્ત્રીઓમાં અને સ્ત્રીઓને પુરૂષોમાં પરસ્પર પ્રીતિ કરાવે છે, જેથી ભોગ્ય અને ભોક્તાના હકો સ્થાપિત થાય તેને કામ કહે છે.

ક્રોધ—એકી વખતે મનુષ્ય શરીરના હૃદયમાંથી ગરમી ઉત્પન્ન થઇને અન્ય મનુષ્યને દુઃખ ઉત્પન્ન કરવાવાળી વાણીથી ચિત્તને ક્લેશ ઉત્પન્ન કરે છે તેને ક્રોધ કહે છે.

લોભ—પારકું ધન, પારકો ભાગ, પારકું સામર્થ્ય તે જોઇને અથવા સાંભળીને તેની જે મનુષ્યના ચિત્તમાં તૃષ્ણા ઉત્પન્ન થાય છે. તેને લોભ કહે છે.

મોહ—અકલ્યાણકારી અથવા કલ્યાણકારી વિષયોમાં બુદ્ધિના ભ્રમથી જેને સંશય ઉત્પન્ન થાય છે અને જેને હિતકારી વસ્તુમાં અહિત દેખાય છે અને અહિતકારીમાં હિત દેખાય છે, તેને મોહ કહે છે.

અહંકાર—જે પ્રાણી કાર્ય કારણ યુક્ત થઇને આ કામ હુંજ કરૂં છું એવા અભિમાન સાથે કોઇ પણ ક્રિયામાં પ્રવેશ કરે છે તેને અહંકાર કહે છે.

પ્રાણીમાત્ર અજ્ઞાનને લીધે કલેષાદિક બંધનને પ્રાપ્ત કરે છે અને જ્ઞાનરૂપ વિચારથી એ બંધનથી છુટે છે જે શરીર શરીરી કહેતાં જીવાત્માને દુઃખ ઉત્પન્ન કરે છે. તે વ્યાધિ કહેવાય છે અને જે શરીર જીવાત્માને સુખ ઉત્પન્ન કરે છે તે આરોગ્ય કહેવાય છે. દુઃખ જીવાત્માને સ્વભાવથી પ્રતિકુળ છે, અને સુખ પ્રાણીમાત્રને સ્વભાવથી અનુકુળ છે, પરંતુ મોહવંશ અને વિષયની લોલુપતા તથા અભ્યાસ દોષથી સુખની અભિલષા છતાં, દુઃખરૂપ રોગને પોતે પોતાની મેળે ઉત્પન્ન કરી કૃતકર્મના ફળને ભોગવે છે.

હવે અહીંથી મનુષ્યના સ્થુલ શરીરનાં બંધારણનું વિવેચન કરવામાં આવે છે.

મનુષ્ય શરીરમાં રસાદિ ધાતુઓને રહેવાના જે સ્થાન છે તેની મર્યાદાભૂત એવી ૭ કલા છે. તે કળાને રહેવાને માટે તેના ૭ આશય એટલે સ્થાન છે, રસ, રૂધીર, માંસ, મેદ, હાડકાં, મજ્જા અને શુક્ર એ ૭ ધાતુ છે તથા એ ધાતુઓના ૭ મળ છે. ધાતુઓની સમીપમાં રહેવાવાળા ૭ ઉપધાતુ છે અને તે બધા વ્યાપારને ઢાંકી સુરક્ષિત ચાલવા માટે ચામડીના ૭ પડ છે; વાયુ, પિત્ત અને કફ એ ત્રણ દોષ છે મનુષ્ય શરીરમાં દોરીની પેઠે અથવા વેલીની પેઠે ૯૦૦ બંધન છે. જેને સ્નાયુ કહે છે. આ શરીરમાં ૨૧૦ સાંધાઓ છે અને કેટલાક આચાર્યોના મત પ્રમાણે એનાથી અધિક પણ છે. શરીરને આધારભૂત અને બળને આપવાવાળાં ૩૦૦ હાડકાં છે જીવના આધારભૂત ૧૦૭ મર્મસ્થાન છે. દોષ, ધાતુ, તથા મળને વહેવા વાળી ૭૦૦ શીરા એટલે નસો છે. તેમાંથી રસને વહેવાવાળી ૨૪ ધમની એટલે નાડી છે. પુરૂષ શરીરમાં માંસપીશીઓ એટલે માંસના લાંબા ટુંકા કકડાઓ ૫૦૦ છે, તથા સ્ત્રીઓના શરીરમાં ૨૦ માંસ પેશી અધિક છે. મોટા મોટા સ્નાયુઓ જેને કન્ડરા કહેવામાં આવે છે તે ૧૬ છે પુરૂષોના શરીરમાં ૧૦ રંધ્ર એટલે છિદ્ર છે. અને સ્ત્રીઓના શરીરમાં ૩ છિદ્ર વધારે છે. એ પ્રમાણે મનુષ્ય શરીરના જુદા જુદા ભાગોનું ટુંકામાં વર્ણન કરવામાં આવ્યું તેનો હવે વિસ્તારપૂર્વક ખુલાસો કરવામાં આવે છે.

કળા—પહેલીકળા માંસને ધારણ કરે છે તેથી તે માંસ ધરા કહેવાય છે. બીજી કળા રૂધીરને ધારણ કરે છે તેથી તેને રક્તધરા કહે છે. એવી રીતે મેદને ધારણ કરનારી મેદધરા કહેવાય છે. યકૃત અને પ્લીહાની ચોથી કળા છે. જે એ બેઉની મધ્યમાં રહે છે, એટલા માટે એને શ્લેષ્મધરા કહે છે આંતરડાંને ધારણ કરવાવાળી પાંચમી કળાને પુરીષધરા કહે છે અગ્નિને ધારણ કરવાવાળી છઠ્ઠી કળાને પિત્તધરા કહે છે અને સાતમી કળા શુક્રધરા છે, એટલા માટે એનું નામ રેતોધરા આપવામાં આવ્યું છે

આશય—વક્ષસ્થળમાં કફનું સ્થાન એટલે કફનો આશય છે. કફના સ્થાનની જરા નીચે આમાશય છે. નાભીની ઉપર ડાબી બાજુ તરફ અગ્નિનું સ્થાન છે તેને ગ્રહણી કહે છે. એ અગ્નિના સ્થાનની ઉપર તલ છે, તેને કલોમ કહે છે. અને તે તૃષનું સ્થાન છે એટલે તૃષા ત્યાંથી ઉત્પન્ન થાય છે. કેટલાક આચાર્યનો એવો મત છે કે તિલની ઉપર જળ છે, અર્થાત્ અગ્નિની ઉપર પાણીનું સ્થાન છે અને પાણી ઉપર અન્નને રહેવાનું સ્થાન છે; અને અગ્નિની નીચે પવન સ્થિર રહીને અગ્નિને ફૂંકે છે. એવી રીતે વાયુએ પ્રદિપ્ત કરેલ અગ્નિ, ઉપરના જળને ગરમ કરે છે તેથી ઉષ્ણ જળને લીધે અન્નનો સારી રીતે પરિપાક થાય છે અગ્નિના સ્થાનની નીચે જે પવનનું સ્થાન છે તે પવનનું નામ સમાન વાયુ કહેવાય છે. તે પવનના સ્થાનની નીચે મળાશય એટલે મળનું સ્થાન છે અને તેનેજ પકવાશય કહે છે, જે ડાબા ભાગમાં રહે છે. લૌકિકમાં તેને ઉંદુક કહે છે, અને કેટલાક લોકો તેને પોટ્ટલક કહે છે એટલે તે પોટ્ટલક ઉંદુકથી પકવાશય જાદું છે, પરંતુ ચરકે પૂરીષધરા એટલે આંત્ર શબ્દથી તેને ઉંદુક કહયો છે, અને તેની પાસેજ જરાક નીચેથી ડાબી બાજુપર ચામડાની થેલીના આકારનો મુત્રાશય છે, જેને બસ્તી કહેવામાં આવે છે. જીવને ધારણ કરનારૂં જીવના જેવું રક્ત છે તેનું સ્થાન હૃદયમાં છે. એ ૭ આશય એટલે સ્થાન જાણવાં, પરંતુ પુરૂષોનાં કરતા સ્ત્રીઓનાં ૩ આશય વધારે છે એટલે એક ગર્ભાશય અને બે સ્તન્યાશય અર્થાત્ સ્તન સંબંધી દુધ રહેવાનાં સ્થાન. તે ગર્ભાશય, પિત્ત, અને પકવાશયની મધ્યમાં છે એમ જાણવું.

રસ, રૂધીર, માંસ, મેદ, અસ્થી મજ્જા અને શુક્ર એ સાત ધાતુઓ પિત્તના તેજથી પાચન થઇ ક્રમે ક્રમે એકથી ઉત્પન્ન થાય છે. જેમકે રસથી રૂધીર, માંસ, માંસથી મેદ, મેદથી અસ્થી, અસ્થીથી મજ્જા અને મજ્જાથી શુક્ર ઉત્પન્ન થાય છે.

એ ૭ ધાતુઓના ૭ મળ જેમકે જીભનું જળ, નેત્રનું જળ, કપાળનું જળ, એ રસ ધાતુના મળ જાણવા. રંજકપિત્ત એટલે રૂધીરને રંગવાવાળું પિત્ત. રૂધીરનો મળ છે. કાનનો મેલ એ માંસનો મળ છે. જીભ, દાંત, કાંખ, અને ઉપસ્થ ઈંદ્રિનો મેલ તે મેદ ધાતુનો મળ છે નખ, હાડકાંનો મળ છે. તેમ વાળ. રૂંવાં એ પણ હાડકાંના મળ છે. આંખનો મેલ, મોઢાં ઉપરની ચીકાશ એ મજ્જા ધાતુનો મળ છે. મુખના ઉપરથી કાળી ફોલ્લીઓ તથા દાઢી, મૂંછ અને ગુપ્ત ભાગના વાળ, એ શુક્ર ધાતુનો મળ છે.

સ્તનમાં ઉત્પન્ન થતું દૂધ રસધાતુની ઉપધાતુ છે અને રજ અર્થાત્ સ્ત્રીઓને માસિક રૂધિર આવે છે તે રૂધીર ધાતુનો ઉપધાતુ છે. એ બેઉ ઉપધાતુઓ સ્ત્રીઓમાંથી કાળ વિશેષે કરીને પ્રગટ થાય છે અને કાળ વિશેષે નષ્ટ થાય છે. શુદ્ધમાંસથી ઉત્પન્ન થએલા ઉપધાતુને વસા કહેતાં ચરબી કહે છે. મેદ ધાતુનો ઉપધાતુ પરસેવો છે. અસ્થી ધાતુનો ઉપધાતુ, દાંત, અને નખ છે; કેશ એ મજ્જા ધાતુનો ઉપધાતુ છે. અને ઓજસ એ શુક્ર ધાતુનો ઉપધાતુ છે. એવી રીતે ૭ ધાતુથી ઉત્પન્ન થયેલા ૭ ઉપધાતુ જાણવા.

ચામડીના ૭ પડ પૈકી પહેલા પડનું નામ અવભાષિની છે તેમાં સિધ્મ નામનો કોઢ પેદા થાય છે, બીજા પડનું નામ લોહીતા છે તે તિલ અને કાળા કોઢની જન્મભૂમિ છે. ત્રીજા પડનું નામ શ્વેતા છે, તે ચર્મદળ નામના કુષ્ટરોગની જન્મભૂમિ છે. ચોથા પડનું નામ તામ્રા છે તે પડમાં કિલાસ નામનો કુષ્ટ ઉત્પન્ન થાય છે. પાંચમા પડનું નામ વેદિની છે તે સંપૂર્ણ કુષ્ટની જન્મ ભૂમિ છે. છઠ્ઠા પડનું નામ રોહિણી છે તે ગાંઠ, ગંડમાલા, અપચી, તથા અર્બુદરોગને પેદા થવાનું સ્થાન છે. સાતમા પડનું નામ સ્થુલા છે તે વિદ્રધી, અર્શ, ભગંદર, આદિ

રોગ થવાની જગ્યા છે. અને એ સાતે પડનું એકંદર જાડું માપ બે વ્રીહી એટલે ભાતનાં બે છાલાં જેટલી જાડાઇ છે.

શરીરમાં વાયુ, પિત અને કફ એ ત્રણ દોષ છે, જે રસાદિ ધાતુ ઓને દુષિત કરે છે, એટલા માટે તેને દોષ કહે છે, અને સમાનભાવે વર્તતા હોય તો શરીરને ધારણ કરનારા હોવાથી તેને ધાતુ નામ પણ આપવામાં આવ્યું છે. અને તે રસાદિ ધાતુઓને મલિન કરે છે એટલા માટે એને મળ સંજ્ઞાપણ આપવામાં આવી છે. એ દોષોને શરીરધારક હોવાથી એકએકને પાંચપાંચ પ્રકારના કહ્યા છે, જેમકે પ્રસ્પન્દન, ઉદ્વહન પૂરણ, વિવેચન અને ધારણ લક્ષણવાળો વાયુ પાંચ પ્રકારે કરીને શરીરને ધારણ કરે છે. એવી રીતે રાગ, પંકતી, ઓજસ, તેજાત્મક, પિત્ત પાંચ વિભાગમાં બેસીને અગ્નિકર્મથી દેહનું પાલન કરે છે, તથા વૃદ્ધ, સિંધી, શ્લેશ્મણ, સ્નેહન, રોપણ, પ્રપૂર્ણાત્મક કફના પાંચ વિભાગોથી છુટું પડીને, જળકર્મ કરીને દેહનું પાલન પોષણ કરે છે.

વાયુ, પિત્ત અને કફ એ ત્રણ દોશોમાં વાયુ બળવાન છે. અને મળાદિદોષોના પ્રથક પ્રથક ભાગ કરવાથી અને પિત્ત તથા કફ એઓને જ્યાં ઇચ્છા હોય ત્યાં લઇ જવાની શકિત છે, એટલા માટે વાયુની પ્રાધાન્યતા છે. એ વાયુમાં રજો ગુણ અધિક છે અને એનો સ્વભાવ શીતળ તથા દરેક છિદ્રમાં પ્રવેશ કરવાનો હોવાથી બહુ પાતળો છે. એ જાતે શીતળ અને લુખો છે, તે હલકો અને ચંચળ છે, તેથી પાંચ સ્થાનોમાં ગમન કરી શકે છે, એટલા માટે તેને પાંચ પ્રકારનો કહ્યો છે. તે પાંચ પ્રકારમાં પ્રથમ મળાષય કે પકવાષયમાં જે વાયુ રહે છે, તેને અપાનવાયુ કહે છે. કોઠામાં અગ્નિનું સ્થાન છે તે સ્થાનમાં જે વાયુ રહે છે તેને સમાનવાયુ કહે છે હૃદયમાં રહેવાવાળા વાયુને પ્રાણવાયુ કહે છે. હૃદયની ઉપર અને મસ્તિષ્ક સુધી જે વાયુ રહેલો છે તેને ઉદાનવાયુ કહે છે અને આખા શરીરમાં રહેલા વાયુને વ્યાન વાયુ કહે છે.

પિત્ત નામનો જે દોષ છે તે ઉષ્ણ અને પાતળો પદાર્થ છે. તેનો રંગ પીળો છે પણ તે દુષિત થાય છે ત્યારે તે નીલવર્ણો થઇ

જાય છે. પિત્તમાં સત્વગુણ અધિક છે તેમ સુદ્ધ પિત્તનો સ્વાદ તીખો અને કડવો છે ઉષ્ણાદિ પદાર્થનો સંયોગ થવાથી પિત્ત વીદગ્ધ થઇ જાય છે, એટલે તેનો સ્વાદ ખાટો થઇ જાય છે. એ પિત્ત શરીરના પાંચ સ્થાનમાં રહે છે. કોઠામાં અગ્નિનું સ્થાન છે તે સ્થાનમાં જે પિત્ત છે તે અગ્નિ રૂપ થઇને એક તિલ બરાબર છે. તે પિત્ત પોતાના સ્થાનમાં રહીને ચાર પ્રકારના આહારને પચાવે છે એટલા માટે તેને પાચકપિત્ત કહે છે. ચામડીમાં જે પિત્ત રહે છે તે પિત્ત શરીરમાં કાન્તિ ઉત્પન્ન કરે છે. ચંદનાદિનો લેપ, તેલાદિકનો અભ્યંગ અને સ્નાન કરેલા પાણીને પચાવે છે. એટલા માટે તેને ભ્રાજક પિત્ત કહે છે. તે પિત્ત ડાબી તરફ પ્લીહાના સ્થાનમાં રહીને જેમ રસમાંથી રૂધીરને ઉત્પન્ન કરે છે તેવીજ રીતે જમણી તરફ યકૃતના સ્થાનમાં રહીને પણ રસથી રૂધીરને ઉત્પન્ન કરે છે અને તે પિત્ત દૃષ્ટિગોચર થાય છે તેથી તેને રંજકપિત્ત કહે છે. બે આંખોમાં જે પિત્ત રહે છે તે સફેદ, નીલ, પીળાં આદિ રૂપના દર્શન કરાવે છે તેથી તેને આલોચક પિત્ત કહે છે જે પિત્ત હૃદયમાં રહીને મેધારૂપ અને પ્રજ્ઞારૂપ બુદ્ધિને ઉત્પન્ન કરે છે તેને સાધકપિત્ત કહે છે.

કફ નામનો જે દોષ છે તે ચીકણો, ભારે સફેદ, પિચ્છિલ અને શીતલ છે. કફમાં તમો ગુણ અધિક છે અને તે મીઠો છે. તે વિકૃતિને પામે છે ત્યારે ખારો થઇ જાય છે. એજ કફ પાંચ સ્થાનમાં રહીને દેહની સ્થિરતા તથા પુષ્ટતાને કરે છે આમાશયમા જે કફ છે તેને કલેદન કફ કહે છે તે આમાશયમાં રહીને ચાર પ્રકારના અહારને આધાર આપે છે તથા મધુર, પિચ્છિલ પ્રકલેદિત્વ હોવા છતાં પોતાની શક્તિએ કરીને સંપુર્ણ કફના સ્થાનોપર તે તે સ્થાનોના કાર્યો કરીને ઉપકાર કરે છે માથામા રહેવાવાળા કફને સ્નેહન કફ કહે છે એ તર્પણ આદિ દ્વારા ઇંદ્રિઓને પોત પોતાના કાર્યમાં સામર્થ્યયુક્ત કરે છે. કંઠમાં રહેલા કફને રસન કફ કહે છે તે જીભની જડમાં સ્થિર રહીને કટુ તિક્તાદિ રસોના જ્ઞાનનું કારણ થાય છે હૃદયમાં રહેવાવાળા કફને અવલંબન કફ કહે છે. તે અવલંબનાદિ કર્મ દ્વારા હૃદયનું પોષણ કરે છે. શરીના સાંધાઓમાં રહેવાવાળા કફને સંશ્લેષણ કહે છે. તે દરેક સાંધાને

યથાસ્થિત રાખે છે. એ પ્રમાણે વાયુ, પિત્ત અને કફ, શરીરના એકંદરે ૧૫ સ્થાનમાં રહીને, શરીરનો કારભાર ચલાવે છે, પરંતુ તેમાં જો વાયુ વિક્રિયા પામે તો જે જે સ્થાનમા જેટલા કફ તથા પિત્ત જોઇએ તે કરતાં ઓછા પહોંચાડે છે અથવા તેઃ વધારે પહોંચાડે છે તેથી શરીને રોગરૂપે દેખાડી, આખા શરીરને છિન્નભિન્ન કરી નાંખી આખરે પંચત્વ એટલે મૃત્યુને શરણ કરી દે છે જેથા મનુષ્યની પ્રથમ ફરજ એ છે કે વાયુને નીયમિત્ત રાખવો.

સ્નાયુઓ જે છે તે માંસ, હાડકાં, અને મેદ એના બંધન રૂપ છે. એટલે હાડકા, માંસ અને મેદને પાટો બાંધી ખેંચી રાખ્યાં હોય તેમ પકડી રાખે છે.

શરીરમાં હાથ, પગ આદિ અંગોના છેડા જે ઠેકાણે એક થાય છે તેના જોડાણને સાંધા કહે છે. અને તે સાંધાઓ કફ જેવા પદાર્થથી ભરેલા રહે છે.

શરીરમાં હાડકાં જે છે તે સાર રૂપે એટલે બળ રૂપે આધાર ભૂત છે અને તેની કપાળ, રૂચક, વલય, તરૂણ, નકલ એવી પાંચ જાતો છે. હવે સ્નાયુઓને જેણે બંધનરૂપ આપ્યું છે તે ૯૦૦ પ્રતાન એટલે ફેલાયલી, વૃત એટલે ગોળ અને ભીતરથી પોલી શાખાઓ છે, તેમાંથી હાથ, પગ આદિ શાખાઓમાં કમળનાળ તંતુની પેઠે ફેલાયાવાળી અને ગોળ મોટી ૬૦૦) સ્નાયુઓ છે. કોઠામાં ૨૩૦) સ્નાયુ મોટી તથા છિદ્ર વાળી છે, તથા ગ્રંવામાં ૭૦) સ્નાયુઓ છે તે મોટી અને પીળી છે. એ પ્રકારે સઘળા મળીને ૯૦૦) સ્નાયુઓ થાય છે અને તેથી દેહનું બંધન થયલું છે. એ સ્નાયુથી બંધાયલા સાંધાઓ બે પ્રકારના છે. એક ચળ અને બીજો અચળ તેમાં ડોકી, કમ્મર, હાથ, તથા પગમાં અને નાડીના સાંધાઓ ચલાયમાન છે, બાકીના સર્વ સાંધાઓ અચળ છે. એવી રીતે બધા સાંધાઓ મળીને ૨૧૦) થાય છે. તેમાં કફના જેવો પદાર્થ ભરેલો છે તેનું પ્રયોજન એવું છે કે જેમ રથના ચક્રો તૈલાદિકના સંયોગથી નિર્વિઘ્ને ફરે છે તેવી રીતે સાંધાઓ એ પદાર્થના સંયોગથી ચલાયમાન વિષયમાં સામર્થવાળા થાય છે.

મનુષ્ય શરીરમાં આત્માના આધારભુત એવા ૧૦૭) મર્મસ્થાન છે. એ મર્મસ્થાન પાંચ પ્રકાર છે. જેમકે માસમર્મ ૧૧) શીરામર્મ ૪૧) સ્નાયુમર્મ ૨૭) અસ્થીમર્મ ૮) અને સંધીમર્મ ૨૦) એ પ્રકારે બધાં મળી ૧૦૭) મર્મસ્થાન છે. એ મર્મસ્થાનોમાં કેટલાક તત્ત પ્રાણ હરનારા છે, કેટલાક કાળાંતરે પ્રાણ હરનારા છે, કેટલાક વૈકલ્ય કરનારા છે અને કેટલાક માત્ર પીડાકારી છે.

શીરાઓ કહેતાં નસો જે સાંધાઓને બાંધી રાખનારી છે અને વાતાદિ દોષ અને રસાદિ ધાતુને વહેવાવાળી છે તે શીરાઓ સ્થુલ અને સૂક્ષ્મ ભેદે કરીને બે પ્રકારની છે. અને તેનાં મૂળ નાભીસ્થાનમાં છે નાભીસ્થાનમાં તે શીરાઓ, ઉપર, નીચે અને તીરછી ગતિમા ફેલાયથી, સંખ્યામાં ૪૦) છે. તેમા ૧૦) વાયુને વહન કરવાવાળી, ૧૦) પિત્તને વહન કરવાવાળી, ૧૦) કફને વહન કરવાવાળી અને ૧૦) રૂધીરને વહન કરવાવાળી છે. હવે વાયુને વહન કરવાવાળી જે ૧૦) શીરાઓ છે તેમાંથી ૧૭૫) બીજી શીરાઓ ફુટેલી છે. એવીજ રીતે પિત્તને વહન કરવાવાળી કફને વહન કરવાવાળી અને રકતને વહન કરવાવાળી શીરાઓમાંથી ૧૭૫) એકસો પંચોતેર બીજી શીરાઓ નીકળેલી છે. એ સર્વને ગણતાં શીરાઓ ૭૦૦) થાય છે.

મનુષ્યના શરીરમાં જે રસવાહિની નાડી છે તે પવનનું ધમન કરે છે. એટલા માટે તેને ધમની કહે છે. એ ધમની નાડી ૨૪) છે. એ પણ નાભીસ્થાનથી પ્રગટ થઇને ૧૦) નીચે ગઇ છે, કે જે વાયુ, મૂત્ર-મળ, શુક્ર, આર્તવ અને અન્ન, જળ, રસને, વહન કરાવે છે તથા ૧૦) ઉર્દ્ધગામિની ધમની છે તે શબ્દ, રૂપ, રસ, ગંધ, શ્વાસોશ્વાસ, બગાસાં, ક્ષુધા, હસવું, બોલવું, રડવું, ઇત્યાદિને વહન કરાવી દેહને ધારણ કરે છે. અને તીર્છિગતિમાં જવાવાળી ૪) ધમનિ છે, એ ચાર ધમનિમાંથી અસંખ્ય ધમનિઓ ઉત્પન્ન થયલી છે, જેથી મનુષ્ય શરીર જાળની પેઠે પરિવ્યાપ્ત એટલે વીંટળાઇને ગુંથાયલું છે. તેનાં મુખ રોમકુપ્પીથી બંધાયલાં છે અને તે રસને સર્વત્ર પહોંચાડે છે પસીનાને બહાર કાડે છે, તથા ઉવટન સ્નાન અને લેપાદિકના વીર્યને ભીતર લઇ જાય છે. એ પ્રકારે ૨૪) ધમનિઓનું કાર્ય છે.

મનુષ્ય શરીરમાં માંસની પેશીઓ ૫૦૦) અને સ્ત્રીઓમાં ૫૨૦) છે તે મનુષ્યોના બળને અને શરરને સીધા ઉભા રાખવાનું કામ કરે છે.

મનુષ્ય શરીરમાં જે ૧૬ કન્ડરા છે તે મોટા સ્નાયુઓ, હાથ પગાદિ અંગોને લાંબા ટુંકા કરવામાં કામ આવે છે.

મનુષ્ય શરીરમાં ૧૦) છિદ્ર છે. નાક, નેત્ર, કાન, એમાં બબ્બે છિદ્ર છે. લીંગ, ગુદા અને મુખ એમાં એકેક છિદ્ર છે અને મસ્તકમાં એક છિદ્ર છે તેને બ્રહ્મરંધ્ર કહે છે. એ પ્રમાણે પુરૂષમાં દશ છિદ્રો છે અને સ્ત્રીઓમાં સ્તન સંબંધી બે અને ત્રીજું ગર્ભાશયનું એ પ્રમાણે ત્રણ અધિક છે. તેજ પ્રમાણે પ્રાણીમાત્રની ચામડીમા અનેક છિદ્રો છે પરંતુ અત્યંત બારીક હોવાથી તે દેખી શકાતાં નથી. તેમજ પ્રાણ,જળ, રસ, રૂધીર, માંસ, મેદ, મૂત્ર, મળ, શૂક, આર્તવને વહેવાવાળાં બીજાં છિદ્રો પણ છે.

હ્રદયના ડાબા ભાગમાં રકતથી ઉત્પન્ન થયલી પ્લીહા કહેતાં બરોળ છે, અને તેના ઉપર રૂધીરના ભાગથી ઉત્પન્ન થયલું ફેફસું હૃદયની નાડીને વળગી રહીને શ્વાસનું કાર્ય કરે છે, જે દ્વારાએ તમામ દેહના ચેષ્ટા થાય છે. જોકે એની ઉત્પત્તિ ડાબી તરફથી થયલી છે તોપણ જમણી બાજુ સુધી ફેલાયલી છે. અને હૃદયના દક્ષિણ ભાગમાં યકૃત એટલે કલેજું રહેલું છે, તેમાં ફેફસું, જે છે તે ઉદાન અર્થાત્ કંઠસ્થ વાયુનો આધાર છે, અને પ્લીહા જે છે તે રૂધીરને વહેવાવાળી શીરાઓનું મૂળ છે. એ પ્રમાણે યકૃત જે છે તે રંજકપિત્ત અને રૂધીરનું સ્થાન છે.

રૂધીરની કીટીથી ઉત્પન્ન થયલું અને જમણા ભાગમાં રહેલું જે કલેજું છે તેની પાસે તિલ નામનું એક સ્થાન છે જેને કલોમ કહે છે. એ કલોમ જળને વહેવાવાળી નાડીઓનું મૂળ છે એટલા માટે તૃષાનું આચ્છાદન કરે છે.

વૃક્ક રક્ત અને મેદના સારાંસથી ઉત્પન્ન થાય છે જેને કુક્ષિ ગોલક એટલે ગુરદા કહેવામાં આવે છે. તે પેટમા રહેવાવાળા મેદને પુષ્ટ કરે

છે અર્થાત બીજા સ્થાને જે મેદ રહેલો છે તેને એ પુષ્ટી આપી શકતા નથી, માત્ર પેટના મેદનેજ એ પુષ્ટિ આપે છે.

માંસ, કફ, અને મેદના સારાંશથી વૃષણ અર્થાત્ અંડકોષ ઉત્પન્ન થાય છે અને તે વીર્યવાહિ નાડીઓનો આધાર છે એટલા માટે પુરૂષાર્થ અર્થાત્ પુરૂષબળને આપવાવાળા છે.

લીંગ કહેતાં ઉપસ્થ ઇંદ્રિ જેની સાથે વર્તમાન હૃદયને બંધન કરવાવાળી ચાર કંડરા રહેલી છે અને તેના અગ્ર ભાગથી આ લીંગ પેદા થાય છે. તે લિંગ વીર્યદ્વાર ગર્ભને ઉત્પન્ન કરે છે અને એ વીર્ય તથા મુત્રને બહાર કાઢવાનો માર્ગ છે.

રૂધીરના સારથી પ્રગટ થયલું હૃદય, કમળથી કળીની પેઠે જરા ખીલેલું નીચા મુખવાળું ચૈતન્યનું સ્થાન થઇને ઓજ એટલે સંપૂર્ણ ધાતુઓના તેજોનો સાર છે. જોકે સામાન્ય રીતે સર્વ દેહજ ચૈતનનું સ્થાન છે. પરંતુ વિશેષે કરીને હૃદય ચૈતન્યનું મુખ્ય સ્થાન છે

નાભીના સ્થાનમાં રહેવાવાળી શીરાં અને ધમનિઓ સંપૂર્ણ શરીરમાં વ્યાપ્ત થઇને રાત્રી દિવસ વાયુનો સંયોગ પામીને રસાદિ સર્વ ધાતુઓને સર્વ શરીરમાં લઇ જઇને શરીરનું પોષણ કરે છે તે તરૂણ પુરૂષના શરીરને પુષ્ટ કરે છે અને વૃદ્ધ મનુષ્યના દેહનું પાલન કરે છે. કહ્યું છે કે પવનના સંયોગથી એટલે પ્રાકૃત પવનની સહાયતાથી પોષણ કરે છે. કોઇ પ્રશ્ન કરે કે કઇ વસ્તુથી પોષણ કરે છે? તેના જવાબમાં કહેવાનું કે સંપૂર્ણ રસાદિ ધાતુઓથી પોષણ કરે છે.

નાભીમાં રહેલો પ્રાણવાયુ કે જ્યાં પ્રાણ અગ્નિ અને સોમાદિકા નાભીમાં રહે છે તે પ્રાણવાયુ હૃદયનો સ્પર્શ કરીને કંઠ દ્વારાએ બહાર નીકળીને વીષ્ણુના પાદામૃતને પામીને, ત્યાંથી અમૃતનું પાન કરીને તેજ માર્ગે પાછો આવીને દેહને, જીવને તથા જઠરાગ્નિને પોષે છે એ પ્રમાણે ગુણ વીશિષ્ટ પ્રાણપવન હૃદયકમળના અભ્યંતરને સ્પર્શ કરીને એટલે પ્રફુલ્લિત કરીને, કંઠનું ઉલ્લંઘન કરીને વિષ્ણુપાદામૃત પીવાને પ્રાપ્ત થાય છે ત્યાંથી અમૃતને પીને જેવા વેગથી ઉપર જાય ,

તેવાજ વેગથી પાછો ફરી પોતાના સ્થાને પ્રાપ્ત થઇને સકળ જીવનું તથા શરીરનું પોષણ કરે છે, એવો પણ કેટલાક આચાર્યોનો મત છે. એ વિષય ઉપર એક સ્વતંત્ર નીબંધ લખાશે તેમાં સંપૂર્ણ ખુલાસો થશે. આ સ્થળે સંપૂર્ણ ખુલાસો કરતાં વિસ્તાર વધવાનો ભય રહે છે.

અહીંથી ઉપર વર્ણન કરેલા શરીરની વૃદ્ધિ કરવા અને ટકાવી રાખવાના આધારભૂત આહાર છે તે ભોજન કર્યા પછી અન્નાશયમાં જઇને તેની વ્યવસ્થા કેવે પ્રકારે થાય છે તેનું વર્ણન કરવામાં આવે છે:—

પંચભૌતિક અન્નાદિકના આહાર પ્રાણવાયુથી પ્રેરિત થઇને આમાશયમાં જાય છે. પછી તે છ રસવાળો આહાર મધુરભાવને તથા ફીણના રૂપને પ્રાપ્ત થાય છે, કારણ કે આમાશય કફનું સ્થાન છે અને કફનો મીઠો રસ છે એટલા માટે એ સ્થાનમાં ગયલા છ પ્રકારના રસવાળા અન્નો મિષ્ટભાવને પામે છે, અને એ મિષ્ટ અવસ્થાવાળા રસને આમાજીર્ણ કહેવામાં આવે છે. તે પછી આહાર, તેજ આમાશયમાં પાચકપિત્તનાં તેજથી પાકીને ખાટો પદાર્થ બને છે. તે પાચકપિત્ત પીળા રંગનો પાતળો પદાર્થ છે. જ્યારે તે પુર્વે કહેલા મધુર આહારમાં મળે છે ત્યારે તે મધુર પદાર્થને ખાટા બનાવી દે છે તે પછી તે આમાશયના સમાન વાયુને લઇને ગ્રહણી એટલે અગ્નિ સ્થાનમાં લઇ જાય છે. તે ગ્રહણી સ્થાનમાં કોષ્ટાગ્નિને લીધે તે આહારનો પાક થાય છે. તે પાક કટુ કહેતાં તીખો થાય છે એટલે આહારની પ્રથમાવસ્થા મધુર, બીજી અવસ્થા ખાટી અને ત્રીજી અવસ્થા કટુ કહેતાં તીખી થાય છે. એ આહારનો ઉત્તમ પાક થયો હોય તો તેને રસ કહે છે, અને કાચો પરીપાક થયો હોય તો તેને આમ કહે છે. પૂર્વે કહેલો રસ, અગ્નિના બળે કરીને મધુર ભાવ અને ચીકાશને પ્રાપ્ત થઇને સંપૂર્ણ રક્તાદિ ધાતુઓનું પોષણ કરે છે એટલા માટે ઉતમ પ્રકારે પરિપકવ થયલો રસ અમૃતતુલ્ય કહેવાય છે અને તેજ રસ, મંદાગ્નિને લીધે વિદગ્ધ થઇને વિષ ભાવને પામે છે અર્થાત કટુ અમ્લ થઇને પ્રાણનો નાશકર્તા થાય છે. કોઇ વખતે થોડો હોવાથી મોતનું કારણ થતું નથી તોપણ દોષોને દુષિત કરીને અનેક પ્રકારના લોહી વિકારો, જ્વર, ભગંદર અને કુષ્ટાદિ રોગોને ઉત્પન્ન કરે છે. તે આહારના ઉત્તમ પરિપાકને સાર કહે છે અને તે

સારથી ઉલટો જે નિઃસાર પદાર્થ છે તેને મળદ્રવ કહે છે. તે પૈકી દ્રવપદાર્થ છે તે મૂત્રવાહિની શિરાઓ દ્વારા બસ્તીમાં આવીને મૂત્ર થઇ જાય છે અને બાકી રહયો જે મળ, તે કીટરૂપ ધારણ કરીને પકવાશય ના એક દેશમાં જઇને મળ (વિષ્ટા) બની જાય છે, તે મળ ગુદા સાથે સંબંધ ધરાવનારા અપાન વાયુથી અધઃપ્રેરિત થઇને ગુદાની આકૃતિ જે કે શંખની નાભીના આંટાના આકારની છે અને તે ત્રણ આંટામાં ગોઠવાયલીછે જેના પહેલા આટાનું નામ પ્રવાહિની, બીજાનું નામ સર્જની અને ત્રીજાનું નામ ગ્રાહીકા છે તે દ્વારાએ તે મળ બહાર નીકળી જાય છે. તથા આહારનો સાર જે રસ, તે સમાન વાયુએ પ્રેરિત થઇને હૃદય માં આવીને પિત્તથી પચીને રંજકપિતથી રંગાઇને રકતપણાને પામે છે તેને આપણે લોહી નામથી ઓળખીએ છીએ. તે સર્વ શરીરમાં રહેલા પંચભૌતિક રૂધીર દેહનું મૂળ કારણ હોવાથી જીવનો ઉત્તમ આધાર છે અને તેનો ગુણ સ્નિગ્ધ, ગુરૂ ચંચળ અને સ્વાદુ છે તે રૂધીર વિદગ્ધ થવાથી પિત્તની પેઠે તીખું અને ખાટું થઇ જાય છે; એવી રીતે રસા-દિક ધાતુઓ પિત્તના તાપથી પરિપકવ થઇને ક્રમે ક્રમે તેનું વીર્ય બને છે. તે વીર્ય બનવાનો કાળ એક માસનો કલ્પેલો છે અને તે પ્રમાણે સ્ત્રીઓને રજ પણ એક માસે તૈયાર થાય છે.

સૃષ્ટિની આદિથી એટલે પ્રકૃતિરૂપ જગતમાંથી વિકૃતિરૂપ આ દ્રશ્યમાન જગત દેખાય છે તે તમામ્ જડ ચેતન રૂપે ભાસતું સર્વ જગત જડ ચેતનાત્મક પુરૂષ અને પ્રકૃતિના યોગથી ઉત્પત્તિ, સ્થીતિ અને લયના રૂપમા ગોઠવાયલું છે, એટલે એ જગત પ્રવાહરૂપે અનાદિ છે એમ માનીએ તો કોઇપણ જાતનો દોષ આવતો નથી. પ્રકૃતિરૂપ જગતમાંથી વિકૃતિરૂપ પ્રત્યેક પ્રાણીને શરીર હોય છે અને તે શરીરરૂપ દેખાવાના કારણરૂપ જે પરમાણુઓ આત્મામાં રહેલા કર્મબીજ પ્રમાણે આકાશમાંથી ખેંચાઇને આત્માની આસપાસ ગોઠવાઇને શરીર રૂપે દેખાય છે તેનો અને આત્માનો સ્થાયી સંબંધ નથી પરંતુ તેતે પરમાણુઓમાં રહેલો એકેક આત્મા આપણ આત્માની સાથે અનાદિ કાળથી મિત્રતા અને શત્રુતાના સંસ્કારો વડે કર્મ બંધનથી બંધાયલો હોવાથી કાળનું બળ પામીને યોગ્ય સમયે પોતાના સૂક્ષ્મ શરીરને સાથે લઇને આપણા

આત્મા સાથે જોડાય છે અને જ્યારે જ્યારે તેના કર્મનો વિપાક પૂરો થાય છે ત્યારે ત્યારે તે સુખ કિંવા દુઃખનું ભાન કરાવી શરીરમાંથી છુટો પડી ચાલ્યો જાય છે; એટલે મનુષ્ય જન્મ પછી દરરોજ આત્મા પોતાના આકર્ષ બળથી અને ખાન પાનના યોગથી ૬૦ ભાગ પરમાણુને નવાં આકર્ષે છે અને ૪૦ ભાગ પરમાણુ પોતાનું કર્મ ભોગવીને તે આત્મા સાથેનું ઋણાનુબંધ સમાપ્ત કરીને ખરી જાય છે. જેને આપણે વૃદ્ધિનો કાળ ગણીએ છીએ તે જ્યારે ૨૦ વર્ષની ઉમ્મર પૂરી થાય ત્યાંથી ૫૦ ભાગનું આકર્ષણ થાય છે અને ૫૦ ભાગનો ક્ષય થાય છે. એટલે તેને સ્થિરાવસ્થા કહેવામાં આવે છે, જેમાં મનુષ્ય શરીર સ્થિર થઈ જાય છે પરંતુ જો એ સ્થિરાવસ્થામાં મનુષ્ય પોતાના આહાર વિહારની ચર્યા પાળવામા ભૂલ કરે તો આકર્ષણ શક્તિ ઘટે છે અને પરમાણુની છુટા પડવાની શક્તિ વધે છે તેથી વૃદ્ધાકાળ જલદી આવી મોત પાસે આવે છે એટલે શરીર અને પ્રાણનો વિયોગ જલદી થાય છે. પરંતુ સ્થિરાવસ્થામાં રીતસર કોઇપણ જાતની ભૂલ કર્યા સિવાયની ચર્યા પાળવામા આવે તો તે મનુષ્ય ૧૦૦ વર્ષ પર્યન્ત પોતાના જીવનને નિરામય સ્થિતિમાં ટકાવી રાખી શકે છે. જો પોતાના પ્રાણને સંયમમાં રાખી તેના વહનને કબજામાં રાખવાની વિદ્યા જાણીને ચર્યા કરવામાં આવે તો આ દેહ અને પ્રાણને વિયોગ પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તેટલા કાળ સુધી ટકાવી શકાય છે આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે મનુષ્યનું આયુષ્ય કેટલું છે? અથવા મનુષ્ય કેટલા કાળ પર્યંત જીવી શકે છે? અથવા ક્યારે મરણ પામે છે? તેની નિયમિત હદ નથી, પણ મોડું કે વહેલું મરણને આમંત્રણ કરવું તે મનુષ્યની પોતાની મરજી ઉપર છે.

વર્તમાન કાળમાં પૂર્વની વિદ્યા કરતાં પશ્ચિમની વિદ્યાના વિદ્વાનો લાંબુ જીવન મેળવવા માટે ભગીરથ પ્રયત્નો કરી રહ્યા છે પરંતુ તેઓ આત્મા, પરમાત્મા અને પ્રકૃતિનો સંબંધ યથાર્થરૂપે નહિ જાણી શકેલા હોવાથી તેનો ક્રમ જોડવી શકતા નથી પરંતુ એ વિદ્યાને પૂર્વના શાસ્ત્રમાંથી ગ્રહણ કરો વેદ, વેદાંગ ઉપનિષદ અને ષટશાસ્ત્રોને સત્યમાની તેમાં કહેલા ગંભીર, ગૂઢ અને બારીક તત્ત્વોનું વિચારદ્વારા અવલંબન

કરી, ચાર વર્ણ અને ચાર આશ્રમના ધર્મને જાણી પોતાની ચર્યાને ગોઠવે તો સંસારમાં ત્રીવિધ તાપથી જે આધી, વ્યાધી અને ઉપાધિ રૂપ દુઃખની અત્યંત નિવૃત્તિ મેળવી શકે અને જન્મ મરણના ફેરાથી ટળી પોતાના જીવનનું સાર્થક કરે !!

તારીખ ૧૭-૩-૧૮ રવીવાર	પ્રયોજક— શા. તિલકચંદ તારાચંદ વૈદ્ય—સુરત. લેખક— ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી—સુરત.



आयुर्वेद निबंधमाळा.

(૫)

ગર્ભોત્પત્તિ અને શરીરની રચનાનો ક્રમ.

આ સંસારનો સૃષ્ટિક્રમ તપાસતાં આપણને સ્પષ્ટ રીતે સમજાય છે. કે પ્રાણિમાત્રના ચારે વર્ગો જગતની ઉત્પત્તિમાં વૃદ્ધિ કરતા જાય છે, તથા કુદરતનો કાયદો પણ એવોજ જણાય છે કે પ્રાણિ માત્રે પોતાની જાતનો વધારો કરવો, એ તેને ફરજ પાડવામાં આવી હોય, એમ જણાય છે. મનુષ્યાદિ સર્વે પ્રાણીને સ્વભાવિક અંગ જ્ઞાનથી વધારે કામ કરવાને લાયક બનાવવું હોય, તો તેને કેળવણી આપવાની જરૂર પડે છે; પરંતુ વંશ વૃદ્ધિ કરવાનું કાર્ય અંગજ્ઞાનમાં ગણાઇ તેની સ્વાભાવિક પ્રેરણા થાય છે, તથા વંશ વૃદ્ધિના જ્ઞાનની કોઇપણ જગ્યાએ, કેળવણી મળતી નથી. શરીરના બાહ્ય અને અભ્યંતર અવયવો પરિપકવ દશાને પામી સર્વે ઇંદ્રિઓ પોત પોતાનું કામ પોત પોતાની મેળે કરવા માંડે છે, તેમ વીર્યને પરિપકવ દશામાં આવતાં અને રજની શુધ્ધિ થતાં, મેહનઇંદ્રિય સ્વભાવિક રીતે ઉત્પત્તિક્રમમાં જોડાય છે; જો ક્ષેત્ર શુદ્ધ હોય અને બીજ પરિપકવ હોય તો વૃક્ષ બળવાન, રસદાર અને કદાવર ઉત્પન્ન થાય છે, પણ જો ક્ષેત્ર અશુધ્ધ હોય અને બીજ પરિપકવ થયલું ન હોય તો વૃક્ષ હીનસત્વી, નાજુક અને રસવિનાનું ઉત્પન્ન થાય છે સૃષ્ટિક્રમના નિયમ પ્રમાણે બીજ અને ક્ષેત્ર એ બેે મળવાથી વૃક્ષ ઉત્પન્ન થવું એ સ્વભાવિક છે, પરંતુ ચારે ખાણના જીવો પૈકી મનુષ્ય પ્રાણીને અંગજ્ઞાન ઉપરાંત વસ્તુના ગુણ ધર્મ જાણવા માટે, અને તે ધર્મ પ્રમાણે વર્તન રાખીને જગતની શોભામાં અને પોતાની સગવડમાં વધારો કરવા માટે, કર્માનુસારણી બુદ્ધિ અને તમામ પ્રાણિમાત્ર કરતાં સંપૂર્ણ સગવડવાળી દશ ઇંદ્રિઓ હોવાથી, તેણે પોતાના ધર્મ પ્રમાણે ચાલવુંજ જોઇએ.

आहार निद्रा भय मैथुनंच
सामान्य मेतत्पशुभिर्नराणाम
धर्मो हितेषाँ मधिको विशेषाँ
धर्मेण हीनाः पशुभिः समानाः

આહાર, નિદ્રા, ભય અને મૈથુન મનુષ્ય અને પશુમાં એક સરખી રીતે વર્તે છે. પરંતુ મનુષ્યમાં વિશેષે કરીને ધર્મ એ વધારે છે. અહિઆં ધર્મ એટલે વસ્તુના ગુણ ધર્મને જાણીને, તે પ્રમાણે વર્તીને, પાછું અધોગતિમા ન જવાય એવું વર્તન, તે ધર્મ, મનુષ્ય માત્રને ફરજીયાત લાગુ પડે છે.

હવે જેમ ખેડુતો બીજની વાણી કરવા માટે પ્રથમ ક્ષેત્રની શુદ્ધિ કરે છે, અને ક્ષેત્રની શુદ્ધિ થઇ રહયા પછીજ બીજની વાવણી કરે છે; તેમ મનુષ્યે પણ સ્ત્રીરૂપી ક્ષેત્રની શુદ્ધિ થવા માટે તેના તત્વથી પોષાવાનો ભાગ પરિપૂર્ણ અવસ્થામાં આવવા દેવો. એ પરિપૂર્ણ અવસ્થામાં આવ્યો છે કે કેમ? તે જાણવા માટે વૈદ્ય કે ડૉક્ટરની પરીક્ષાની જરૂર નથી; પરંતુ સ્ત્રીને જ્યારે રજ ઉત્પન્ન થઇને પ્રત્યક્ષ દેખાય, ત્યારે ગર્ભ ધારણના કાર્ય માટેના અવયવો પરિપક્વ દશાને પામ્યા છે, એમ સમજી લેવું જો સ્ત્રી રૂપ ક્ષેત્રમાંથી કોદરા. બંટી, નાગલી, બાવટો અને સામો વગેરે ખડધાન્ય રૂપી બાલકની ઉત્પતિ કરવી ન હોય, તો તે ક્ષેત્રને વધારે શુદ્ધ કરવાનો અને તે જમીનનું બળ વધારવનો વિદ્યેગ કરવો જોઇએ અને તે મનુષ્યના હાથમાં રહેલો છે, સ્ત્રીને રજોદર્શન પ્રાપ્ત થયા પછી ૩૬ વાર રજોદર્શન આવી જાય ત્યારે જાણવું કે, આ સ્ત્રીરૂપ ક્ષેત્રમાં હવે ખડ ધાન્ય જેવી તુચ્છ પ્રજા ઉત્પન્ન થશે નહિ; પરંતુ અન્ન, ફળ, અને ફુલ, રૂપી ઉત્તમમાં ઉત્તમ મનુષ્યરત્નની ઉત્પત્તિને લાયક એ ક્ષેત્ર થએલું છે. તે પછી પુરૂષે પણ પોતાના બીજને કાઇપણ જાતનો સડો લાગુ ન પડે, અને તેમાંનુ ઓજસ નાશ નહિ પામે, તેટલા માટે પોતામાં પરિપક્વ દશા ઉત્પન્ન થાય ત્યાંસુધી તે બીજનું વિધિપૂર્વક. રક્ષણ કરી, પછી ક્ષેત્રમાં વાવવાના પ્રયત્નમાં જોડાવું એની પણ ક્ષેત્રની પેઠેજ પરીક્ષા કરવાની છે. એટલે કે, જયાં સુધી દાઢી અને મૂછના વાળ ઉગી, તે

ભરાઉ દશાને પામી સુશોભિત બને નહિ ત્યાંસુધી વીર્ય પરિપક્વ અને શુદ્ધ બન્યું નથી એમ સમજી તેનું રક્ષણ કરવું અને એટલા માટે આયુર્વેદાચાર્યોએ કહ્યું છે કેઃ—

द्वाविंसतिमेवर्षे पुमान्नरितु षोडषे
समत्वागतवियतौ, जानियात् कुषालेभिषक्

બાવીસ વર્ષના પુરૂષ અને સોળ વર્ષની કન્યામાં પરિપક્વ, શુદ્ધ અને ઉત્તમ સંતતિ ઉત્પન્ન કરનારાં રજવીર્ય બને છે. હે વૈદ્ય, ઉત્તમ ફળની આશા રાખનારા ગૃહસ્થોને આ પ્રમાણે આયુર્વેદની આજ્ઞાનું શ્રવણ કરાવો એવા પરિપક્વ દશામાં આવેલાંબીજ અને ક્ષેત્રના ધારક મનુષ્યો સુરત સમાગમમાં આવે છે કે તેજ વખતે ગર્ભની સ્થાપના થાય છે; પરંતુ તે ગર્ભમાં સ્ત્રી લિંગ કે પુંલિંગ વા નપુંસક લિંગની સ્થાપના કરવી, એ મનુષ્યોના હાથમાં છે? કે કુદરતના હાથમાં છે,? તે બાબતમાં જુદા જુદા આચાર્યોનો જુદો જુદો મત છે.

आधिक्ये रजसः कन्या पुत्र शुक्राधिके भवेत्
नपुसंकं समत्वेन यथेच्छा पारमेश्वरीः

મૈહનકાળ વખતે જ્યારે વીર્યસ્ખલિત થઇ રજમાં મળી ગર્ભશય્યામાં ગર્ભરૂપે સ્થિત થાય છે, ત્યારે જો રજનો ભાગ વિશેષ હોય, તો તે ગર્ભમાં કન્યા ઉત્પન્ન થાય છે,અને જો વીર્યનો ભાગ અધિક હોય તો તે ગર્ભમાં પુત્ર ઉત્પન્ન થાય છે; પરંતુ રજ અને વીર્ય બે સરખાં હોય તો નપુંસક ઉત્પન્ન થાય છે. એ ત્રણે લિંગના ગર્ભને ઉત્પન્ન થવામાં ઇશ્વરેચ્છા પ્રબળ છે, તેમાં મનુષ્યનું કાંઇ ચાલતું નથી." આ પ્રમાણે મહર્ષિ શારંગધરાચાર્યનું કહેવું છે; પરંતુ મનુષ્ય શરીરના સ્થુળ, સુક્ષ્મ અને કારણ દેહનો વિચાર કરતાં, જાગૃત, સ્વપ્ન, સુશુપ્તિ અને તુર્યાવસ્થાનું અવલોકન કરતાં તથા પરા, પસ્યંતિ, મધ્યમાં અને વૈખરી વાણીનો ક્રમ તપાસતાં એવું જણાઇ આવે છે કે સ્વેદજ, ઉદ્ભિજ, જરાયુજ અને અંડજ ખાણુના જીવોનો પરમેશ્વરે પોતાની શક્તિથી જે ક્રમ ગોઠવેલો છે, અથવા કુદરતના નિયમ પ્રમાણે જે ક્રમ ગોઠવાયેલો છે, તેમાં અમુક કાળે અમુક ફેરફાર કરવા માટે ઇશ્વરને ઇચ્છા પ્રદર્શિત

કરવી પડતી નથી, કેમકે ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, જ્ઞાન, સુખ, દુઃખ, એ આત્માના લિંગ છે. પરમેશ્વર તો નિર્વિકલ્પ નિરાકાર, અખંડ અને સચ્ચિદાનંદ છે, તે વાતત્તમાં પોતાની ઇચ્છાને આધિન થાય એ અસંભવિત છે. જો ઇશ્વરની ઇચ્છા માનીએ તો દ્વેષ, પ્રયત્ન, સુખ અને દુઃખનું આરોપણ ઇશ્વરમા કરવું પડે, તો પછી પાપ અને પુન્યથી સ્વર્ગ અને નર્ક રૂપ કર્મના ફળને આત્મા ભોગવી શકે છે, એ વ્યવસ્થાં તુટી જાય. એ પરથી જણાય છે. કે આત્મા અર્થાત પ્રાણિમાત્રને પોતાની ક્રિયા કરવામા સ્વતંત્રતા મળેલી છે. તેથી તેઓ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારરૂપ અંતઃકરણ તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ એ પાંચ માત્રાઓ સહીત તત્વ તત્વના વાંસના લિંગ વડે જેવી જેવી સગવડવાળી ઇંદ્રિઓ મેળવી શકેલા હોય, તેવી તેવી રીતની પોતાની અનુકુળતા પ્રમાણે ક્રિયા કરે છે. એ ઉપરથી એટલું સિદ્ધ થાય છે, કે મનુષ્યે પોતાને મળેલું પશુ પ્રાણીઓ કરતાં વિશેષ ધર્મ જાણવાનું જ્ઞાન, તથા સાધનનો ઉપયોગ કરીને જગતની રચનામાં શોભારૂપ. જગતની વ્યવસ્થામાં સ્થામીપણું લાવવારૂપ, જગતના પ્રાણી માત્રને આનંદ ઉપજાવવા રૂપ પોતાના વાંસના લિંગથી મળેલા સાધનનો યોગ્ય ઉપયોગ કરી, જગતના ભૂષણ રૂપ મનુષ્ય રત્નની ઉત્પત્તિ કરવી તે ઉત્પત્તિ કરવા માટે આયુર્વેદાચાર્યોએ તથા જ્યોતિર્વિદાચાર્યોએ અને યોગાચાર્યોએ પોતાના જ્ઞાને કરીને જોઇ વિચારીને પ્રણાલિકા ગોઠવી છે તેને જોઇને, વિચારીને, સમજીને મનુષ્યો પોતાનું વર્તન ચલાવી, પોતાના ધર્મને જાણી, જગતની ઉત્પત્તિમાં સારરૂપ મનુષ્યની વૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરે, તોજ તેના મનુષ્ય જન્મની સાફલ્યતા ગણાય; પરંતુ મનુષ્ય ધર્મને છોડી, પશુવૃત્તિ એટલે પશુધર્મને અવલંબીને જગતના પ્રવાહમાં વહન કરી, પોતાના સારરૂપ ઓજસવાળા વીર્યને ગુમાવી દે તો તે પશુ કરતાં પણ અધોગતિને પામે એમાં કાંઇ આશ્ચર્ય નથી શારંગધરાચાર્યનું કહેવું એટલે સુધી તો ખરૂં છે, કે અધિક વીર્યથી પુત્ર, અધિક રજથી કન્યા અને સમાન રજ વીર્યથી નપુંસક થાય છે. એટલું કબુલ રાખ્યા પછી એ વિષયને પુરષો તથા સ્ત્રીઓના સ્વાધિનમાં કેટલે દરજ્જે મુકવામાં આવ્યો છે, તેનું વિવેચન

હવે પછી કરવામાં આવશે, તેમાં પ્રથમ ગર્ભાધાનનો કાળ નિશ્ચય કરવાની જરૂર છે. જુદા જુદા દેશોમાં જુદાં જુદાં વાતાવરણો હોવાથી તેનો કાળ જુદો જુદો ગણવામાં આવે છે, કાળ વિત્યા પછી ભલે ગર્ભાધાન થાય; પરંતુ તે કાળ પહેલાં ગંભાધાન કોઈ પણ ઠેકાણે થતું નથી. આપણો દેશ ઉષ્ણ કટિબંધ વાળો હોવાથી સ્ત્રીઓને ઋતુધર્મ બીજા દેશો કરતાં વહેલું આવે છે, છતાં આ દેશમાં ઋતુધર્મની વાટ નહિ જોતાં ઘણે ભાગે પુરૂષ સમાગમમાં સ્ત્રી વહેલી આવી જાય છે. ઘણા લાંબા વખતથી આપણા દેશે સ્વતંત્રતા ગુમાવેલી હોવાથી અને પરદેશીઓનો અમલ થવાથી, તે લોકોએ પોતાની વિષય વાંસના તૃપ્ત કરવા સારૂ આપણા દેશની સ્ત્રીઓને બળાત્કારે ભ્રષ્ટ કરવાથી તે વખતના આચાર્યોએ કાળમાનનો વિચાર કરી, એક "શીઘ્રબોધ" નામનો ગ્રંથ લખી આયુર્વેદને અનુસરતો એક શ્લોક બનાવી બાળ લગ્નનો રિવાજ દાખલ કર્યો; જેથી પ્રાચીન શાસ્ત્રો પ્રમાણે લગ્નમાં ચરભક્ષણ કર્યાં પછી "ચતુર્થે અન્હે" એટલે ચોથે દિવસે ગર્ભાધાન કરવાનો રીવાજ હતો, તેનો અટકાવ થયો; અને ગર્ભાધાન કરવાના કાળની હદ તુટી ગઇ; જેથી સ્ત્રી પુરૂષોની ધ્યાનમાં આવે તેમ, પુરૂષના સ્ત્રી ભોગ્ય હોવાથી પુરૂષની મરજી પ્રમાણે રજો ધર્મ પ્રાપ્ત થતાં પહેલાં સમાગમમાં આવવાની રૂઢી દાખલ થઈ એટલે "शास्त्र रूढी बली यसी" શાસ્ત્ર કરતાં રૂઢી બળવાન થઇ પડી. આપણા દેશમાં શાસ્ત્રકારોએ જન સમાજની વ્યવસ્થા રાખવા સારૂ તથા જનસમાજના આરોગ્ય ઐશ્વર્ય અને આયુષ્યની શુદ્ધ વ્યવસ્થા રહેવા સારૂ જુદી જુદી રીતના શાસ્ત્રો રચી જે મર્યાદા બાંધેલી છે, તે તમામ શાસ્ત્રો, રૂઢીના બળ આગળ નિર્બળ થયલાં જણાય છે. ઉપર કહ્યું તેમ "શીઘ્ર બોધ" નામના ગ્રંથમાં આપત્કાળને માટે એક વચન લખી, લગ્નનો કાળ નજીક કેરવી બાળલગ્નની રૂઢી દાખલ કરી તેની મતલબ એવી હતી કે આ અંધાધુંધીનો કાળ બદલાયા પછી શાસ્ત્ર પ્રમાણે વર્ણ અને વર્ણાશ્રમની અસલ મર્યાદાપર આવી શકાશે; પણ તેમ નહિ બનતાં તે શ્લોકમાં લખ્યા પ્રમાણે:—

अष्टवर्षाभवेत् गौरी नव वर्षातु रोहिणी
दशवर्षा भवेत् कन्या अतः उर्ध्वं रजस्वला

આ શ્લોક ઉપરથી એવું ઠરાવવામાં આવ્યું અથવા રૂઢીમાં એવું દાખલ થઈ ગયું, કે દશ વર્ષ પછી સ્ત્રીને ર જો ધર્મ દેખાય અથવા નહિ દેખાય તોપણ તેને રજસ્વળા ગણવી; અને જે માબાપો અથવા વાલીઓ એ પ્રમાણે નહિ માને તે નર્કમાં અધિકારી થશે. તે ઉપરથી મોડામાં-મોડું અગિઆરમે વર્ષે કન્યાદાન આપવુંજ જોઇએ એવી રૂઢીનું બંધન સખત બંધાઇ ગયું. પણ આપણે આયુર્વેદનું જયારે "શારીર શાસ્ત્ર" તપાસીએ છીએ ત્યારે તેમાં સ્ત્રીના ગર્ભસ્થાનની વ્યવસ્થાનું અને ગર્ભને ધારણ કરવા માટે વીર્યને આકર્ષનારી જે શીરાઓનું વર્ણન કરવામાં આવ્યું છે, તેનું અનુસરણ કરતો આ શ્લોક છે. એ શ્લોકના ચોથા ચરણને જરા તપાસીએ તો જણાશે કે "अतः उर्ध्वं जस्वला" એટલે એ પછીનો કાળ રજસ્વલા થવા માટેનો છે, પણ એથી એવું શિદ્ધ થતું નથી કે દશવર્ષ પૂરાં થયાં એટલે સ્ત્રીને રજસ્વળા ગણવીજ! એતો માત્ર ગર્ભાધાન સંસ્કારને માટે જે નાડીઓનું પ્રકટીકરણ થવું જોઇએ, તે નાડીઓના પ્રકટીકારણનો વિષય છે; જેમ—

मनोभवागारमुखे ऽबलानां तिस्त्रो भवंति प्रमदाजनानाम्
समीरणा चंद्रमुखीच गौरी विशेष मासा मुपवर्णयामि.

કામ ગૃહના મુખને વિષે સ્ત્રીજનોને ત્રણ પ્રકારની નાડીઓ હોય છે, તેમાં એક સમિરણા બીજી ચંદ્રમુખી અને ત્રીજી ગૌરી એના ભેદનું વર્ણન હવે હું કરૂં છું.

प्रधानभुता मदनांतपत्रे समीरणानाम विशेष नाडीः
तस्यामुखे यत् पतितंतु विर्यं, तन्निष्फलं स्यादिति चंद्रमौलिः

મદનરૂપી છત્રમાં પ્રધાનભૂત એવીજે સમીરણા-નામની વિશેષ નાડી છે, તેના મુખમાં જે વીર્ય પડે તે નિષ્ફળ થાય એમ ચંદ્રમૌલી નામનો આચાર્ય કહે છે.

या चापरा चंद्रमसीच नाडी
कंदर्पगेहे भवति प्रधाना
सा सुंदारी योषित मेव सूते
साध्या भवदल्प रतोत्सवेषु

જ્યારે કામગૃહમાં ચંદ્રમસી નામની નાડી પ્રધાનભૂત થયલી હોય અને તેમાં જો વીર્ય પડે તો તે સ્ત્રીના ગર્ભમાં કન્યાજ ઉત્પન્ન થાય છે અને તે સંભોગના થોડા ઉત્સવમા સિદ્ધ થઇ શકે છે.

गौरीति नाडी यदुपस्थ गर्भे
प्रधानभूता भवति स्वभावात्
पुत्रं प्रसूते बहुधाङ्गनासा
कष्टापभोग्यो सुरतो पविष्टा

સ્ત્રીની ઉપસ્થ કટિના ગર્ભસ્થાનમાં ગૌરી નામની નાડી જો પ્રધાનભૂત થયલી હોય તેના મુખમાં વીર્ય પડે, તો તે સ્ત્રી પુત્રને ઉત્પન્ન કરે છે અને તેનો સુરત સમાગમનો વખત વધારે લાગે છે.

આ પ્રમાણે "શારીરશાસ્ત્ર"નો અભિપ્રાય જોતાં અને "શીઘ્ર બોધ"માં લખેલો શ્લોક જોતાં સમજાય છે; કે સ્ત્રીને આઠમે વર્ષે ગૌરી નામની નાડીનો ઉદય થાય છે તથા નવમે વર્ષે રોહિણી અર્થાત ચંદ્રમસી નાડીનો ઉદ્ભવ થાય છે, અને તે પછી શમીરણા નાડી ઉત્પન્ન થાય છે. ત્રણ નાડીઓ પરિપકવપણાને પામે છે એટલે તે સ્ત્રીને ઋતુ ધર્મ દેખાય છે. તે ઋતુધર્મ દેખાયા પછી ૩૬ વાર રજોદર્શન દેખાય તે દરમિઆનમાં ગર્ભાધાન કરવામાં આવે તો વ્યાજબી ન ગણાય. આપણે વિચાર કરવો જોઇએ કે બાળલગ્નની રૂઢી ઘણાં જુલમી રાજ્યમાં આપણે બળાત્કારથી દાખલ કરવી પડી છે; પરંતુ વર્તમાન કાળમાં આપણી ઉપર ન્યાયી, દયાળુ, વિદ્વાન તથા મનુષ્યમાત્રના સામાન્ય હકોને સ્વતંત્રપણે ભોગવતા જોઈ રાજી થનાર બ્રિટિશ પ્રજાનું રાજ્ય છે. તેવા વખતમાં રૂઢીના બંધનથી છુટીને આયુર્વેદના ધર્મ સિદ્ધાંત પ્રમાણે આપણે આપણી મનુષ્ય જાતિને પશુવૃત્તિમાંથી બહાર કાઢી મનુષ્યવૃત્તિ અથવા દેવવૃત્તિમા જોડવાનો પ્રયત્ન નહિ કરી શું તો આપણું દુર્ભાગ્યજ ગણાશે. આયુર્વેદે આપણને પોકારી પોકારીને કહ્યું છે, કે જો તમે જેમ જેમ બાળા સ્ત્રીમાં ગર્ભાધાન કરશો તો તમારી—

जातोवान चिरंजीवेत् जीवेद्वत्यंत दुर्बलः
तस्मात् अत्यंत बालायां गर्भाधानं न कारयेत्

જો જેમ જેમ અત્યંત બાળા સ્ત્રીમાં ગર્ભાધાન કરવામાં આવે તો તેમ તેમ બાળક અત્યંત દુર્બળ ઉત્પન્ન થાય અથવા બીલકુલ ગર્ભ ધારણ થઈ શકે નહિ તેટલા માટે અત્યંત બાળા સ્ત્રીમાં ગર્ભાધાન કરવું નહિ. એવો સ્પષ્ટ ઉલ્લેખ છતાં ઋતુ ધર્મ પામીને ૩૬ વાર રજો દર્શન આવી ગયા પછી ગર્ભાધાન કરવાની વાત તો દુર રહી પણ રજોદર્શનની વાટ જોયા વિના જે પુરુષો સ્ત્રીઓના સબંધમાં આવે છે વે ગર્ભસ્થાન કે જે સુકુમાર કોમળ અવસ્થામાં હોય છે તેને કેવું નુકસાન કરે છે? તથા એ અવયવોને કેવા છિન્ન ભિન્ન કરી નાંખે છે.? અને એ અવયવો બગડયા પછી અથવા બગડવાથી સ્ત્રીને જુદી જુદી જાતના (વંધ્યાપો. ગર્ભગલન, મૃતવત્સા, કાકવંધ્યા પ્રદર, ક્ષય, વગેરે) અસાધ્ય રોગોમાં ડુબી જવુ પડે છે! અને સ્ત્રીઓનાં જે કુંકી ઉમ્મરમાં અકાળ મૃત્યુ થાય છે તેનું કારણ માત્ર ગર્ભાધાન કરવાની ઉતાવળ સિવાય બીજું કાંઈજ નથી.

આપણે આટલે સુધી જે વર્ણન કરતા આવ્યા તે શારંગધરાચાર્યના અભિપ્રાય પ્રમાણે "યથેચ્છા પરમેશ્વરી"ના નિયમ પ્રમાણે પુત્ર કે કન્યા ઉત્પન્ન થવી એ ઈશ્વરી ઇચ્છાને આધિન છે તેને પુષ્ટિ આપવા બરોબર કહેવાયું છે, પરંતુ હવેથી મનુષ્યો એ વિષયમાં કુદરત નિયમનો પોતાના સંયમથી કેવી રીતે ફેરફાર કરી શકે છે અને પુત્ર કે કન્યા, પોતાની ઇચ્છા પ્રમાણે મનોનિગ્રહથી શી રીતે ઉત્પન્ન કરી શકે છે? તેનું વર્ણન કરવામાં આવે છે.

(युग्मासु पुत्रा जायंते
स्त्रियोऽयुग्मासुरात्रिषु)

અર્થાત સ્ત્રી અને પુરૂષ પોતાના મન ઉપર અંકુશ રાખી ઋતુસ્નાત થયા પછી બેકી રાત્રિમાં એટલે ચોથી, છઠ્ઠી, આઠમી, દશમી બારમી, ચૌદમી, અને સોળમી રાત્રિમાં ગર્ભાધાન કરે તેને પુત્રરત્નની પ્રાપ્તિ થાય છે, અને જે સ્ત્રી પુરૂષોને કન્યા રત્નની ઇચ્છા હોય તેણે પાંચમી. સાતમી, નવમી, અગિઆરમી, તેરમી, અને પંદરમી રાત્રિએ ગર્ભાધાન કરવું. સોળ રાત્રિ પછી ગર્ભાધાન કરવામાં આવે તો ગર્ભ રહેવાનો

સંભવ નથી. એટલે આવી રીતનું વર્તન રાખવાથી જ્યારે પુત્ર કે પુત્રી ઉત્પન્ન કરી શકાય છે, તો તેમાં ઇશ્વરની ઇચ્છા માનવાનું કારણ નથી. હવે પ્રશ્ન એ થાય છે કે જયારે આ પ્રમાણે થાય તો પછી ચંદ્રસોલી નામના આચાર્યે જે ચંદ્રમુખી, ગોરી, અને સમીરણા નામની નાડીમાં વીર્ય પડવાથી જે પુત્ર કે કન્યા ઉત્પન્ન થવાનું લખ્યું છે તેનું કેમ? એ પ્રશ્નના ખુલાસામાં આપણે યોગશાસ્ત્ર અંતરગત સ્વર શાસ્ત્રનો વિચાર તપાસવો પડશે. સ્વરશાસ્ત્રમાં ચોખ્ખા શબ્દોમાં લખવામાં આવ્યું છે કે જે સમયમાં પુરૂષની સૂર્ય નાડી એટલે જમણી નાસિકાનું વહન થતું હોય તે સમયમાં સુરત સમાગમમાં જોડાઇ ગર્ભાધાન કરવામાં આવે તો તે સ્ત્રીને પુત્રનો ગર્ભ રહે છે. અને ચંદ્રનાડી એટલે ડાબી નાસિકામાં સ્વર ચાલતો હોય તે અવસ્થામાં ગર્ભ ધારણ કરવામાં આવે તો પુત્રી ઉત્પન્ન થાય છે અને સુષુમણા એટલે બેઉ નસકોરામાંથી વાયુ વહેતો હોય તો નપુંસક ગર્ભ ઉત્પન્ન થાય છે. આ વાતને પુષ્ટિ આપનારી હકીકત અંગ્રેજી ભાષામાં લખાયલા “ એરિસ્ટાટલ ” નામના પુસ્તકમાં એવી રીતે લખવામાં આવી છે કે પુરૂષના ડાબા અંડકોષને કાપી નાંખી જમણા અંડકોષને બચાવી પછી તે પુરૂષથી જેટલા ગર્ભ ધારણ થયા તે સર્વમાં પુત્રજ ઉત્પન્ન થયા. તેવીજ રીતે ડાબા અંડકોષને બચાવી, જમણા અંડકોષને કાપી નાખી પછીથી જે ગર્ભો ઉત્પન્ન થયા તે ગર્ભમાં કન્યાજ ઉત્પન્ન થઇ; એટલે આયુર્વેદમાં કહેવામાં આવ્યું છે કે વૃષણો એટલે અંડકોષ, એ વીર્યનું આધારભૂત સ્થાન છે અને વાંસનાલિંગના બળથી વીર્યનું ચલણ થઇ ઉપસ્થ ઇંદ્રિમાં અવવાથી મેહનદ્વારાએ ગર્ભમાં તે વીર્ય પહોંચે છે. અનુભવસિદ્ધ બાબત એવી છે કે જ્યારે સ્ત્રી અને પુરૂષ એકજ સ્થળે મળે છે ત્યારે જો પુરૂષનો જમણો સ્વર ચાલતો હોય તો સ્ત્રીનો જમણોજ ચાલે છે. અને પુરૂષનો ડાબો સ્વર ચાલતો હોય તો સ્ત્રીને જમણો સ્વ-જ ચાલે છે; એટલે પુરૂષનો જમણો સ્વર (સૂર્ય) ચાલતો હોય ત્યારે સ્ત્રીનો ડાબો સ્વાર (ચંદ્ર) ચાલે, તે વખતમાં પુરૂષનાં જમણા અંડકોષમાંથી વીર્ય ચલિત થઇ સ્ત્રીના ગોરી નામની નાડીમાં સ્ખલિત્ત થાય છે, જેથી પુત્રની ઉત્પત્તિ થાય છે. તેવીજ રીતે પુરૂષને ચંદ્રનાડી (ડાબી) ચાલતી હોય અને સ્ત્રીને સૂર્યનાડી (જમણી)

ચાલતી હોય તો પુરૂષના ડાબા અંડનું વીર્ય ચલિત થઇ પુત્રીના ગર્ભને ઉત્પન્ન કરે છે, પરંતુ પુરૂષના: બેઉ નાકમાંથી સ્વર વહેતો હોય તે વખતે સ્ત્રીનો પણ બેઉ નાકમાંથી વહે છે જેથી પુરૂષના બેઉ અંડકોષમાંથી વીર્ય ચલિત થઇ, સ્ત્રીની ચંદ્રમુખી અને ગૌરી બેઉ નાડીમાં પ્રવેશ કરી ગર્ભશય્યામાં પહોંચવાથી નપુંસક ગર્ભની ઉત્પત્તિ થાય છે; તેમાં જો ચંદ્રમસિ વધારે વીર્યને ખેંચે તો કન્યા નપુંસક ઉત્પન્ન થાય છે અને જો ગૌરી વધારે વીર્યને ખેંચી જાય તો પુત્ર નપુંસક ઉત્પન્ન થાય છે. આ વાતથી નીર્વિવાદ સિદ્ધ થાય છે. કે ત્રણ લીંગ પૈકી કોઇ પણ લીંગનું મનુષ્ય પ્રાણી ઉત્પન્ન કરવું એ મનુષ્યના પોતાનાજ હાથમાં છે, એટલા માટે પતિ પત્નીએ કે જેઓ ઉત્તમ સંતતિ ઉત્પન્ન કરવાની ઇચ્છા ધરાવતાં હોય તેઓએ પોતાના શરીરની, મનની અને ઇંદ્રિઓની આરોગ્યતા સાચવી એકી અથવા બેકી તિથીઓને નક્કી કરી ઋતુ કાળના સમયમાં જ્યારે ઉલ્કાપાત વિનાનો, વિપ્લવ વિનાનો, ક્રાન્તિ વિનાનો, ઉપાધિ વિનાનો, શોક વિનાનો અને મનને આનંદદાયી દિવસ હોય તે વખતે પ્રસન્ન મનથી કોઇ પણ જાતના ક્ષોભવિના આનંદપૂર્વક સ્ત્રી સેવન કરવું, તથા આવી રીતે એકજ વાર સ્ત્રી સેવન કર્યા પછી એક માસ પર્યન્ત એટલે ફરી ઋતુ ધર્મ દેખાય નહિ ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવું જો બ્રહ્મચર્ય પાળવામાં ન આવે તો ગર્ભના દ્વારનું મંથન કરવાથી ગર્ભશ્રાવ થવાનો સંભવ છે. ગર્ભ રહ્યા પછી તજવા જેવી બાબતનો ત્યાગ કરવાના હેતુથી તે સ્ત્રીને તરત ગર્ભ રહયો છે એવું જાણવાને માટે વીર્ય અને રૂધીરનો યોનીદ્વારા શ્રાવ થાય નહિ, શરીરને થાક લાગ્યાં જેવાં ચિન્હો જણાય, સાથળનો ભાગ પાતળો દેખાય, તૃષા લાગે અને યોનીમાં સ્કુરણ ઉપજે તો જાણવું કે ગર્ભ રહયો છે; ગર્ભ રહેતી વખત જેવો આહાર, જેવો આચાર અને જેવી ચેષ્ટાથી યુકત હોઇને સ્ત્રી પુરૂષ સમાગમ કરે છે તેવાજ આહાર, આચાર અને ચેષ્ટાવાળો ગર્ભ ઉત્પન્ન થાય છે. ગર્ભાશયમાં રહેલું વીર્ય, આર્ત્તવ, તેમાં પ્રગટ થયલો જીવ, વિકાર સહિત, પ્રકૃતિ એ સર્વને ગર્ભ એવી સંજ્ઞા આપી છે; એ ગર્ભ જ્યારે કાળે કરીને વૃદ્ધિ પામે છે ત્યારે અંગ અને ઉપાંગથી સંયુકત થાય છે તેને મુનીઓ

શરીરી (શરીરવાળો) કહે છે. તે ગર્ભના અંગ તથા ઉપાંગ સુશ્રુત શાસ્ત્રમાંથી જાણીને પ્રથમ મસ્તકથી આરંભીને કહીએ છીએ. પ્રથમ અંગ માથું છે તેના ઉપાંગ કેશ, માથામાં રહેલું મગજ, લલાટ, બંને ભમર, બે નેત્ર, તેમાં બે કીકીઓ છે તે, બે દ્રષ્ટિ, બે કૃષ્ણ ગોલ, કૃષ્ણ ગોલના આસપાસના બે શ્વેત ભાગ, બે પોપચાં, બે પાંપણો, બે અપાંગ, બે ભમણા, બે કાન, કાનની બહારના બે પોલાણની આસપાસનો ભાગ, બંને કાનની પાળીઓ, બે ગાલ, નાસિકા, બંને હોઠ, બે ગલોફા, મુખ, તાળવું, બંને જડબાં, દાંત, દાંતનું આસપાસનું માંસ વેષ્ટન (અવાળુ) જીભ, હડપચી, ગળું, એટલાં ઉપાંગ માથામાં ગણાય છે. બીજું અંગ ડોકું છે જે વડે માથું ધારણ કરી શકાય છે. ત્રીજું અંગ બંને બાહુ (હાથ) છે. તેના ઉપાંગ બંને બાહુ ઉપર ખભા છે, તેની નીચે બે બગલ, તેની નીચેનો ભાગ કોણો, તથા બંને પ્રકોષ્ટ, બે મણીબંધ (કાંડાં) હાથની હાથેલી પછી હાથેલીનો પાછળનો ભાગ, બે હાથ, તેની દશ આંગળીઓ, તેના નખ, નખમાં પણ દશ સ્થાપ્ય (નહિ કાપવાના) તથા દશ છેદ્ય (કાપવાના) કહેલા છે

ચોથું અંગ છાતી છે. તેનાં ઉપાંગ પુરુષ તથા સ્ત્રીને બે બે સ્તન છે તે બંનેના સ્તનમાં ફેર એ છે કે સ્ત્રીને જુવાની આવે છે ત્યારે તેનાં સ્તન માંસ પુરિત થાય છે તથા જ્યારે ગર્ભવતી હોય અને તે પ્રસૂત થાય ત્યારે તે બે સ્તન દૂધથી ભરાય છે છાતીની અંદર તે પાસે હૃદય છે તે કમળ સરખું તથા નીચા મોંઢાનું છે મનુષ્ય જાગતો હોય ત્યારે તે ખીલેલું રહે છે અને ઉંઘે છે ત્યારે તે બીડાઇ જાય છે. તે હૃદય જીવનું સ્થાન છે માટે તે જ્યારે તમો ગુણે થી વ્યાપ્ત થાય છે ત્યારે પ્રાણીઓ સુઇ જાય છે હૃદય ચેતનાનું સ્થાન છે એમ કહેવામાં એ અભિપ્રાય છે કે કેશ, લોમ, નખના અગ્રભાગ, મળ, એ વિના બાકીનો ઇંદ્રિઓ સહિત દેહ અને મન એ ચેતનાનું સ્થાન છે, અને એટલા માટે 'ચરકે" આખું શરીર ચેતનાનું સ્થાન છે, એમ કહ્યું છે. પણ સર્વ કરતાં હૃદય, વિશેષે કરીને ચેતનાનું સ્થાન છે એમ જાણવું. કાખ અને છાતીની વચ્ચેના સાંધાને જત્રુ કહે છે. તે બે જત્રુ અને બે જે કાખ કહેલી છે તેના બે વંક્ષણ બનેલાં છે પાંચમું અંગ ઉદર

(પેટ) છે છઠ્ઠું અંગ બે પાસાં છે અને સાતમું અંગ બરડાની કરોડ સુદ્ધાં બરડો છે તેનાં ઉપાંગ રૂધીર અને પિત્તથી ઉત્પન્ન થઇ છે તે રક્ત વહેનારી શીરાઓનું મૂળ છે. હૃદયની નીચે ડાબે પાસે ફેફસું છે, તે રૂધીરના ફીણથી ઉત્પન્ન થયું છે. હૃદયની નીચે જમણે પાસે યકૃત આવેલું છે તે રૂધીરથી ઉત્પન્ન થયલું અને રંજકપિત્તનું સ્થાન છે. હૃદયની નીચે જમણે પાસે કલોમ આવેલું છે તે જળ વહેનારી શીરાઓનું મૂળ છે. જેથી તૃષાનું આચ્છાદન થાય છે.

કલોમનું બીજું નામ તિલક છે અને તે વાયુ તથા રૂધીરથી ઉપજેલું "વૃદ્ધ ભાગભટ્ટ" કહે છે. વાયુ સાથે મળેલા રક્તથી કાળજું ઉત્પન્ન થયું છે. મેદ અને રૂધીરના સાર વડે બંને અંડકોષ બનેલા છે, તથા તે ઉદરમાં રહેલા મેદને પુષ્ટિ કરનારા છે. વિદ્વાન પુરૂષોએ પુરૂષના આંતરડાં સાડાત્રણ વામ લાંબાં કહેલાં છે સ્ત્રીઓનાં આંતરડાં તે કરતાં અર્ધો વામ કમી (નાનાં) છે. ઉંદુક, કટિ, ત્રિક (બરડાની કરોડનો છેડો પેડું, જાંગના બંને સંધી, મોટા સ્નાયુના અંકુર તે વીર્ય અને મૂત્રનું સ્થાન છે. સ્ત્રીના ગર્ભાશયમાં ગર્ભનું અધાન પણ તેજ કરે છે. શંખની નાભી સમાન યોનિ છે તથા તેને ત્રણ આવર્ત છે, તેના ત્રીજા આવર્તમાં ગર્ભને રહેવાનું સ્થાન છે. કફ, રૂધીર અને મેદના તત્વથી વૃષણ બનેલા છે તે વીર્યને વહન કરનારી શરીરના આધારભૂત છે અને પુરૂષત્વને આપનાર છે. સર્વ કોઇની ગુદાનું માપ સાડાચાર આંગળ છે તથા તેમાં શંખના આવર્ત સરખા ત્રણ આવર્ત છે પંડિતોએ ગુદાનું મુખ અર્ધા આગળ પ્રમાણનું માનેલું છે મળનો ઉત્સર્ગ કરવાના માર્ગરૂપ આ ગુદાસ્થાન શરીરમાં નિર્માણ કરેલું છે પુરૂષને જે પ્રોથ ઢગરાં કહેવાય છે તેજ સ્ત્રીને નિતંબ કહેવાય છે ઢગરાંની ઉપર તથા કરોડની નીચે બે બાજુ એ જે ખાડા હોય છે તે કકુંદર કહેવાય છે. બંને સાથળો આઠમું અંગ છે તેનાં ઉપાંગો બંને ઘુંટણ બંને પીંડીઓ, બે જાંગો બે ઘુંટી, બે પગની પાટલીઓ, બે પગના એડીઓ, બે પગ, તેની દશ આંગળીઓ, અને તેના દશ નખ છે આ પ્રમાણે શરીરના આઠે અંગનું સંક્ષેપમાં વર્ણન કર્યું છે. હવે ગર્ભમાં કયું અંગ પ્રથમ ઉત્પન્ન થાય છે? તે વિષે લખવામાં આવે છે.

સૌનક કહે છે કે સઘળા અંગોમાં પ્રથમ માથું ઉત્પન્ન થાય છે કારણકે મુખ્ય ઇંદ્રિયો માથામાંજ થાય છે. કૃતવીર્ય મુનિ કહે છે કે પ્રથમ હૃદય ઉત્પન્ન થાય છે કારણ કે મનનું અને ઇંદ્રિઓનું સ્થાનક હૃદય કહેવાય છે. પારાશર મુનિ કહે છે કે પ્રથમ નાભી ઉત્પન્ન થાય છે કે જેમાં રહીને પ્રાણ ગરમીની સહાયતાથી દેહને વધારે છે. માર્કંન્ડેય મુનિનો મત એવો છે કે સઘળા પ્રાણીઓમાં હાથપગવાળા પ્રાણી શ્રેષ્ટ છે એટલા માટે હાથ અને પગ પ્રથમથી ઉત્પન્ન થવાનો સંભવ છે. મુનિઓમાં ઉત્તમ મુનિ ગૌતમમુની કહે છે કે પ્રથમ કોઠો ઉત્પન્ન થાય છે અને પછી સઘળાં અંગો ઉત્પન્ન થાય છે પરંતુ ધનવંતરીનો મત એવો છે કે સઘળાં અંગો સાથે ઉત્પન્ન થાય છે, પણ તે સૂક્ષ્મ હોવાથી જોવામાં આવતાં નથી. જેમ આંબાના નાના ફળમાં માંસ, ફળીઓ, મજ્જા છાલ, કેસરા, અંકુર અને ડીંટીઉં એ પદાર્થ એકી વખતે થાય છે પણ ઝીણા ઝીણા હોવાને લીધે જુદા જુદા દેખાતા નથી અને જ્યારે પુષ્ટ થાય છે ત્યારે સ્પષ્ટ દેખાય છે, તેમ ગર્ભમાં સઘળા અવયવો એકી વખતે ઉત્પન્ન થાય છે, પણ ઝીણાં હોવાને લીધે દેખાતાં નથી, જ્યારે મોટાં થાય છે ત્યારેજ સ્પષ્ટ દેખાય છે. હવે શરીરમાં પિતાથી, માતાથી, રસથી અને આત્માથી કયા કયા ભાગો ઉત્પન્ન થાય છે? તે લખીએ છીએ.

કેશ, દાઢી, મૂંછ, રૂવાંટાં, નખ, દાંત, શીરાઓ, ધમનિઓ સ્નાયુઓ હાડકાં અને વીર્ય એટલા ભાગ પિતાથી ઉત્પન્ન થાય છે. માંસ લોહી, મજ્જા, મેદ, જમણાં પડખાંની ગાંઠ, બરોળ, આંતરડાં, નાભી, હૃદય અને ગુદા એટલા ભાગ માતાથી થાય છે. શરીરનું વધવું, વર્ણ, બળ અને દેહની સ્થિતિ એટલાવાનાં રસથી થાય છે. જ્ઞાન, અપરોક્ષ, અનુભવ, આયુષ્ય, સુખ–દુઃખ અને અનેક યોનિમાં જન્મ થવા એ આત્માથી થાય છે. આ વિષયમાં જોકે જ્ઞાનાદિ સઘળી ઇંદ્રિઓ આત્માથી થાય છે એમ કહયું છે તે નિરાકાર આત્મામાંથી કાંઇ વસ્તુ ઉત્પન્ન થવી ઘટતી નથી એટલા માટે આત્માથી એટલે આત્માના પાસે રહેવાથી એમ સમજવું. હવે કયા કયા પદાર્થો ગર્ભના મુખ્ય ઉપકારક છે:—

અગ્નિ, ચંદ્ર, પૃથ્વી, વાયુ, આકાશ, સત્વ, રજ, તથ તમ, પાંચ ઇંદ્રિયો અને પ્રારબ્ધ કર્મ એઓ ગર્ભને જીવાડે છે તે નચે પ્રમાણે.

પાચક, ભ્રાજક, આલોચક, રંજક, અને સાધક એ પાંચ પ્રકારના પિત્તોની તથા પંચમહાભૂતોમાં રહેલી ગરમીઓની તથા સાત ધાતુઓમાં રહેલા અગ્નિઓની શક્તિ રૂપે રહેલો અગ્નિ કે જે વાણીના દેવતાપણાને પામેલો છે તે પાચનાદિ કામ કરીને ગર્ભ જીવાડે છે.

પાંચ પ્રકારના કફ, રસ અને વીર્યાદિ ચંદ્રરૂપ પદાર્થોની અને રસના (જીભ) ઇંદ્રિયની શક્તિ રૂપે રહેલો ચંદ્ર કે જે મનના દેવતાપણાને પામેલો છે તે ઓજ આદિ સામ્ય ધાતુઓના પોષણથી અને પવન તથા અગ્નિથી સુકાયલા ભાગને ભીનો કરવા રૂપ કામ કરી ગર્ભ જીવાડે છે.

પૃથ્વી પાણીથી ભીંજાયલા ભાગને કઠણ બનાવવા રૂપ કામ કરીને ગર્ભને જીવાડે છે.

વાયુ દોષ, ધાતુ, મળ, અંગ અને ઉપાંગોને સારી રીતે ચલન આપવારૂપ કામ કરીને ગર્ભને જીવાડે છે.

આકાશ અવકાશરૂપ હોવાથી ઉચ્છ્વાસ અને નિસ્વસના માર્ગ આપીને ગર્ભને જીવાડે છે.

સત્વ, રજ, અને તમ એ ત્રણ ગુણો મનરૂપે પરિણામ પામેલા હોવાથી જીવને જીવવામાં બીજું શરીર લેવામાં અને મુક્તિ આપવામાં પણ કારણભૂત છે તેથી તેઓ પણ ગર્ભને જીવાડે છે.

શ્રોત્ર, ત્વચા, નેત્ર, જીભ અને ઘ્રાણ એ પાંચ ઇંદ્રિયો અનુક્રમે શબ્દ, સ્પર્શ, રૂપ. રસ અને ગંધનું ગ્રહણ કરવારૂપ કામકરીને ગર્ભને જીવાડે છે.

પ્રારબ્ધ કર્મ સઘળા દેહમાં ચૈતન્ય રહેવાના કારણરૂપ છે માટે તે પણ ગર્ભને જીવાડે છે.

એ બધાં કારણો સાથે સ્ત્રીને રસને વહેનારી નાડી ગર્ભની નાભિની નાડી (નાળવા) ની સાથે લાગેલી હોય છે તેથી ગર્ભની નિરંતર વૃદ્ધિ થાય છે. ગર્ભને માતાને નિસ્વાસ થવાથી નિસ્વાસ, ઉચ્છ્વાસ થવાથી ઉચ્છ્વાસ, ચલન થવાથી ચલન અને સ્વપ્ન થવાથી સ્વપ્ન પ્રાપ્ત થાય છે, અર્થાત્ માતા જે જે ચેષ્ટાઓ કરે છે તે તે

चेष्टाओ गर्भ पण करे छे. ए उपरथी जाणवानुं के गर्भ रह्या पछी माता जेवी जेवी जातना विचारोनुं सेवन करे छे अथवा जेवां जेवां कार्यो वा चेष्टाओ करे छे तेवां तेवां बाळक शीखी ले छे, तेटला माटे कहेवामां आवे छे के बाळकना जन्म थतां पहेलां बाळकने केळवणी आपवानी जरूर छे.

गर्भनी नाभीना मध्यमां एक अविचळ तेजनुं स्थान छे ते स्थानने वायु धमे छे तेथी गर्भनो देह वृद्धि पामे छे. ते वायु गरमीनी सहायतावाळो होवाथी गर्भना उंचेना, नीचेना अने आडा स्रोतोने जेम जेम विस्तारतो जाय छे तेम तेम गर्भनो देह वधतो जाय छे.

जोके विषयनो जरा विषयान्तर थाय छे परंतु गर्भने लगती बाबत होवाथी अमे अत्रे लखवानुं दुरस्त धारीए छीए.

गर्भवाळी स्त्रीए पहेला दिवसथीज आनंदमां रहेवुं, शणगारेल रहेवुं काळां वस्त्र पहेरवां नहि, देव गुरु अने ब्राह्मणोना पूजनमां तत्पर रहेवुं, घणुं करीने मधुर स्निग्ध, हृदयने गमे एवा हलका अने द्रव-रूप पदार्थो जमवा. वघार आदिथी संस्कार आपेला अने अग्निने प्रदिप्त करे एवा पदार्थो, नित्य लेवा. गर्भवाळा स्त्रीए अती परिश्रम करवो नहि जमतां भूख्युं रहेवुं नहि तेम अत्यंत धरावुं पण नहि. मैथुन कराववुं नहि. रात्रनुं जागरण करवुं नहि. शोक करवो नहि, वाहन उपर चढवुं नहि, लोही कढाववुं नहि, विष्टा के मूत्रादिना वेगने रोकवा नहि, अने उभडक बेसवुं नहि, गर्भवाळी स्त्रीना शरीरना अंदरना दोषोथी के बहारथी आघात के प्रत्याघात थवाथी तेना कोइपण भागने पीडा थाय तो तेना गर्भमां रहेल बाळकना पण तेज भागने पीडा थाय छे गर्भवाळी स्त्रीए मलीन, खराब आकारवाळी, के ओछां अंग-वाळी कोइ स्त्रीनो स्पर्श पण करवो नहि. दुर्गंधवाळा पदार्थने सुंघवो नहि मनने अप्रिय लागे एवा पदार्थने जोवा नहि. कानने अप्रिय लागे एवां वचन सांभळवां नहि. वासी, सुकाएलुं के कवाथ करेलुं अन्न जमवुं नहि, थाळां बांधेलां झाड, स्मशानना झाड के, ग्लानि करावे एवा पदार्थोनी पासे जवुं नहि, झाझुं बहार नीकळवुं नहि. उज्जड घरमां रहेवुं के जवुं नहि, उंचे सादे बोलवुं नहि. शरीरे तेल चोळवुं

નહિ. કોઈ વસ્તુનો ચોળીને ખરડ કરાવવો નહિ. કઠણ બીછાને સુવું નહિ. સુવાનું કે બેસવાનુ આસન ઘણું ઉંચું કરવું નહિ. આ સઘળા નિયમો ઉત્તમ પ્રકારની સંતતિની ઇચ્છા રાખનારી માતાએ અવશ્ય ધ્યાન દઇને પાળવા.

વિશેષમાં કહેવાનું છે કે ઋતુસ્નાનના દિવસથી અથવા ગર્ભ રહયા ના દિવસથી સ્ત્રીએ નીચે પ્રમાણેનું વર્તન રાખવું:—

હિંસા કરવી નહિ, બ્રહ્મચર્ય રાખવું, આંસું પાડવાં નહિ, નખ કાપવા નહિ, તેલ ચોળવું નહિ, ચંદન ચોપડવું નહિ, આંખો આંજવી નહિ. દિવસે સુવું નહિ, દોડવું નહિ, ઘણો મોટો શબ્દ સાંભળવો નહિ. ઘણું હસવું નહિ, ઘણું બોલવું નહિ, પ્રયાસ કરવો નહિ, ભૂમિ ખોદવી નહિ, અને ઘણો વાયુ સેવવો નહિ.

અજ્ઞાનથી અથવા પ્રમાદથી અથવા લોભથી નિસિદ્ધ કરેલાં કર્મ જો કરે તો તે થકી જે દોષ થાય, તે દોષોને ગર્ભ પામે છે. ગર્ભવતી સ્ત્રીના રૂદનથી ગર્ભ નેત્રના રોગવાળો થાય. નખ કાપવાથી નઠારા નખવાળો થાય તેલ ચોળવાથી કુષ્ટ રોગવાળો થાય. ચંદન આદિનો લેપ કરવાથી દુઃખ યુકત આચરણવાળો થાય, અંજન આંજવાથી આંધળો થાય. દિવસે સુવાથી ઘણી ઉંઘવાળો થાય. ઘણો ઉંચો શબ્દ સાંભળવાથી બ્હેરો થાય. ઘણું હસવાથી તાળવું, દાંત, હોઠ અને જીભ તપકીરીયા રંગ જેવાં થાય. બહુ બોલવાથી બહુ બકનારો થાય. પરિશ્રમ કરવાથી ઉન્મત થાય. પૃથ્વી ખોદવાથી જ્યાં ત્યાં પડી જાય એવા આચરણવાળો થાય, અને ઘણો વાયુ સેવવાથી ઉન્મત એટલે ગાંડો થાય.

ઉપરોક્ત બાબતોથી વાંચકના ધ્યાનમાં આવશે કે ગર્ભનું સ્થાપન કરવું, ગર્ભને કયા લિંગનો ઉત્પન્ન કરવો, ગર્ભનું લિંગ બંધાયા પછી તેને કેવો રૂપાળો, બળવાન, આયુષ્યમાન, ઐશ્વર્યવાન બુદ્ધિમાન કે શ્રીમાન કરવો તે માબાપોના પોતાના હાથમાં રહેલી બાબત છે." અહીંઆં કોઇ શંકા કરશે કે જ્યારે આટલી બધી બાબતો આપણા હાથમાં છે તો પછી પૂર્વનાં કર્મો અને ઇશ્વરને નિયામક માનવાની જરૂર શી? એનું સમાધાન એવી રીતે થઈ શકે છે કે આત્મા અનાદિ છે અને આત્માનાં કર્મો પ્રવાહથી અનાદિ છે, તે શુભાશુભ કર્મના યોગે શુભાશુભ ફળની ઉત્પત્તિ

થાય છે, પરંતુ તેમાં પુરૂષાર્થથી અશુભ કર્મનો ઉદય દબાવી દઇ, શુભ કર્મનો ઉદય કરી શકાય છે. જેમ કર્મના ઉદયથી પગમાં કાંટા વાગે એવા માર્ગે ચાલવાનો પ્રસંગ આવે પરંતુ જો પુરૂષાર્થ કરીને પગને અનુકુળ પગરખાંનો ઉપયોગ કરવામાં આવે, તો કાંટા ભાંગવારૂપ કર્મનો ઉદય દાબી શકાય છે, તેમ આત્મા અનાદિ કાળથી કર્મ બાંધતો અને ભોગવતો જન્મ મરણના ચક્રમાં ભ્રમણ કર્યા કરે છે અને કર્મના શુભાશુભ ફળને ભોગવે છે, તેમાં જો શુભ પુરૂષાર્થ કરવામાં આવે તો તેનું ફળ ઉત્તમ નીપજી તે કર્મના ફળને ઉદય થતું અટકાવી શકાય છે. આ વિષયમાં "ઉત્તમ સંતતિ શી રીતે ઉત્પન્ન કરી શકાય" એ વિષયનો નિબંધ લખવાનો સમય આવશે તો તેમાં વધારે ખુલાસો કરીશું. ઇત્યમ્

તારીખ ૨૨-૩-૧૮ શુક્રવાર.	પ્રયોજક— શા. તિલકચંદ તારાચંદ વૈદ્ય સુરત. લેખક— ઇશ્વરલાલ રતનલાલ ત્રિવેદી સુરત.



आयुर्वेद निबंधमाळा.

(૬)

માતા પિતાની કુચેષ્ટાથી ગર્ભમાં થતી વિક્રિયા.

સૃષ્ટિક્રમનો નિયમ તપાસતાં સમજાય છે કે, જે બીજ પૃથ્વીમાં રોપવામાં આવે છે, તે બીજની સાથેજ, તેનો મહાપ્રાણ (આત્મા) તથા અલ્પ-પ્રાણ (જીવો) હોય છે, અને તે જેમ જેમ કાળનું વહન થતું જાય છે તેમ તેમ વૃદ્ધિને પામી, પોતાનામાં રહેલા ગુણ-પ્રમાણે, પોતાની આકૃતિ બાંધે છે. તેવી રીતે મનુષ્યોના રજવીર્યના યોગથી જે વખતે ગર્ભાધાન થાય છે, તે વખતથીજ તેમાં આત્માના કર્મ પ્રમાણે વધારો થઇ તેની આકૃતિ બંધાવવા માંડે છે; પણ જેમ વૃક્ષને ઉગતી વખતમાં અને વૃદ્ધિ પામવાની ક્રિયા ચાલતી હોય ત્યારે ખેડુતની ભૂલથી અથવા અજ્ઞાનતાથી તેના બરાબર સારવાર થાય નહિ તો વાતાવરણ એટલે તડકો અને હિમથી તથા પવનના ઝપાટા અને હોજમ (છાંયા)થી તે બીજ વિક્રયા પામી સંકોચાઇ જાય છે, જેથી તે સંપૂર્ણ અવયવાળું, રસવાળું, અને ગુણવાળું ઉત્પન્ન નહિ થતાં, હીનત્વને પામી ખામીવાળું બને છે; તેમ માતા પિતાના યોગથી ગર્ભસ્થાનમાં જે ગર્ભનું ધારણ થયું હોય, તેને શારીરિક કે માનસિક ઉપદ્રવથી ક્ષોભ ઉત્પન્ન થાય અને મનના વિચાર, શોક, ભય ક્રોધ લજ્જા અથવા નિર્લજ્જપણાને લીધે તેના આંગોપાંગ ખીલવવામાં નહિ આવતાં, તે સંકોચને પામી તેમાં હીનત્વ ઉત્પન્ન થાય છે, જેથી તેના માનસિક વૃત્તિઓ ભલે ઇંદ્રિયો ઉપર હુકમ ચલાવે, પરંતુ તે ઇંદ્રિઓ આજ્ઞા પ્રમાણે યથાસ્થિત કામ કરે નહિ, એટલે તેની ક્રિયા નિષ્ફળ થાય છે તેટલા માટે ગર્ભરૂપ બીજનું સ્થાપન થયા પછી, તેને સૃષ્ટિના ખુલ્લા મેદાનમાં આવતાં સુધી, તેના ઉપર કોઇપણ જાતની માઠી અસર થવા નહિ દેવી એટલુંજ નહિ, પરંતુ માઠી અસર થવાના જે યોગો ઉત્પન્ન થાય, તેને પતિ પત્નિએ ચતુરાઇથી, હિંમતથી અને શાંતિથી

બુદ્ધિપૂર્વક વિચાર કરીને તેનું નિવારણ કરવું, જેથી ગર્ભ પોષાઇ યથેચ્છ બાળકરૂપ જન્મી, જગતને નમુના રૂપ જણાય. પણ જો તે પ્રમાણે તેનું રક્ષણ કરવામાં ન આવે, તો તે ગર્ભમાં વૃદ્ધિ પામતું બાળક, પોતાની વાંસનાલિંગની ક્રિયા કરીને પોતાની વૃદ્ધિ કરવા માટે જે પરમાણુને આકર્ષી પોતાનું શરીર રચે છે, તેમાં વાંસનાલિંગ તથા જ્ઞાનતંતુઓને સેવ્ય સેવક ભાવ ઉત્પન્ન કરી, શરીર યંત્રને ચાલવા માટે તેના જે માર્ગો સરળતા ભરેલા થવા જોઇએ તેવા થઇ શકતા નથી, તે માટે ગર્ભમાં વીર્યનું સ્થાપન થયા પછી તે વીર્ય બાળકના રૂપમાં કેવી રીતે ફેરવાય છે ? તેનો થોડોક વિચાર કરવાની જરૂર છે.

ગર્ભાધાન સમયે, વીર્ય અને રજ ગર્ભાશયમાં જેવું પડયું હોય, તેવુંને તેવું દ્રવરૂપ પણાથી પહેલા મહિનામાં રહે છે. એ ગર્ભાશયમાં રહેલા વાત, પિત્ત અને કફથી પાકતો વીર્ય અને રજમાં રહેલો પંચ મહાભૂતનો સમુદાય બીજા મહિનામાં ઘાટો થાય છે. વાયુ અને કફથી પણ ગર્ભ પાકે છે કારણકે તેઓમાં પણ ગરમી રહેલી છે. ચરકમાં કહ્યુ છે કે પૃથ્વીની, જળની, તેજની, વાયુની અને આકાશની એવી રીતે પાંચ પ્રકારની ગરમીઓ છે. ત્રીજા મહિનામાં બે હાથના બે, બે પગના બે, અને એક માથાનો એવી રીતે પાંચ પિંડ અને શરીરના સૂક્ષ્મ અવયવો સિદ્ધ થાય છે. ચોથા મહિનામાં સઘળાં અંગો તથા ઉપાંગો સ્પષ્ટ થાય છે. હૃદયની સ્પષ્ટતા થવાથી ચેતના પણ ચોથા મહિનામાં, સ્પષ્ટ થાય છે તેથી ગર્ભને ચોથા મહિનામાં, અનેક વસ્તુઓની ઇચ્છા થાય છે. એક પોતાનું અને બીજું ગર્ભનું, એવી રીતે તે સમયે સ્ત્રીના શરીરમાં બે હૃદય થાય છે, માટે ગર્ભિણી સ્ત્રી "દોહદિની" કહેવાય છે. ગર્ભવાળી સ્ત્રીને જે ઇચ્છા થાય, તેમાં ખામી રાખવામાં આવે, તો તે સ્ત્રીને ખુંધું. ઠુંઠું. નપુસક, ઠીંગણું, આંધળું, કાણું કે કાંગું સંતાન આવે છે. ગર્ભવાળી સ્ત્રીને જે ઇચ્છા (દોહેદ) ઉત્પન્ન થાય, અને તે પાર પાડવામાં આવે, તો તે સ્ત્રીને પરાક્રમી અને લાંબા આયુષ્યવાળું સંતાન પ્રાપ્ત થાય છે, એટલા માટે તેને જે વસ્તુની ઇચ્છા થાય તે વસ્તુ આપવી જોઇએ. ગર્ભિણી સ્ત્રી જે જે વસ્તુ ભોગવવાની ઇચ્છા કરે, તે તે વસ્તુઓ, ગર્ભિણીને હરકત થવાની બીકને

લીધે વૈદ્ય મેળવાવીને આપવીજ જોઇએ. જેની ઇચ્છા પુરી પાડવામાં આવે તે સ્ત્રી, ગુણવાન સંતતિ જણે છે અને જેની ઇચ્છા પૂરી ન પડે, તે સ્ત્રીને ગર્ભમાં અથવા પોતાનાં શરીરમાં હરકત ઉત્પન્ન થાય છે. ગર્ભિણી સ્ત્રીએ ઇચ્છેલી વસ્તુઓમાં જે જે ઇંદ્રિયનો વિષય સંબંધી તેની ઇચ્છા પુરી કરવામાં ન આવે, તો તે ઇંદ્રિયમાં ખોડખાપણ આદિ વ્યથાવાળું બાળક અવતરે છે. ગર્ભવાળી સ્ત્રી નોખા નોખા પદાર્થની ઇચ્છા થવાથી નોખાંનોખાં ફળ થાય છે. જે સ્ત્રીને રાજાનું દર્શન કરવાની ઇચ્છા થાય, તે સ્ત્રી ધનવાન્ અને અત્યંત પૂજ્ય પુત્ર જણે છે. જે સ્ત્રીને ઉતમ વસ્ત્રા ભરણ વગેરેની ઇચ્છા થાય તે સ્ત્રી વરણાગીયો અને રૂપાળો દીકરો જણે છે. જે સ્ત્રી તપસ્વીઓના આશ્રમમાં જવાની અથવા પોતાના સદ્ગુરૂના દર્શનની ઇચ્છા કરે તેને જીતેન્દ્રિ અને ધર્માત્મા સંતાન ઉત્પન્ન થાય છે. જે સ્ત્રીને સર્પની જાતિઓ જોવાની ઇચ્છા થાય, તે સ્ત્રીને હિંસા કરવાના સ્વભાવવાળું બાળક થાય છે. જે સ્ત્રીને આમાં કહ્યા સિવાયની કોઈ વસ્તુની ઇચ્છા થાય તે સ્ત્રી શરીર આચાર અને સ્વભાવથી ઇચ્છેલી વસ્તુના ગુણ-કર્મ-સ્વ ભાવ જેવી સંતતિ ઉત્પન્ન કરે છે. પાંચમે મહિને મન જાગરત થાય છે; અને છઠ્ઠે મહીને જાગ્રત થાય છે; સાતમે મહિને સઘળા અંગો અને ઉપાંગો સારી પેઠે સ્પષ્ટ થાય છે. આઠમા મહિનામાં એજ અનુક્રમથી મન અને બુદ્ધિ, જરાવારામાં બાળકમાં અને જરાવારમાં માતામાં આવજા કરે છે, તેથી મા અને દીકરો વારંવાર ખેદ તથા હર્ષ પામ્યા કરે છે તેથી જે પુત્ર અવતરે છે, તે જીવતો નથી. આઠમા મહિનામાં જન્મેલો જીવતો નથી, તેનું કારણ એજ છે કેમકે, તે મહિનામાં ઓજસ સ્થિર રહેતું નથી. સ્ત્રી નવમે મહિને, દશમે મહિને, અગિઆરમે મહિને અથવા બારમે મહિને પણ જણે છે. પરંતુ કાંઈ વિકાર હોય, તો એથી ઉપરાંતના સમયમાં પણ જણે છે.

ગર્ભમાં જો પુત્ર વીર્યનું સ્થાપન થયું હોય તો તે ગર્ભ બીજા મહિનામાં પીંડાકાર (ગોળ) માલમ પડે છે, અને તે સ્ત્રીનું જમણું નેત્ર, થોડું મોટું જણાય છે. પહેલાં જમણા સ્તનમાં દૂધ ઉત્પન્ન થાય છે. જમણી જાંગ પુષ્ટ થાય છે. મુખનો રંગ શ્રેષ્ઠ અને પ્રસન્ન જણાય છે. પુરૂષ સંજ્ઞાવાળા દ્રવ્યોની ઇચ્છાવાળી હોય છે. જેના ગર્ભમાં કન્યાના

ગર્ભની સ્થાપના થયલી હોય તેનો ગર્ભ બીજે માસે પેશી એટલે લાંબી ગાંઠ જેવો માલમ પડે છે અને તેમાં પુત્ર ગર્ભવાળી સ્ત્રી કરતાં, ઉલટાં લક્ષણ માલમ પડે છે અને જે સ્ત્રીના ગર્ભમાં નપુંસક બાળક હોય છે, તે સ્ત્રીના ગર્ભનો આકાર અર્બુદાકાર એટલે ખાસ ટેકરાવાળો પીંડ જણાય છે; બંને કૂંખોમાં ગર્ભ ઉંચો જણાય છે અને આગળથી પેટ મોટું દેખાય છે. એ નપુંસક ગર્ભના જુદા જુદા ભેદો છે તે પોતાનામાં રહેલા નપુંસકપણાથી અથવા પોતાને સંગતિદોષથી જે કુચેષ્ટાઓની ટેવ પડી ગઇ હોય, અથવા કોકશાસ્ત્ર જેવા શાસ્ત્રોને વાંચી તેના રહસ્યને સમજ્યા વિના, તેને ઉલટા અર્થમાં ગોઠવી, પોતાની મનોવૃત્તિના તરંગને આધીન થઈ, જે કુચેષ્ટારૂપ ક્રિયાઓ કરે છે તેવા ગુણવાળા, સ્વભાવવાળા અને ચેષ્ટાવાળા નપુંસક ઉત્પન્ન થાય છે. એ નપુંસક ૧ આસેકટ ૨ સુગંધી ૩ કુંભીક ૪ ઇર્ષક એ ચાર જાતના નપુંસકો, વીર્ય સહિત હોય છે અને પાંચમો પંઢ નામનો નપુંસક વીર્ય રહિત હોવાથી, અથવા વીર્યને વહન કરનારી તથા વીર્યને ગ્રહણ કરનારી સ્નાયુઓથી રહિત હોવાથી તે પંઢ (હીજડો) કહેવાય છે. માતપીતાના શુક્ર અને આર્તવ અલ્પ હોવાથી આસેક્ય નામનો નપુંસક થાય છે. તે નપુંસક જ્યારે અન્ય પુરૂષના વીર્યનું ભક્ષણ કરે છે ત્યારે મદોન્મત્ત થઇને મૈથુનની શક્તિવાળો થાય છે. એનું બીજું નામ મુખયોનિ છે. જે ગર્ભ દુર્ગન્ધવાળી યોનીમાં ઉત્પન્ન થાય છે, તેને સૌગંધિક નપુંસક કહે છે. તે જ્યારે લિંગ અને ભગની ગંધ સુંઘે છે ત્યારે પુરૂષત્વને પ્રાપ્ત થઇ શકે છે. એનું બીજું નામ નાસાયોનિ છે. જે નપુંસક પ્રથમ પોતે ગુદામાં ભોગ કરાવીને, સ્ત્રીમાં પુરૂષની સમાન આચરણ કરે છે, તે કુંભીક નપુંસક કહેવાય છે. તેનું બીજું નામ ગુદયોનિ છે. જે મનુષ્ય બીજા મનુષ્યને મૈથુન કરતાં દેખીને પછી મૈથુન કરવાને શકિતમાન થાય છે, તેને ઇર્ષક નપુંસક કહે છે. તેનું બીજું નામ દ્રષ્ટિયોનિ છે. અને જે પુરૂષ અજ્ઞાનતાથી મોહને વશ થઇને, સ્ત્રીની પેઠે પોતે સુઇને અને સ્ત્રીને પોતાના ઉપર ચઢાવીને સમાગમ કરાવે, તેથી જો પુત્ર ઉત્પન્ન થાય, તો તે સ્ત્રીના જેવાં લક્ષણવાળો થાય છે. અર્થાત્ દાઢી—

મૂછ રહિત અને લિંગ સહિત હોવા છતાં કાંઇ પણ કામ કરી શકતો નથી. તેને ષંઢ કહે છે. તથા સ્ત્રીના ઋતુકાળમાં આપ ઉપર ચઢે અને પુરૂષને નીચે રાખીને ભોગ કરે, તેમાં જો કન્યા ઉત્પન્ન થાય તો તે પુરૂષનાં લક્ષણવાળી થાય છે અને તે સદૈવ પુરૂષની પેઠે, સ્ત્રીના ઉપર આરૂઢ થઇને, તેની યોનિ સાથે પોતાની યોનિને ઘસે છે તથા તેને દાઢી મૂછના કાંઇ કાંઇ ચિન્હો માલમ પડે છે. બે સ્ત્રીઓ કામને વશીભૂત થઇને પરસ્પર યોનીનું ઘર્ષણ કરે છે, જેથી પોતાના રજથી હાડકાં વિનાનો ગર્ભ ઉત્પન્ન કરે છે. કોઇ સ્ત્રી ઋતુસ્નાત્ થયા પછી જો સ્વપ્નમાં પુરૂષની સાથે મૈથુન કરે, તો આર્ત્તવનેજ લઇને વાયુ કુખમાં ગર્ભને ઉત્પન્ન કરે છે. તે ગર્ભ માસે માસે ગર્ભનાં લક્ષણ સહીત વધે છે અને જ્યારે પ્રકટ થાય છે, ત્યારે પિતાના ગુણથી વર્જિત કેશ, દાઢી, મૂછ, રોમ, નખ, દાંત, નાડી આદિથી હીન હોય છે. જે ગર્ભ સાપ, વીંછુ, કુષ્માંડની આકૃતિવાળો અથવા વિકૃત, સ્ત્રીઓના દોહદને પૂર્ણ નહિ કરવાના પુરૂષના પાપને લીધે ગર્ભ, આગળ કહ્યું તેમ હીન ઇંદ્રિઓવાળો થાય છે. તેવીજ રીતે, જેવો આહાર, જેવી ચેષ્ટા તથા જેવાં આચરણ સહિત સ્ત્રી પુરૂષો મૈથુન કરે છે, તેવા પ્રકારની ચેષ્ટાવાળો ગર્ભ ઉત્પન્ન થાય છે. સ્ત્રી પુરૂષના રજવીર્યને ગર્ભધાન સમયે, વાયુ પોતાના બળે કરીને, બે ભાગમાં વહેંચી નાંખે છે, જેથી ગર્ભમાં બે સંતાન ઉત્પન્ન થાય છે. તેમાં રજ અને વીર્યનો, બરાબર વિભાગ થઇ જાય, તો બે પુત્રો અથવા બે કન્યા ઉત્પન્ન થાય છે, પરન્તુ વાયુ પોતાનું સમતોલપણું ગુમાવી, માતાના આહારને પરિપક્વ દશામાં આવતાં પહેલાં રજ અને વીર્યના વિભાગ કરી નાખે તો, તે ગર્ભમાં એક પુત્ર અને એક કન્યા રૂપે બે સંતતિ ઉત્પન્ન થાય છે. આગળ વર્ણવી ગયા તેમ, ગર્ભસ્થાપન થવાને માટે ૧૬ રાત્રિ પર્યન્તનો કાળ નિશ્ચય કરવામાં આવ્યો છે, પરંતુ કેટલીકવાર એવું બને છે કે, ઋતુકાળ આવતાં પહેલાં એટલે ઋતુસ્નાત્ પછી એક માસ પૂર્ણ થવા અગાઉ, જ્યારે સ્ત્રીને ખબર પડે છે કે, હવે ઋતુ પ્રાપ્ત થશે, અર્થાત્ પોતાના સ્તનમાં ભાર દેખાય છે, કમ્મરમાં દુઃખાવો થાય છે, પેઢુંમાં ઝીણી ઝીણી શૂળ મારે છે, તથા

યોનિદ્વારમાં દુર્ગંધી ઉત્પન્ન થાય છે, એટલે સ્ત્રીઓ સમજી જાય છે કે, હવે એક બે દિવસમાં ઋતુ પ્રાપ્ત થશે. જો અરસામાં ગર્ભસ્થાનમાં રજ આવી ચુકેલું હોય છે, તે સમયમાં સુરત સમાગમ કરવામાં આવે તો ઘણે ભાગે ગર્ભ રહેવાનો સંભવ છે, અને જો રહે છે, તેમાં કયાં તો સ્ત્રી ગર્ભ રહ્યાના માસ ગણતાં ભૂલી છે એમ કહેવામાં આવે છે, અથવા ઉપર કહ્યું તેમ, વાયુથી વિભાગ પડી, બે ગર્ભ ધારણ થવાથી ત્રીજો ગર્ભ રહે છે, એટલે અપવાદ તરીકે સ્ત્રી બાળકને જન્મ આપે છે. આ ઠેકાણે કોઇ પ્રશ્ન કરે કે ગર્ભાશયના બે પડદા છે, તે સિવાય ગર્ભાશયમાં બાળકને રહેવાની જગ્યા નથી, તો પછી ત્રીજા અથવા તે કરતાં વધુ બાળકનો શી રીતે સમાસ થયો ? તેના જવાબમાં જણાવવાનું કે, એક સ્થાનમાં એક અથવા એકથી વધારે બાળક રહી શકે છે, કારણ કે મનુષ્ય જરાયુજ ખાણનું પ્રાણી છે, એટલે બાળકની આસપાસ જરાયુનો એક પડદો બંધાય છે; તે પડદામાં બાળક અને બાળકની આસપાસ, પાંચ તત્વથી મળેલો મસાલો પાણીરૂપે રહે છે; તે પાણી પ્રસુત સમયે પહેલું વહી જાય છે અને તે પડદો (જરાયુ) ફાડીને, બાલક બહાર આવે છે, જેથી બાળક જન્મ્યા પછી તે પડદામાં રહેલો મસાલો, ઓળના નામથી બહાર પડે છે, એટલે એક ગર્ભસ્થાનમાં ગમે તેટલા ગર્ભો ઉત્પન્ન થાય. પરંતુ તેની જરાયુ જુદીજુદી હોવાથી, એક બીજાને સ્પર્શ કર્યા સિવાય અથવા અડચણ કર્યા સિવાય, વૃદ્ધિ પામી બાળકરૂપે જન્મી શકે છે, અને તે જન્મ્યા પછી તેની જુદી જુદી ઓળ પડે છે. પરંતુ એટલું તો નક્કી થાય છે કે, બે કરતાં વધુ બાળકોને રહેવાની જગ્યા નહિ હોવાથી, તેને વધવામાં સંકોચ થાય છે, જેથી તે બાળકો કદમાં ઘણાં નાનાં ઉત્પન્ન થાય છે, પરંતુ દૈવ યોગે જરાયુનો પડદો અંદરથી ફાટી, બે જરાયુ જોડાઈ જાય છે, તો તે બે ગર્ભ, સાથે જોડાઇને ચોંટેલી અવસ્થામાં જન્મે છે, જેથી તે ચાર પગવાળા, ચાર હાથવાળા અને બે માથાવાળા દેખાય છે. આવાં જોડાયલાં બાળકો અમારી નજરે જોવામાં આવ્યાં નથી પણ શ્રીયુત્ ડૉકટર સાહેબ ત્રિભોવનદાસ મોતીચંદ શાહે પોતાના "શરીર અને વૈદકશાસ્ત્ર" નામના પુસ્તકમાં, એવાં વિકૃત ગર્ભોનાં ચિત્ર આપેલાં છે, એટલે હાલની પશ્ચિમની વિદ્યા પણ એ વાતને પુષ્ટિ આપે છે.

આપણે ઉપર જણાવી ગયા તેમ, ગર્ભને પ્રસવ થવાનો કાળ વધુમાં વધુ ૧૨ માસનો જણાય છે. પણ જો ગર્ભ વિક્રિયાને પામે તો અમર્યાદ કાળ સુધી તે, ગર્ભમાં રહી શકે છે, કારણ કે દુષ્ટ પિતા અને પિતાના પક્ષના સંબંધીઓ, કુળ મોટાઇના અભિમાનથી અથવા કોઇ બીજા કારણથી. સ્ત્રીના ઉપર જુલમ ગુજારે અને તે સ્ત્રી, હંમેશાં ભયમાં અથવા ક્લેશમાં રહે, તો તે ગર્ભ અધુરે પડી જવાનો અથવા ગર્ભવાસમાં મરણ પામવાનો વધારે સંભવ છે, પણ કદાચ પ્રસવકાળ સુધી રહે તો, પ્રસવ્યા પછી પણ, તે અલ્પાયુષિ થાય છે. તેવી રીતે જો ગર્ભવાળી માતાને કામનો અથવા શોકનો અથવા ભયનો પ્રસંગ આવે, અને તે માતા હંમેશાં ગ્લાનિવાળી અવસ્થામાં રહે તો "काम शोका भयाद्वायु" એ વચન પ્રમાણે કામ, શોક અને ભયથી વાયુ ઉત્પન્ન થઇ, તે ગર્ભને સુકાવી નાંખે છે, તેને આપણા લોકો "છોડ થઇ ગયું" એમ કહે છે, અને એ બાબતમાં શુશ્રૂત, ચરક, વાગ્ભટ્ટ અને શારંગધર જેવા માન્ય ગ્રંથો તથા ભાવપ્રકાશ અને નિઘંટ રત્નાકર જેવા સંગ્રહ ગ્રંથો પણ વાયુથી શુષ્ક થયલા ગર્ભને, ઉપવિષ્ટક નામથી ઓળખાવે છે, અને તે અપરિમિતકાળ સુધી ગર્ભમાં રહી શકે છે. આ બાબતમાં પશ્ચિમની વિદ્યાને જાણનારા અને તે સિવાયના બીજા ચિકિત્સા શાસ્ત્રોને નહિ માનનારાઓનો, એવો મત છે કે ગર્ભમાં બાળક ૨૮૦ થી ૩૧૦ દિવસ કરતાં વધુવાર રહેતુંજ નથી, અને નામદાર બ્રિટિશ સરકારની પ્રતિનિધિ રૂપ હાઇકોર્ટે પણ એટલીજ મુદત ઠરાવેલી છે તો, આ બાબતમાં તમારી વાતને કોણ માને? એવો પ્રશ્ન કરનારને જણાવવાનું કે, શુષ્ક થયલા ગર્ભની ચિકિત્સામાં, આયુર્વેદના આચાર્યો પૌષ્ટિક, બળવર્ધક, વાયુને પરિહારક ઔષધિઓ તથા ખોરાક આપવાનું નિદાન કરે છે, તે ઉપરાંત જગે જગે. એવા શુષ્ક ગર્ભને પોષણ કરી, પ્રફુલ્લાવસ્થામાં લાવી, બાળક રૂપે જન્માવવા માટે માંસરસ આપવાની ભલામણ કરે છે; એ ઉપરથી સાબીત થાય છે કે માંસાહારી પ્રજામાં માંસ આહારને લીધે તેની ગરમીથી વાયુ કોપ પામી ગર્ભને સુકવી શકતો નથી. પશ્ચિમના શાસ્ત્રોમાં એ વાતનું પ્રતિપાદન નહિ કરવામાં આવ્યું હોય, તો તેમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી; પરંતુ અમારા આયુર્વેદમાં આ વિષયને ટુંકમાં પણ

પુલ્લા શબ્દોમાં ચર્ચવામાં આવ્યો છે. એવી એવી રીતે બાળકને ગર્ભાશયમાં રહેવાની કાળ મર્યાદા બાંધી શકાતી નથી. એ ઉપરાંત ગર્ભિણી માતા પોતાના મનોવિકારને તાબે થઇ, જેવા જેવા વિચારનું સેવન કરે છે, તેવા તેવા સ્વભાવવાળા પુત્રને ઉત્પન્ન કરે છે. પરંતુ એ વિષયનો અત્રે પ્રસંગ નહિ હોવાથી, જ્યારે "ઉત્તમ અંગવાળી, સુશોભિત અને ઉત્તમ આચરવાળી પ્રજા શી રીતે ઉત્પન્ન કરી શકાય ? એ વિષે કાંઇક લખવાનો પસંગ આવશે ત્યારે તે વિષયમાં સર્વ વાતનો સમાવેશ થશે, માટે હાલતો આટલું ટુંક વિવેચન કરી વિરમીએ છીએ. ઇત્યલમ્.

તારીખ ૨૪–૩–૧૮ રવીવાર	—: પ્રયોજક :— શા. તિલકચંદ તારાચંદ વૈદ–સુરત. —: લેખક :— ઇશ્વરલાલ રતનલાલ ત્રિવેદી–સુરત.



आयुर्वेद निबंधमाळा.

(७)

કેવે પ્રકારે ઉત્તમ ગુણ–કર્મવાળી અને રૂપાળી સંતતિ ઉત્પન્ન કરી શકાય?

આ દુનિયામાં કુદરતનો નિયમ એવો જણાય છે કે, દરેક પ્રાણીએ પોતાની જાતની ઉન્નતિ કરી સૃષ્ટિની શોભામાં વધારો કરવો તથા સૃષ્ટિમાં પ્રાણીની ઉત્પત્તિ કરવાનો ક્રમ ચાલુ રાખવો. જેઓ સૃષ્ટિની વૃદ્ધિ કરવાના કામમાં આડે આવે છે, તેઓ કુદરતના ગુન્હેગાર ગણાય પરંતુ જે કામ કરવાની જેને ફરજ પડી હોય, અથવા જે કામ કરવાની જેની ઇચ્છા હોય તેણે, તે કામ કરવાનો અધિકાર મેળવવો જોઇએ. જો અધિકાર મેળવ્યા સિવાય કામ કરવા માંડે, તો તે કામ યથાર્થ રીતે જેવું જોઇએ તેવું, પાર પડી શકે નહિ કાત્યાયન સૂત્રના પ્રથમ સૂત્રમાં કહ્યું છે કે;–"अक्षातः अधिकारः" એમ લખીને પ્રથમ અધિકારીનું વર્ણન કર્યું છે તે પ્રમાણે દરેક કામ કરવા માટે અધિકારી થવાની જરૂર છે. જ્યારથી આપણા દેશમાં દરેક કામ કરવાનો અધિકાર મેળવ્યા સિવાયના માણસને કામ સોંપવાનો રિવાજ પડ્યો, ત્યારથી દેશની પ્રગલ્ભ શોભાનો નાશ થવા માંડ્યો. જેમ બ્રાહ્મણને આજે પણ તે વેદ ભણેલો, શાસ્ત્ર ભણેલો, જ્યોતિષ ભણેલો, વૈદક ભણેલો નહિ હોય, તો પણ તેને દ્વિવેદી, ત્રિવેદી, ચતુર્વેદી શાસ્ત્રી, જોશી, વૈદ્યના નામથી ઓળખવામાં આવે છે, તેને તે કાર્ય કરવા બેસાડીએ તો તે કાંઇ પણ કરી શકે નહિ, પણ ઉપરોકત પદનો જેણે અધિકાર મેળવ્યો હોય, તેને તે તે કામ સોંપવામાં આવે, તો તે યથાર્થ રીતે કરી શકે છે, તેજ પ્રમાણે મનુષ્ય સંતતિ ઉત્પન્ન કરવાનું કામ અધિકાર મેળવ્યા સિવાય સોંપવામાં આવે, તો તે સૃષ્ટિમાં શોભારૂપ બાળક ઉત્પન્ન કરી શકે નહિ. એ ઉપરથી સાબીત થાય છે કે, સંસારમાં ઉત્તમ ગુણ–કર્મવાળી અને રૂપાળી સંતતિ ઉત્પન્ન

કરવા માટે, તેનો ખાસ અધિકાર મેળવવાની જરૂર છે. સંતતિ ઉત્પન્ન કરવાના કામમાં સ્ત્રી એ મુખ્ય પાત્ર છે અને પુરૂષ તેનો સહાયકારી છે. જો પુરૂષ ગમે તેવો વિદ્વાન ડાહ્યો અને બુદ્ધિશાળી હોય, પરંતુ તેને સ્ત્રી એવા ગુણવાળી નહિ મળી હોય, તો તેની સંસારની શોભા વધારવાની ઇચ્છા નિષ્ફળ થાય છે. અર્થાત તે મરજી પ્રમાણેનાં બાળક ઉત્પન્ન કરી શકતો નથી પણ જો ઉપર કહેલા પુરૂષના જેવા ગુણવાળી સ્ત્રી હોય, અને પુરૂષ તેવો ન હોય, તો સ્ત્રી પોતાના અધિકાર પ્રમાણે ઉત્તમ સંતતિ ઉત્પન્ન કરી શકે છે. માટે ઉત્તમ સંતતિ ઉત્પન્ન કરવા સારૂ પ્રથમ સ્ત્રીને અધિકારીણી બનાવવાની ખાસ જરૂર છે, અને પુરૂષને તેનો સહાયક થવા માટેનો અધિકાર મેળવવાની ખાસ જરૂર છે. જો સ્ત્રી અને પુરૂષ સરખા અધિકારી હોય, પછી તે ભલેને થોડું ભણેલાં, નિર્ધન કે કોઈ અવ્યવસ્થિત દશામાં મુકાયલાં હોય, તોપણ તે પોતાના અધિકારથી સારી સંતતિ ઉત્પન્ન કરી શકે છે.

સવાલ થાય છે કે, સારી સંતતિ એટલે શું? શરીરે ગોરવર્ણું ભરાઉદાર, બળવાન, અને રૂપાળી સંતતિ સારી કહેવાય? કે શરીર ભલે રૂપાળું ન હોય, પણ વિદ્વાન, ધીમાન અને ઐશ્વર્યવાન સંતતિ સારી કહેવાય? અથવા ઉપરોક્ત ગુણવાળી સંતતિ ઉત્પન્ન થયાં છતાં, તેમાં આત્મબળની ખામી હોય, તે ઉત્તમ ગણાય? આ પ્રશ્નનો ઉત્તર અમારી બુદ્ધિ પ્રમાણે, જેનું શરીર, જેનું અંતઃકરણ અને જેનો આત્મા સુશોભિત હોય તેજ ઉત્તમ સંતતિ ગણાય, નહિ તો એકલા શરીરની શોભાવાળો પુત્ર કાંઇ ઉત્તમ ગણાય નહિ જેમકે—

यौवनं धन संम्पत्ति, प्रभुत्व मविवेकिता
एकैक मप्यनर्थाय किमु यत्र चतुष्टयम

અર્થાત્ યોવન, ધનસંપત્તિ, અને પ્રભૂતા તથા અવિવેક એ ચારે પૈકી એક એક અનર્થ કરનારાં નીવડે છે, તો જ્યાં ચારે ઐશ્વર્ય ભેગાં થયાં હોય, તો કેટલો અનર્થ કરશે? એટલા માટે અમારે કહેવું પડે છે કે શરીર અંતઃકરણ અને આત્મા એ ત્રણે રૂપાળાં હોવાં જોઇએ અને તે ત્રણેને રૂપાળાં કરવા માટે સ્ત્રીને સંપૂર્ણ અધિકારીણી બનાવવી જોઇએ.

એટલા માટે સ્ત્રીને પાંચ પ્રકારની પરીક્ષામાંથી પસાર થઈ, પાંચ પ્રકારના અધિકા મેળવવાની ખાસ જરૂર છે. પહેલો અધિકાર સ્ત્રીને કન્યારૂપે પસાર કરવાનો છે, એટલે તે અવસ્થામાં મા બાપને ઘેર રહી, લાડપાડથી મોટી થઈ, સ્વતંત્ર આચરણવાળી અને ઇચ્છા પ્રમાણે ઇચ્છિત વસ્તુને મેળવનારી વૃત્તિમાંથી છુટીને, લગ્ન થયા પછી સ્વસુર પક્ષમાં કેવળ અજાણ્યા, કેવળ અપરિચિત, અને કેવળ જેના ગુણ–કર્મ–સ્વભાવ જાણેલા નથી એવા કુટુંબના સહવાસમાં જઈને, પોતાના પિતાના ગૃહમાં મેળવેલી અને ભોગવેલી સ્વતંત્રતાને દબાવી, સ્વસુર ગૃહના અપરિચિત માણસોના તાબામાં રહી, યશ અને કીર્તિ મેળવવા માટેનો ઉદ્યોગ કરવો, તે જો કન્યાવસ્થામાં કેળવણી લઈને, કન્યાનો અધિકાર મેળવ્યો હોય તોજ, સાસરામાં નિર્વાહ કરી બીજો અધિકાર, વહુ તરીકેનો મેળવી શકે છે; એટલા માટે માબાપોએ, પોતાની પુત્રીને વહુ તરીકેનો અધિકાર સાસરામાં જઈને મેળવે, એટલી કેળવણી આપવાની ખાસ જરૂર છે. બીજો અધિકાર વહુ તરીકેનો આવે છે. તે અધિકારમાં, પોતાના પિતાના લાડપાડને ભૂલીને, સસરાના ઘરનો તમામ ભ વહન કરવાની શક્તિ હોય, અને જુદી જુદી વૃત્તિના, જુદા જુદા સ્વભાવના મનુષ્યોના મનના ધારેલા વિચારને અનુકૂળ થવાના સ્વભાવની બુદ્ધિ ખીલેલી હોય, એટલે પોતાની મનોવાસનાને દાબી રાખી પોતાની અનિચ્છા છતાં, મુખપર હાસ્ય કાયમ રાખી, દુઃખનો શોકનો, ઇર્ષાનો, દ્વેષનો કે અપૂર્ણતાનો ભાસ, સામા માણસના જોવામાં નહિ આવે એવી રીતે મનથી, વચનથી અને શરીરથી વર્તન ચલાવી, પોતાનો વહુ તરીકેનો અધિકાર સ્થાપિ આખા કુટુંબના કાર્યનું વહન કરે, ત્યારે તે વહુ કહેવાય છે. તે પછી ત્રીજો અધિકાર ગૃહિણીનો આવે છે. ગૃહિણી શબ્દનો અર્થ એવો થાય છે કે, તે સ્ત્રીએ ગૃહના માલીક થઇ પડવું એટલે એવું વર્તન ચલાવવું જોઇએ કે, સ્વસુર પક્ષમાં પોતાના સસરા સાસુ જેઠ, જેઠાણી, દીએર, દેરાણી, નણંદ અને તેનાં સંતાનો, તથા ઘરમાં દાસ દાસીઓ હોય તે સર્વે, તેને પુછીને કામ કરે. અર્થાત્ એવી યુક્તિવાળું બોલવું કે જે સત્ય અને પ્રિય હોય, જેથી સર્વેનો વિશ્વાસ સંપાદન કરી લેવાય; એટલે આ વહુ ઘણી બુદ્ધિશાળી છે, જેથી

તેની સલાહ દરેક કામમાં લેવી જોઇએ, એવો વિચાર ઘરના વડીલોના મનમાં સ્થાપન કરવો, અને જ્યારે એટલો અધિકાર અથવા વિશ્વાસ સ્થાપન કરી શકાય, ત્યારેજ તે ગૃહણી કહેવાઇ શકે છે; અને તે ગૃહણી અવસ્થામાં રહીને, તેને માતાનો અધિકાર મેળવવાની જરૂર છે, એટલા માટેજ આપણા લોકોમાં સાધારણ રિવાજ પડી ગયો છે કે, પ્રથમ અવસ્થામાં માતાનો અધિકાર મેળવવાને લાયક જે સ્ત્રી થાય છે, તેને અગૃહિણી એટલે અઘરણી આવી છે એમ કહે છે. મતલબ એવી છે કે, એવી અવસ્થામા જ્યારે ગર્ભવાળી સ્ત્રી, પોતાના ગર્ભના ભારથી અકળાતી હોય, ત્યારે સ્વસુર પક્ષના વડીલોએ તેનો પાંચમે મહિને શ્રીમંતોનયન કે પુંસવન સંસ્કાર કરી, તેના મનનો ભાર ઓછો કરવા સારૂ, તેને અગ્રહણીનું રૂપ આપી, પોતાના પિતાને ઘેર વિદાય કરવી, એવી રૂઢી, આજે પણ ચાલતી છે. એ ગૃહણી અવસ્થામાં માતાનો અધિકાર મેળવ્યા પછી અને અગૃહણીનું રૂપ ધારણ કર્યા પછી સાસુનો અધિકાર મેળવવાની જરૂર જણાય છે, એટલે માતા થયા પછી તેને સાસુનો અધિકાર મેળવવો પડે છે; કેમકે ઉત્તમ સંતતિ ઉત્પન્ન કરવાવાળી ગૃહણીમાં ગમે તેટલી સંપૂર્ણતા હોય તથાપિ સાસુ સ્વભાવે કર્કશા હોય તો કોઇ પણ પ્રકારે, ઇર્ષા અથવા દ્વેષથી તથા પોતાના કુળમોટાઇ કે વડીલપણાના અભિમાનથી, પોતાના ઘરમાં અધિકાર ભોગવતી ગૃહિણીને અગૃહિણી અવસ્થામાં એવો ક્ષોભ ઉત્પન્ન કરે કે, જેથી ગૃહિણીના અધિકારવાળી માતાના અધિકારને પામતી ગર્ભિણી સ્ત્રી ગર્ભના વૃદ્ધિકાળમાં, પોષણકાળમાં, ગર્ભના વાંસનાલિંગને તથા આત્માને સુસંસ્કાર આપવાના કાર્યથી ચ્યુત થઇ જાય; જેથી ધારેલા રૂપ, ગુણ અને આરોગ્યતાવાળા બાળકને બનાવવામાં ખામી આવે. એટલા માટે માતાએ કન્યા તથા વહુ થવાય એટલી કેળવણી આપવી, અને તે પછી સાસુએ ગૃહિણી, માતા અને સાસુનો અધિકાર પ્રાપ્ત થાય એટલી કેળવણી આપવી સાસુના અધિકારમાં પાસ થયલી સાસુ, પોતાના પુત્રને સારી સંતતિ ઉત્પન્ન કરવાને સહાયભુત, અને ગૃહિણીને ઇચ્છા પ્રમાણેનાં બાળક ઉત્પન્ન કરવાને માર્ગદર્શિકા થાય, અને તે તે કાર્યમાં જ્યારે જ્યારે જરૂર

પડે ત્યારે, સાસુનો પુત્ર અને ગૃહિણીનો પતિ, તેને સહાયક થાય તોજ, ઉત્તમ ગુણ–કર્મવાળી અને રૂપાળી સંતતિ ઉત્પન્ન કરી શકાય.

આપણા આયુર્વેદમાં એટલું તો વર્ણન કરવામાં આવ્યું છે કે, ઋતુસ્નાત થએલી સ્ત્રીએ, ઋતુસ્નાત થયા પછી પોતાના સ્વામી સિવાય કોઇનું પણ મોઢું જોવું નહિ. તેજ વાતને લઇને તેના ઉપર કાંઇક અખતરા કરીને, અથવા તેના ઉપર વધારે વિવેચન કરીને, પશ્ચિમના વિદ્વાનોએ એ બાબતમાં પુસ્તકો લખ્યાં છે, પરંતુ અમારામાં ચાલતી કહેવત પ્રમાણે "બાપ તેવા બેટા" એટલે બાપના જેવો છોકરો ઉત્પન્ન થવો જોઇએ. પશ્ચિમના વિદ્વાનોએ લખેલાં પુસ્તકો વાંચતાં જણાય છે કે, તે લોકોએ માત્ર શરીર રૂપાળું, સુશોભિત અને આકર્ષક બનાવવાનાં સાધનો માટેજ લખ્યું છે; પરંતુ અમારા આયુર્વેદે પિતાનાં શરીર, અંતઃકરણ અને આત્માના જેવાં બાળક ઉત્પન્ન કરવાનું વિધાન કરેલું છે, પણ તે ઘણું સંક્ષિપ્તમાં હોવાથી વિદ્વાન વૈદ્યોએ અને વૃદ્ધ વડિલોએ તેના ઉપર વિચાર કરી, તે દિશાએ વહન કરવાનું છે.

જો એક માતા, પોતાને રૂપાળું બાળક ઉત્પન્ન કરવાની ઇચ્છા રાખતી હોય, તો તેણે અમુક માણસને પ્રથમથી મુકરર કરવો કે, આ મનુષ્યના જેવો મારે ત્યાં પુત્ર ઉત્પન્ન થાય. જો એમ કરવામાં નહિ આવે અને કોઇ અંજાણ્યું ભળતીજ છબી અથવા ચિત્રની પસંદગી કરી, તેના ઉપર તિવ્ર ધ્યાન આપે, તો ઘણે ભાગે તે ચિત્ર જેવી સંતતિ ઉત્પન્ન થાય; પરંતુ તેમાં જોઇતા ગુણો ઉત્પન્ન થઇ શકે નહિ. જો એક માતા પોતાના ઉદરથી રૂપ–ગુણસંપન્ન સંતતિ ઉત્પન્ન કરવાની ઇચ્છા ધરાવતી હોય, તો તેણે બનતાં સુધી પોતાના માનેલા દેવ–ગુરૂની પ્રતિમા ઉપર ધ્યાન રાખવું, અથવા પોતાના વંશમાં કોઈ પ્રભાશાળી, બુદ્ધિશાળી, બળવાન્ અથવા દેશોદ્ધારક પુરૂષ ઉત્પન્ન થયો હોય, તો તેની છબી ઉપર પ્રેમથી અવલંબન કરી, તેના જેવું રૂપાળું મનુષ્ય દુનિયામાં બીજું છેજ નહિ, અથવા તેના જેવા ગુણવાળું મનુષ્ય બીજું નથી, એવો દૃઢ સંકલ્પ કરવો અને તે પછી ગર્ભ ધારણ કરવો. જો પ્રથમથી માતાના અંતઃકરણમાં મહાપુરૂષની છબી ચિત્રાઇ ગઇ નહિ હોય, તો ગર્ભ રહ્યા

પછી જ્યારે એક મહિના બાદ ખબર પડે કે મને ગર્ભ રહ્યો છે, અને તે પછી બાળક કોના જેવું ઉત્પન્ન કરવું, તેની ચુંટણી કરતાં ઘણા પુરૂષો ઉપર ધ્યાન દોડાવવામાં આવે, તો કુદરતનો નિયમ એવો છે કે, જેમ ગર્ભમાંથી બાળક બહાર પડે કે તેજ વખતે સૂર્ય, ચંદ્ર અને ગ્રહોનાં કીરણો ઋતુ, અયન અને કાળના પ્રભાવો, તેની ઉપર પડે છે, તેમ ગર્ભમાં વીર્યનું સ્થાપન થયું, કે તેજ વખતે જે જે માણસની આકૃતિ ગુણ, સ્વભાવ સ્મૃતિમાં આવે, તેની છાયા ગર્ભ ઉપર પડે છે. તે પછી બીજી ચુંટણી થઇ, એક છબીને ધ્યાનમાં લેવા માટે મુકરર કરીને તે ઉપર ચિત્ત ચોંટાડતાં સુધીમાં જેટલો સમય વિતી જાય તેટલા સમયમાં, જેટલાં સ્વરૂપો જેવાં જેવાં ગુણવાળાં તથા રૂપવાળાંનું સ્મરણ થતું જાય, તેટલાં તેટલાં રૂપ–ગુણની છાંયા પડવાથી, તે બાળકમાં ગુણની તથા રૂપની, સંકરતા થાય.

એટલા માટે આયુર્વેદાચાર્યોએ, પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સિવાય બીજા પુરૂષનો સ્વપ્ને પણ વિચાર નહિ કરવાનો હોવાથી ઋતુસ્નાત થયા પછી, પોતના પતિ સિવાય કોઇનું પણ મોહુ જોવાનો નિષેધ કર્યો છે; તથાપિ દરેક મનુષ્યોનાં અંતઃકરણ તથા સ્વરૂપ અને શરીર, ઉન્નતિને પામેલાં નહિ હોવાથી, દરિદ્રિ ને ધનવાન, નિર્બળ ને બળવાન, મૂર્ખ ને ગુણવાન અને હીનાવસ્થાવાળાને ઐશ્વર્યવાન સંતતિ ઉત્પન્ન કરવાની સ્વાભાવિક ઇચ્છા હોય છે; એટલા માટે ઉપર કહેવામાં આવ્યું છે કે, પતિથી બીજે નંબરે, પોતે માનેલા દેવ–ગુરૂના સ્વરૂપનું આલંબન કરવું એ વધારે નિર્દોષ અને બંધ બેસતું છે હવે વિચાર કરવાનો એ છે કે, એક સ્ત્રીએ પોતાની કન્યાવસ્થામાં રામ–કૃષ્ણ જેવા ગૃહસ્થધર્મને જાણનારા તથા રાજ્યધર્મને જાણનારા પુરૂષનું વર્ણન જાણેલું છે, તેમાંથી તેની સ્વભાવ પ્રકૃતિને બંધબેસતું. કયું રૂપ અને કોના ઉપર તેને વિશેષ પ્રેમ ઉત્પન્ન થાય છે, તેની લાગણી તપાસી માતાએ તે કન્યાને રામના અથવા કૃષ્ણના ગુણનું સ્થાપન, પોતાની કન્યાના અંતઃકરણમાં કરવું અને તે પછી, જ્યારે વહુ થવાનો પ્રસંગ આવે, ત્યારે સાસુએ તે તત્વોનું પોષણ કરવું, અને પતિએ તે-વિષયમાં સહાયભુત થવું. જો તે સ્ત્રીને રામચંદ્રના ઉપર પ્રીતિ દેખાય તો, તેના રૂપનું, બળનું, પ્રથમ આરોહણ

કરાવવું, એટલે તેના ગર્ભમાં રહેલું બાળક તેવા રૂપવાળું તથા બળવાળું થવાનું જ, અને પછી તેના ગુણનું વર્ણન, અહોરાત્ર તેના મન ઉપર લાવતા રહેવું, જેથી તે બાળક માતૃભક્ત, પિતૃભક્ત, ભ્રાતૃભાવ અને પ્રજાવાત્સલ્યવાળું ઉત્પન્ન થશે. પરંતુ તેને જેમ સીતાનો મનોર્થ પુરવા માટે એક મૃગની પાછળ દોડતાં અને સ્ત્રીને એકલી મુકી, સ્ત્રીહઠને તાબે થતાં તથા એક ધોબીના મહેણાથી સાહસ કરી, પોતાની પતિવ્રતા સ્ત્રીને કોઇપણ કારણ સિવાય, વનમાં તજી દેતાં અને પછી પશ્ચાત્તાપ કરતાં જે વર્ણવવામાં આવ્યા છે, તે ભાગ સ્ત્રીના અંતઃકરણ ઉપર બીલકુલ આવવા દેવો નહિ જો એ ભાવ આવે, તો સંતતિ રૂપાળી તથા બળવાન્ તો થાય, પણ તેની સાથે ખોટી હઠ કરનારી. સાહસ કરનારી, જનસમૂહથી ડરી જનારી અને સત્ય વાત ઉપર દૃઢ નહિ રહેનારી તથા એક માણસ નિર્દોષ છે એમ જાણવા છતાં તેના ઉપર જુલમ ગુજારનારી ઉત્પન્ન થશે. તેજ પ્રમાણે મહાત્માશ્રી કૃષ્ણચંદ્રની છબી આદર્શરૂપ ગણીને તેના ઉપર દૃષ્ટિ ફેરવી, તેના ગુણનો આવિર્ભાવ સંતતિમાં કરવામાં આવે, તો તે વખત પણ ચીરહરણલીલા, દાણલીલા, રાધીકાવિવાહ અને પોતાના કુટુંબને જાદવાસ્થળીનું કારણભુત એવું જે દારૂનું વ્યસન, જેથી કૃષ્ણચંદ્ર જેવા યોગેશ્વરના ચરિત્રને ડાઘ લાગવા જેવું વર્તન ચીતરવામાં આવ્યું છે, તેનાથી દૂર રહી શકાય એવું વર્ણન આપવાની ખાસ જરૂર છે. ઘણા વખતથી શ્રીમાન્ શ્રીકૃષ્ણચંદ્રની ભક્તિ, જે "સખી" ભાવે કરવાનો પ્રથા પડી ગયો છે, તે ભાવને દૂર કરી "સખા" ભાવે તેના ગુણ ગાવાનું શીખવવાની આપણી ખાસ ફરજ છે. જો કોઇ પણ મહાત્માનું અથવા આદર્શ સત્પુરૂષનું ચિત્ર ખડું કરી, તેની છાપ ગર્ભવતીના ગર્ભમાં રહેલા બાળકના ઉપર પાડવા, અથવા તેના ગુણ બાળકમાં ઉત્પન્ન કરવાની ઇચ્છા હોય, તો તે એવા પુરૂષનું ચરિત્ર, જેમ બને તેમ શુદ્ધ વણવેલું હોવું જોઇએ. જો એ પ્રમાણે નહિ થઇ શકે તો, સદ્ગુણ કરતાં દુર્ગુણનો આવિર્ભાવ જલદીથી થતો હોવાને લીધે; દુર્ગુણની છાપ જલદી પડે છે. આપણા લોકમાં શ્રીકૃષ્ણચંદ્રના ચરિત્રમાંથી શ્રીમદ્ ભગવદ્ગીતાનો પાઠ કરવાનો, ભણવાનો અને તેનું મનન કરવાનો સામાન્ય રિવાજ ચાલે છે,

પરંતુ આશ્ચર્ય એ છે કે, જે ગીતાને એકવાર સાંભળવાથી અર્જુને છોડી દીધેલાં હથિયાર ગ્રહણ કરી, ભારત જીત્યું, તે ગીતાનો નિત્ય પાઠ કરનારાઓમાં કલેશ, વેર, ઈર્ષા, દ્વેષ, ભીરૂતા, કાયરતા, શઠતા, અને કૃતઘ્નતા ઘણે ભાગે જોવામાં આવે છે!!! તે કાંઈ ગીતાનો દોષ નથી, પરંતુ શ્રીમાન્ કૃષ્ણચંદ્રના ચરિત્રમાં, જે બાળલીલાનું અસંભવિત વર્ણન વાંચેલું, સાંભળેલું અને મનન કરેલું હોવાથી, તેના ઉપર ગીતાની ખરેખરી છાપ, પડી શકતી નથી, અને તેથીજ આપણી ઉન્નતિમાં ખેદકારક અવરોધ થઈ રહેલો છે. એજ પ્રમાણે વિચાર કરતાં આપણને સ્પષ્ટ સમજાય છે કે, ગર્ભવાળી સ્ત્રીને ઉત્પન્ન થયલાં દોહદ પુરાં પાડવાની વાત તો એક બાજુએ રહી, અને તેના મનને શાંત રાખી, સ્વાભાવિક રીતે તેને સ્વતંત્રતા તથા સંતોષમાં રહેવા દેવાની જે વખતે ખરી જરૂર છે, તે વખતે સાસુ, સસરા, પતિ અને બીજા વડીલો તરફથી તેને ક્લેષ, ભય, શોક ઉત્પન્ન થાય એવાં કારણો, વિના કારણે ઉત્પન્ન કરવામાં આવે અને પછી પોતાના વંશની ઉન્નતિને ઇચ્છે, અથવા પોતાના વંશમાં કોઇ આદર્શ પુરૂષ ઉત્પન્ન થાય એવી આશા રાખે, એ કોઇ પણ કાળે બનવાજોગ છે શું? પરંતુ એટલું તો બની શકે છે કે, ગર્ભવાળી અવસ્થામાં તેને ક્રોધ ઉત્પન્ન થવાથી, ક્રોધી, ઇર્ષા ઉત્પન્ન થવાથી ઇર્ષાળુ, શોક ઉત્પન્ન થવાથી, નિર્બળ, ભય ઉત્પન્ન થવાથી અંગહીન, અને કામ ઉત્પન્ન થવાથી બાળક, ઉન્માદાવસ્થાવાળો ઉત્પન્ન થાય છે. એક રજપુત કુટુંબનો દાખલો આપીશું. ઉંચા કુળમાં ગણાતા રજપુતો કે જેઓ ગરાશીઆ કહેવાય છે તે લોકોમાં એક સાધારણ રિવાજ એવો છે કે, વહુ એટલે જાણે એક કનિષ્ટ પ્રકારનો નોકર હોય!!! માત્ર તેનો એકજ હક વધારે ગણવામાં આવે છે કે તેને, સંતતિ ઉત્પન્ન કરવાના એક સાંચારૂપ ગણી શકાય છે એ કરતાં વિશેષ અધિકાર, તેનો હોઇ શકતો નથી. અમે પ્રત્યક્ષ જોયું છે કે, ઘરનાં માણસો એટલે સાસુ, સસરા, દીએર, જેઠને માટે જે ઉત્તમ પ્રકારની રસોઇ બનાવવામાં આવે, તેમાં વહુનો ભાગ હોયજ નહિ, પરંતુ વહુને માટે તો બીજા નોકરો જે ખેતી વગેરેનું કામ કરવાને રાખેલા હોય, તેને માટે જે હલકા પ્રકારની રસોઇ થાય, તેમાંથીજ તેને ભોજન મળે છે; વળી જેટલાં કડવાં વચન વહુને કહેવામાં આવે છે

તેટલાં અને તેવાં વચન, જો ચાકરને કહેવામાં આવે, તો તે નાસી જાય, એટલા માટે ચાકરને સમજાવીને વાત કરવામાં આવે, પણ વહુને તો ધિક્કારભરી રીતે, તોછડાઇથી જે શબ્દો કહેવામાં આવે છે, તે તો **"सेवा धर्मो परम गहन योगिनामप्य गम्य"** એ સૂત્ર પ્રમાણે, તેની વાત તો તેજ જાણે! આવી સ્થિતિમાં જે કુટુંબ હોય, અને પછી બળવાન ધૈર્યવાન, ઐશ્વર્યવાન, ધીમાન્, અને શ્રીમાન્ સંતતિની આશા રાખે, એ શી રીતે બની શકે વારૂ? જ્યારથી આપણા દેશમાં **"यत्र नार्या सुपूज्यंते रमन्ते तत्र देवता."** અર્થાત્ જ્યાં ભાર્યાનું પૂજન એટલે સત્કાર થાય છે ત્યાંજ દેવતાઓ રમે છે. જ્યારથી આપણા દેશમાંથી સ્ત્રીઓની પૂજા (સત્કાર) બંધ થઇ ત્યારથી અનુક્રમે, પ્રજા ઉત્તમ ગુણથી વંચિત્ રહેતી થઇ અને તેને પ્રતાપે, માંહોમાંહે વૈર, દ્વેષ, ક્લેશ, કૃતઘ્નતા, છળકપટ અને શત્રુનો આશ્રય લેવાથી દિનપરદિન હીનાવસ્થાને પામતી ગઇ!

પશ્ચિમના વિદ્વાનોએ આ બાબતમાં ઘણો વિચાર કરીને, ઘણા પ્રયોગો અજમાવી એવું સિદ્ધ કર્યું છે કે, સ્ત્રીના અંતઃકરણ ઉપર રૂપાળા કે કદરૂપા ગમે તેવા મનુષ્યની છાપ પડે તેવા, પુત્ર પુત્રી ઉત્પન્ન થાય. જેમ એક સ્ત્રીએ ગર્ભાવસ્થામાં, લુલો, પાંગળો, આંધળો, એક હાથવાળો, એક પગવાળો કે નાક–કાન વગરનો, એક માણસ જોયો, અને તેના મનમાં એવોજ ભાસ પડી, ભય ઉત્પન્ન થયો કે રખેને મારા ગર્ભમાં આવા દોષ આવી જાય. તેટલા માટે તે છબીને મનમાંથી દૂર કરવાને જેમ જેમ તે પ્રયત્ન કરતી જાય, તેમ તેમ પેલી ખોડવાળી છબી, તે સ્ત્રીના અંતઃકરણમાં વધારે દૃઢીભુત થાય. જેથી પરિણામે તે સ્ત્રીના પેટમાં રહેલો ગર્ભ, તે તે અંગ વિનાનો જન્મે, અને એવા જન્મેલા બાળકોના ઘણા દાખલા નોંધાયા છે; તેમ જે પતિ પોતાની સ્ત્રીના ઉપર વિશ્વાસ રાખતો ન હોય, અને પોતાની સ્ત્રીને શકની નજરે જોતો હોય, પરંતુ સ્ત્રી પતિવ્રતવાળી અને સદાચરણી હોય, છતાં તેનો પતિ પોતા ઉપર વિશ્વાસ નહિ રાખતો હોવાથી એવી આજ્ઞા કરે કે, ફલાણા વૈદ્ય, ફલાણા સાધુ, ફલાણા સગા કે ફલાણા મિત્ર તરફ જોવું નહિ, અથવા તેની સાથે કોઇપણ જાતનો વ્યવહાર રાખવો નહિ. તે સ્ત્રી પતિની આજ્ઞાને માથે

ચઢાવી ગર્ભાવસ્થામાં પોતાના મનમાં, ભયને લીધે, રખેને મના કરેલા મનુષ્યનું મુખ જોવાઈ જશે તેથી હંમેશાં ડરતી રહેવા છતાં. વિરોધાભાસથી તેનું ચિંતન, સતત્ તે સ્ત્રીના મનમાં થયા કરે છે અને તેથી મના કરેલા મનુષ્યની આકૃતિ, પોતાના અંતઃકરણની સામાં. હરવખત તૈયાર રહે છે, જેથી બને છે એમ, કે તે ગર્ભમાં ઉત્પન્ન થયલો બાળક, તે નિષેધ કરેલા મનુષ્યના જેવી આકૃતિવાળો ઉત્પન્ન થાય છે. જેથી હજારો કૌટુંબિક ક્લેષ ઉત્પન્ન થઇ, તે સ્ત્રીપુરૂષનો સંસાર નિષ્ફળ નીવડે છે. એટલા માટે ગર્ભવાળી સ્ત્રીને ગર્ભાવસ્થામાં, તેના અંતઃકરણપર ખોટી છાપ નહિ પડે, તેનો વિચાર આસપાસના સત્તાધારી, જોખમદાર અધિકારીઓએ, અવશ્ય કરવો જોઇએ.

આ સંસારરૂપી ક્ષેત્રમાં, મનુષ્ય પ્રાણીરૂપ રોપાને ઉગવાના બે પ્રકાર છે. પહેલો પ્રકાર એવો છે કે, ક્ષેત્રમાં પાણીનું સીંચન થયું કે કેટલાક રોપાઓ, પોતાની મેળે જમીનમાં રહેલા બીજ પ્રમાણે કોઇ પણ જાતની ખેડ–ખાતર વિના, ઉગી નીકળી, જમીનને ઘેરી લે છે. અને બીજી જાતના રોપાને માટે, ખેડુતને ઘણો વિચાર કરવાની જરૂર પડે છે, તેથી તે ખેડુત પ્રથમ તો એવો વિચાર કરે છે કે હું જે રોપો ઉછેરી તેનાં ફળ મેળવવા ઇચ્છું છું તે રોપાને હરકત કર્તા તથા તેની જગ્યા રોકતા, કોઇ પણ બીજા રોપા ઉગી નહિ નીકળે તેવી જમીન, બનાવવાની ખાસ સંભાળ રાખીશ. તે પછી પોતાના ધારેલા રોપાના બીજને સંભાળથી તપાસી, તેમાં કોઇ પણ જાતની, વ્યાધિ કે ખોડ ન હોય તેવા બીજની વાવણી કરી, તેને હવા, અજવાળું જોઇતા પ્રમાણમાં આપી, તાપ હીમ અને પવનથી રક્ષણ કરી, ઘણી સંભાળથી ઉછેરે છે, અને ત્યારેજ તે પોતાના રોપાપરથી ઇચ્છેલા ફળને ઉપજાવી શકે છે; તે પ્રમાણે વર્તમાનકાળમાં સંસારક્ષેત્રમાં જે જે સ્થળે અને તેમાં મુખ્યત્વે કરીને આપણા દેશમાં, ક્ષેત્રની શુદ્ધિ કરવાથી, સારા રોપા ઉછેરી શકાય છે એ વિદ્યાનો ઘણું કરીને નાશ થએલો હોવાથી, ગમે તેવી ભૂમિમાં ગમે તેવું બીજ વાવી, ઇશ્વરેચ્છાપર આધાર રાખી, "કર્મમાં લખ્યું હશે તેવું બનશે" એવો સિદ્ધાંત સ્થાપી, બેસી રહેનારાને, જે અવસ્થા ભોગવવી પડે, તે ભોગવતા

જોવામાં આવે છે. કુદરતનો કાયદો એવો છે કે પ્રાણિમાત્રમાં "બળવાન્ નિર્બળને મારી ખાય." "ધનવાન્ ગરીબને ચૂસી ખાય" અને "વિદ્વાન્ મૂર્ખાઓને ગુલામ બનાવે" એટલે બળવાન્ ધનવાન્ અને વિદ્વાન્ મનુષ્યો, આદર્શરૂપ ગણાય, અને નિર્બળ, દરિદ્રિ તથા મૂર્ખ માણસો, સૃષ્ટિમાં ભારરૂપ મનાય છે.

એ પ્રમાણે વિચાર કરતાં, મનુષ્ય માત્રની ફરજ છે કે, ઉપર બતાવેલા ત્રણ પ્રકારના આદર્શરૂપ સંતાનો ઉત્પન્ન કરવાને, ભૂમિકા શુદ્ધ કરી, તેને સંસ્કાર આપી એટલે ખાતર નાંખી, તેમાં શુદ્ધ બીજનું વાવેતર કરી, બળવાન્, ધનવાન્ અથવા વિદ્વાન્ સંતતિ ઉત્પન્ન કરવાનો પ્રયાસ કરવો એવી રીતનો પ્રયાસ ત્રણે પ્રકારની સંતતિ ઉત્પન્ન કરવા માટેનો, જે દેશમાં ચાલુ થાય તો કાળક્રમે કરીને, તે દેશની પ્રજા સાર્વભૌમ સત્તા ભોગવવાને લાયક થાય. પરંતુ જે દેશમાં પ્રારબ્ધવાદથી, પ્રજા પરાભવને પામી, જડરૂપ બનેલી હોય, તો તે જડરૂપ પ્રજામાંથી, ચૈતન્યરૂપ ઉત્તમ ગુણકર્મવાળી અને રૂપાળી સંતતિ, શી રીતે ઉત્પન્ન કરવાની આશા રાખી શકાય ? એટલા માટે કહેવાની જરૂર છે કે, સ્ત્રીપુરૂષના ધર્મને જાણી, તે ધર્મની આડે આવનારા જેટલા બંધનો, પછી તે રૂઢીથી કે ધર્મથી ઉત્પન્ન થયાં હોય તેનું સમૂળ છેદન કરી, જેમ પૃથ્વીને ફાડીને વૃક્ષ પોતાનું સ્વરૂપ બહાર પાડે છે, તેમ રૂઢીના બંધનોને ચીરીને, આદર્શ પ્રજા સૃષ્ટિની શોભારૂપ બનાવવાને પ્રયત્નવાન થવાની, મનુષ્ય માત્રની ફરજ છે. તથાસ્તુ.

તારીખ ૩૦-૩-૧૮ શનિવાર

પ્રયોજક—
શા. તિલકચંદ તારાચંદ વૈદ્ય—સુરત.
લેખક—
ઇશ્વરલાલ રતનલાલ ત્રિવેદી—સુરત.

आयुर्वेद निबंधमाळा.

(૮)

ગર્ભિણીને થતા રોગો અને તેની ચિકિત્સા.

આપણા દેશમાં એટલે ખાસ કરીને ગુજરાતમાં, ગર્ભિણી સ્ત્રીની શારીર સંપત્તિમાં થયલી વિક્રિયાને લીધે ઉત્પન્ન થતા રોગોના ઉપાય કરવાનો ચાલ ઘણો થોડો જણાય છે ઘણા વૈદ્યરાજોને બોલતાં સાંભળીએ છીએ કે, ગર્ભિણીને ફલાણો રોગ થયો છે.પણ તેનો ઉપાય હાલ માં થઇ શકશે નહિ. એ તો પ્રસુત થયા પછીજ સારૂં થશે. એવી રીતે વૈદ્ય નો અભીપ્રાય હોવાથી, પરંપરાના રિવાજ પ્રમાણે ઘરનાં ઘરડાં માણસો પણ, ગર્ભિણીના રોગના ઉપાય કરવામાં બેદરકાર રહે છે તેઓને એટલોજ ભય રહે છે કે, ગર્ભિણીને ઔષધ આપવાથી, વખતે ગર્ભ ગળી જાય અથવા અધુરે પડી જાય. જો કે શાસ્ત્ર પ્રમાણે ચિકિત્સા કરતાં, ગર્ભમાં વિક્રિયા થતી નથી, અને કદાચ થાય તો તે દૈવેચ્છાથીજ થાય, પરંતુ યોગ્ય ઔષધ કરવા થી ગર્ભ પડી જતો નથી, કિંતુ ગર્ભિણીનું શરીર આરોગ્ય રહેવાથી, ગર્ભને પૂષ્ટી મળે છે ! એટલા માટે ગર્ભિણીનારોગથી બેદરકાર રહેનારા ને માટે, અને ગાર્ભણીનું રક્ષણ કરવા માટે આ નિબંધ લખવાની જરૂર પડી છે. આ નિબંધમા લખેલા ઉપાયો પૈકી કેટલાક શાસ્ત્રોક્ત છે. અને કેટલાક અનુભવેલા છે, પરંતુ તેસર્વે ઉપચાર બુદ્ધપૂર્વક યોજવામાં આવે તો, ગર્ભિણીના રોગની શાંતિ કરે, અને બાળકને નુકશાન થાય નહિ, એ ખાત્રી ભરેલું છે.

ગર્ભિણીને પ્રથમાવસ્થામાં ગર્ભ રહ્યાના ચિન્હ તરીકે, મોંઢામાં મોળ આવે છે, રસોની ગંધ આવે છે, તેમા ખાસ કરીને નરમ દાળ ની ગંધ અસહ્ય થઇ પડે છે, હમેશા ખાવાનો ખોરાક ખાઇ શકતી નથી, અને જો ખાધું હોય તો, જીવ કચવાઇને ઉલટી થઇ, ખાધેલું અન્ન નીકળી જાય ત્યારેજ, તેને શાંતિ થાય છે. તેવી અવસ્થામાં

દિવસો ચઢતા જાય છે, અને એ ઉપદ્રવ. અભાવો અથવા અરજનો નામથી ઓળખાય છે. તે સ્ત્રીને ઉલટી થાય છે જીવ ગભરાય છે, ચક્કર આવે છે, આંખે અંધારા આવે છે શરીરનું બળ ઘટતું જાય છે, ખોરાક ખવાતો નથી અને એટલી બધી પીડા થાય છે કે, તે સ્ત્રીને અસહ્ય થઇ પડે છે. તેમાં ખાસ કરીને તે સ્ત્રીથી ભાવતો ખોરાક અને ભાવતાં વ્યસન. બીલકુલ લઇ શકાતા નથી. એટલે જો કે પાનસોપારી ખાવાની ટેવ હોય તો, તેને મોંમાં મૂકતાં તરત ઉલટી થાય છે, અને આવી અવસ્થામાં કોઇ પણ વૈદ્ય ભાગ્યેજ તેને ઓસડ આપી શકે છે. ઉલટીના રોગને શાસ્ત્રમાં "છર્દિ રોગ" (એવું નામ આપ્યું છે, અને તેમાં ગર્ભથી ઉત્પન્ન થતી છર્દિનો એક પ્રકાર લખ્યો છે એવી ઉલટીને માટે અને ઉપર કહેલા અભાવાને લીધે થતી ગભરામણનો, સહેલામાં સહેલો ઉપાય એ છે કે, ચાર રૂપિયાભાર ટાઢું પાણી લઇ તેમાં ખાટું લીંબુ નંગ એક નીચોવી, કોઇ પણ જાતનું ગળપણ નાંખ્યા સિવાય પાવું. તેથી ગભરામણ અને ઉલટી નરમ પડી જાય છે, એટલુંજ નહિ પણ સ્ત્રીનો ખાધેલો ખોરાક હજમ થઇ, પ્રકૃતી સુધરી જાય છે આ ઉપચાર ખાસ અનુભવેલો છે. આપણા લોકોમા એવું કહેવાનો સાધારણ રિવાજ પડી ગયે છે કે ગર્ભિણી સ્ત્રીને ખટાશ ખવડાવવામાં આવે તો તે એંચાઇ જશે, અથવા તેના સાંધા રહી જશે, અથવા તેને પ્રસવ થતી વખતે મહા કષ્ટ પડશે, પરંતુ આ ખટાશથી બીલકુલ ડરવાનું કારણ નથી, કેમકે ખટાશ સાથે જો ગળપણ મેળવવામાં આવે, તોજ તે શરદી કરે છે. આયુર્વેદના સિદ્ધાંત પ્રમાણે તો, ખાટો રસ ગરમ છે, પરંતુ આમલીની ખટાશ. એ, ગળપણ મળેલી છે. કોકમની ખટાશ એ, તેલ મળેલી છે, માટે એ ખટાશો આપતાં શરદીનો ભય ઉત્પન્ન થાય, એ સ્વભાવિક છે, પણ લીંબુની ખટાશમાં ખાટો, કડવો, તુરો, ખારો અને મધુર એ પાંચ રસો મળેલા હોવાથી તે 'પંચામૃત' જેટલું કામ કરી શરીરને આરોગ્યતા આપે છે. એટલા માટે ખાટા લીંબુનો રસ પીવાને ભલામણ કરી શકાય છે. કેટલીક ગર્ભિણીને વખતે તાવ આવે છે, અને તે તાવ, ઘણા દિવસ ઔષધ વિના ચાલુ રહેવાથી, તેનું પરિણામ ઘણુ ભયંકર આવે છે, કારણ કે પ્રસૂત થયા પછી, તેજ તાવ શરીરમાં

નબળાઇ વધવાને લીધે, વધારે બળવાન બને છે, અને તે ગર્ભિણીનો જ્વર "પ્રસૂતિજ્વરમાં" ફેરવાઇ જઇ, પરિણામે "ક્ષયનું રૂપ" ધારણ કરે છે, માટે ગર્ભિણીને તાવ આવતો હોય તો, મહુડાં, સુખડ, અને વાળો, ઉપલસરી, જેઠીમધ, અને પદ્મકાષ્ટ એનો ઉકાળો મધ મેળવીને આપવો. અથવા સુખડ, ઉપલસરી, લોધર, ને દ્રાક્ષ એનો ઉકાળો સાકર મેળવીને આપવો અથવા દુધીનો મગજ, પહાડમૂળ, વાળો, મોથ, એનો ઉકાળો કરી ઠંડો પડયા પછી પાવો, જેથી તાવની શાંતિ થાય છે. જો ગર્ભિણીનો તાવ "વિષમજ્વર" નું રૂપ પકડે, તો ગધેડીનાં દૂધમાં, સૂંઠ ઘસીને પાવાથી તેની શાંતિ થાય છે, જો ગર્ભિણી સ્ત્રીને "જ્વરાતિસાર" એટલે તાવની સાથે ઝાડા થતા હોય તો, મજીઠ, જેઠીમધ, લોધર એનું ચૂર્ણ કરી, સાકરનાં ઉના પાણી સાથે આપવું. અથવા આંબાની ગોટલી, જાંબુના ઠળીયા, અને જો તે મળવાનો સંભવ ન હોય તો, આંબા તથા જાંબુડાની છાલ અને ભાતની ધાણીનો ઉકાળો કરી, આપવો અથવા આંબા તથા જાંબુડાની છાલનું ચૂર્ણ કરી, ભાતની ધાણીની કાંજી બનાવી તેમાં તે ચૂર્ણ નાંખી પાવું, તેથી અતિસાર સંગ્રહણી અને મરડો બંધ થાય છે જો ગર્ભિણીને ઊલટી થતી હોય તો, સૂંઠનો ઉકાળો કરી તેમાં જવ અને ભાતની ધાણીનું ચૂર્ણ મેળવી પાવું, તો ઝાડો અને ઉલટી બેઉ બંધ થઇ જશે. અથવા ધાણાનો કલ્ક કરીને ચોખાનાં ધોવણમાં વાટી, શકાર મેળવીને પાવાથી ઉલટી શાંત થશે અથવા બીલીનો ગર, ચોખાની ધાણીના ઉકાળામાં મેળવીને પાવો. અથવા ભારંગમૂળ સૂંઠ, પીપર એનું ચૂર્ણ કરી ગોળ મેળવીને આપવું ગર્ભિણીને ખાંસી અને શ્વાસ હોય તો પ્રશ્નીપરણી (ગધી સમેરવો) કાંસકીનાં પાતરાં અને અરડુસો એ ત્રણ, અથવા એ ત્રણમાંથી જે મળે તેનો રસ કાઢી પાવામાં આવે તો, ગર્ભિણીના રક્તપિત્ત, કમળો, સોજા ખાંસી, દમ અને તાવને મટાડે છે જો બીલીનાં ફળ અને અરણીનાં મળ. અથવા પટોળ અને સૂંઠનો ફાન્ટ કરીને પાય તો ગર્ભિણીના વાયુ રોગનો નાશ કરે છે. જો કાળીજીરી, ધોળું જીરૂં અને કડુનો ઉકાળો કરી પાવામાં આવે, તો ગર્ભિણીના સોજાનો નાશ કરે છે. જો અજમોદ, સૂંઠ, પીપર, જીરૂ, એનું સમ ભાગે ચૂર્ણ કરી ગોળ અથવા મધ સાથે આપવામાં આવે તો તેથી

ગર્ભિણીનો જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે. દર્ભના મૂળ, કાસના મૂળ, એરંડમૂળ, ગોખરૂ, એને લઇને તેને દુધમાં ઉકાળી શાકર નાંખીને પાવાથી ગર્ભિણીનું શૂળ મટે છે. તેમજ ગોખરૂ, જેઠીમધ અને દ્રાક્ષ, દુધમા વાટી તેમાં શાકર મેળવી પાવાથી શૂળ મટે છે. જો વજ, અને લસણ મેળવીને દુધ ઉકાળેલું હોય અને તેમાં હીંગ અને સંચળક્ષાર મેળવીને પાવામાં આવે તો. ગર્ભિણીનો અનાહવાયુ એટલે પેટ ચડતું હોય તે મટી જાય છે. જો તૃણ પંચક એટલે દર્ભનાં મૂળ, કાંસનું મૂળ, ભાતનું મૂળ, શેરડીનું મૂળ અને બરૂનું મૂળ એનો કલ્ક કરી દુધમાં મેળવી તે દુધ ઉનું કરીને પાવાથી, ગર્ભિણીનો પીસાબ બહુ ગંધાતો હોય તો તે મટે છે; અથવા પીસાબ અટકી જતો હોય તો તે છૂટથી આવે છે. એ પ્રમાણે સામાન્ય ચિકિત્સા કરવાથી કોઇપણ જાતનો ઉપદ્રવ થતો નથી હવે ગર્ભને પડી જવાનો ભય દેખાય એટલે સ્ત્રીને અધુરે માસે પ્રસવ થવાનો સંભવ જણાય, તો તેની ચિકિત્સા નીચે પ્રમાણે કરવી;—

પહેલે માસે ગર્ભ પાડવાનો સંભવ દેખાય તો દ્રાક્ષ, જેઠીમધ, સુખડ, રતાંજળી, એને ગાયના દુધમાં વાટીને. તેમાં જરા ઘી નાંખીને પાવું, અથવા કમળનાં ફુલ, વાળો, સીંધોડાં. પડકચુરો એને ઠંડા પાણીમાં વાટીને દુધમાં મેળવીને પાવો જો બીજે માસે ગર્ભ પડવાનો સંભવ જણાય તો. કમળનાં ફુલ, અને નાગકેશર, વાટીને દુધ સાથે પાવાં. જો તેમાં શૂળ હોય તો, તગર. કમળ, બાલીનું મૂળ. કપુર; એ ગધેડીનાં દુધમા વાટીને પાવાં ત્રીજે માસે ગર્ભ પાત થવાનો સંભવ જણાયતો, નાગકેશર વાટીને. દુધમાં કાલવીને, તેમાં થોડી શાકર નાંખીને પાવું. તેમાં જો શૂળ જણાય તો, પદ્મક, સુખડ, વાળો, કમળના નાળ; એ ઠંડા પાણીમાં વાટીને, દુધમાં મેળવીને પાવા. જો ચોથે માસે ગર્ભપાતનો સંભવ જણાય અને તેની સાથે તૃષા, શૂળ, દાહ અને જવર હોય તો, કેળનો કંદ નીલકમળ, વાળો, એને વાટીને દુધ મેળવીને પાવું, જો પાંચમે મહિને ગર્ભપાતનો સંભવ જણાયતો, દાડમના પાન તથા સુખડ વાટીને દુધ તથા દહીં મેળવીને પાવા; અથવા નીલકમળ, કમળકાકડી, તથા બોરનાં પાંતરાં, નાગકેશર, પદ્મકાષ્ટ, એને પાણીમાં વાટીને, કપડે ગાળીને, દુધમાં મેળવી પાવું. જેથી ગર્ભ પડશે નહિ અને શૂળની શાંતિ

થશે જો છઠ્ઠે મહિને ગર્ભપાતનો સંભવ જણાય તો,ગેરૂં, ગાયના અડાયાની રાખોડી, પીપર, અને ફુલાવેલી ફટકડી, એનો ઉકાળો કરી, ટાઢો પડયા પછી, દૂધ, શાકર અને સુખડનો ઘસારો મેળવી પાવો. જો સાતમે માહને ગર્ભ પાત થવાનો સંભવ જણાય તો, વાળો, ગોખરૂં, મોથ, લજામણી, નાગકેશર, અને પદ્મક; એનો ઉકાળો શાકર મેળવીને પાવો. જો આઠમે મહિને ગર્ભપાતનો સંભવ જણાય તો, લોધર, અને પીપરનું ચૂર્ણ મધ સાથે આપવું; અને નવમે મહિને તો પ્રસૂત થવાનો સંભવ છે એટલે તે મહિનામાં કોઇપણ જાતનું ઓસડ આપવાની જરૂર નથી. આ ગર્ભપાતના પ્રકરણમાં ઔષધિ કહેવામા આવી છે, પણ તેનું વજન લખવામાં આવ્યું નથી. તેનું કારણ એવું છે કે, વૈદે ગર્ભિણીની સ્થિતિ તથા તેના અગ્નિબળનો વિચાર કરી, યોજના કરવાની છે, એટલા માટે દવાનું વજન અને ઉકાળો તથા દૂધનું વજન, આયુર્વેદના ક્વાથાધિકારમા તથા કલ્ક અને ફાન્ટના અધિકારમાં જોઇને, વિચારીને તેની યોજના કરવી. ગર્ભિણીને ભય, તાડન, આઘાત,વિષમ આસનઅને ઉષ્ણ અન્નપાન,એવાં કારણથી ગર્ભ પડવા લાગે છે, ત્યારે તેમાં શૂળ તથા રક્તો દર્શન દેખાય છે.ચાર મહિના સુધી ગર્ભ પાતળો હોય છે,તેથી તે ગર્ભ પડે તો ગર્ભનો સ્રાવ થયો એમ કહેવાય છે;અને તે પછીના મહિનાઓમાં, ગર્ભ કઠીન અને આકારવાળો થાય છે અને તે પડે તો, તેને ગર્ભ પાત થયો એમ કહેવાય છે. ગર્ભસ્રાવ થવા માંડે ત્યારે દાહ, પાસાં અને કમ્મરમાં શૂળ, પ્રદર, પેટનું ચઢવું અને મૂત્ર બંધ, એ ઉપદ્રવો થાય છે; પરંતુ સાતમે, આઠમે કે નવમે, ગર્ભનું ચાલન થાય છે; એટલે ગર્ભ ફેરવે છે એમ કહેવાય છે; ત્યારે આમાશય અને પક્વાશયમાં શ્રેમપૂર્વક પીડા થાય છે; તેમાં પ્રદર હોતો નથી તેથી ગર્ભપાત થવાનો છે એમ જાણી ગભરાવું નહિ ગર્ભપાતના લક્ષણ જણાય તે વખતે "ઉત્પલાદિગણ" ઘણો ઉપયોગી થઇ પડે છે. તેથી તે ગણ લખીએ છીએ; લીલા કમળ, લાલ કમળ, કલ્હાર કુમુદની, ધોળાં કમળ, અને મધુક નામનું કમળ; આ ઉત્પલાદિગણ કહેવાય છે એમાંથી જેટલાં મળે તેટલાં લઇ, વાટીને પાવાથી, દાહ, તૃષ્ણા, હૃદરોગ, રક્તપિત્ત, મૂર્છા, ઉલટી, અને અરૂચિની શાંતિ થાય છે, અથવા લજામણી, ધાવડીના ફૂલ, લીલાં

કમળ, જેઠીમધ, લોધર; એનો ઉકાળો કરીને ગર્ભિણીસ્ત્રીને ઠંડા પાણીમાં બેસાડીને પાવાથી, ગર્ભપાતનું નિવારણ થાય છે. અથવા કુંભારના હાથે ચોટેલી માટી, બકરીના દૂધમાં મેળવીને જરા મધ નાંખીને પાવાથી, ગર્ભ પડતો અટકી જાય છે. અથવા ધોળી ગરણીના મૂળને ઘસીને પાવાથી, ગર્ભનું સ્તંભન થાય છે. અથવા કબૂતરની વિષ્ટા, પાનના રસમાં પાવાથી, ગર્ભમાંથી પડતા લોહીને અટકાવે છે અથવા શાકર, કમળકાકડી, અને તલ સમ ભાગે લઇને ચૂર્ણ કરી મધ સાથે ચટાડવું, જેથી ગર્ભપાતનો ભય રહે નહિ. અથવા અતિબલા (કાંસકી) નું મૂળ વિધિપૂર્વક લાવી, કુંવારી કન્યાને હાથે કાંતેલા સુતરના સાત તારમાં બાંધી, ગર્ભિણીને કમ્મરે બંધાવવાથી ગર્ભપાત થતો અટકે છે.

"કુંતિવાત" એવો વાયુ ગર્ભને આડો કરે છે. એટલે યોનિ તથા પેટમા શૂળ ઉત્પન્ન કરે છે ને મૂત્રનો અવરોધ કરે છે. એ વાયુ બહુ જોરમાં વધવાથી ગર્ભ વિપરીત દશામાં અને આડો થઇને, અનેક પ્રકારથી યોનિદ્વારમાં આવે છે. તેનાં મુખ્ય આઠ પ્રકાર છે. ૧, કોઇ ગર્ભ માથાથી યોનિનુંદ્વાર બંધ કરી આવે છે. ૨. કોઇ પેટથી યોનિદ્વાર બંધ કરીને આવે છે. ૩. કોઇ શરીરવાળીને કુબડો થઇને આવે છે. ૪. કોઇ ગર્ભ એકજ હાથ બહાર કાઢીને આવે છે. ૫. કોઇ બેઉ હાથ પાછળ બહાર કાઢીને યોનિદ્વારમાં આવે છે ૬. કોઇ પાસાભેર આડો આવે છે. ૭ કોઇ ગરદન ભાંગી ગઈ હોય તેમ લુલે માથે આવે છે. ૮. કોઇ પાસાને ભાગ્યા જેવા કારણથી લુલો થઇને યોનિદ્વારમાં આવે છે એ પ્રકારે "મૂઢગર્ભ" ની આઠ પ્રકારે ગણના કરેલી છે. બીજી રીતે જે ગર્ભ હાથ પગ ઉંચા કરી, માથું પાછળ રાખી, યોનિદ્વારમા આવી ખીલા જેવો દ્વારમાં અટકી રહે છે તેને "સંકિલક" કહે છે. જે ગર્ભના હાથ પગ પશુની ખરી જેવા બહાર દેખાય અને બાકીનો દેહ અટકી રહે તેને "પ્રતિખૂર" કહે છે. જે ગર્ભ બે હાથ અને માથું પાછળ રાખી અટકે છે તે "બીજક" કહેવાય છે; અને જે ગર્ભ પરીઘ પ્રમાણે યોનિમાં અટકી રહે છે તે પરીઘ કહેવાય છે. જે ગર્ભિણીસ્ત્રીનો બેચાને કાંટો ઢીલો પડી જવાથી માથું સ્થિર રહી શકતું નથી, શરીર ઠંડું પડતું જાય અને લજ્જાનો નાશ થાય તથા તેની કૂખ ઉપર લીલી

નસો તરી નીકળે તે ગર્ભિણી તથા ગર્ભ, એક બીજાનો પ્રાણ લે છે. જો ગર્ભિણીને ગર્ભની હાલચાલ બંધ થયલી જણાય, વેણો આવતી બંધ થાય, શરીર પીળું કે લીલાશ પડતું જણાય શ્વાસોચ્છ્વાસમાં દુર્ગંધ આવે, અને પેટ ફૂલી જાય તો જાણવું કે પેટમાં ગર્ભનું મરણ થયું છે. ગર્ભિણીસ્રીને માનસિક તથા આગંતુક, એવા દુઃખ ઉત્પન્ન થવાથી અથવા કોઇ મહાન્ વ્યાધિથી ગર્ભનુ મરણ થાય છે. જો ગર્ભિણીસ્રીને વાયુના યોગથી યોનિનો સંકોચ થઇ, કુખમાં ગર્ભ અટકી રહે અને તેની સાથે મકકલશૂળ, આંકડી, ખાંસી, શ્વાસ, આદિ ઉપદ્રવ હોય તે ગર્ભિણી જીવે નહિ. જો ગર્ભિણી વાતકારક અન્ન અને પાન, મૈથુન, જાગરણ એનું અતિ સેવન કરે, જેથી ગર્ભના યોનિમાર્ગને વાયુ કોપી ને યોનિદ્વારને બંધ કરે છે, અને એ દ્વાર બંધ થયા પછી યોનિગત વાયુ ગર્ભાશયના દ્વારને રોકે છે તથા ગર્ભાશયમાં પીડા ઉત્પન્ન કરે છે, તેથી ગર્ભનુ મુખ, નાક બંધ થઇ શ્વાસોચ્છ્વાસ બંધ પડવાથી. ગર્ભનો નાશ થાય છે અથવા શ્વાસોચ્છ્વાસ બંધ થવાથી ગર્ભિણીનો પણ નાશ થાય છે. આ યમની પેઠે મારી નાખનારા રોગને 'યોનિસંવર્ણ'' નામનો વ્યાધિ કહે છે તેથી વૈદ્યે એની ચિકિત્સા કરવી નહિ. પ્રસુતકાળે વાયુથી ગર્ભના સંકોચ થાય જેથી પ્રસુત થઇ શકાય નહિ, તે સ્રીએ ખાંડણી-યામાં થોડું ધાન્ય લઇને ખાંડણીયાથી ખાડવું અને વિષમાસને (ઉભડક) બેસવુ અથવા વિષમ વાહનપર બેસીને ફરવું, જેથી પ્રસવ થાય છે. પ્રસવનો કાળ થયો હોય અને પ્રસુતા કષ્ટાર્તિ હોય તો, સાપની કાંચળી અથવા તગરનો યોનિદ્વારમાં ધુમાડો આપવો. અથવા કૌવચનાં મૂળને દોરાથી બાંધી હાથે બાંધવાં. અથવા સુરજમુખી કિંવા ઇંદ્રવરણાના મૂળને યોનિમાં ધારણ કરવું. અથવા પીપર, અને ઘોડાવજ, પાણીમાં ઘસીને તેમાં થોડું દીવેલ મેળવીને યોનિમાં લેપ કરવો, જેથી સ્રીને સુખરૂપ પ્રસવ થાય છે અથવા બીજોરાનું મૂળ અને જેઠીમધનું ચૂર્ણ કરી, ઘીમાં મેળવી પાવું, જેથી સ્રીને સુખે પ્રસવ થાય છે. અથવા શેરડીનું ઉત્ત દિશાનુ મૂળ લઇ, ગર્ભિણીની લંબાઇ જેટલા સાત તાર સુતરના લઇ તેમાં બાંધી, કમ્મરે બાંધવાથી સુખે જલદી પ્રસવ થાય છે. તાડનું, ઉત્તર દિશાનું મૂળ લઇ, ઉપર પ્રમાણેની વિધિથી કમ્મરે બાંધ-

વાથી જલદી પ્રસવ થાય છે. અથવા અપામાર્ગ (ઝંઝેરો)નું મૂળ, ઉપર પ્રમાણે કમ્મરે બાંધવાથી સુખરૂપ પ્રસવ થાય છે. જ્યારે સ્ત્રી કષ્ટાર્ત્તિ હોય, ત્યારે જે જે ક્રિયાથી પ્રસૂત જલદી થાય તે તે તમામ ક્રિયા, મૃતગર્ભ ઉપર પણ અજમાવવી.

જો ગર્ભાશયમાં ગર્ભ મરણ પામ્યો છે એમ ખાતરી થાય, તો ગર્ભિણીના બચાવને માટે, નિર્ભય, ચતુર અને શસ્ત્રવિદ્યામાં કુશળ વૈદ્યે પોતાને હાથે ઘી ચોપડીને, તે હાથ યોનિમાં મૂકી, ગર્ભને કાપી કાઢવો, પરંતુ સજીવ ગર્ભને કદી પણ શસ્ત્રથી કાપીને કાઢવો નહિ. સજીવ ગર્ભ પર શસ્ત્રક્રિયા કરવાથી, તે ગર્ભ મરી જાય છે અને ગર્ભિણીને પણ મારી નાખે છે તેમજ ગર્ભસ્થાનમાં ગર્ભ મરી ગયો છે એવું નક્કી થાય ને, એક ક્ષણમાત્ર પણ ઉપેક્ષા કરવામાં આવે તો, તે માતાને મારી નાંખે છે, એટલા માટે મરણ પામેલા ગર્ભને જેમ બને તેમ તાકીદે, તેનું જે અંગ અથવા વિભાગ યોનિની સામું આવ્યો હોય તેને વૈદ્યે કાપી કાઢવો; અને જેમ બને તેમ સ્ત્રીનું રક્ષણ કરવું એ પ્રમાણે ગર્ભનું શલ્ય કાઢી નાંખ્યા પછી તે સ્ત્રીને ઉંચા પ્રકારના તેલનો અભ્યંગ કરી ગરમ પાણીથી શેક કરવો, અને તે પછી યોનિમાં સ્નેહ ધારણ કરાવવું. એટલે યોન કોમળ થશે અને તેની શૂળ શાંત થશે. જો શસ્ત્રકર્મ કરનારનો જોગ ન હોય, તો રાઇ અને હીંગનું ચૂર્ણ કરી કાંજીમાં મેળવી પાવાથી ગર્ભસ્થાનમાં મરેલા ગર્ભનો પાત થાય છે અથવા ફાલસાના મૂળનો લેપ, નાભી, બસ્તી અને યોનિમાં કરવાથી મૂઢ ગર્ભનું આકર્ષણ કરે છે. જો પ્રસૂતા સ્ત્રીના પેટમાથી ઓર બહાર નહિ પડે તો શૂળ, પેટ ચડવું અને અગ્નિમાંદ્યના ઉપદ્રવ થાય છે. એવો ઉપદ્રવ જણાય ત્યારે સાપની કાચળી, કડવી દૂધી, નાગરમોથ અને સરસના બીજ, એનું ચૂર્ણ કરી સરસવના તેલમા મેળવી યોનિમાં ધુણી આપવી. જો ઓર રહી ગઇ હોય તો સોઇઆણીએ પોતાના નખ લેવડાવીને, હાથે તેલ ચોપડીને. તે હાથ યોનિમાં મુકીને ઓર કાઢી લેવી. જો યોનિમાં જખમ પડેલો જણાય તો ભુરા કોળાના પાન અને લોધર, એ સમભાગ લઇ બારીક વાટીને, તેનો લેપ કરવો જો યોનિભ્રંશ થયો હોય તો પલાસપાપડો અને ગુલ્લરનાં ફળ વાટી તલના

તેલમાં મેળવીને યોનિમાં લેપ કરવાથી, યોનિ ઘટ્ટ થાય છે. બાળકનો પ્રસવ થયા પછી યોનિમાં વાયુ પ્રવેશ નહિ થાય એવા ઉપચાર કરી, તેનું રક્ષણ કરવું. જો તેમ કરવામાં ન આવે તો વાયુ કોપીને, બહાર નીકળતા રક્તને રોકી પ્રસૂતિના હૃદય, મસ્તક અને બસ્તીમાં શૂળ ઉત્પન્ન કરે છે તેને "મલ્લક" (મક્કલ) રોગ કહે છે જો મલ્લક થયો હોય તો જવખારનું ચૂર્ણ કરી તે ઉના પાણી સાથે અથવા ઘીની સાથે પાવાથી મલ્લક શૂળ મટી જાય છે. અથવા સુંઠ, મરી, પીપર, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, ધાણા એનું ચૂર્ણ જુના ગોળ સાથે ખાવાથી, મક્કલ શૂળનો નાશ કરે છે. અથવા હીંગને રેંધાને ઘીમાં મેળવી ચટાડવાથી, મક્કલ શૂળનો નાશ થાય છે. કેટલીકવાર સ્ત્રીને પ્રસવ થયા પછી તેનો પીસાબ બંધ થઇ જાય છે અને પછી તેને શૂળ ઉત્પન્ન થાય છે. અથવા ઉષ્ણુ વાત (ઉનવા) પણ થાય છે, ત્યારે તેને જવખાર ઘીમાં ચટાડવાથી, અથવા તે ઉના પાણીમાં પાવાથી, પીસાબની છુટ થાય છે.

કેટલીક સ્ત્રીને પ્રસવ થયા પછી, પાણીની તરસ અને છાતીની ગભરામણ, એટલી બધી વધી પડે છે કે, તે વખતમાં જો યોગ્ય ઉપચાર નહિ થાય, તો વખતે આંકડી (આક્ષેપક) થઇ જાય છે, અથવા તેનું મરણ થાય છે, તેવા વખતમાં ફુલાવેલી ધાપણુ વાલ એને આસરે બકરીના અથવા ગાયના દુધમાં મેળવી પાવાથી, તુરત ફાયદો થાય છે. આ ઉપાય અનુભવેલો છે.

ચાલુ પ્રકરણમાં વિનોદને ખાતર ગર્ભપ્રદ અને ગર્ભનષ્ટના થોડા પ્રયોગ લખી, આ નિબંધ સમાપ્ત કરીશું, દીવેલાની મીજ અને બીજોરાંનાં બીનાં વાટીને ઘીમા મેળવી પાવાથી, ગર્ભ ઉત્પન્ન થાય છે. અથવા લક્ષ્મણાનું મૂળ ગળામાં બાંધવાથી અને તે, ઘીમ ઘસીને તેનો નાસ લેવાથી ગર્ભ ઉત્પન્ન થય છે. અથવા એક બાજરાના જેટલાં નીકળે એટલા બીયાં, દુધમાં વાટીને ઋતુમતિ સ્ત્રીને પાવાથી, ગર્ભ રહે છે. અથવા આસનનો ઉકાળો મેળવીને દુધ ઉકાળવું અને તેમાં ઘી મેળવીને ઋતુસ્નાત થયા પછી ત્રણ દિવસ પાવાથી તે સ્ત્રી ગર્ભ

ધારણ કરે છે. અથવા પારસપીપળાનાં બીજ અને જીરૂં એ બેનું ચૂર્ણ કરી, વાસી પાણી સાથે ફાકવાથી ગર્ભ ધારણ થાય છે અથવા મીઠી દુધીનું મૂળ અને કાકડાનો ગર્ભ, દૂધમાં મેળવીને પાવાથી, તે સ્ત્રીને પુત્ર ઉત્પન્ન થાય છે, કન્યા ઉત્પન્ન થતી નથી. ધોળી ભોયરીંગણીના મૂળ દૂધમાં ઘસીને પાવાથી ગર્ભ રહે છે. કેટલાક આચાર્યોનો એવો મત છે કે આ મૂળને દૂધમાં ઘસીને જમણા નાકથી પીવામાં આવે તો પુત્ર ઉત્પન્ન થાય છે. અને ડાબા નાકથી પીવામાં આવે તો પુત્રી ઉત્પન્ન થાય છે. ખરી ખોટી વાત પરમેશ્વર જાણે.

ગર્ભનિવારણ પ્રયોગ.

જો પીપર, વાવવડંગ અને ટંકણખાર; એનું સમભાગ ચૂર્ણ કરી ઋતુકાળે જે સ્ત્રી પીએ તેને ગર્ભ રહેતો નથી. અથવા જાસુસનું ફૂલ કાંજીમાં વાટીને જે રજસ્વળા પીએ અને ઉપરથી ચાર તોલા ગોળ ખાય તો તે સ્ત્રીને કદી ગર્ભ ધારણ થાય નહિ અથવા જે સ્ત્રી સિંધવનો કટકો તેલમાં બોળીને યોનિમાં ધારણ કર્યા પછી પુરૂષથી રમે, તેને કદી પણ ગર્ભ ધારણ થશે નહિ, અથવા જે સ્ત્રી તાદળ-જાના મૂળને ચોખાના ધોવણમાં વાટી ઋતુસ્નાત થયા પછી ત્રણ દિવસ પીએ તો તે સ્ત્રી વંધ્યાપણાને પામે છે.

સુવા રોગનું નિદાન અને ચિકિત્સા.

શરીર ભાગે, તાવ આવે, કંપારી થાય, તરસ લાગે, અંગ સજ્જડ થાય, સોજો, શૂળ, અને ઝાડા. એવા લક્ષણ જેને થાય તેને સુવારોગ થયો છે એમ જાણવું. જે પ્રસૂતા સ્ત્રીને ભળતા ઉપચાર કરીને અથવા દુષ્ટાન્ન અથવા દુષ્ટ પાણીના સેવન કરવાથી અથવા વિષમાસન, અજીર્ણ અને ભોજન ઇત્યાદિકે કરીને જે ભયંકર રોગ ઉત્પન્ન થાય છે તે નીચે પ્રમાણે:—વાયુ કુપિત થઇને સ્વસ્થાનમાંથી છુટેલા રૂધીરનો અવરોધ કરીને પ્રસૂતાના મસ્તક, હૃદય, બસ્તીના શૂળ ઉત્પન્ન કરે છે-જેને મક્કલ કહેવામાં આવે છે અને તાવ, ઝાડા, સોજા, પેટનું ફૂલવું; અશક્તતા, કફ. વાતજન્ય રોગથી ઉત્પન્ન થનારા આળસ, અન્નદ્વેષ. મોંઢામાથી પાણી છુટવું, એવા વિકાર થાય છે તે સર્વની સુવારોગમાં ગણના

કરવી અને તેમાં માંસ, બળ અને અગ્નિ એ ક્ષીણ થાય ત્યારે કષ્ટ સાધ્ય જાણવાં. આ સુવારોગમાં એકાદ પ્રકાર પ્રાધાન્યપણું ભોગવી, બાકીના ઉપદ્રવરૂપે તેની સાથે રહે છે. એવું જણાય ત્યારે ગળો, સૂંઠ, કૌવચબીજ, લજામણી, ઊંટકંટારો, પંચમૂળ, નાગરમોથ, એનો ઉકાળો કરીને ટાઢો પડયા પછી મધ નાંખીને પાવાથી સુવારોગની શાંતિ થાય છે. અથવા દેવદાર, વજ, પાનનીજડ, પીપર, સૂંઠ, કાયફળ, મોથ, કરીયાતુ, કડુ, ધાણા, હરડાં, ગજ પીપર રીંગણી ગોખરૂ,ધમાસો,અતિવિષ, ગળો, બીલી, શાહજીરૂ એનો ઉકાળો કરી તેમાં સિંધવ અને હીંગ મેળવીને પાવાથી, શૂળ, ખાસી, તાવ, શ્વાસ, મૂર્છા. કંપ, મસ્તકપીડા, લવારો, તૃષા, દાહ, તંદ્રા, અતિસાર, અને ઓકારી એટલા ઉપદ્રવવાળા ત્રિદોષાત્મક સુવારોગનો નાશ થાય છે. સુવાવડ મટયા પછી સુવાવડીને પંચજીરક પાક ખવડાવો. તેની રીત નીચે પ્રમાણે;—જીરૂ શાહજીરૂ, સુવા, વરીઆળી, અજમોદ, અજમો, ધાણા મેથી, સુંઠ પીપર, પીપ-ળીમૂળ, ચિત્રક, વાયવડંગ, ભોયકોળાનું ચૂર્ણ એ દરેક ચીજ ચાર ચાર તોલા લઇ તેમાં ચારસેં તોલા ગોળ. એકસો અઠ્ઠાવીશ તોલા દૂધ અને સોળ તોલા ઘી મેળવીને તેનો પાકની વિધિ પ્રમાણે પાક કરવો. તે પાક તેને ખવડાવવાથી સુવારોગ મટે છે, એટલુંજ નહિ પણ પ્રસુતાના યોનિરોગ, તાવ, ક્ષય, ખાસી, દમ, પાંડુરોગ, કૃશ્ય (સુકાઇ જવું) અને વાયુના રોગનો નાશ થાય છે.

સૌભાગ્યસુંઠી પાકઃ—ઘી ૩૨ તોલા, દૂધ ૫૧૨ તોલા, શાકર ૨૦૦ તોલા, તેમાં સુંઠનુ ચૂર્ણ ૨૦૦ તોલા મેળવીને ગોળના પાક જેવી ચાસણી કરવી તેમાં ધાણા તોલા ૧૨ વરીઆળી તોલા ૨૦, વાયવડંગ તોલા ૪, સુવા તોલા ૪, જીરૂ તોલા ૪, અને સુંઠ, મરી, પીપર, મોથ, તમાલપત્ર, નાગકેશર, બીલીનો ગર્ભ એ દરેકનું ચચ્ચાર તોલા ચૂર્ણ મેળવી તેને પચાવવું. આ પાકને "નાગર ખંડ" પણ કહે છે. આ સ્ત્રીને માટે ઘણો ઉત્તમ પાક છે, જેથી તૃષા, ઉલટી, જ્વર, દાહ. શોષ ખાંસી, પ્લીહા, કૃમિ અને મંદાગ્નિનો નાશ થાય છે. અથવા સુંઠ ૩૨ તોલા, ઘી ૮૦ તોલા, દૂધ ૨૫૬ તોલા, શાકર ૨૦૦ તોલા, અને શતાવરી, જીરૂ, સૂંઠ, મરી, પીપર, તજ, એળચી, તમાલપત્ર,

સુવા, વરીઆળી, અજમોદ, અજમો, ચવક, ચીત્રો અને મોથ એ દરેકના ચચ્ચાર તોલા ચૂર્ણ મેળવીને પકાવવું. તે ચાટવા જેવો થાય એટલે સિદ્ધ થયો સમજવો અને તેને ઘીના ચીકણા વાસણમાં અથવા કાચના વાસણમાં ભરી રાખી મૂકવો. પ્રસુતાના અગ્નિબળનો વિચાર કરી, આપવાથી સુવારોગને મટાડી બળ, વર્ણ અને પુષ્ટિને આપે છે. આ પાક વયસ્થાપક, હૃદયને પ્રિય લાગે એવો, અગ્નિને વધારનારો અને આમવાત, મક્કલશુળ અને સુવારોગનો નાશ કરનારો છે. એ પ્રમાણે પ્રસુતા સ્ત્રીની સુવાવડ અને સુવારોગમાં કહેલી વિધિ પ્રમાણે વર્તન ચલાવી જે વૈદ્ય પ્રસુતાનું આરોગ્ય વધારવાને શક્તિવાન થાય છે, તેમજ પ્રસુતા તથા પ્રસુતાના પતિ અને વડીલો પ્રસુતાને આરોગ્ય રહેવામાં સહાયભુત થાય છે તો તે પ્રસૂતા (વર્તમાનકાળમાં ટૂંકા આવરદાવાળી, રોગી અને નિર્બળ થઇ, કાળના મુખ તરફ દોરાઇ જાય છે તેમાથી બચી) આરોગ્યતા, સુખ અને વૈભવનો લાભ મેળવી, લાંબાકાળ સુધી આયુષ્ય ભોગવી, સંસાર સુખમાં આદર્શરૂપ થઇ બળવાન, બુદ્ધિવાન, ઐશ્વર્યવાન, સંતતિને મૂકી સ્વર્ગનું સુખ ભોગવે છે. તથાસ્તુ.

તારીખ ૭-૪-૧૮ રવેઉ.	પ્રયોજક— શા. તિલકચંદ તારાચંદ વૈદ સુરત. લેખક— ઇશ્વરલાલ રતનલાલ ત્રિવેદી સુરત.



आयुर्वेद निबंधमाळा.

(૯)

બાળકનો પ્રસવ અને સુવાવડની સારવાર.

આપણે પાછલા નિબંધોમાં જણાવી ગયા છીએ કે, સૃષ્ટિના શણગારરૂપ એને સૃષ્ટિની વૃદ્ધિ કરવા માટે, રૂપાળી, ગુણવાળી અને બળવાળી સંતતિ ઉત્પન્ન કરવાની કુદરતે આપણને ફરજ પાડેલી છે, અને તે ફરજ પાડવા સાથે, કુદરતી નિયમો આપણને બાંધી આપ્યા છે તે પ્રમાણે નહિ વર્તનાર માણસ પાપ કરે છે, તે પાપના ફળરૂપ, જે દેશના મનુષ્યો એ નિયમને તોડી મનસ્વીપણે વર્તનારા થાય છે તે દેશ પતિત થઇ, પડતો પડતો છેલ્લે ગુલામગીરીમાં સપડાય છે, તે પાપમાંથી મુક્ત થવા માટે, કુદરતનાં નિયમને અનુસરીને વર્તન રાખવું એનું નામ "ધર્મ" ધણીને. તે પ્રમાણે વર્તનાર મનુષ્યો, ધાર્મિક વૃત્તિના ગણાય છે; અને જે દેશ એ પ્રમાણે વર્તતો હોય, તે દેશ તે ધર્મના પ્રભાવથી ઉન્નતિને પામી સર્વનો શિરોમણી- બળવાન્ ધનવાન્ અને વિદ્વાનમાં ગણાઇ, ઇતર દેશોને ખાવાવાળો, ચૂસવાળો અને ગુલામ બનાવનારો છે, એટલા માટે આપણે સારી સંતતિ ઉત્પન્ન કરવા માટેના કુદરતના નિયમને તાબે થઇ જે ગર્ભને ઉત્પન્ન કર્યો છે, તે ગર્ભને પ્રસવ કરાવી ગર્ભવતીની પ્રસૂતાવસ્થામાં, તેની સારવાર કેમ કરવી ? તે વિષે આ નિબંધ લખવાનો ઉદ્દેશ છે.

જે સ્ત્રી નવમે, દશમે, અગિયારમે કે બારમે અથવા વિકાર પામી ગમે તેટલે માસે કે વર્ષે પ્રસૂત થવાને લાયક જણાય તે વખતે, તે સ્ત્રી માટે આઠ હાથ લાંબુ, ચાર હાથ પહોળું, પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખનું સુશોભિત હવા અને ઉજાસને સમાનભાગે પ્રવેશ કરાવે એવું, ભેજ વગરનું, સ્વચ્છતાવાળું એક સ્થાન તૈયાર કરાવવું, અને જ્યારે પ્રસૂતાવસ્થાના પુર્વરૂપ, પેટ પોચું પડી જાય, હૃદયનાં બંધ મોકળા થઇ

જાય, પેઢુમાં શૂળ નીકળવા માંડે તથા કેડમાં અને પીઠમાં પીડા થાય, ઝાડો તથા પીશાબ વારે ઘડીએ કરવો પડે એવું દેખાય, ત્યારે તેનો પ્રસૂતકાળ પાસે આવ્યો છે એમ જાણી, પ્રસૂતિગૃહનું જે સ્થાન મુકરર કર્યું છે તે સ્થાનમાં પ્રવેશ કરાવવો. તે પછી તે સ્ત્રી પ્રસૂત થવાને તૈયાર થાય ત્યાને તેના ગાત્રોમાં તેલનો અભ્યંગ કરી, તેને ઉના પાણીથી નવ રાવીને જેમા વજનસર ઘી નાખેલું હોય એવી ગોળ, અસાળીયો, સુંઠ, તજ, અકલગરો, અને તેજબળના મસાલાવાળી, ગોળના પાણીમાં ઉકાળેલી રાબ પાવી અને જ્યારે પીડા વધે ત્યારે તે સ્ત્રીને પોચાં ઓસીકાવાળી પથારી ઉપર પગ મૂકીને ઉભડક બેસાડવી. તે વખતે તે સ્ત્રીની સારવાર કરનારી અથવા જણાવનારી, જેના ઉપર કોઈપણ જાતનો વહેમ નહિ હોય એવી, જણાવવાની ક્રિયામા કુશળ. જેના નખ સારી રીતે ઉતરાવી નાંખ્યા હોય અને જે પ્રસૂતિનું પ્રસન્ન ચિન્તથી હિત કરનારી હોય, એવી, કુશળ, અનુભવી ચાર સ્ત્રીઓને તે કામમાં રોકવી. છોરૂં અવતર વાના માર્ગને ચારે કોર તેલ ચોપડયા પછી, તેઓમાંથી એક સોઇઆણી એ તે કષ્ટાતી સ્ત્રીને કહેવું કે "બાઇ જો તને બરાબર પીડ ન આવતી હોય તો જોર કરીશ નહિ, પણ જો બરાબર પીડ આવતી હોય તો જોર કરજે પ્રથમ ધીમે ધીમે થોડું જોર કરજે, અને પછી વધારે જોર કરજે. તારો ગર્ભ યોનિના દ્વારમાં આવે ત્યારે ત્યાંથી નીકળીને ઓળ સહિત ધર્તિપર પડતાં સુધી બહુજ જોર કરજે." જો સમય વગર જોર કરવામાં આવે તો પ્રસવ થતું બાળક, મૂગું. બહેરૂં, ખુંધું, શ્વાસના રોગવાળું. કિઘરસવાળું. ક્ષયવાળું કે શિથિલ શરીરવાળું આવે છે.

હવે આ વિષયના ઉપર થોડુંક વિવેચન કરવાની જરૂર છે, તે એવી રીતે કે હાલમાં ચાલતા રિવાજ પ્રમાણે, પ્રસૂતાને પ્રસૂતગૃહમાં એક એવી શય્યા ઉપર સુવાડવાડવામાં આવે છે કે, તે સૂવાડનાર માણસ ને તે શય્યા ઉપર ચાર રાત્રિ સુવાનો હુકમ કર્યો હોય તો, તે જરૂર મરી જાય અથવા મરવા પડે, તો આવી તદ્દન શિથિલ થઇ ગયલી પ્રકૃતિવાળી, શ્રમ અને થાકથી કંટાળી ગયલી. જેને આરામની ઘણી જરૂર છે એવી સ્ત્રીને તેના મનને આનંદ આપવાની ફરજને ભૂલી જઇ, એક દોરીથી ભરેલો ખાટલો અને તે ખાટલાપર કામળ અથવા ટાટના

ફાટેલા, ગંધાતા કકડા પાથરેલા જેમાંથી ગંધ અને જંતુનો ઉદ્ભવ થાય એવા બીછાના ઉપર દશ દિવસ ગાળવાની ફરજ પાડવામાં આવે છે; પરંતુ તે સ્ત્રીના મનને શાંતી આપવાની એટલી બધી જરૂર છે કે, જે સ્ત્રીને સંતતિ ઉત્પન્ન થયલી છે તેનાં ભવિષ્યનું બંધારણ બાંધવાને માટે, છઠ્ઠીનો દિવસ, નિર્માણ થયેલો છે તે છઠ્ઠીને દિવસે, વિધાત્રી લેખ લખવા આવે છે એવી દંતકથા આપણામાં ચાલુ છે,અને તેના દાખલા તરીકે, છઠ્ઠીના દિવસે રાત્રીના એક દીવો પ્રગટાવી, બાળકની પાસે એક બાજઠ ઉપર મૂકી, કોઇ વૃદ્ધ પુરૂષના વાપરેલા જૂના કપડાનો કટકો પાથરી, ત્યાં આગળ કંકુ અને કલમ કરવાનું બરૂ ગોઠવી, એવું ધારે છે કે, આજ રાત્રે વિધાત્રી આવીને કંકુના અક્ષરે એના લેખ લખી જશે, જેથી બાળક ભાગ્યશાળી નીવડશે પણ વિધાત્રી કંકુના અક્ષરને બદલે કાળા અક્ષરથી લેખ લખી જશે, તો તે બાળક ભાગ્યહીન થશે એટલા માટે વિધાત્રીને લેખ લખવા સારૂં કંકુ, કાગળ અને કલમ ગોઠવવામાં આવે છે, અને અંધારામાં ભૂલ નહિ થઇ જાય એટલા માટે ત્યાં દિવો અખંડ રાખવામાં આવે છે; પરંતુ આ ચાલતી રૂઢીનું રહસ્ય એવું છે કે, મનુષ્યપ્રકૃતિના આહારનું ખરૂં વીર્ય બનવાને, ખાધેલા ખોરાક પછી, પાંચ અહોરાત્ર અને અગિયાર ઘટિકા જેટલો કાળ જાય છે, એટલા માટે પ્રસુત થયા પછી છઠ્ઠે દિવસે, પ્રથમ દિવસે ખાધેલા આહારનું વીર્ય બને છે, અને તે ખાધેલા આહારને રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જાના રૂપમાં બદલાતામાં છ દિવસ લાગે છે, તે આહારના અભિસરણથી ઉત્તરોત્તર રૂપાંતર થતાં, તેની સાથે માતાના મનોવેગ અથવા આચાર વિચારથી ઉત્પન્ન થતા માનસિક પ્રવાહનો વેગ મળીને, બાળકના સાત ધાતુ અને સાત ઉપધાતુ, પાંચ તત્વો, પાંચ તન્માત્રાઓ અને ચાર અંતઃકરણ સાથે ઓતપોત થઇ, શરીરના તમામ અવયવોમાં પોષાઇને, બાળકની આખી જીંદગી શુભ કે અશુભ પ્રવૃત્તિના બીજરૂપે, એ પ્રથમના ૭ દિવસ મુકરર કરેલા છે, અને તેથીજ છઠ્ઠીને દિવસે વિધાત્રી નહિ, પણ 'વિધાતા' એટલે પરમાત્મા અથવા કુદરતથી નિર્માણ થાય છે, તેને "છઠ્ઠીના લેખ" એવું નામ આપવામાં આવ્યું છે. હવે વિચાર કરો કે, પ્રસુત થવાથી નિર્બળ થયલી અને પ્રસુતકાળમાં શરીરની અશુચિ

અને પાણી આદિથી ભેજવાળી, અરે અંધારામાં આચ્છાદિત થએલી, હવા અને ઉજાસરહિત સ્થાનમાં અકડાયલી પ્રસુતાના મનપર, કેવી જાતની અસર થશે તેનો વિચાર કર્યા વિના, તેને તુટેલી, ફાટેલી, ગંધાતી, મેલી અને નહિ વપરાયલી અવવારૂ ગોદડીઓમાં સુવાડી, જે અમારા શબ્દોમાં કહીએ તો, તેની ઉપર જુલમ ગુજારવામાં આવે છે, તો તે સ્ત્રી આનંદના નીતિના વિચારનું સેવન શી રીતે કરી શકે? અર્થાત્ એવું સમજાય છે કે જો સુવાડી સ્ત્રીને અંધારામાં અને અસુચિમાં રાખવા પછી, કોઇ રોગ ઉત્પન્ન થાય, તો તેની સારવાર કરવા માટે વૈદ્યો અને ડોકટરોની ફી તથા દવાના બીલના સેંકડો રૂપિયા ખરચાય, પણ એક સુવાવડી સ્ત્રીને સુખ, આરામ અને આરોગ્ય આપવા માટે, જૂજ રકમના ખીચ્ચાનાં ની કસર કરવામાં આવે એ કેટલું બધું ખેદકારક અને શોચનીય છે?

ઉપર જણાવી ગયા તેમ પ્રસુતિગૃહ ઉત્તરાભિમુખ અથવા પુર્વાભિમુખનું રાખવું, તેનું કારણ એ છે કે, જો દક્ષિણાભિમુખનું દ્વાર કરવામાં આવે, તો પ્રસુતાને ઉત્તર દિશાએ માથું રાખવાનો પ્રસંગ આવે. અને ઉત્તર દિશાએ લોહચુંબકનો પહાડ આવવાથી તથા તે લોહચુંબક, લોખંડને આકર્ષણ કરનાર હોવાથી, પ્રસુત થયલી સ્ત્રીના શરીરમાં પૌષ્ટિક-તત્વ એટલે જે લોહનો ભાગ છે, તેના ઉપર આકર્ષણનું જોર વધવાથી તેના શરીરના બળને ઘટવાનો અને મગજના જ્ઞાનતંતુને ખેંચવાનો સંભવ હોવાથી, તે પ્રસુતાને આંકડી, લકવા અથવા એવાંજ મહાન્ વાતવ્યાધિ ઉત્પન્ન થવાનો સંભવ છે. તેવીજ રીતે પશ્ચિમાભિમુખનું દ્વાર રાખવામાં આવે તો, તે સ્ત્રીને પૂર્વ દિશાએ માથું રાખવાની જરૂર પડે છે, તેથી સુર્યના ઉદયથી અસ્ત લગીમાં, તેના શરીર ઉપર સીધાં કિરણો પડવાથી, પ્રસુતાના શરીરમાં અત્યંત લોહીનો ઉકાળો થવાથી, તેના હૃદય, ફેફસાં, યકૃત, અને પ્લીહા જેવા લોહીને બનાવનારા, લોહીને સુધારનારા અને લોહીને રંગનારા અવયવો ઉપર, ભારે અસર થવાથી, લોહીની ગતિમાં મોટો ફેરફાર થાય છે તેથી તે સ્ત્રીનું દૂધ, વિકારવાળું થવાથી, તે દૂધ ધાવનાર બાળકને, વૃદ્ધિ પામતુ અટકાવી રોગી અવસ્થામાં લાવી નાંખે છે. કદાચ કોઇ એવો વિચાર કરે, કે પશ્ચિમાભિમુખ અથવા દક્ષિણાભિમુખ

નું દ્વાર રાખીશું તથાપિ, તે સ્ત્રીને ઉત્તરાભિમુખ કે પૂર્વાભિમુખ સુવાડીશું નહિ જેથી ઉપર લખ્યા મુજબની અસરમાંથી બચાવી શકીશું. પરંતુ તેમ બનવામાં ઘણી અડચણો છે, કારણ કે દક્ષિણ દિશાએથી આવતો પવન ગરમીથી ભરેલો અને ઝેરી હોય છે, અને એટલાજ માટે “દક્ષિણે યમાલય” કહેલું છે, તે તરફનું દ્વાર ખુલ્લું રહેવાથી એ ઝેરી પવનની અસર, પ્રસૂતાના ઉપર થાય છે, જે તે વ્યાધિગ્રસ્ત થવાનો વિશેષ સંભવ છે. તેવીજ રીતે પશ્ચિમાભિમુખનું દ્વાર હોય તો પશ્ચિમ સમુદ્રમાંથી પાણી ભરેલો પવન પ્રસૂતગૃહમાં આવવાથી પ્રસૂતાને નિર્બલાવસ્થામાં શરદી ઉત્પન કરી, તેના લોહીમાં પાણીનો ભાગ વધારી, તેને મંદાગ્નિ, સોજા વગેરે દરદો ઉત્પન્ન કરવાને સહાયભૂત થાય છે, એટલુંજ નહિ પણ ચાર હાથ પહોળી જગ્યાનો આડો ખાટલો રાખવાથી પ્રસૂતાની સારવાર કરનારા પરિચારિકાઓને તે જગ્યા સાફસુફ કરતાં, બાળકને લેતાં મૂકતાં, પ્રસૂતાના મળ-મૂત્રને દૂર કરતાં અને ઉત્તરના તથા પૂર્વના પવનને રોકતાં, તેમજ સૂર્ય અને ચંદ્રના આકર્ષણને પ્રતિબંધ કરતાં, મોટી અગવડો વેઠવી પડશે. એટલા માટે આયુર્વેદાચાર્યોએ પ્રસૂતિગૃહ, પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ રાખવાનું કારણ નિર્માણ કરેલું છે.

ઉપર જણાવવામાં આવ્યું છે કે, પ્રસૂત કરાવનારી સોહયાણી હોશિયાર, ધીરજવાળી અને હસમુખી તથા પ્રીતિથી કામ કરનારી હોઇ વિશ્વાસપાત્ર હોવી જોઇએ, અને તેના નખ લેવડાવેલા હોવા જોઇએ, તેનું કારણ એ છે કે સ્ત્રીને પ્રસવ વખતે આમરણાન્ત દુઃખ ઉત્પન્ન થાય છે તેવા સમયમાં જોસો આણી ગભરાઇ જાય એવી, ચલિત મનની અને અનુભવ વગરની હોય, તો પોતાના મનની સ્થિતિ સાચવી નહિ શકવાથી, તે કર્કશ તથા ભયભરેલાં વચનો બોલી જાય તેથી ગર્ભિણીના મન ઉપર એવી ખરાબ અસર થાય કે જેથી તેને પ્રાણ જવા સુધીનો સંભવ આવી જાય. નખ લેવડાવવાનું કારણ એ છે કે ગર્ભસ્થાનમાં આંગળી મૂકવી પડે, અથવા હાથ મૂકવો પડે અને નખ વધેલા હોય, તો ગર્ભસ્થાનના કોઇ ભાગને અથવા ગર્ભના કુમળા શરીરને નખનો જખમ લાગી જાય તો નખના જખમને બીજા

જખમો કરતાં રૂઝવવાનું કામ ઘણુંજ મુશ્કેલ થઇ પડે છે. એ ઉપરાંત સોઇયાણી સિવાય બીજી બેથી ચાર વૃદ્ધ સ્ત્રીઓ જેઓ એ કામની અનુભવી હોય તેઓને હાજર રાખવાનું કારણ એ છે કે, તેઓ પોતાના અનુભવથી પ્રસૂતાને સાંતિ આપે, તેઓ પોતાની સંબંધીની હોવાથી પ્રસૂતાને શાંતિ અને વિશ્વાસ સાથે હિંમત રહે. તેઓના અનુભવથી પ્રસૂતાની પ્રકૃતિમાં કાંઇ ફેરફાર થતો હોય, તો તે લક્ષમાં રાખી તેનો સત્વર ઇલાજ કરે, અને પ્રસૂતાની યોનિમાં તેલ ચોપડયા પછી તેને ઉભડક બેસાડીને જોર કરવાનું કહેવામાં આવે, અને તે પ્રમાણે જોર કરવાથી બાળક ગર્ભશય્યામાંથી ખસી, યોની દ્વારમાં આવે, એટલે સ્ત્રીને ચત્તા સુવડાવવાની જરૂર પડે છે, તે અરસામાં દુઃખ તથા ભયને લીધે, સ્ત્રીના ગર્ભસ્થાનનાં સ્નાયુઓ સંકોચાવાથી, ગર્ભ પાછો ઉંચે ચઢી જઇ, કાળજાની સાથે જોડાઇ જવાનો સંભવ હોવાથી, એક વૃદ્ધ સ્ત્રી, તેના પેટને એવી રીતે પકડી રાખે કે, તે ગર્ભ પાછો ઉપર ચઢી શકે નહિ. એ ક્રિયાને 'કલ્લો દેવો" એવું લૌકિક નામ આપવામાં આવ્યું છે. બીજી સ્ત્રીએ પ્રસૂતાના પગને રીતસર પકડી રાખવા કે જેથી ગર્ભની સાથે આવતી વેણની પીડાને લીધે ઉત્પન્ન થતી શૂળને લીધે, પ્રસૂતા પોતાના પગને પછાડી, પ્રસૂત થતા બાળકને હાનિ પહોંચાડી શકે નહિ એવી રીતે કુશળતાથી કાર્ય કરવામાં આવે એટલે સુખરૂપ પ્રસવ થાય. જે વખતે મૂળ સોઇયાણી, બાળકને હાથમાં ઝીલી લઇ, તે બાળકની સારવારમાં એટલે તેનું માથું ગોળ કરવામાં,તેના શરીરપર ચોટેલી ઓળને દૂર કરવામાં, બાળકની ઉપર એક ઠંડા પાણીનો લોટો રેડવામાં રોકાયલી હોય, તેવે પ્રસંગે બાકીની સ્ત્રીઓ સ્ત્રીના ગર્ભસ્થાનને યથાસ્થિત સ્થિતિમાં ગોઠવવામાં અને સ્ત્રીના પેટ ઉપર મજબૂત પાટો બાંધવાના કાર્યમાં રોકાય છે. જો એવી રીતે કુશળતાથી કાર્ય કરવામાં ન આવે, તો સ્ત્રીના ગર્ભસ્થાનમાં એવો કોઇ જાતનો રોગ ઉત્પન્ન થાય, કે જેનો ઉપાય મળેજ નહિ, અને તે સ્ત્રી જીંદગી પર્યંત તે દુઃખ ભોગવતી રહે છે આટલું વર્ણન કર્યા પછી, આપણે બાળકની સારવાર કેમ કરવી ? એ વિષયને બાજુએ રાખી, પ્રસૂતાની સારવાર કેમ કરવી ? એ વિષયને માટે, વિવેચન કરીશું.

બાળકનો જન્મ થયા પછી, તેની ઓળ અથવા મેલીને નામે ઓળખાતી અશુચિ જે બાળકની આસપાસ વીંટળાયલી રહીને બાળકને પોષવાનું કામ કરતી હતી, જેને આયુર્વેદાચાર્યોએ "જરાયુ" એવું નામ આપેલું છે, તે ગર્ભસ્થાપન થતી વખતથી ગર્ભની આસપાસ, સ્ત્રીના શરીરથી અલગ રહીને, જેમ જેમ ગર્ભ વધતો જાય, તેમ તેમ તે વધીને સ્ત્રીના મળ-મૂત્રથી બચાવાનું કામ કરે છે તે, ફૂટીને પાણીરૂપે તેમાંનો પ્રવાહી વહી જઇને, ગર્ભસ્થાનથી છૂટી પડીને, ઓળ અથવા મેલીના નામથી ઓળખાઇને, એની મેળે બહાર પડે છે. જો એ મેલીનો થોડો ભાગ પણ ગર્ભસ્થાનમાં રહી જાય, તો પ્રસૂતાને સુવાવડમાં કેડ પાકે છે, અથવા તેમાંથી યેનિકંદ, મક્કલ અથવા યેનિમાર્ગનો દીર્ઘ વરમ, કે સોજા અને સુવારોગનો જ્વર ઉત્પન્ન થાય છે. એટલા માટે મેલી પડવાની ઘણી આતુરતાથી વાટ જોવામાં આવે છે અને તે મેની પડી ગયા પછી, પ્રસવની વેદનાથી અથવા પ્રસવ થતાં યેનિના થએલા વિકાસથી અથવા પ્રસવ થતાં યેનિને પહોંચેલા જોરથી, યેનિમાં ક્ષત, ફાટ કે સોજો આવ્યો હોય, તે મટાડવા માટે પેટ ઉપર પાટો બાંધ્યો કે, તુરત યેનિમાં ગોળ, મીઠું અને સુકી હળધર મેળવીને ભરી દેવામાં આવે છે, તેથી ઉપર લખેલી પીડાની શાંતિ થવા ઉપરાંત, મેલીનો કોઇ પણ ભાગ રહી ગયો હોય, તે આ ઉપચારથી ગળીને બહાર નીકળી જઇ, યેનિ સ્વચ્છ થાય છે. એ પછી જણનારી સ્ત્રીએ આહાર અને વિહાર પોતાને હિતકારી હોય તે કરવા, પરિશ્રમ કરવો નહિ, મૈથુનનો ત્યાગ કરવો, ક્રોધ કરવો નહિ, ટાંડા પદાર્થનું સેવન કરવું નહિ. જો સુવાવડી સ્ત્રીથી આહાર-વિહારમાં ભૂલ થાય અને તેને પરિણામે જે વ્યાધિ થાય છે તે ઘણે પ્રયત્ને મટે છે, અથવા મટતોજ નથી એટલા માટે તેણે પથ્યનુંજ સેવન કરવું જોઇએ. સુવાવડી સ્ત્રીનું સઘળું ખરાબ લોહી નીકળી ગયા પછી પણ તેણે સાવધાન રહી એક માસ પર્યન્ત નિત્ય પથ્ય અને ધીવાળું થોડું થોડું જમવું, શેક લયા કરવો અને તેલનો અભ્યંગ કરવો જણ્યા પછી દોઢ મહિનો થઇ જાય, અથવા ફરીથી અટકાવ આવે, ત્યારે સુવાવડી કહેવાતી મટે, એવો ધન્વંતરીનો મત છે. એકંદરે એવું છે કે, સ્ત્રીને ઉપદ્રવરહિત અને ચોખ્ખી થયલી જણાયા

પછી પણ સુવાવડને ચાર માસ વીત્યા પછી તે નિયમો છોડવા. આ ઉપરથી સમજાય છે કે, સ્ત્રીને પ્રસૂતિકાળ આવ્યા પહેલાં ગર્ભથી પાંચમે અથવા સાતમે માસે, પોતાના પિતૃગૃહે મોકલવાનો અને પ્રસૂત થયા પછી પાંચમે યા સાતમે મહિને પતિગૃહે આવવાનો જે રિવાજ પડેલો છે, તે ઘણો વિચારપૂર્વક ઘડાયલો અને સ્તુતિપાત્ર છે. કારણ કે તેથી, ગર્ભિણીના અને સુવાવડીના નિયમો બરાબર પાળી શકાય છે. આજકાલ આપણા દેશમાં સ્ત્રીઓમાં સુવારોગ, સંગ્રહણી અને ક્ષયનાં દર્દો વધી પડવાથી જે મરણનું પ્રમાણ વધી પડયું છે અને ઘણીખરી સ્ત્રીઓ એક અથવા બીજી સુવાવડે, યુવાવસ્થાનો કાળ હોવા છતાં, અકાળે, મૃત્યુને વશ થઇ, પોતાનો જન્મ હારી જાય છે, તેનું મુખ્ય કારણ આ રૂઢી અથવા નિયમનો ભંગજ છે. આજકાલ કેળવાયલી પ્રજામાં, વગર કેળવાયેલી અર્ધ જંગલીના નામથી ઓળખાયલી અને ઉંચ પંક્તિનું અભિમાન ધરાવનારી પ્રજામાં, એવો એક ચાલ પડી ગયો છે કે, પતિને બહારગામ નોકરી કે વેપાર હોવાથી, તે સ્ત્રીથી લાંબા સમય સુધી પતિગૃહથી દૂર થવાનો નિયમ પાળી શકાતો નથી, તેમ પ્રસૂત થવા માટે તેના પિતાને ઘેર નહિ ઝટકે મોકલી હોય, ત્યાં પણ ચાળીશમું નહાવાની રૂઢીનો ભંગ કરી, હાલમાં અઠ્ઠાવીશ દિવસે અથવા બત્રીશ દિવસે, સૂતિકાસ્નાન કરાવી, તે પછીના બે ત્રણ દિવસમાંજ પોતાની સ્ત્રીને પોતાની અગવડ સાચવવા સારૂ પોતાની પાસે બોલાવી લે છે, તેથી કાચી સુવાવડી વૈદકશાસ્ત્રના અને ધર્મશાસ્ત્રના બંધનને છોડી, તેનો પતિ તે બંધનને તોડી, તેની સાથે સમાગમમાં આવે છે, અને રસોઇપાણી વગેરે સંસારી ખટપટમાં પડવાથી, તે જીર્ણજ્વર કે ઝાડાનો રોગ લાગુ પડી જઇ, તે સ્ત્રી મરણના મુખ તરફ ખેંચાતી જાય છે; પરંતુ તે પતિ, તે સ્ત્રીને સુવારોગમાં સપડાયા પછી, જ્યારે તે પથારીવશ થાય છે ત્યારે તેની સારવારમાં રોકાઇ, વખત અને પૈસાનો ભોગ આપી, આખરે તેને મરણ પામતી જોવાને રાજી થાય છે, પણ પ્રસૂત થવાં પહેલાના ચાર માસ, અને પ્રસૂત થયા પછીના છ માસની ધીરજ રાખી શકતો નથી, એટલીજ દલગીરીની વાત છે. માટે આયુર્વેદાચાર્યોએ બળવાન અને આરોગ્ય તથા ઐશ્વર્યવાન્ સંતતિ ઉત્પન્ન કરવા માટે, જે દિવસથી ગર્ભ સ્થાપન

થાય તે ગર્ભ વધી તેનો પ્રસવ થયા પછી, બાળક ધાવવાનું બંધ કરી અન્ન ખાતું થાય ત્યાં સુધી, પતિપત્નીએ બ્રહ્મચર્ય પાળવું એવો સિદ્ધાંત સ્થાપેલો છે, અને એ સિદ્ધાંતને તોડીને મોહવશ થઇને, જેટલા પ્રમાણમાં ઉલટે માર્ગે ચાલવામાં આવે, તેટલા પ્રમાણમાં તે અધર્મી ગણાય અને તે અધર્મને લીધે થયલા પાપના ફળ તરીકે, ઉપર કહેલા ગુણથી ઉલટા ગુણ–કર્મ–સ્વભાવવાળી અને અલ્પાયુષી તથા રોગી સંતતિ ઉત્પન્ન થાય, તેમાં કાંઇપણ આશ્ચર્ય નથી.

હવે પ્રસૂતા સ્ત્રીને ત્રણ દિવસ અથવા પાંચ દિવસ સુધી ચત્તીને ચત્તી સુવાડવી અને તેને સંભાળપૂર્વક સાચવવી. જો તેમ કરવામાં નહિ આવે ને કાંઇક પરિશ્રમનું કામ કરવામાં આવે, તો તે સ્ત્રીનું ગર્ભસ્થાન (કાયા) નીચેના ભાગમાં ધસી આવે છે, અને જો સ્ત્રી વધારેવાર બેસી રહે, તો ગર્ભસ્થાનપર બોજો પડવાથી, ગર્ભસ્થાન પાકે છે, જેને કેડ પાકી છે એમ કહેવામાં આવે છે. જો કે તે પ્રયત્નથી સારૂં થાય છે પણ, તેની કમ્મરમાં થયેલો દુખાવો તેની જિંદગી પર્યન્ત રહી જાય છે, તે મટતો નથી. એટલા માટે સ્ત્રીને ચત્તી સુવાડી મૂકવાની ખાસ જરૂર છે. એ પ્રમાણે ત્રણ કે પાંચ વાસા વીત્યા બાદ તે સ્ત્રીને દરરોજ તેલ ચોળી, ગરમ પાણીથી સ્નાન કરાવવું અને તેને સ્વચ્છ કપડાં તથા સ્વચ્છ બિછાનું આપવું. તેની સાથે હલકો પણ ધીવાળો ખોરાક આપવો, પરંતુ ચાલતા જમાનાના રિવાજ પ્રમાણે દૂધ અથવા ચાય (ચાહ) તો બીલકુલ આપવાંજ નહિ. વર્તમાનકાળમાં સ્ત્રીઓને બાળકના પેટ પૂરતું પણ દૂધ ઉતરતું નથી, તેનું ખરેખરૂં કારણ, ગર્ભાવસ્થામાં અથવા પ્રસૂતાસ્વસ્થામાં દૂધ અને ચાય છે. જે પ્રજામાં દૂધ અને ચાય આપવામાં આવતાં નથી, તે પ્રજામાં બાળકો ધાવવા ઉપરાંત, દૂધનો એટલો મોટો પાનો ચઢતો જોવામાં આવે છે કે, એક તરફ બાળક ધાવતું હોય તો બીજી તરફના સ્તનમાંથી દૂધ વહી જતું દેખાય છે, અને તેનો અનુભવ આ જમાનાની સુધરેલી અને ફેન્સી સુવાવડ કરતાં, આજથી પચાશ વર્ષ ઉપરની પ્રસૂતા સ્ત્રીને પૂછવાથી, તે પોતાની હકીકત આ વાતને પુષ્ટિ આપનારી જણાવશે.

પ્રસૂતાસ્ત્રીને બીજા વાસાથી, સવારમાં પ્રથમ સુવા તોલા બે, અને મેથી તોલા બેને, એક શેર પાણી મુકી, ઉકાળી, નવટાંક પાણી રહે ત્યારે કપડે ગાળી લઈ, તેમાં બે રૂપીઆભાર ચોખ્ખું મધ નાંખી પાવું અને તે પછી ઓછામાં ઓછો ૦ા તોલો બોળ, ભૂકો કરીને ગળાવવો બોળને માટે એવો વહેમ છે કે, બોળ ગળનારી સ્ત્રી જો બોળને પોતાના દાંતને અડકાડે તો દાંત પડી જાય છે, પણ એ વાત તદ્દન ખોટી છે. હેતુ એવો છે કે, બોળ દાંતમાં ભરાઈ જવાથી, તેની કડવાસ અને ગંધથી, મોઢું ઘણા વખત સુધી બગડેલું રહે છે, જેથી બીજો ખોરાક ખાવામાં અરૂચી ઉત્પન્ન થાય છે, એટલા માટે બોળને દાંતે નહિ અડકાડતાં ગળી જવાની ભલામણ કરવામાં આવે છે. બોળને ગળ્યા પછી બેઆનીભાર હીંગડો લેવો અને તે હીંગડાની આસપાસ રૂ લપેટવું. તે રૂને સળગાવી બાળી મુકવું, એટલે હીંગડો ફૂલી જશે, તેની ભૂકી કરીને ફાકી મરાવવી. તે પછી હવળાઇ તૈયાર કરેલી હોય તે મધમાં ચટાડવી. તે **હવળાઇ** નીચે પ્રમાણે બનાવવી;—

સુંઠ, મરી, પીપર, પીપરીમૂળ, અક્કલકરો, પાનની જડ, તજ, લવેંગ, જાયફળ, જાવંત્રી, એલચી, અને તેજબળ એને સમભાગે લઇ, ખાંડી, વસ્ત્રગાલ ચૂર્ણ કરી રાખવું. કેટલાક લોકો એમાં હીંગળોક મેળવે છે, અને કેટલાક નથી મેળવતા.

ઉપલી હવળાઇ ચટાડ્યા પછી થોડીવારે ભૂખ લાગે ત્યારે ઘઉની રોટલી, સુંવાળી, સાતપડી કે દશમી, અથવા ભાવે તો ઘઉંના લોટનો ગોળમાં બનાવેલો શીરો ખાવા આપવો. રોટલી સાથે ગળપણ તરીકે મધ આપવું. એવી રીતે પાંચ દિવસ ચલાવવું. તે પછી સુવા મેથીનો ઉકાળો બંધ કરી, બાકીની ક્રિયા કાયમ રાખી, સુવા–મેથીના ઉકાળાને ઠેકાણે **દશમૂળનો ઉકાળો** આપવો. તે દશમૂળ આજકાલ ખરાં મળતાં નહિ હોવાથી, અમારી કલ્પના પ્રમાણેની દશમૂળની પડી, મેળવવી;—

દશમૂળની પડી—આંકડાનું મૂળ, દીવેલાનું મૂળ, અરણીનું મૂળ, કાચકીનું મૂળ, ભારંગમૂળ, પહાડમૂળ, ચિત્રામૂળ, લીંબાછાલ સૂકી, ગળો, ભોંયરીંગણી પંચાંગ, સુંઠ, સુવા, વાયવડંગ, એટલાં વસાણાં લાવી,

સ્વચ્છ કરી, તેનો ઉકાળો કરી, તે ઉકાળાનું ચાર તોલા પાણી, એક તોલો સ્વચ્છ મધ નાંખીને પાવું, જો આ અમારી કલ્પિત પણ અનુભવેલી પડી ઉપર ધ્યાન નહિ પહોંચે તો, શારંગધર સંહિતામાં લખેલો "દેવદવ્યાદિ ક્વાથ" પાવો. તે ક્વાથ નીચે પ્રમાણે મેળવવો;—

દેવદાર, વજ, વજ્રકાવળી, પીપર, સુંઠ, કાયફળ, મોથ, કરીયાતુ, કડુ, ધાણા, મોટી હરડે, ગજપીપર, ધમાસો, ગોખરૂં, ભોંયરીંગણી, અતિવિષ, ગળો, કાકડાસીંગ અને શાહજીરૂ એ સર્વને સમભાગે એકેક તોલો લઇ, પાણી શેર બે મુકી, ૄ પાણી બાકી રહે ત્યારે એક તોલો ચોખ્ખું મધ નાંખીને પાવું. એટલે પ્રથમ ઉકાળો પાવો, પછી ખોળ ગળાવવો, પછી હીંગડો ગળાવવો, પછી હવળાઇ ચટાડવી અને તે પછી સુંઠ તોલો ૧. કોપરૂં તોલો ૧. ગોળ તોલો ૧. અને ઘી તોલો ૧. એકઠું કરી ચોળીને એક ટંકે ખવડાવવું. આટલો વિધિ સવારમાં કર્યા પછી, રાત્રે વાળું કર્યાબાદ પ્રથમ હવળાઈ ચટાડવી, પછી હીંગડો ગળાવવો, પછી ઉકાળો પાવો અને જો એટલું કરતાં છતાં વાયુનું જોર વધારે જણાય તો પાકાં પાન (ચેવલી) નંગ, ૫. આદુ તો. ૨ કુદનોપણી–૪ એને વાટીને રસ કાઢી તેમાં મધ તો. ૧ નાંખી. જરા ગરમ કરી પાવું; જેથી ખાટા હોડકાર, પેટનું ચઢવું, પેટની અકળામણ મટી જઈ, ખોરાક સારી રીતે પચે છે. ઉપર પ્રસૂતિ સમયમાં જે ગોળ, મીઠું અને હળદર (યોનિમાં) લેવાનું કહ્યું છે, તે ૩ દિવસ લીધા પછી બંધ કરી દેવું, અને તે પછી, વાયવડંગ, વાકુંબા, સુવા, મેથી, આંબાહળદર, સાજી, લોધર, ખાંડી ભૂકો કરી તેમાં થોડું મધ મેળવી તેની પોટલી કરી યોનિમાં વાપરવા આપવી. એ પ્રમાણે ૧૦ વાસા એટલે બાળાબળીયા પૂજતાં સુધી, અથવા દશ ઉઠણુ સ્નાન કરતાં સુધી, ઉપર જણાવેલો ક્રમ ચાલુ રાખવો. એ ક્રમ ચાલુ હોય છતાં કોઇ પ્રસૂતાને પાણીની અત્યંત તૃષા લાગે તો, તેને સોનાનો વરખ નંગ એક, મધમાં ચટાડવો. એ ચટાડવાથી તરસ મટી જશે અને મોંમાં અમી આવશે. જો પ્રસૂત થયા પછી શરીરે કળતર થતું હોય, પગની જાંગોની અને પેઢુની નસો ખેંચાતી હોય, તો શરીર ઉપર દારૂ ચોળા-

વધે અને તે પછી તેલ ચોળીને સ્નાન કરાવવું. પરંતુ સ્નાન કર્યાં પછી
પણ દારૂ ચોળવાની હરકત નથી. કેટલાક લોકમાં પ્રસવ થયા કે તુરત,
ગર્ભસ્થાનમાં દારૂ રેડવાનો ચાલ છે, કેટલાક લોકોમાં ફટકડીના કકડા
લેવડાવવાનો ચાલ છે, અને કેટલાકમાં આખી સુવાવડમાં કોઇપણ પદાર્થ
લેવડાવવાનો બીલકુલ ચાલ નથી, પરંતુ અમારા વિચાર પ્રમાણે એ
ત્રણે રીત સારી નથી, કારણ કે દારૂ રેડવાથી તેના આલ્કોહોલ (નીશા)
વાળા તત્વો મગજે ચઢી જવાથી ઘણીવાર હિસ્ટીરીયા જેવા ભયંકર
રોગોનો ઉપદ્રવ થાય છે, તેમ ફટકડી આપવાથી નસો ખેંચાઇ, વખતે
યોનિશૂળ કે મક્કલરોગ થવાનો સંભવ છે, અને કંઇ પદાર્થ નહિ લેવ-
ડાવવાથી ઘણીવાર પ્રસૂતિનો દોષ બાકી રહી જાય છે તેથી પ્રદર (લીકો-
રીયા) થવાનો સંભવ છે. લીકોરીયાના દર્દી વર્તમાનકાળમાં કોઇપણ
પ્રકારની દવા નહિ વાપરનારી કોમ તથા આપણામાં સુધરેલી ઢબે સુવા-
વડની સારવાર થએલી પ્રસૂતામાં સેંકડે ૮૦ ટકા દેખાય છે. એ બાર
વાસા દરમિયાન માત્ર ઘઉં, ઘી અને મધ ખાવાનું લખવામાં આવ્યું છે,
પરંતુ મઠ મગ, એ બે કઠોળ અને સુરણનું પાણી નાખ્યા વગરનું શાક,
તેલ, મરી, અને ગરમમસાલા સાથે ખાય તો હરકત નથી. આજકાલના
સર્વ લોકો સુવાવડીને ઝમેલું પાણી પાય છે, પરંતુ તે એક ફારસ
જેવું છે કારણ કે એક ઇંટનો કકડો લાલચોળ તપાવી અથવા એક
લોખંડનો કકડો લાલચોળ તપાવી તે ઉપર પાંચ સાત દાણા લવેંગના
મૂકી, તે ગરમ કકડા પાણીમાં છમકારે છે, અને તે પાણી પ્રસૂતાને
પીવામાં આપે છે, પરંતુ પ્રસૂતાને પ્રથમ દશ વાસામાં અષ્ટાવશેષ, અથવા
દ્વિપાદશેષ પાણી બનાવીને, પીવા માટે આપ્યું હોય તો ઘણા પ્રકારના
વ્યાધિનો નાશ કરે છે, અને પછી ૧૨ વાસાબાદ ત્રિપાદશેષ એટલે ઉક-
ળતાં ત્રણ ભાગનું પાણી બાકી રહે તે પાણીને ગાળીને થંડું પડયા પછી
૪૦ વાસા લગી પાવામાં આવે તો ઘણું ઉત્તમ છે, કારણ કે એક ભાગ
બળેલું પાણી પિત્તની શાંતિ કરે છે, બે ભાગ બળેલું પાણી કફની શાંતિ
કરે છે અને આઠ ભાગ બળેલું પાણી વાયુની શાંતિ કરે છે, એટલા
માટે ઝમેલાં કરતાં ઊકાળેલું પાણી વધારે ફાયદાકારક છે. પ્રસૂતાઓને
ઝમેલું કે ઉકાળેલું પાણી પાતાં એટલી સાવધાની રાખવાની છે કે,

દિવસ ઉગ્યા પછી તૈયાર કરેલું પાણી, દિવસ આથમ્યાં પછી પાવું નહિ, અને દિવસ આથમ્યા પછી તૈયાર કરેલું પાણી, દિવસ ઉગ્યા પછી પાવું નહિ, કારણ કે એટલો કાળ વીત્યા પછી તે પાણી, દુર્જર અથવા ભારે થઇ જાય છે. કેટલાક લોકોમાં એવો રિવાજ છે કે, પ્રસુતાસ્ત્રીને દશ વાસામાં તમામ જાતનો ખોરાક, ફરજિયાત ખવડાવવામાં આવે છે, અને તેઓ એમ સમજે છે કે દશ વાસામાં જે જે જાતનો ખોરાક ખાધેલો હોય તો તે સુવાવડી સ્ત્રી સુવાવડમાંથી ઉઠયા બાદ, જ્યારે જ્યારે તે ખોરાક ખાય, ત્યારે તેના પેટમાં, દૂધમાં બિગાડ નહિ થતાં તે ખોરાક બાળકને નડતો નથી. એટલા માટે તમામ જાતનો ખોરાક આપવાનો ચાલ છે, પરંતુ એ રિવાજ ઘણો ભુલ ભરેલો અને ભયંકર નુકસાન કર્તા છે. કારણ કે લાપસી, શીરો, લાડુ, દૂધપાક, ઘોયલા ઘઉંની પુરી, વેડમી, માલપુડા અને બધી જાતનાં પકવાનો ગુરૂ કહેવાય છે. તથા ભજીયાં, પાતરાં, મુઠીયાં, ઢોકળાં, ઢોકળી, પુડા, ખાણમી, ઘેંશ (વેસણ) વગેરે ખોરાક વિદાહી કહેવાય છે, અને તે ગુરૂ અને વિદાહી, ભેગો મળવાથી અથવા એક પછી એક ખાવાથી, પ્રસુતાના પેટમાં આધમાન (પેટ ચડવું) વાયુ, અજીર્ણને ઉત્પન્ન કરી, તેને તાવ લાવે છે; પરંતુ એટલેથી અટકે તો તો ઠીક, પણ જો એથી વધીને દગ્ધાજીર્ણ વિપમાજીર્ણ, આમાજીર્ણ, વિદગ્ધાજીર્ણ કે ભભ્માજીર્ણના રોગનો ઉપદ્રવ થાય, તો તે સ્ત્રીને પ્રસુતાવસ્થામાં સંગ્રહણી, યોનિશૂળ, ગુલ્મ, તાવ અને સન્નિપાત તથા શ્વાસના રોગો લાગુ પડે છે, એટલા માટે પ્રસુતા સ્ત્રીને પથ્યે એટલો, પુષ્ટિકારક, જેમાં વિદાહી કે ગુર્વાન્નનો સમાવેશ ન થયો હોય તેવો હલકો ખોરાક આપવો, પણ હલકામાં ગણાતું દૂધ તો આપવુંજ નહિ. દૂધ આપવાથી પ્રસુતાના મળ બગડે છે, અને તેનો પાક ખાટો હોવાથી પેટમાં એક જાતના કૃમિ ઉત્પન્ન થાય છે, તેથી તે સ્ત્રીને સંગ્રહણી, કે સોજા ઉત્પન્ન થવાનો ભય રહે છે, અથવા એટલું તો નક્કી છે કે, જે સ્ત્રી સુવાવડમાં દૂધ ખાતી નથી પરંતુ ઉપર લખ્યા મુજબ ઘીનું સેવન કરે છે તેના કરતાં દૂધ ખાનારી સ્ત્રીને પ્રત્યક્ષમાં કોઇ રોગ કદાચ નહિ દેખાય, તોપણ સુવાડમાંથી, ઉઠયા પછી, તેના મુખ ઉપર ઓજસનો ચળકાટ દેખાતો નથી, પણ ચહેરો ઉલટો ફિક્કો માલમ

પડે છે, એટલા માટે આપણા પરંપરાના રિવાજમાં, અનુભવી અને ઘરડાં માણસો, સુવાવડી સ્ત્રીને દૂધ આપવાનો સખત પ્રતિબંધ કરે છે. અને જો તે આપવાની ભલામણ કરીએ તો બખેડે છે. એ પ્રમાણેની વિધિએ વિચરતાં દશ ઉઠણુ સ્નાન અથવા બારાખળીયાનું પુજન કરતાં સુધી ઉપર પ્રમાણેના ઉપચાર ચાલુ રાખવા, અને તે પછી જરૂર જણાય તો દેવદર્વ્યાદિ કવાથ ચાલુ રાખવો, પણ જો પેટમાં શૂળ, મળનો અવરોધ, પેટનું ભારેપણું, દાવ, ઉલટી, માથાની ચકરી અને મોઢું બેસ્વાદ નહિ હોય તો પછી કવાથની જરૂર નથી; પરંતુ બોળ, હીંગડો, અને હળવાઇ જારૂ રાખી, તે પછી **તેજાનાની રાબડી** શરૂ કરવી. તેની વિગત નીચે પ્રમાણે

સુંઠ, મરી, પીપર, અક્કલકરો, તજ, લવેંગ, એલચી, જાયફળ, જાવંત્રી, બદામ, પસ્તા, ચારોળી, લાલદ્રાક્ષ, છીણેલું સુકું કોપરૂં, ખસખસ, અસાળીઓ, અને નાગકેશર એ સર્વ વસાણાં સમભાગે લઇ, તેમાંનાં કઠણ વસાણાંને વાટી, વસ્ત્રગાળ કરવાં. મગજ તથા દ્રાક્ષને ઝીણા સુંદવા. સુકા કોપરાને છીનવું, અને ખસખસ તથા અસાળીઓ આખાં નાંખી, સર્વને એકત્ર કરી, ભરી રાખવું પછી તેમાંથી એકથી બે તોલા સુધી ભુકો લઇ, તેટલાજ ઘીમાં તેને જરા સાંતળી, તેમાં બે તોલા ગોળનું ના શેર પાણી કરી, સાંતળેલા મસાલામાં રેડીએ ઉભરા આવવા દેવા અને તે રાબડી, બહુ ગરમ પણ નહિ, અને બહુ ઠંડી પણ નહિ, એવી મધ્યમસરની પાવી તે પાયા પછી આગળ બતાવવામાં આવ્યું છે તે પ્રમાણે સુંઠ, ગોળ અને ઘીવાળી ગોળી ખવડાવવી. તે પછી ભૂખ લાગે તો, શીરો, રોટલી, સુંવાળી, સાત પડી કે દશમી અને તેલ, મરચાં, હીંગ, ગરમમસાલાવાળું સુરણ દુધીનું, કારેલાનું, પરવાળાનું, ઘીલોડાનું, વગર લોટ નાંખેલી સેકટાની સીંગનું શાક અને મગ, મઠ, ચણાનીદાળ એટલું કઠોળ ખાવું. કઠોળ, શાક તરીકે ખાવાની રજા અપાયલી છે, પણ તેથી એમ સમજવાનું નથી કે, ચણાની દાળનાં ખમણઢોકળાં, ચણાની લોટની ખાજુમી, મગ, મઠ, ચણા, ઘઉંને ભરડીને તેનું બનાવેલું ઢીંગેલું અને કપુરીયાં તથા સુઠીયાં, ઢોકળાં કે ઢોકળી ખાવાની રજા મળી છે, પરંતુ એવા વિદાહી ખોરાકને ખાવાની ખાસ મના કરવામાં આવે છે. એ પ્રમાણે ૨૫ વાસા લગી, આ ક્રિયા

ચાલુ રાખવી. તે પછીના ચાળીશમું નહાતાં લગીના વાસામાં જો જરૂર જણાય, અને પ્રસુતાથી નહિ રહી શકાય તો એકવાર થોડો ભાત, મોળી દાળ અથવા મોળા દહીંની આદુ ફુદનો નાંખેલી કઢી આપવી. પણ તેમાં વિવેક એ કરવાનો છે, કે જો પ્રસૂતાને બંધકોષ હોય તો, ભાત સાથે દાળ આપવી અને જો બંધકોષ ન હોય તો કઢી આપવી. પરંતુ જો બની શકે અને રહી શકાય તો ચાળીશમું નહાતાં સુધી તેને ભાત, કઢી કે નરમ દાળ આપવી નહિ. હવે બાર વાસા પછી, પ્રસૂતાને ગર્ભ-સ્થાન સુધારવાને સુરતના ગાંધીઓને ત્યાં નીછાવરાના કટકા અથવા ભુકો અને બંધારાનાં મુડીયાં મળે છે તે બારથી વીશ વાસા સુધી, નીછરવાનો ભુકો લઇ તેમાં જરા મધ મુકી તે પોટલી તલમાં બોળી લેવડાવવી અને તે પછીના દશ દિવસ બંધારાનાં મુડીયાંને ૩ વીંટાળી લેવડાવવાં. એક માસ પછી કોઇપણ જાતની દવા યોનિમાં લેવાની જરૂર નથી; પણ જો નીછરવા તથા બંધારાના મુડીયાં નહિ મળે તેવે ઠેકાણે દશઉઠણુ નાહ્યા પછી, વીશ વાસા સુધી, વાયવડંગ તોલા ૪. વાકુંબા તોલા ૪. આંબાહળદર તોલા ૨ ને ખાંડી બારીક કરી તેના ચૂર્ણમાં મધ મેળવી તેની પોટલી લેવડાવવી; અથવા ઘી તો. ૨ મધ તો. ૨ નો પાયો કરી તેમાં વાયવડંગવાળો ભુકો સમાય તેટલો નાંખી, રૂના પુમડાંમાં લપેટી તેની રૂપિયા અર્ધાભારની ગોળી કરવી, અને જો યોનિ-માર્ગ અર્ધાભારની ગોળી લઇ શકે એટલો પહોળો ન રહ્યો હોય તો ગોળી નાની કરવી અને તે પછી તે લેવડાવવી. વીશવાસા પછી ચાળીસમું નહાતાં સુધી બંધારાને માટે લોધર, ફટકડી, માયું, વાયવડંગ, વાકુંબા, આંબાહળદર, કસીલો અને કાળીજીરીને ખાંડી વસ્ત્રગાળ કરી, વેગણનાં પાંતરાના રસમાં ગોળી વાળી, છાંએ સુકવી, તેની ચણીબોર જેવડી ગોળી, લેવડાવવી એટલે યોનિ સંકોચન થશે; અથવા અજમો તો. ૧ લોધર તો. ૧ વાયવડંગ તો. ૧ વાકુંબા તો. ૧ માયું તો. ૧ ભાંગ તો. ૨ અને રાતી કરેણનાં સુકવેલાં ફૂલ તો. ૨ એને વાટીને સેલારસમાં તેની ચીણીબોર જેવડી ગોળી વાળવી અને તે ગોળી લેવડાવાથી પ્રસુતા-વસ્થામાં અથવા પ્રસુતા ન હોય એવી અવસ્થામાં યોનિભ્રંશ થયો હોય,યોનિશૂળ થયું હોય, યોનિમાર્ગનો દીર્ઘ વરમ થયો હોય, યોનિમાંથી દુર્ગંધિભર્યો શ્રાવ

થતો હોય, તો તેને આ ગોળીઓ લેવડાવવાથી ફાયદો થશે. જો આહાર વિહારનો નિયમ નહિ સચવાવાથી અથવા ભાર ઉંચકવાથી, યોનિ ધસી હોય તો, અરડુસાનાં પાંતરાં, અરણીનાં પાંતરાં, ચેવલી પાન અને નગોડનાં પાંતરાં સરખે ભાગે લીલાં ને લીલાં લઇને એક વાસણમાં ભરી, તે વાસણપર ઢાંકણું ઢાંકી, નીચે તાપ કરીને, તે પાંતરાને બાળી રાખોડી કરવી. એ રાખોડીમાં થોડું મધ મેળવી તેની પોટલી લેવડાવવાથી, યોનિનો સંકોચ થાય છે, ધસેલી કાયા પોતાને સ્થાને જાય છે, અને યોનિશ્રાવ બંધ થાય છે. આ પ્રમાણે સામાન્ય સુવાવડનો વિધિ લખવામાં આવ્યો. હવેથી વિશેષ સુવાવડ એટલે સુવાવડમાં થતા ઉપદ્રવને શાંત કરતા જવું, અને પ્રસૂતાના શરીરનું રક્ષણ કરવું, એવા અગત્યના વિષય તરફ વાંચકોનું ધ્યાન ખેંચવામાં આવે છે.

કદાચ કોઇ પ્રસુતાના મુખમાં અત્યંત ગરમી હોય અને તીખી વસ્તુ ખાઇ શકતી ન હોય તો, તેને હવળાઈ બંધ કરી એટલે નહિ આપતાં બે રત્તીને આસરે કાચો હીંગળોક અને એક સોનાનો વરખ, પ્રસુતા થયા પછી દશ વાસા સુધી મધમાં ચટાડવો, અને દશ વાસા પછી તેજાનાની રાબડી, ગરમીને લીધે નહિ પી શકે તો, તેને બદામ, પસતાં, ચારોળી, એલચી, અખોડ, ચીલગોઝા, કાકડી, ચીભડી, તડબુચ, અને દૂધીનો મગજ તોલો તોલો લઈ, તેમાં સફેદ મરી તોલો એક નાંખી, પાણીમાં ગોળ અગર શાકર સાથે રાબડી બનાવીને પાવી. શાકરને બદલે ગોળ વાપરવો એ અતિ ઉત્તમ છે, કારણ કે ગોળના પાણીથી મગજની ગરમી અને પીસાબની ગરમી, તેના ઇંદ્રિ જુલાબના ગુણને લીધે, ધોવાઇ જાય છે, તેમજ હૃદય, કોઠો અને બસ્તીની શુદ્ધિ થાય છે. શાકર ઘણી સ્વાદવાળી તથા રૂપાળી છે, પણ આવો ગુણ તે ધરાવતી નથી. ઘણી પ્રસૂતાને સુવાવડમાં પાછલી અરજ (અભાવો) પડે છે. તે અરજને લીધે તેનાથી કશું ખવાતું નથી. તેવા વખતમાં ખાટાં લીંબુને ચીરીને તે માટીના વાસણમાં મુકી, નીચે તાપ કરી, બાળીને કોયલા કરવા. તે કોયલાની રાખોડી વાલ બે, એલચી નંગ ચારને છોડા સાથે વાટી, તેને પાણીમાં મેળવી તે પાણી દિવસમાં ત્રણ વાર પાવું, જેથી અભાવ મટી જશે અને અન્ન ઉપર રૂચી થશે. કેટલીક પ્રસૂતાને

અભાવ પડતો નથી પરંતુ ખાધા પછી તુરત ઉલટી થાય છે અને તે ઉલટીથી તેના ગર્ભસ્થાનની વ્યવસ્થા બગડે છે, તે વખતમાં કપુરકાચલી બારીક વાટી પાણીમાં મેળવી તેની વટાણા વટાણા જેવડી ગોળીઓ બનાવવી, અને તે **છર્દિ રિપુની** ગોળી કલાક કલાક અથવા બબ્બે કલાકે પાણી સાથે ગળાવવી, જેથી ઉલટી બંધ થઈ જશે. આ ગોળીથી નાનાં બાળકને કે મોટાં માણસને કોઇ પણ પ્રકારની ઉલટી થતી હોય તો તે ઉલટી બંધ થઇ જાય છે એવો અનુભવ છે. કોઇ પણ પ્રસુતાને પ્રસૂતાવસ્થામાં તાવ લાગુ પડી જાય, તો તેને માટે અતિવિષની કળીનું ચૂર્ણ વાલ એક મધમાં ચટાડવું. અથવા વાયવડંગ, ઇંદ્રજવ, અતિવિષ, અનીસુ, કાચકાની મીજ અને કર્માણી અજમો એને વાટીને વસ્ત્રગાળ કરીને, તેની મધમાં વટાણા જેવડી ગોળી કરીને દિવસમાં ત્રણવાર બબ્બે અથવા ત્રણ ત્રણ ગોળી પાણી સાથે ગળાવવી જો તેને ખાંસી લાગુ પડી ગઇ હોય તો, બેરસાળ, લવેંગ, સેકેલું જીરૂં, જેઠીમધનું મુળ, અજમો અને સિંધવક્ષારનું બારીક ચૂર્ણ કરી, મધમાં ચટાડવું અથવા તે ચૂર્ણને પાનમાં મૂકી તેની બીડી મોંમાં રાખી તેનો રસ ગલાવવો.જો પ્રસૂતાવસ્થામાં ઝાડા વિશેષ થતા હોય તો,અતિવિષ,જાયફળ,જાવંત્રી, વાયવડંગ, અનીસુ, કડાછાલ, અને મોચરસ સમભાગે લઇ તેનું ચૂર્ણ કરી, તે ચૂર્ણમાંથી ૦ા તોલો ચૂર્ણ લઇ, તેને પાણીમાં વાટી, ચાર તોલા પાણી કરી, તેમાં ઘડાની પાતળી ઠીકરી અગ્નિમાં લાલચોળ તપાવી, પેલા પાણીમાં છમ-કારીને દિવસમાં ત્રણવાર પાવું એટલે ઝાડા બંધ થશે. એવીજ રીતે પ્રસુતીને મરડો થયો હોય, એટલે પેટમાં દુખીને આમ, જળસ, તથા લોહીવાળો થોડો થોડો ઝાડો થતો હોય તો, **મરડાની ગોળી.** હીમજી-હરડે તોલા ૮, આમળાં તો. ૬. વરીઆળી તો. ૨. કડાછાલ તો. ૨. બીલી તો. ૨. અતિવિષ તો. ૨. પીપરીમૂળ તો. ૨. અજમોદ તો. ૨. કાકડાસીંગ તો. ૨. ઇંદ્રજવ તો. ૨. વાળો. તો. ૨. ચીત્રામૂળ તો. ૨. સુંઠ તો. ૨. એ સર્વને લઇને ખાંડી, વસ્ત્રગાળ કરી, તેને દીવેલાના મૂળના ઉકાળામાં વાટી, ચણા જેવડી ગોળીઓ વાળી તેમાંથી બબ્બે ગોળી, દિવસમાં ત્રણવાર, જો લોહી પડતું હોય તો, સુખડના પાણી સાથે, અને જો લોહી નહિ પડતું હોય અને એકલો મરડો હોય તો, ફક્ત પાણી

સાથે આપવાથી, આમ-જળસ અને લોહીવાળા ઝાડા બંધ થાય છે. એ ગોળી સુવાવડ ન હોય તો પણ, સ્ત્રી-પુરૂષ અને બાળકોને આપી શકાય છે. ઘણી વખત સુવાવડમાં ઉષ્ણવાયુ એટલે ઉનવા બળે છે અને બબ્બે ટીપાં પીસાબ ઉતરી, પેઢુમાં ફાટ થાય છે તેવે વખતે સુખડ ઘસીને તેના પાણીમાં જરાક શાકર નાંખીને પાવાથી, અથવા અડાયાની રાખોડી તોલા બેને આશરે પાણી શેર ૦। માં રાત્રે પલાળી મૂકી, તે પાણી સવારે કપડે ગાળીને પાવાથી ઉનવા મટે છે. ઘણીવાર સુવાવડી સ્ત્રીને યોનિકંડુ એટલે યોનિના હોઠ ઉપર અને બાજુમાં પુષ્કળ ખુજળી થાય છે, તેવા વખતમાં તે. ખુજળી ઉપર તેલ ચોપડવું અથવા અડાયાની રાખોડી ઘસવાથી તે મટે છે. કેટલીક સ્ત્રીઓને ગર્ભાવસ્થામાં શરીરે સોજા આવે છે અને તેઓની ઘણીવાર બાળકનો પ્રસવ થયા પછી, એની મેળે ઉતરી જાય છે, પરંતુ ઘણીવાર એવું બને છે કે, એ સોજા બાળકના જન્મ્યા પછી પણ ઉતરતા નથી અને સુવાવડી સ્ત્રીની ઘણી ભયંકર અવસ્થા થઈ પડે છે, તેવે વખતે સોજાની ચિકિત્સામાં ગોમૂત્ર અને લોહભસ્મ અથવા "પુનરનવાદિ ક્વાથ" એ રોગપર અકસીર ગણાય છે, પરંતુ પ્રસૂતાવસ્થામાં એ ઉપચાર સગવડ પડતો અને તેહમંદ ઉતરતો નથી, પરંતુ એવી અવસ્થામાં જો "પંચામૃત પર્પટી" નાં અર્ધા અર્ધા વાલનાં ત્રણ પડીકાં, મધ સાથે આપીને તેને ઘી ખાવાનું બંધ કરાવીને, એ પર્પટી ચાલુ રાખી હોય તો, ઝાડા, ઉલટીનો કાંઇ પણ ઉપદ્રવ નહિ થતાં, સોજા એની મેળે ઉતરી જાય છે એવો અમારો ખાસ અનુભવ છે. તે પંચામૃત પર્પટિ બનાવવાની રીત એવી છે કે,પારો તોલા બે, ગંધક તોલા બે, તામ્રભસ્મ તો.એક. લોહભસ્મ તો ૧ અભ્રકભસ્મ,તો. એક.એ સર્વેને વાટી કાજળી કરી, લોખંડની કઢાઇમાં ઘી ચોપડી તેમાં તે કાજળી નાંખી, ધીમે તાપે એ સઘળું પીગળાવવું. પીગળીને દ્રવરૂપ થાય એટલે ગાયના છાણ ઉપર કેળનું પાંતરૂં પાથરી, તે ઉપર કઢાઇમાંનો દ્રવરૂપ પદાર્થ નાંખી પાથરી દેવો, અને તરત તે ઉપર બીજું કેળનું પાતરૂં ઢાંકીને, તે પાંતરાં ઉપર બીજું ગાયનું છાણ ઢાંકવું, અને તે ટંડું પડયા પછી, કેળના પાંતરાંની વચમાંથી પર્પટી રસને કાઢી લઇ, તેને ખરળમાં ઘણો ઝીણો વાટી, શીશીમાં ભરી લેવો. આ પર્પટી રસથી સોજા, તાવ, સંગ્ર-

હણી, અતિસાર, અને પ્રસૂતાની ખાંસી, અમુંઝણ મટી જાય છે અને શક્તિ પણ આવે છે. પ્રસૂતા સ્ત્રીને ઘણીવાર, તાવ આવ્યા પછી તેના આહારવિહારની ખામીને લીધે તે તાવ વિષમજ્વરના રૂપમાં ફેરવાઇ જાય છે, એટલે તાવ પુષ્કળ આવે છે, પણ હાથપગ ઠંડા રહે છે. તે તાવનો ઉપચાર કરતાં ભૂલ થાય અથવા કુપથ્યનું સેવન કરવામાં આવે તો, તેમાંથી જીર્ણ જ્વર અથવા ખાંસી સાથેનો જીર્ણજ્વર થઇને ક્ષયના રૂપમાં ફેરવાઇ જાય છે, અને તે તાવ, પ્રસૂતિજ્વરના નામથી ઓળખાય છે. તેવી અવસ્થામાં જો એકલો જીર્ણજ્વર હોય તો લઘુ વસંતમાલતિ, મધ પીપરના અનુપાન સાથે આપવી. પણ જો ખાંસી સાથેનો જ્વર હોય કે જેમાં ક્ષય થવાનો સંભવ છે, તેવા તાવમાં સુવર્ણમાલતિ વસંત ઘણું સારૂં કામ કરે છે. **લઘુ વસંત માલતિ** બનાવવાની રીત. ખાપરીઆની ખાપ તોલા આઠ, કાળાં મરી તો. ચાર, હીંગળોક તો. બે. એને ખૂબ ઝીણાં વાટીને તેના ત્રણ તોલા માખણ નાંખીને ખરલ કરવો; એ ખરલ થઇ રહ્યા પછી તેમાં ખાટા લીંબુનો રસ, જ્યાં સુધી માખણની ચીકાશ દૂર થઇ જાય ત્યાં સુધી, રસ નાંખતા જવું અને ઘુંટતા જવું જ્યારે સંપૂર્ણ માખણ મરી જાય ત્યારે તેની અર્ધા અર્ધા વાલની ગોળીઓ બનાવવી, તેમાંથી બબ્બે ગોળી, દિવસમાં ત્રણવાર મધ–પીપર સાથે આપવી, અથવા એકલા મધ સાથે આપવી, અથવા ફક્ત પાણી સાથે આપવાથી પણ સ્ત્રી અને પુરૂષના જીર્ણજ્વરને મટાડે છે અને **સુવર્ણ વસંતમાલતિ** બનાવવી હોય તો, સુનાના વરખ તોલો એક, વગર વીંધેલાં ઝીણાં મોતી તો. બે, હીંગળોક તો. ચાર, કાળા મરી તો. આઠ અને ખાપરીયાની ખાપ તો. સોળ. લઇ ઝીણાં વાટી, લઘુ વસંતમાલતિની રીત પ્રમાણે, માખણ તથા લીંબુના રસમાં ઘુંટી, એક વાલની ચાર ગોળી થાય એવડી ગોળી બનાવી, એકેક ગોળી દિવસમાં ત્રણવાર, લઘુ વસંતમાલતિના અનુપાન પ્રમાણેજ આપવાથી, ખાંસી સાથેનો તાવ, મટી જઇ, ક્ષયરોગ થવાના સંભવવાળો તાવ અથવા પહેલી અવસ્થા અથવા બીજી અવસ્થા લગીના ક્ષયને આબાદ મટાડે છે. ઘણીવાર એવું બને છે કે, પ્રસૂતાને ઝાડો બંધ થઇ જાય છે અને તેવી અવસ્થામાં જુલાબ આપવો એ સલા-

મતીભરેલો ગચુાતો નથી, એટલા માટે સુંઠ શેર ૦|, તથા જીરૂ તોલો એક, ખાંડીને, બેઉને મેળવીને તેને દીવેલનું મોણુ દેવું. તે પછી તે મોણુવાળા ભુકાને દીવેલાનાં પાંતરાંના રસમાં મેળવી ગોળો વાળવો. તે ગોળાની ઉપર દીવેલાનાં પાંતરાં લપેટીને તેના ઉપર કપડું લપેટી, તેના ઉપર માટીનો લેપ કરવો, એટલે કપડમટ્ટી કરવું. પછી તે ગોળાને થોડા અડાયા છાણાની આંચમાં સેકી કાઢવો અથવા વૈદકની રીતિ પ્રમાણે કહીએ તો તેને "કુકુટપુટ" આપવો. પછી તે ગોળાને કાઢીને માટી તથા પાંતરાં દૂર કરી, તેમાં રહેલા સુંઠના ચૂર્ણને, તોલો ૦| અથવા ૦|| પાણી સાથે ફકાડયો હોય તો, ઝાડો સાફ ઉતરે છે. જો સુવાવડી સ્ત્રીને કોઈ કારણથી લોહી બંધ નહિ થાય અથવા પાછળથી લોહીના થઇ જાય, જેને રક્તપ્રદર કહેવામાં આવે છે, તે થાય તો જુના ચામડાંને બાળીને રાખોડી કરવી. તેને મધમાં ચટાડવી, અને તે રાખોડીની મધમાં ગોળી વાળીને લેવડાવવી, જેથી રક્તપ્રદર મટી જાય છે; અને જો શ્વેત-પ્રદર હોય અને પેઢુની નસો ફુલી ગઈ હોય, પેટ મોટું રહી ગયું હોય તો કુદનાની પણી નંગ ચાર, શાકર તોલો એક એ બેનો એક, શેર પાણીમાં ઉકાળો કરી, ચાર તોલા રહે ત્યારે કપડેથી ગાળી, વાંસકપુર તોલા બે લાવી, ઘણું ઝીણું વાટી, તેમાંથી બેઆનીભારનું એક પડીકું કરી,જીભ ઉપર મુકી,ઉપરથી શાકર કુદનાવાળો ઉપલો ઉકાળો પાવો, અને એ પ્રમાણે રાત્રે પણ પાવો, પેટનો ફુલાવો અને શ્વેતપ્રદર બંધ થાય છે, તથા **સોમરોગ** (યોનિદ્વારામાંથી સ્ત્રીને ખબર પડયા વિના ૦| શેરથી ૦|| શેર સુધી પાણી વહી જાય છે) તે પણ મટાડે છે. સુવાવડી સ્ત્રીની સુવાવડ ગયા પછી કમળમુખમાં વાયુનો વિકાર રહી જવાથી, જેમ સારા માણસને ગુદાદ્વારાથી અધોવાયુ અવાજ કરીને અથવા અવાજ કર્યા વિના બહાર નીકળે છે, તે પ્રમાણે સ્ત્રીને ઉઠતાં બેસતાં, ચાલતાં-ફરતાં, અને ખાસ કરીને સુરતસમાગમ વખતે અવાજ થઇ વાયુ નીકળે છે, જેથી સ્ત્રીઓને મહા લજ્જા ઉત્પન્ન થાય છે, તેવા રોગમાં સ્ત્રીને પૌષ્ટિક ખોરાક આપવો અને જાવંત્રી તોલા બે, નગોડનાં લીલાં પાંતરાં તોલો એક, વાટીને બાર તોલા તલના તેલમાં ઉકાળતાં તે પાંતરાં બળી જાય

ત્યારે તે તેલને કપડેથી ગાળી શીશીમાં ભરી રાખવું. તે તેલમાં રૂનું પુમડું બોળી યોનિમાં લેવડાવવાથી યોનિદ્વારનો અવાજ કરતો વાયુ બંધ થઇ જાય છે.

પ્રસૂતા સ્ત્રી ચાળીશ દિવસમાં ઓછામાં ઓછો દશ તોલા ગોળ ગળે તો તેની કમ્મરમાં દુખાવો રહેતો નથી. તે પ્રમાણે ચાળીશ દિવસમાં ઓછામાં ઓછી સવાશેર સુંઠ ખાય, તો તેની જઠરાગ્નિ મંદ પડતી નથી, એટલુંજ નહિ પણ તેનું ધાવણ એટલું શુદ્ધ થાય છે કે, તેનું બાળક નિરોગી અને બળવાન્ થાય છે. પ્રસૂતા સ્ત્રી ચાળીશ દિવસમાં ઓછામાં ઓછો પાંચ તોલા હીંગડો ગળે તો, તેના પેટમાં પવનનો અને મળાશયમાં મળનો અવરોધ થતો નથી, તેથી તેને અજીર્ણ થઇ, પેટના વ્યાધિ થતા નથી. પ્રસૂતા સ્ત્રી ચાળીશ દિવસ સુધી વાયડાં શાકો, ભાત, કઢી, નરમ દાળ અને ઉપર કહેલા વિદાહી તથા ગુર્વાન્નનું સેવન નહિ કરે તો તે ચાળીશ દિવસ પછી સૂતિકાસ્નાનથી મુક્ત થઇ બાહેર આવે, ત્યારે તેનો ચહેરો લોહી ભરેલો, સશક્ત અને તેજસ્વી દેખાય છે. એ પ્રમાણે ટુંકમાં અને અમારા અનુભવ પ્રમાણે સુવાવડનો વિષય પૂરો કરતાં જણાવવું જોઇએ કે, આ પ્રમાણેની વિધિ સહિત સુવાવડ કરનારની સારવારમાં જે પ્રસૂતા આવેલી હોય, તે ભાગ્યેજ કોઈ ભયંકર રોગના પંઝામાં સપડાય છે. પરંતુ દરેક બાબતમાં દેશ, કાળ, વય, વન્હિ અને અગ્નિબળનો વિચાર કરી, પોતાની પ્રકૃતિને અનુકૂળ આહાર–વિહાર તથા આચાર–વિચાર પાળવો એ જરૂરનું છે. પણ એટલું તો નક્કી છે કે, જે પ્રસૂતા અન્નને ઠેકાણે કઠોળ, શાક, અને વિદાહી પદાર્થોથી પોતાની જીભના સ્વાદને લીધે, પોતાનો કોઠો પૂરી, ક્ષુધાને શાંત કરે છે અને પ્રસૂત થયા પછી, સુવાવડમાંથી પરવારી જેમ બને તેમ જલદી ગૃહકાર્યમાં પ્રવેશ કરી, પુરૂષના સમાગમમાં જેટલી જલદી આવે છે, તેટલી રોગગ્રસ્ત થઈ, મરણને આમંત્રણ કરી, સંસારસુખથી વંચિત થઇ, દુનિયાનો ત્યાગ કરી, પોતાની ઉતાવળને લીધે થયલા પાપનો ન્યાય ચુકવાવવા, તે પરમકૃપાળુ પરમાત્માના સમીપ જઇ પહોંચે છે; એટલા

માટે દુનિયામાં રહી, તંદુરસ્તીથી, આનંદથી, સંસારનો લ્હાવો લેવા ઇચ્છનારાં સ્ત્રી પુરૂષોએ, અમારી આ છેલ્લી શિખામણને સુદ્રાલેખ ગણી, તે પ્રમાણે વર્તવું, એજ ખરા મનુષ્યત્વનું કર્તવ્ય છે. ઇત્યલમ્.

તારીખ ૪-૪-૧૮ ગરેઉ

પ્રયોજક—
શા. તિલકચંદ તારાચંદ વૈદ્ય—સુરત.
લેખક—
ઇશ્વરલાલ રતનલાલ ત્રિવેદી—સુરત.

आयुर्वेद निबंधमाळा.

(૧૦)

બાળકની સારવાર અને તેના રોગોની ચિકિત્સા.

કુદરતનો નિયમ અને ધર્મશાસ્ત્રનો સિદ્ધાંત આપણને શીખવે છે કે, પૂર્વજન્મના કૃતકર્મથી બદ્ધ થઇને, આત્મા વાંસનાલિંગરૂપ સૂક્ષ્મ શરીર સાથે નવો જન્મ ધારણ કરે છે, અને તે જ્યારથી ગર્ભરૂપે માતાના ગર્ભમાં આવે છે, ત્યારથી, ખરેખરૂં જોતાં તેને બાળક નામ આપી શકાય છે. ગર્ભમાં રહેલા બાળકની સારવાર કેમ કરવી ? તે વિષય પરોક્ષ રીતે કંઇક કહેવાયો છે. આજે હવે તે પ્રત્યક્ષ રીતે કહેવાનો સમય આવી લાગ્યો છે. જ્યાં સુધી આર્યાવર્તમાં આયુર્વેદાચાર્યો અને વૈદિક ધર્માચાર્યોના બાંધેલા પ્રબંધ પ્રમાણે વર્તવામાં આવતું હતું, ત્યાં સુધીના મિથ્યા આહાર અને મિથ્યા વિહારથી થતા ઉપદ્રવોથી ગર્ભિણી સ્ત્રીને, ગર્ભસ્થિત બાળકને અને પ્રસવ થયા પછીના બાળકને જે રોગો થતા હતા, તેની ચિકિત્સા આયુર્વેદાચાર્યો લખી ગયા છે, પરંતુ જ્યારથી વૈદકશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રના બાંધેલા બંધન તોડીને, વર્ણાશ્રમધર્મ ત્યજીને, મનુષ્યો સ્વચ્છંદાચારી થયા, અને તે સ્વચ્છંદતાને લીધે બાળકના શરીરમાં વિક્રિયા થઇ, બાળક જન્મ્યા પછી તે વિક્રિયાને લીધે રોગી બની, જે રોગનાં રૂપ, પ્રગટ દેખાડે છે તેનું વર્ણન કરવાનું, તે પછીના વિદ્વાનોના માથે આવી પડ્યું છે; પરંતુ તે બાબતમાં આયુર્વેદના ઉપાસકો, વધારે શોધખોળ કરી તેની ચિકિત્સા અને કારણનો નિર્ણય કરવાને, કેટલાક ચોક્કસ કારણને લીધે પાછળ પડેલા છે, માટે આપણે તે સંબંધી કાંઇક તર્કથી, કાંઇક અનુભવથી અને કાંઇક આયુર્વેદના આધારથી, બાળકોના રોગો અને તેની સારવાર કરવાના વિચાર, પ્રજા સન્મુખ રજુ કરવા જોઇએ, એવા વિચારથી આ નિબંધ લખવા ધારાઇએ છીએ તે અપ્રાસંગિક ગણાશે નહિ.

" માતા પિતાની કુચેષ્ટાથી ગર્ભપર થતી અસર "ના નિબંધમાં આપણે ઘણું જોઇ ગયા છીએ, પરંતુ બાળક પર જેની પ્રત્યક્ષ અસર થાય, એવા દાખલા સંપૂર્ણ રીતે આપી શકયા નથી. આપણા શાસ્ત્રકારોએ "પુંસવન સંસ્કાર" કર્યા પછી સ્ત્રીને અગૃહિણી ગણી, તેના પિતાને ત્યાં વિદાય કરવાનો જે પ્રબંધ રચેલો, તે પ્રબંધને તોડીને આપણે પશુવૃત્તિ ધારણ કરી, ગર્ભવાળી સ્ત્રીની સાથે પ્રસવના પૂરા માસ થતા સુધી સંસારસુખ ભોગવવાનું ચાલુ રાખીએ છીએ, પણ આપણને વારંવાર પરોક્ષ રીતે ઘરની કે બહારની, આપણી પ્રજાની હિતચિંતક ડોશીઓ આપણી ગૃહિણીને સૂચના આપતી રહે છે કે, જો તું "તારા પતિની સોબત જેટલી વધારે કરશે તેટલું તારા બાળકનું તાળવું પોચું થઇ જશે." વિદ્યાથી રહિત, પણ અનુભવી ડોશીઓ, એટલું જ કહીને અટકે છે, પરંતુ આપણે ઉંડા ઉતરી વિચાર કરીએ છીએ, તો ધર્મશાસ્ત્રો અને પશ્ચિમના વિદ્વાનોએ તેને સુધારીને પ્રકટ કરેલા "મસ્તિષ્ક શાસ્ત્રો" આ બાબતથી થતી હાનીનો ખ્યાલ પૂરેપૂરો આપે છે. માનવશાસ્ત્રમાં માથાની વિદ્યાનું સંપૂર્ણ વર્ણન કરવામાં આવ્યું છે, અને આખા માથામાં મગજમાં રહેલી જુદી જુદી ૪૩ માંસપેશીઓ, જુદા જુદા ગુણ ધરાવે છે, જે ગુણવડે મનુષ્યો સાંસારિક અને પારલૌકિક અર્થને સાધે છે; તેમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે, આપણા શાસ્ત્રમાં દશમું દ્વાર જેને બ્રહ્મરંધ્ર કહેવામાં આવે છે, અને જ્યાં ચંદનપુષ્પ ચઢાવવામાં આવે છે, તે સ્થળને તાળવું કહે છે, અને તે સ્થળ અથવા તેની આસપાસના માથાની શિખાની હદ સુધીના ઉપસેલા મગજમાં, મનુષ્યને ઉપકાર કરનારા અને જગતનો ઉદ્ધાર કરનારા વિચારોનાં સ્થાનો આવેલાં છે, એટલે દયા, ક્ષમા, તીતિક્ષા, પરોપકાર, વિદ્યા, યદદાસ્ત, ઉદારતા, સમતા, પરગજુપણું, શીળતા, શાંતતા અને પરદુઃખભંજનપણાની માંસપીશીઓ ગોઠવાયલી છે; અને કાનની આસપાસ આંખના છેડા સુધી, એનાથી ઉલટી એટલે હિંસા, ચોરી, વ્યભિચાર, એકલપેટાપણું, ઇર્ષા, મિત્રદ્રોહ, રાજદ્રોહ, કૃતઘ્નીપણું, વગેરે જેને આપણે દુર્ગુણમાં ગણીએ છીએ તેની પીશીઓ ગોઠવાયલી છે; તે આજ કાલના પશ્ચિમના મેન્ટોલોજી (Mentology) જાણનારા માણસનું માથું તપાસીને તેમાં

કયા કયા ગુણો છે, તેનું વર્ણન કરી બતાવે છે, અને તે વર્ણન કરનાર જેટલો ઊંડો ઉતરેલો અનુભવી હોય, તેટલું સત્ય પડે છે. હવે વિચાર કરવો જોઇએ કે, જે બાળકને પ્રસવ થયા પછી તેનું તાળવું પોચું પડી જાય છે, જેને આપણે "ગળું પડયું છે, એમ કહીએ છીએ, તેના ઉપાય તરીકે, તે બાળક જે જમીનપર પેસાબ કરે, તે પેસાબવાળી છાણથી લીપેલી જમીનની માટી ઉખેડી, તે તાળવાના ખાડા ઉપર મુકી, તે ઉપર દીવેલ ચોપડી, પોચા પડેલા માથાને આઘાતથી રક્ષણ કરવા માટે, તે પોપડાને સુકાવવા દઇએ છીએ, જેથી બાળકનું માથું કઠણ થાય છે; પરંતુ બ્રહ્મરંધ્રમાં અને તેની આસપાસ, બ્રહ્મવિદ્યાને જાણી, સદાચારથી વર્ત્તી, જગતમાં આદર્શરૂપ બની, જગતને ઉપકાર કરવાની વૃત્તિનાં જે સ્થાનો છે તે દબાઇ જવાથી, અને જગતને નુકસાન પહોંચાડનારાં સ્થાનો બળવાન્ થવાથી જે અનર્થો ઉત્પન્ન થાય છે, તેવા બાળકો ઉત્પન્ન કરવામાં, પશુવૃત્તિવાળા માબાપો, ધર્મશાસ્ત્રના બંધનને તોડીને કેવા અનર્થોના ભોક્તા થાય છે, તેને માટે વર્ણન કરવાની અમારામાં શક્તિ નથી. જે કહેવા માંગીએ છીએ તેને ઉપલક દૃષ્ટિથી અવલોકન કરનારા વિદ્વાનો, અતિશયોક્તિ ભરેલું ગણી કાઢશે, એવી અમારી ખાત્રી છે; છતાં અમે કહી શકીએ છીએ કે, જ્યારથી આ ધર્મશાસ્ત્રની રૂઢીનો ભંગ કરી, સ્ત્રીને અગૃહિણી થયા પછી, પિતાને ઘેર વિદાય કરવાનો જેમ જેમ ચાલ વધતો ગયો, ત્યારથી આપણા દેશમાં હીનભાગ્યશાળી, સ્વાર્થ વૃત્તિવાળી, અને બીજાને નુકસાન પહોંચાડી પોતાનો સ્વાર્થ સાંધવાવાળી પ્રજા ઉત્પન્ન થતી ગઇ, અને જેમ જેમ વીર્યનો વપરાશ વધતો ગયો, તેમ તેમ મનુષ્યનાં માથાની ખોપરી સંકોચાતી ગઇ, જેથી સદ્‌ગુણને રહેવાના સ્થાનોનો સંકોચ થવાથી, સદ્‌ગુણની વૃત્તિ ખીલવવાના સાધનનો નાશ થતો ગયો, એટલે દુર્ગુણનો વધારો થયો. એટલું કહ્યા પછી, એવી સ્થિતિમાં જન્મેલા બાળકનું ગળું પડે છે તેને લીધે, તે બાળકનાં હાડકાં પોષાતાં નથી, શરીરપર માંસ વધતુ નથી, તેને મોંઢાના અને આંખના રોગો ઉત્પન્ન થાય છે અને તે બાળવયથી પોષણ તત્વોને ગ્રહણ કરવા અશક્ત હોવાને લીધે, નબળા બાંધાવાળો, કાયર, ભીરૂ, સાહસી, રીસાળવો,

ચીડીયો, દુર્વ્યસની અને સ્વચ્છંદાચારી થાય છે, માટે આ રોગ બાળકમાં પ્રકટ ન થાય, એવી સંભાળ રાખવાની ખાસ જરૂર છે.

આગળ લખવામાં આવ્યું છે કે, બ્રહ્મચર્યનો નાશ થવાથી માથું સંકોચાઇ જાય છે. આ વાત એવી છે કે, હાડકાંની બનેલી ખોપરી એકવાર પરિપક્વ થયા પછી, તે સંકોચાય શી રીતે? કારણ કે હાડકું વધ્યા પછી ટુંકું થાય એ વાત ધ્યાનમાં આવતી નથી; પરંતુ આ વાત સત્ય છે અને અમારા અનુભવથી સિદ્ધ કરેલી છે. જેણે અજમાયશ કરવી હોય તેણે, એક ત્રણ હાથ લાંબી દોરી લેવી. તે દોરીને ગરદન ઉપરથી નાંખીને તેના બેઉ છેડા, સ્તનની ડીંટી સુધી લાવીને પકડી રાખવા. તે પછી તે પકડેલી દોરી કાયમ પકડી રાખી, કાનની ઉપરથી, ગરદનની પાછળથી બેઉ છેડા કપાળ તરફ લાવવા. જો તે પુરૂષ બ્રહ્મચારી નહીં હશે અને તેનો કોઇપણ જાતના ઘસારાથી વીર્યપાત થતો હશે તો, તે દોરીના છેડા, કપાળ, માથું અને ગરદનના પરીઘ કરતાં વધી પડશે; અને જો અખંડ બ્રહ્મચારી હશે તો, તે દોરી ટુંકી પડશે. એવું જોવામાં આવ્યું છે કે, જેમ જેમ જે પુરૂષનું વીર્ય વધારે ગયું હશે, તેમ તેમ તેનું માથું, પેલી દોરીના માપ કરતાં, વધારે નાનું જણાશે. જેને આ વાત અજમાવવાની ઇચ્છા હોય તેણે, ત્રણ વર્ષની ઉપરના અને પંદર વર્ષની નીચેના બાળકને માપી જોવું, અને પછી સ્ત્રીના સમાગમમાં આવેલા કોઇપણ પુરૂષને માપી જોવો, જેથી પ્રત્યક્ષ થશે, કે જેમ જેમ વીર્ય ગુમાવતાં જઇએ છીએ તેમ તેમ, માથાનો સંકોચ થતો જાય છે. આપણે જ્યારથી વીર્યની કિંમત ભૂલી જઇ, તેનો ગેરઉપયોગ કરી, ઓજસ ગુમાવ્યું છે, ત્યારથી આપણે દીન હીનદશાને પામતા આવ્યા છીએ. જો આ પ્રમાણેજ ચાલુ રહેશે, તો પરિણામે આપણા દેશમાં, કેટલી નિર્બળ, બીરૂ, રોગગ્રસ્ત અને અલ્પાયુષી પ્રજા ઉત્પન્ન થશે, તેનું અનુમાન કરી શકાતું નથી!!!

બાળકને ત્રણ વર્ષની ઉમ્મર થતાં પહેલાં, એટલે તે જ્યાંસુધી ધાવણ ઉપર જીવે, તે દરમિઆનમાં તેને એક એવો રોગ થાય છે કે, બાળક સુકાઇને માત્ર હાડપીંજર બની જાય છે; જેનું નિદાન આયુર્વેદના ગ્રંથોમાં

જોવામાં આવતું નથી. હાલના કેટલાક વૈદ્યો તેને "બાળશોષ" એવું નામ આપે છે, પરંતુ અમારા ગુજરાતમાં તેનું નામ "સુકતાન" તથા "રેવાસણુ કહે છે. સુકતાનનું લક્ષણ એવું છે કે, તેને થોડો તાવ હોય કિંવા ન હોય, પણ ઝાડા પાતળા, આમ જળસ સાથે થયાં કરે અને બાળક સુકાઇને, કેવળ અસ્થિરૂપ થઇ જાય. રેવાસણનું લક્ષણ એવું છે કે, બાળકને ઝાડા થાય નહિ પરંતુ ઝીણો તાવ લાગુ પડી જાય, જેથી બાળક સુકાઇને હાડપીંજર જેવું બની જાય. આ રોગ પણ આપણા ધર્મ-શાસ્ત્રની પ્રાચીન પદ્ધતિનું ઉલ્લંઘન કરવાનું ફળ છે. એની ઉત્પત્તિ એવી છે કે, જે સ્ત્રીને છોકરૂં નાનું ધાવણું હોય, તે છોકરૂં ખોયાં અગર પથારીમાં સુતેલું હોય અને તે વખતે સ્ત્રીપુરૂષનો સંયોગ થાય, તે અરસામાં પેલું છોકરૂં જાગી ઉઠે અને રડવા માંડે, જેથી તેને લઇને છાનું રાખવા માટે ધવડાવવાની જરૂર પડે; અથવા નહિ ધવડાવે તોપણ, પોતાના હાથમાં તથા ખોળામાં કે પાસામાં દાબી તેને છાનું રાખવાની જરૂર પડે, તેથી આ રોગ થાય છે. કારણ એવું છે કે,સુરત સમાગમથી સ્ત્રીનું અંગ શ્રમિત થઇ તપ્ત થાય છે, અને તેથી હાથ અને પગમાંથી જે ઓરા (વીજળીનો પ્રવાહ) વહે છે તેની સાથે ગરમી અશુદ્ધ થઇ, બાળકના શરીરમાં પ્રવેશ કરે છે અને તે સમયમાં માતાના સ્તનનું દૂધ જાડું, પીળું, ખાટું કે વિરસ થઇ જાય છે, તેથી બાળકને તે દૂધ પચતું નથી, એટલે તેને ઝાડાનો રોગ થઈ, તે સુકાઇ જાય છે અને જો ધવડાવવામાં નહિ આવે, પણ માત્ર હાથે સ્પર્શ કરવામાં આવે તો હાથની ગરમી તેના શરીરમાં પ્રવેશ કરી તાવ ઉત્પન્ન કરે છે, જેથી તેને "રેવાસણ" નામનો રોગ થાય છે. જેમ જેમ જમાનો સુધરતો જાય છે, તેમ તેમ આ સુકતાન તથા રેવાસણના રોગો, વધુ પ્રમાણમાં જોવ માં આવે છે. તેના ઉપાયમાં એ બાળકને પુષ્ટિ આપી, પોશાઇ, માંસ અને રૂધિરથી પરિપૂર્ણ કરવા માટે, એક ઉપાય પરંપરાની ચાલતી રૂઢીનો છે કે, જે સ્ત્રી રાત્રે ચણીઓ પહેરીને સુતી હોય, તે ચણીયો બીજે દિવસે સવારે બદલી, બાળકને સવારમાં તેલ ચોળીને નવડાવી, તેની આંખમાં જરા મેસ આંજી પેલા ચણીઆમાં લપેટી, ઘોડીયામાં અથવા પારણામાં સુવાડી દેવું, જેથી માતાના લોહીની શુદ્ધ વિદ્યુતથી પોષાઇ, બાળક પુષ્ટ અને બળવાન બને છે. પણ એટલું

યાદ રાખવું કે, ઉપર જણાવેલો ચણીયો, દરરોજ પહેરવો જોઇએ. આટલી બધી સંભાળ લેવા છતાં માતાની ભૂલથી બાળકને સુકતાન કે રેવાસણુ થાય તો, અમારા દવાખાનામાં ચાળીશ વર્ષથી વપરાતી દવા એક માસ પર્યંત ખવડાવવામાં આવે તો, જરૂર સુકતાન મટી જાય છે. તે દવા નીચે પ્રમાણે બનાવવી;–ખાપરીયાની ખાપ (ઠીકરાં) જે રાતી પકાવેલી મ ટીનાં ગોળ વીંટાએલા બજારમાં મળે છે તે શેર એક લાવી, તેને ખાંડી, તેમાં લીંબુનો રસ શેર એક નાંખી, પેણીમાં ભરી દેવતા ઉપર મુકી, રસ બળી જાય અને ખાપરીયાની ખાપ કોરી પડી જાય ત્યાં સુધી તપાવવું. પછી તેમાં એક શેર મોટી હરડેનું દળ અને ૦ાા શેર એલચી ફોતાં સાથે મેળવીને, પેલી ખાપ, હરડેદળ તથા એલચીને ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, શીશીમાં ભરી રાખવું. તેમાંથી એક રત્તીથી માંડી એક વાલ સુધી, બાળકનો વય, વન્હિનો વિચાર કરી, જો ઝાડાવાળું સુકતાન થયું હોય તો, પ્રથમ સાત દિવસ ચોખાના ધોવણ સાથે, બીજા સાત દિવસ છાશની પરાશ (છાશ ઉપરનું ઠરેલું પાણી) સાથે અને તે પછીના સાત દિવસ મધમાં ચટાડવું. અને પછી જ્યાં સુધી જરૂર જણાય ત્યાં સુધી મધમાં અથવા માત્ર પાણી સાથે અથવા માતાના દૂધ સાથે આપ્યા કરવું; અને જો તાવવાળું રેવાસણુ હોય તો ઉપર પ્રમાણેના વજનથી, એ ચૂર્ણ કે જેનું નામ અમે “માલતિચુર્ણ” રાખેલું છે તે માત્ર મધ સાથે અથવા પાણી સાથે, એક માસ પર્યંત આપવામાં આવે તો બાળક રોગમુક્ત થઇ, પુષ્ટ બને છે. આ માલતિચૂર્ણની એક વાલ માત્રા, દિવસમાં ત્રણ વખત, પકાવેલી ધાપણુ એક વાલ મેળવી, સુવાવડથી લાગુ પડેલા જીર્ણજ્વરથી કૃષ થઇ ગયેલા, એટલે સુકાઇ ગયેલા શરીરવાળી સ્ત્રીને આપવામાં આવે, તો તેને પણ પુષ્ટિ આપી, જીર્ણજ્વરથી મુક્ત કરે છે. સુવાવડની નબળાઇથી નબળી પડેલી સ્ત્રીને સુવા-રોગમાં સપડાવવાનું કારણ પહેલે નંબરે પ્રસૂત સમયની વિક્રિયા, બીજે નંબરે પથ્યાપથ્યની ખામી અને ત્રીજે નંબરે પતિની કામવાસના, જેને પત્નીએ અનિચ્છાએ પણ તાબે થવું પડે છે તે છે. માટે તેનો વિચાર પતિ–પત્નીએ પોતાના બાળકના સુખને માટે, અને પતિએ પત્નીની આરોગ્યતાને માટે ખાસ રાખવાની જરૂર છે અને એટલાજ

માટે જ્યાંસુધી બાળક દૂધ ધાવે છે, ત્યાં સુધી પતિપત્નીએ બ્રહ્મચર્ય પાળવા માટે જુદા રહેવાની ફરમાશ, આયુર્વેદે કરેલી છે. સંતાનવતી માતાએ સંતાનને દૂધ કેમ પાવું તે આગળ લખાશે; પરંતુ આટલી સૂચના કરવામાં આવે છે કે, બાળકને દૂધ પાતી વખતે કોઇની દૃષ્ટિ નહિ પડે, એવા એકાંત સ્થાનમાં બેસીને પાવું અથવા ધવડાવવું, અને જો તેવું સ્થાન ન હોય, તો ખોળામાં લઇને, ખોળામાંથી છોકરૂં નહિ દેખાય તેવી રીતે પોતાનું લુગડું ઓરાડીને, તેને સ્તનપાન કરાવવું અને સવારે અથવા સાંજે તે બાળકના માથા ઉપર રાઇ અને મીઠું દરરોજ ઉતારીને દેવતામાં નાંખવું હાલના સુધરેલા જમાના પ્રમાણે આ ક્રિયા વહેમી લાગશે. પરંતુ નાના બાળકને દૂધ સિવાય બીજાં દ્રવ્યો આપવાનો નિષેધ છે, અને તેવા વખતમાં ઘણી જરૂર જણાય તો, તે દ્રવ્યો માતાને ખવડાવી, તેના દૂધમાં જોઇતો ગુણ ઉત્પન્ન કરી, તે દૂધ બાળકને ધવડાવી, બાળકને રોગમુક્ત કરવો અથવા બાળકની આસપાસના વાતાવરણને ઔષધિમય કરી, બાળકના શ્વાસોચ્છ્વાસદ્વારા તે દ્રવ્યોનાં તત્વો, બાળકના શરીરમાં દાખલ કરવા માટેની, આ રૂઢી દાખલ થયેલી છે; જેમાં રાઇ–મીઠું બાળવું, કુલડી કરવી, નજર બાંધવી, ધહુલો કરવો, સુપડાના પાણીએ નવડાવવું વગેરે જુના રિવાજો, વાતાવરણની શુદ્ધિ અને બાળકના શરીરમાં ઉપયોગી દ્રવ્યો દાખલ કરવાના નિમિત્તે યોજવામાં આવેલા છે, તે હસી કાઢવા જેવા નથી. જ્યારથી એવા પ્રયોગોને હસી કાઢી તેનો અનાદર કરવામાં આવ્યો છે ત્યારથી, પંદર વાસાના બાળકથી માંડીને દૂધ ધાવે ત્યાં સુધીના બાળકને, વૈદ્યો અને ડોકટરોને ત્યાં લઇ જઇ, દવા પાવાની એક ફેશન પડી ગઈ છે. પણ જો ઉપરના વહેમી ગણાતા ઇલાજ કરવામાં આવે, અને બાળક જ્યાં સુધી ધાવે છે અને તેને પાણી પાતા નથી ત્યાંસુધી, વડું એસડ, વહાણવટી ગોટલી અને ઝેરી કોપરૂં એ ત્રણ ચીજ, એકેક વાલ ઘસી, તેમાં જરા સિંધવ કે મધ નાંખી, બાળકની માતા દરરોજ ઓછામાં ઓછું એકવાર પીએ, અને બાળકને જ્યારથી પાણી આપવા માંડે ત્યારથી વડું એસડ, મોટી હરડે, કરીઆતુ, અતિવિષની કળી, સિંધવ, સંચળ, બાળવજ એનો ઘસારો કરી પાયાં કરે, તો તે બાળકને વૈદ્ય ડોકટરનાં ઘર જોવાં પડે નહિ. જો બાળકને વિશેષ ઝાડા

થતા હોય, તો આંબાની ગોટલી, જાંબુના ઠળીયા, મોચરસ અને વાળો સરખે ભાગે લઇ, બારીક વાટી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, તે ચૂર્ણ જો એક શેર હોય તો કાચો હીંગળોક તોલો એક લઇ, પ્રથમ તેને બહુજ બારીક વાટી, તેમાં પેલું ચૂર્ણ થોડું થોડું મેળવતા જઇ, ખરલમાં વાટતા જવું, એટલે ગુલાબી રંગનો ભુકો થશે. એનું નામ અમારા દવાખાનામાં "ગુલાબી" રાખેલું છે. એ ચૂર્ણમાંથી એક રત્તીથી એક વાલ સુધી, બાળકની ઉમ્મરના પ્રમાણમાં પાણી સાથે આપવાથી, બાળકના ઝાડા, અતિસાર અને મરડો બંધ થઇ જાય છે. આ ઉપાયમાં આંબાની ગોટલી અને જાંબુના ઠળીયા, તેની મોસમમાં સંગ્રહી રાખવા જોઇએ. પણ ખરી વાત એ છે કે, એ ચૂર્ણ એ મોસમમાંજ તૈયાર કરવું જોઇએ. કારણ કે વાસી થયા પછી એટલે ચોમાસું ગયા પછી, આંબાની ગોટલી કાળી પડી જાય છે અને જાંબુના ઠળીયા સડી જાય છે; એટલા માટે એની મોસમમાંજ એ ચૂર્ણ તૈયાર કરી રાખવું. આ ચૂર્ણમાં હીંગલોક નાખવાનું કારણ એવું છે કે, જો હીંગલોક નહિ નાખીએ તો, થોડા વખતમાં એ આખું ચૂર્ણ સડી, તેમાં જાળાં બંધાઇ, જંતુ પડી ઉડે છે, એટલે ચૂર્ણને ફેંકી દેવું પડે છે, તેથી હીંગળોક મેળવીએ છીએ, એટલે તે સડીને જીવડા પડવાના ભયમાંથી મુક્ત થાય છે. હીંગળોક આ ચૂર્ણ સાથે મળવાથી, બાળકને કોઇપણ જાતની વિક્રિયા થતી નથી, પણ ઉલટું ઝાડો બંધાઇ, તે સશક્ત બને છે. બાળકને દશ વાસાની અંદર, મોઢામાં "થુલીઉ" એટલે એક જાતની ગરમી આવી જાય છે. તેમાં એવું જોવામાં આવ્યું છે કે, જે માતાએ ગર્ભાવસ્થામાં અતિ ખાટું, અતિ તીખું અને અતિ ઉનું ખાધું હોય, તેના બાળકને જીભ ઉપર ગરમી આવી જાય છે, જેને થુલીઉ કહે છે. એને થુલીઉં કહેવાનું કારણ એવું છે કે, જીભ ઉપર ઘઉંના થુલાની માફક ફેલ્લીઓ થાય છે. એ પ્રમાણે થયું હોય તો, રાતા રેશમી પટોળાના કપડાના કટકાને બાળી તેની રાખ તે બાળકના મોંમાં ભભરાવવી, અથવા મધ મેળવીને જીભપર ચોપડવી. અથવા ફુલીઉ નામની વનસ્પતિ, જેના છોડ એક ફુટ કરતાં ઉંચા થતા નથી, તેનાં પાંતરાં તુલશીના આકારનાં થાય છે પણ તુળશી જેવી તીખાશ કે સોડમ

નથી. તેનાં પાંતરાંના થડ આગળ ભાતની ધાણી જેવા આકારનાં ફુલ થાય છે તેને, બારીક વાટી મોંમાં ભભરાવવાથી ઘણી ઝડપથી થુલીઉં મટી જાય છે. જો દશવાસા પછી બાળકનું મોં પાકી જાય, તો તેમાં પણ, આ ઉપાય કામ લાગે છે, પરંતુ દશ વાસા પહેલાં જેટલી ઝડપથી એ કામ કરે છે, તેટલી ઝડપથી તે પછીના દિવસમાં કરતું નથી. દશ વાસા પછી બાળકનું મુખ આવી જાય તો, પદ્મકનું લાકડું લાવી પાણીમાં ઘસી, મોંઢામાં ચોપડી, થોડીવાર બાળકને ઊંધું સુવાડવાથી ગરમી ઝરી જાય છે અને મોઢું સારૂં થાય છે. દશ વાસા પછી અને દોઢ વર્ષનું બાળક થાય તેની વચમાં, તે બાળકને "મધપાક" નામનો મુખનો રોગ થાય છે. તેનું કારણ એવું છે કે, તેની માતાને ગર્ભ ધારણ કરતા પહેલાં ગરમીનો રોગ હોય, અથવા જન્મથી આગરૂનો રોગ હોય, તો તે બાળકને મધપાક થાય છે. તેની નિશાની એવી છે કે, તે બાળકની જીભના ટેરવા ઉપર, અથવા જીભના મધ્ય ભાગમાં અને તાળવામાં ચણાની અથવા વાલની દાળ જેવડી, ધોળી છારીવાળી ચાંદી પડે છે. જો એ ચાંદી એની મેળે મટી જાય, તો તે પેટમાં ઉતરી ગઈ છે એમ જાણવું તેથી બાળકનું, તરત મરણ થાય છે. પરંતુ એ મધપાકને માટે હીમજી હરડે (હીમજ) એક આખી લઇ, ચંદન ઘસીએ એટલી જાડી પાણીમાં ઘસી નાંખવી. તે ઘસેલી હીમજમાં બેઆનીભાર ચોખ્ખું મધ મેળવવું અને તેમાં એક વાલ ફુલાવેલી ફટકડી મેળવી, ત્રણેને કાલવી, કાચની પ્યાલીમાં ભરી રાખવું. તેમાંથી આંગળી ઉપર લઇને મધપાકવાળા બાળકની જીભ ઉપર, દિવસમાં ત્રણ ચાર વખત ચોપડી, તેને ઉંધું સુવાડવું. ઉંધું નહિ સુએ અને એ ઓસડ પેટમાં ઉતરે તોપણ હરકત નથી. પરંતુ આ ઓસડથી, ગમે તેવો મધપાક હોય તે ઘણા થોડા દિવસમાં મટી જાય છે. જ્યારે બાળકને મધપાક થયો હોય ત્યારે તેની માતાને હીંગ, આદુ, ચણા અને ખાંડવાળો ખોરાક આપવો નહિ. ઘણીવાર એવું બને છે કે, બાળક ત્રણ મહિનાનું થયા પછી, તે ધાવે છે કે તરત ઉલટી થાય છે તેમાં જો તે બાળકને ઉલટીમાં દુધજ નીકળે, તો ઘરડાં માણસો તેને "ભળે છે" એવું નામ આપે છે. એટલે એથી છોકરૂં વધે છે પણ એ કાંઇ રોગ નથી. પરંતુ બાળક ધાવીને દહીં જેવું ઓકે, તો જાણવું કે તેની છાતીમાં

પિત્ત થયું છે. એવી દહીં જેવી ઉલટી થતી હોય, તો કપુરકાચલી એક રત્તી-ભારને આસરે દૂધમાં ઘસીને પાવી. એટલે ઉલટી બંધ થઈ જશે. ઘણીવાર બાળકની માતાના કુપથ્યથી બાળકને **"વરાધ" વાવળી,** તથા **સસણી થાય છે.** તે વરાધમાં "દુંદ વરાધ, ચુંકીયા વરાધ અને વરાધ" એવા ત્રણ પ્રકાર છે. આ રોગ આયુર્વેદમાં ખાંસી અને શ્વાસના નામ સિવાય વધારે વર્ણવેલો જણાતો નથી, પણ હાલમાં એ રોગ ઠામઠામ જોવામાં આવે છે. તેમાં પ્રથમ **વરાધનું લક્ષણ** એવું છે કે, બાળકને ઝાડો કે ઉલટી થાય નહિ, પેટ ચઢે, અને શ્વાસ ચાલે, તેને દુંદવરાધ કહે છે. જે વરાધમાં પેટ ચઢે, ઝાડા પાતળા થાય, તાવ સખત હોય અને હાંફ ચાલતી હોય તથા પેટમાં ચુંક નાખતી હોય, તેને ચુંકીયા વરાધ કહે છે; અને જેને ઝાડા, ઉલટી કે ચુંક અને તાવ નહિ હોય, પણ માત્ર પેટ ચઢી હાંફ ચાલતી હોય તેને વરાધ કહે છે. તેવી રીતે **વાવણીનું લક્ષણ** એવું છે, કે બાળકને તાવ આવે, ઝાડા પાતળા, કુચાપાણી જેવા અને લીલા રંગના થાય અને તેની સાથે શ્વાસ ચાલતો હોય. **સસણીનું લક્ષણ** એવું છે કે, તાવ થોડો હોય, ઝાડો ઉતરતો નહિ હોય, પેટ ચઢેલું નહિ હોય પણ છાતીમાં કફ અવાજ સાથે બોલતો હોય, અને શ્વાસ તથા ખાંસી હોય. એ પ્રમાણે બાળકોને આ ત્રણ પ્રકારના રોગ ઘણીવાર પ્રાણઘાતક નીવડે છે. કોઈપણ પ્રકારનો એ રોગ ઉત્પન્ન થયો હોય કે તુરત, તેની માતાને તેલ, ઘી, મરચું અને ગળપણવાળો ખોરાક બંધ કરાવવો. સસણી હોય તો દૂધ ખાવાની છુટ આપવી, પણ વરાધ કે વાવળીમાં દૂધ પણ બંધ કરાવવું અને જો બાળક ધાવે તો તેને ધાવવા દેવું, પણ મારૂં બાળક બે દહાડાનું ભૂખ્યું છે અને આહાર વના કરમાઈ જશે એમ ધારી, તેને કોઈ પણ જાતનું દૂધ પાવું નહિ; કારણ કે બાળકના પેટમાં ભૂખ લાગી હશે, તો તે ધાવ્યા વિના રહેવાનું નથી અને આપણી અક્કલ પ્રમાણે, ભૂખ લાગી હશે, એમ ધારી તેને દૂધ પાઈએ, તો દૂધ નહિ પચવાથી અજીર્ણ થઈ, તેના પેટમાં દૂધીયા કરમ ઉત્પન્ન થશે. એવી અવસ્થામાં નીચે લખેલા ઉપાયો કરવાથી બાળક જલદી સારાં થાય છે;—

શીતભંજી રસ—પારો, ગંધક, પારાગંધકમાં મારેલું તાંબુ, વચ્છનાગ, સુંઠ, મરી, પીપર, ટંકણખાર ફુલાવેલો; એ સર્વને સમભાગે લઈ, વાટી, વસ્ત્રગાળ કરી ચીત્રાના ઉકાળાના ત્રણ પટ આપવા. પછી આદુના રસના સાત પટ આપવા. પછી પાનના રસના ત્રણ પટ આપવા. પટ આપવાની રીત એવી છે કે, રસ એટલો નાંખવો કે મસાલો, દૂધપાક જેવો નરમ થાય. પછી ખરલમાં ઘુંટીને તેને ગોળી વળે એવો બનાવવો અને તે પછી બીજા પટને માટે બીજો રસ કે ઉકાળો નાંખવો. એવી રીતે પટ આપીને તેની મરીના દાણા જેવડી ગોળી વાળી, તડકે સુકવી, શીશીમાં ભરી રાખવી. એ શીતભંજી રસ ઘણા કામમાં આવે છે.

માણેકરસાદિ ગુટિકા—એળીઓ ૪. બોળ ૨. હીંગળોક ૪. માણેકરસ ૪. કેશર ૧. પીપર ૪. મરી ૨. સુંઠ ૨. જાયફળ ૧. જાવંત્રી ૧. અક્કલકરો ૨. એળચી ૧. તમાલપત્ર ૧. સિંધવ ૪. સંચળ ૪. જવખાર ૨. ટંકણ ફુલાવેલો ૨. અજમો ૨. વાયવડંગ ૨. ઇંદ્રજવ ૪. રેવંચીનો શીરો ૧. ગરણીનાં બી ૪ અને મનસીલ ૨ ભાગ લઇને સર્વને ઝીણાં વાટવાં. તેમાં હીંગળોક, મનસીલ, માણેકરસ અને કેશરને જુદાં ત્રણ દિવસ લગી ખરલમાં વાટવાં. પછી તેમાં બાકીનાં ઓસડ વસ્ત્રગાળ કરીને થોડાં થોડાં ઉમેરતા જવું અને ખરલ કરતાં જવું. એવી રીતે ખરલ થઇ રહ્યા પછી પાકાં ચેવલી પાનના રસમાં ત્રણ દિવસ ઘુંટી મગ જેવડી ગોળી વાળવી. એનું નામ "માણેકરસાદિ ગુટિકા" અમે પાડયું છે. કારણ કે એ પાઠ શાસ્ત્રનો નથી, પણ અમારો ગોઠવેલો છે.

બોંખલી—કાળા તંબાકુના દાંડા લઇને સાફ વણી કાઢી, તેની સાથે જો તંબાકુના ઝાડના થડનો ભાગ આવેલો હોય તો તે કાઢી નાંખી માત્ર જાડી નસોના એકેક ઇંચના કટકા કરી, તેને ઠીકરાના વાસણમાં સુકી તેના કોયલા બની જાય પણ રાખોડી બને નહિ, એ વાત ધ્યાનમાં રાખવી. તે એવી રીતે કે, ધુમાડો નીકળતો બંધ થાય કે તુરત, તેને બીજા વાસણમાં ખાલવી લઇ, તેના ઉપર ઢાંકણુ ઢાંકવું એટલે બહારની હવા બંધ થવાથી, તેના કોયલા બની જશે. તે કોયલાને જુદા રાખી જેટલા વજને દાંડા લીધા હોય તેટલા વજને સિંધવક્ષાર લઇ, તે સાથે

એગો ખાંડી, વસ્ત્રગાળ કરી શીશીમાં ભરી, મજબુત બુચ મારી મૂકવો. આ દવા બનાવતાં એટલી વાત ધ્યાનમાં રાખવાની છે કે, કોયલા બનાવવા, ખાર મેળવીને ખાંડવું અને તેને ચાળીને શીશીમાં ભરતાં સુધીની ક્રિયા એકજ દિવસમાં પુરી કરવી. જો કોયલા વાસી રહેશે તો બહારની હવાથી તે નરમ થઇ જશે, એટલે એ ઓસડમાં ધારેલો ગુણ કરી શકશે નહિ. માટે સાવધાની રાખી દવા બનાવવી. આ પ્રયોગ અમારો ગોઠવેલો છે, એટલે શાસ્ત્રમાં નથી.

કૃમિકુઠાર—કડા છાલ ૧. ત્રાયમાણુ. ૧. અજમોદ ૧. વાયવડંગ ૧ કેશર. ૧ કાકડાસીંગ. ૧. ઘોડાવજ. ૧ સ્થિવ. ૧. સંચળ ૧. હરડેદળ. ૧. ખોરાસાની અજમો. ૧. કરમાણી અજમો. ૧. હીંગફુલાવેલી ૧. કાચો હીંગળોક. ૧. વચ્છનાગ ૧. કંપીલો. ૪ ભાગ લઇ, સર્વેની વાટીને ભાંગરાના રસનો એક પટ આપવો. પછી ઉંદર કાનીના રસનો એક પટ આપવો. પછી લીલી બરમી (બ્રાહ્મી)ના રસનો એક પટ આપવો અને તે પછી તેની સરસવના દાણા જેવડી ગોળી વાળવી; આ ગોળી નીઘંટ રત્નાકરના પાઠ પ્રમાણે તેમાં અમારી બુદ્ધિ પ્રમાણે સુધારો વધારો કરી, તૈયાર ગોઠવેલી છે અને તે બાળકના કૃમિપર અકસીર નીવડેલી છે—

જ્યારે ઉપરના લક્ષણવાળી વરાધ, દુંદવરાધ કે ચુંકીયાવરાધ થઇ હોય ત્યારે, તે બાળકને ઘણા વૈદો જુલાબ આપે છે. જુલાબ આપવાથી શરીરમાંનું પિત્ત દ્રવરૂપ થઇને નીકળી જાય છે, અને કફ વધી પડે છે, તથા કફના સ્થાનમાં વાયુ પ્રવેશ કરી, કફ વધવાથી હાંફણને વધારે છે અને પિત્તના સ્થાનમાં વાયુ આવવાથી પેટ ચડે છે. એટલા માટે જુલાબ આપવો નહિ, પરંતુ ઉપર લખેલી "શીતભંજી રસ"ની ગોળી નંગ એક અથવા અર્ધી, પાણીમાં ઘસીને પાવી. એ ગોળી દિવસમાં ત્રણ વાર પાવાથી ત્રણે પ્રકારની વરાધ, કબજામાં આવી જાય છે, અને એ ત્રણ દિવસમાં બાળક રોગમુક્ત થાય છે.

કોઇ બાળકને ઉપર કહેલા લક્ષણવાળી વાવળી થઇ હોય તો, ઉપર લખેલી "માણેકરસાદિ ગુટિકા" નંગ એક લઇ, નાગરવેલના પાનના

રસમાં આપવાથી વાવળીની હાંફ તુરત બેસાડે છે. અને ઝડાનો રંગ બદલી તાવને ઉતારે છે. જો કોઇ બાળકને સસણી થઇ હોય તો, પાન એક પાકું તથા અજમો વાલ અર્ધો અથવા તેથી ઓછો એ બેને સાથે વાટી પાણી મુકી રસ કાઢવો અને તે રસને જરા ગરમ કરી તેમાં ઉપર લખેલી " ખોંખલી " ની દવામાંથી એક રત્તીથી એક વાલ સુધીનું પડીકું મેળવીને દિવસમાં ત્રણવાર પાવું. જેથી ખાંસી અને સસણી (શ્વાસ) મટી જાય છે. એ પ્રમાણે વરાધ વાવળી તથા સસણીની જાતો પારખી તેના ઉપચારમાં, આ ત્રણ પ્રકારની દવા આપવાથી ઘણોજ ફાયદો થાય છે, અને હજારો બાળકો સારાં થાય છે. પરંતુ વરાધ અને વાવળીવાળા બાળકની માતાને ચીકટ તથા દૂધ ખાવા દેવું નહિ, પણ સસણીવાળું બાળક હોય તો તેની માતાને ચીકટ બંધ કરી, દૂધ ખાવાની રજા આપવી. જો એકથી ત્રણ વર્ષના બાળકને કૃમિ થયા છે એમ માલમ પડે, એટલે તે બાળકને ઉલટી થાય, મોઢું ગંધાય, તાવ આવે, પણ હાથ પગ ઠંડા રહે, આંખોનાં ચક્કર ફેરવે, ચમકે, આંકડી આવે અથવા કંપે તો જાણવું કે, એ બાળકને કરમ થયા છે. તેવી અવસ્થામાં, ઉપર બતાવેલા કૃમિકુઠાર રસની ગોળી, બાળકની ઉમ્મરના પ્રમાણમાં દર વખતે એકથી ત્રણ સુધી, દિવસમાં ત્રણવાર માત્ર પાણી સાથે આપવાથી અને દશવાસા ઉપરનું તથા છ માસની અંદરનું બાળક હોય તો માત્ર એક ગોળી દૂધ સાથે મેળવીને આપવાથી કૃમિનો નાશ થાય છે. તે એવી રીતે કે કેટલાંક બાળકને કૃમિ પડી જાય છે, ને નવા ઉત્પન્ન થતા નથી. કેટલાંકના સમાઇ જાય છે. આ ગોળીમાં એવો ચમત્કાર છે કે, જેમ " સેન્ટોનાઇન " એકલું અથવા ખાંડમાં મેળવેલી તેની બનાવટો, બાળકને ખવડાવવામાં આવે છે, પણ તેની પાછળ દીવેલનો જુલાબ આપવો પડે છે, અને જો દીવેલનો જુલાબ આપવામાં નહિ આવે તો તે બાળક પીળું પડી જાય છે, તેમ આ ગોળી ખવાડયા પછી દીવેલનો કે બીજા કોઇનો જુલાબ આપવાની જરૂર પડતી નથી, અને બાળક પીળું પણ પડતું નથી અને કૃમિ પોતાની મેળે બહાર નીકળી જાય છે. અમારા આયુર્વેદાચાર્યોએ પેટમાં થતા અઢાર જાતના કૃમિ અને બાહેર થતા બે જાતના કૃમિ, જેને જુ અને

ચામજુના નામથી ઓળખાવે છે, તથા એક ચામડીમાં થતો કૃમિ, કે જેને વાળો (નારૂ) કહે છે, એ પ્રમાણે એકવીશ જાતના કૃમિને ગણેલા છે, તે પૈકી અંદરના ભાગમાં થતા અઢાર જાતના કૃમિને માટે આ કૃમિ કુઠારરસ એક અકસીર ઇલાજ છે. કેટલાંક બાળકને દશ વાસાની અંદર શરીર ઉપર દાઝેલા ફોલ્લા નીકળે છે, જેને ઘરડાં માણસો "વઘારીયાં" કહે છે, તેની ઉત્પત્તિ એવી છે કે, જે ઘરમાં પ્રસૂતા સ્ત્રી સુતી હોય અને તે ઘરમાં રસોઇખાનામાં તેલ, હીંગ, રાઇ અને મરચાંનો, શાકમાં કે દાળમાં વઘાર કરવામાં આવે અને તેની ગંધ આખા ઘરમાં ફેલાય, જેથી બાળકના શરીરને તે લાગવાથી દઝેલા જેવા ફોલ્લા થાય છે. પણ તે ફોલ્લાથી માબાપોએ અકળાવું નહિ, કેમકે એની મેળેજ મટી જાય છે. પણ જો તેનો ઉપાય કરવો હોય તો તેનાપર અબીલ છાંટવું. કેટલાંક બાળકને "રતવા" (વીસર્પ) થાય છે. તે એક પહાડીયો એટલે પહાડ (કઠણ અને દુઃખતો સોજો) ઘાલે છે. બીજો "દાઝીયો" એટલે દાઝેલા જેવા ફોલ્લા થાય છે, અને ત્રીજો "ચેપીયો" એટલે મોતીના દાણા જેવા એક સ્થાનમાં જથાબંધ ફોલ્લા થઇ, તે ફુટી, જ્યાં જ્યાં તેનો ચેપ લાગે ત્યાં ત્યાં, ફોલ્લા થાય છે, અને એ ચેપ માતાપિતાને લાગે તો તેને પણ ફોલ્લા થાય છે. આ રતવાનો રોગ ઘણે ભાગે બાળકનો જીવ લે છે. કવચિતજ કોઇ બાળક એમાંથી બચી જાય છે. એટલું છતાં ત્રણે જાતના રતવાની ચિકિત્સા નીચે પ્રમાણે કરવાથી વખતે બાળક બચી જાય છે. પ્રથમ બાળકની માતાને ચીકટ તથા મિઠાશ ખાવાનું બીલકુલ બંધ કરી દેવું. બાળકને પણ ચીકટ અડકે નહિ, એવી સંભાળ રાખવી બાળકની માતાને લુખ્ખો રોટલો અને મીઠું નાંખીને બાફેલી ચોલાઇની ભાજીનું શાક ખાવા આપવું. બાળકના ત્રણે પ્રકારના રતવા ઉપર "રતવેલીઓ" નામનો વેલો જે કાઠીઆવાડમાં પ્રસિદ્ધ છે, તેને ઘસીને બાળકને પાવો, તથા શરીર ઉપર ગુલેઅરમાની અને ગુલાબજળ ચોપડયા કરવું. એથી પહાડ ઓગળી જાય છે અને ચાંદાં સુકાઇ જાય છે ને વખતે બાળક બચી પણ જાય છે. અથવા સફેદ કાથો, સંખજીરૂ, કલઇ સફેતો, અને સન્નાગેરૂ, સમભાગે લઇ તેને વસ્ત્રગાળ ચૂર્ણ કરી, ગુલાબજળ અથવા

પાણી સાથે ચોપડયા કરવાથી, ત્રણે પ્રકારના રતવા મટી જાય છે. આ રતવાનો રોગ, ઘણે ભાગે સ્ત્રીના ગર્ભસ્થાનની ગરમીને લીધે થાય છે અને લોકિકમાં "તે સ્ત્રીને કોઠે રતવા છે" એમ કહેવાય છે; અને અને છે પણ એમ કે, જે સ્ત્રીને કોઠે રતવા હોય તેના દરેક બાળકને એકજ જાતનો, અને અમુક માસનું બાળક થયા પછી, તેજ માસમાં રતવા નીકળી, બાળક મરણ પામે છે. એ પ્રમાણે જેટલાં બાળક થાય, તે સર્વને તેજ પ્રમાણે રતવા નીકળે છે અને મરણ પામે છે. આવા ભયંકર રોગને માટે માતાના કોઠામાંથી રતવાની જડને ઉખેડી નાંખવા માટે અમારો ખાસ અનુભવેલો અને સેંકડો સ્ત્રીઓના કોઠાના રતવાને મટાડી, બાળકને જન્મ્યા પછી રતવા થાય નહિ તેવો તેમજ કેટલીક સ્ત્રીઓને ગર્ભસ્થાનમાંથીજ રતવાવાળું, સડેલું, લીલું થઇ ગયલું બાળક જન્મે છે તેને પણ અસરકારક રીતે આરોગ્ય આપનારો ઇલાજ લખીએ છીએ. **ગુલેબનફશા** શેર પા. લઇને તેમાંથી કચરો તથા માટી વીણી કાઢી, તેને દશેર પાણીમાં નાંખી ઉકાળવો અને જ્યારે ત્રણ શેરને આસરે પાણી બાકી રહે ત્યારે તેમાં પોણાબશેર સાકર નાંખી ચાસણી કરી શરબત બનાવવું, એટલે એક બાટલી શરબત થશે. તે શરબત, જેને કોઠે રતવા હોય તે સ્ત્રી જ્યારે ગર્ભ ધરે અને ત્રીજો મહિનો બેસે ત્યારે, સવારસાંજ એકેક તોલો, પાણીમાં મેળવી પાવું. એટલે એક મહિનામાં એક બાટલી ખલાસ કરવી. તે પછી પાંચમે મહિને એક બાટલી શરબત, ઉપર પ્રમાણે પાવું. તે પછી સાતમે મહિને ઉપર પ્રમાણે પાવું. તે પછી છોકરૂં જન્મે અને માતા ચાળીશમું નાહી સુવાવડમાંથી ઉઠે તે પછી, એક બાટલી પાવું. આ પ્રમાણે ચાર બાટલી શરબત જે સ્ત્રીને પાવામાં આવે છે. તે સ્ત્રીના કોઠામાં રતવાની અસર બીલકુલ રહેતી નથી અને તેના બાળકને કોઇપણ વખતે રતવાનો રોગ થતો નથી. વિશેષમાં જણાવવાનું કે, જે સ્ત્રીના કોઠામાં રતવા હોય, તેને દરેક ગર્ભ વખતે આ શરબત પાવાની જરૂર નથી, પરંતુ એકજ ગર્ભ વખતે પાવાથી, આખી જિંદગી સુધી ગમે તેટલા બાળક થાય તો પણ તેને રતવા થતો નથી. પરંતુ અમારે ખુલાસો કરવો જોઇએ કે, જ્યારે જ્યારે આ શરબત પાવાનો વખત આવે,

ત્યારે ત્યારે એ શરબત તાજું તાજું બનાવીને પાવું. જો પૈસાના લોભથી અને વારેવારે બનાવવાની આળસથી, સામટા શીશા બનાવી મુકશે, તો શરબત સડી જશે અને તેને ફેંકી દેવું પડશે. એ શરબત પીતી વખતે, તે સ્ત્રીને કોઇપણ જાતનું વિશેષ પથ્ય પાળવાની જરૂર નથી.

ઘણીક માતાઓ પોતાને દૂધ ઓછું આવવાથી બાળકને મધ અને ઘીનું ચાટણ કરાવે છે અને તે બાળક થોડીપણ ખાવાની ઇચ્છા ધરાવતું જણાય તો તેને ખોરાક આપવાની ઉતાવળ કરે છે, અને તેમાં ઘણી માતાઓ એમ સમજતી જણાય છે કે, જેમ જેમ ઘીવાળો શાકરવાળો, બદામવાળો–ખોરાક બાળકને અપાય, તેમ તેમ બાળક ઉતાવળે મોટું થઇ બળવાન્ થાય; પરંતુ કુદરતનો કાયદો એવો છે કે, જ્યાંસુધી બાળકને સંપૂર્ણ દાંત ફૂટી રહે નહિ, ત્યાંસુધી તેને ઘી આપવું નહિ. કારણ કે ઘી કાંઇ આહારની વસ્તુ નથી, પણ તે અન્નને સ્નેહાળ બનાવી, અન્ન પચે એવા કોઠાવાળાને પુષ્ટ બનાવવા માટેનું એક સ્નેહન દ્રવ્ય છે, માટે અન્ન ખાવાને સારૂ જ્યારે કુદરત દાંત આપે, ત્યારેજ તેને અન્ન સાથે ઘી આપવું. તે દરમિઆનમાં માતાના દૂધથી બાળકનું પેટ નહિ ભરાય, તો ગાયનું, બકરીનું છેવટે તે જો ન મળે તો ભેંસનું દૂધ લાવી, તેમાં અર્ધું પાણી ઉમેરી, તેમાં પાંચ દશ દાણા વાયવડંગના જરા ખોખરા કરી નાંખી, તેને ધીમે તાપે ઉકાળી, માત્ર પાણી બળી જાય અને દૂધ બાકી રહે ત્યારે નીચે ઉતારી ઠંડુ પાડી કપડેથી ગાળી લઇ, શીશીમાં ભરી મુકવું અને તે દૂધ બાળકને પાવું. પણ એટલું યાદ રાખવું કે, એક વાર ઉકાળેલા દૂધને ફરીથી ઉનું કરવું નહિ. સવારના ઉકાળેલા દૂધને સૂર્યાસ્ત પછી પાવું નહિ ને રાતને માટે ફરીથી બીજું દૂધ બનાવી લેવું અને તે દૂધ સૂર્યોદય થયા પછી પાવું નહિ. અને "આ દૂધ મારા બાળક માટે લાવ્યો છું, મારૂં બાળક આટલું બધું દૂધ પીએ"—એવું કોઇને મોઢે કહેવું નહિ. તેમ જ્યારે જ્યારે દૂધ પાવાનું હોય ત્યારે ત્યારે એકાંતમાં કોઇની નજર નહિ પડે તેવે સ્થળે બેસીને પાવું. પણ જો કોઇને મોંઢે "મારૂં બાળક આટલું દૂધ પીએ છે એમ કહ્યું અને તે સાંભળનાર માણસ આશ્ચર્યથી એટલોજ શબ્દ બોલશે કે "ઓહો ! ! આટલું બધું દૂધ પીએ છે?" એટલું

કહેવાથીજ, તેજ દિવસથી તે બાળક દૂધ પીતું અટકી જશે, એટલા માટે ફરી ફરીથી કહેવામાં આવે છે કે, બાળકના દૂધની વાત કોઇને કરવી નહિ—તેમ બાળકને સ્તનપાન કે દૂધપાન પણ કોઇના દેખતાં કરાવવું નહિંજ. જો બાળકને દાંત આવતા પહેલાં ઘી આપવામાં આવશે તો તેને વાવળી કે સસણીનો રોગ જલદી લાગુ પડી જશે; તેમજ જ્યારે બાળકના દાંત ફૂટવાનો વખત થશે, ત્યારે બાળકને પાતળા ઝાડા થશે અને શરીર એટલું બધું લથડી જશે, કે માતા-પિતા ફીકરમાં પડી જશે. અને જે બાળકને દાંત આવતા પહેલાં અન્ન ખવાડવાની ટેવ પાડશે તો તે બાળકને પાતળા ઝાડા, મરડો, અને ઝીણો તાવ લાગુ પડી જશે, જેથી તે બાળકને "હાથ-પગ દોરડી અને પેટ ગાગરડી" ની કહેવત લાગુ પડશે અને તેમાંથી મબારખી તથા નાળકોટ જેવા ભયંકર દરદોનો જન્મ થશે. જે બાળકને અન્ન પચે નહિ, ઝાડો થાય નહિ અને થોડે ભાગે કૃમિ ઉત્પન્ન થાય, જેથી હાથ પગ, અને મોં ઉપર ચામડીના રંગ જેવો થોડો થોડો સોજો આવે, અને તેની ફુંટી (નાભી) ઉલટાઇ (ઉથલાઇ) જાય ત્યારે જાણવું કે એને "મબારખી" થઇ છે. અને જે બાળકને અન્ન પચે નહિ, ઝાડો થાય નહિ, તથા ચામડીનો રંગ, આંખના ડોળા અને જીભ પીળી થાય; હાથ, પગ, પેટ, પેડુ અને મોં ઉપર સોજા હોય તેને "નાળકોટ" કહે છે. "**નળબંધ;**" કર્માણીઅજમો, કાચકો, કાળીજીરી, કોલમ, કડુ, દીકામાલી, સિંધવ, સંચળ, ઇંદ્રજવ, વાયવડંગ, ષડકચુરો, કાકડાસીંગ, લીંબોળી, કાળાંમરી; એ સર્વે સમભાગે લઇ, તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. એ ચૂર્ણનું નામ **અમે નળબંધ પાડયું** છે. એ ચૂર્ણ અર્ધાવાલથી બે વાલ સુધી નાનાં બાળકને કે મોટાં માણસને દિવસમાં ત્રણવાર આપવાથી તાવ, કૃમિ, ઉલટી, ઝાડા, પેટનો દુખાવો અને બંધકોશને મટાડે છે. જો મબારખી થઈ હોય તો આ ચૂર્ણમાંથી વાલ એક તથા ફૂલવેલી ફટકડી જેનું નામ સૌરાષ્ટ્રિ આપ્યું છે, તે વાલ અર્ધો મેળવી, પાણીમાં વાટી, પાવાથી મબારખી મટી જાય છે, તથા સોજા ઉતરી જાય છે. અને જો નાળકોટ થયો હોય તો, કાચી ફટકડી તોલા આઠ અને બાવળનો કોલસો તોલો એક વાટી, તેનું ચૂર્ણ કરી રાખવું. પછી ગાયના મૂત્રને

એકવીશ વખત ગાળીને તેમાં રોગીની ઉમ્મરના પ્રમાણમાં બાળકને અર્ધા વાલથી બે વાલ સુધી અને મોટા માણસને આઠ વાલ સુધી, ગાળેલા ગાયના મૂત્રમાં આપવું. બબારખી તથા નાળકોટવાળાને ઘી અથવા તેલ બીલકુલ આપવું નહિ. બનતાં સુધી દૂધ મોળું અને ભાત આપવો. ભાત નહિ ખાઇ શકે તો એકલા દૂધ ઉપર રાખવો. પણ મીઠું, મરચું, મસાલો કાંઇજ આપવું નહિ. મોટા માણસથી નહિ રહેવાય તો જુવારની ધાણી અને શેકેલા ચણા ખાવાને આપવા. પણ તેથી એમ ન'હ સમજવું કે મોળા મમરા કે પૌંઆ ને દૂધ ભેગું કરી ખાઇ શકાશે. પરેજી કાળજીપૂર્વક કરવામાં આવશે તો દર્દી જરૂર સારો થશે. પણ એટલી વાત ખૂબ યાદ રાખવી કે જે બાળક અથવા બાળકીને, મરદ અથવા સ્રીને નાળકોટ થયો હોય, અને તેની ઇન્દ્રિય ઉપર પાણીથી ભરેલો ચળકતો સોજો જણાય તો તેનું ઓસડ વૈદે કરવું નહિ. કારણ કે ઇંદ્રી ઉપર સોજો આવ્યા પછી તેને પરમેશ્વર સિવાય, બીજો કોઇ બચાવી શકે તેમ નથી.

હાલમાં કેટલાંક માબાપો છોકરાંની માતાને ધાવણ નહિ આવવાથી અથવા ધાવણ ઓછું આવવાથી અથવા ધાવણ આવતું હોય છતાં, છોકરૂં ધાવે તો તેની માતાનો બાંધો ચુસાઇ જવાના ભયથી અથવા સ્તન તૂટી જવાના ભયથી તેઓ બાળકને ધવડાવતાં નથી, પણ તેને દૂધ અને ચાય પાવાની ટેવ પાડે છે. જો કે તેથી બાળકને સંતોષ વળે છે, પરંતુ પોષણ મળતું નથી, જેથી બાળકનાં હાડકાં બીલકુલ પોષાયા વિનાનાં, સુકાં રહી જાય છે, અને બાળક બાંધા વગરનું, પાતળું અને નિર્માલ્ય થઇ જાય છે, જેથી જુવાનીમાં ક્ષય જેવા વ્યાધિને શરણે થઇ મરણ પામે છે; અને કદાચ ક્ષય નહિ થાય તો અલ્પવીર્ય અથવા વીર્યપાત અથવા નપુંસક જેવો, ચીડીયા સ્વભાવનો, મગજની શક્તિ વિનાનો, કામ કરવામાં કાયર અને કોઇપણ જાતના ચીકણા રોગને ભોગવતો જોવામાં આવે છે. માટે અમે ભલામણ કરીએ છીએ કે, આખી જિંદગી પર્યંત ચાય નહિ પીવી, એ તો આ ફેન્સી અને ચાલુ રૂઢીના જમાનામાં અમારાથી કહી શકાતું નથી, પણ બાળકની દયા ખાતર, તેની જિંદગીના ભલા ખાતર, તેને પાંચ વર્ષની ઉમ્મર થયા

પછી, ભલે વધારે દૂધવાળી થોડી ચાહ પાવી, પણ એટલું ચાદ રાખવું કે, જ્યાં સુધી વીર્ય પરિપક્વ થયું નથી અને બાળકને દાઢી મૂછ ફૂટી યુવાવસ્થા પ્રાપ્ત થઇ નથી, ત્યાં સુધી ચાય નહિ અપાય તો અતિ ઉત્તમ છે.

છ મહિનાના બાળકથી તે ૧૦ વર્ષના બાળક સુધીને એકવાર એક જાતની નઠારી ઉધરસ થાય છે, અને તે ઉધરસ એવી ચેપી છે કે, ઘરમાં કે મહોલ્લામાં તે છોકરા સાથે રમતાં, તેનું ખાધેલું ખાતાં, તેનું પીધેલું પીતાં, બીજાં છોકરાંને તે ઉધરસ લાગુ પડે છે. એવી રીતે વધતાં વધતાં આખા મહોલ્લાનાં કે ગામનાં છોકરાં, તે ઉધરસના ભોગ થઇ પડે છે. એ ઉધરસનું સ્વરૂપ એવું છે કે, ઉધરસ ખીફૂ ખીફૂ ખીફૂ ખીફૂ ખીફૂ ખીફૂ ખીફૂ એવી રીતે પાંચ મિનિટ કે દશ મિનિટ સુધી ચાલુ રહે, વચમાં વચમાં છીંક આવતી જાય, ચહેરો લાલ થઇ જાય, ઉધરસની સાથે બાળકને ઝાડો અને પેસાબ થઇ જાય, તથા એવી અસહ્ય વેદના થાય કે તે બાળકોજ ખમી શકે છે. એવી રીતે એક વળ નરમ પડયો કે પાંચ દશ મિનિટે અથવા કલાક બે કલાકે બીજો વળ ચઢે છે. તે જોઇને માબાપો ઘણા અકળાય છે પણ કાંઇ ઇલાજ નહિ ચાલવાથી, નિરાશ થઇ જાય છે. માત્ર એકજ ઉપાય ઘણાખરા લોકો જાણે છે કે જે વખતે ઉધરસનો વળ ચઢે, તે વખતે તે બાળકની એક હાથની નાડી એટલે અંગુઠા નીચેની નસ, જોરથી દબાવે છે, તેથી કાંઇક વળ, ઓછો આવે છે. એ ઉધરસ, ખોખલી, ઉટાંટીયું, હડખી, ભુંડી, મોટી ઉધરસના નામથી ઓળખાય છે, અને અંગ્રેજીમાં એને "હૂપીંગ કૉફ" કહે છે. એને માટે લોકોમાં ચાલુ ઉપાય એવા છે કે, કોઇ બાળકને અણબોલ્યા લઇ જઇને "નનામા ઝાડ" (ચોરઆમળો) ને સૂર્ય ઉગતા પહેલાં ભેટાડે છે. કોઇ ઉંટની ગાંડ સુંઘાડે છે. કોઇ ખોંખલી (કોહેલી) નો દર સુંઘાડે છે. કોઇ મોચી કે ખાલપાની કુંડીનું પાણી પાય છે. કોઈ કસાઇને ઓટલે બેસાડે છે. કોઇ ગળામાં કોડી અને અજમાની પોટલી બાંધે છે. કોઇ, છોકરાની માતાનાં નવાં લુગડાં ઉપર ધોળું થીગડું મારે છે, કોઇ નકટી નામની હોડીના ઘાટના બેખાનાવાળી એક વનસ્પતિ ગાંઘીને ત્યાં મળે છે તે ડોકે બાંધે છે. કોઇ, બાવળના ઝાડ

ઉપર કાંટાનું બખતર બનાવી તેની અંદર એક જીવડો રહે છે, જેને ગામડાના લોકો કાંટાની ડોશીને નામે ઓળખે છે તે લાવી, તેને ગળામાં બાંધે છે. એમ કરતાં કરતાં જ્યારે ઉધરસ નરમ પડતી નથી ત્યારે, "એ તો એની મુદ્દતે જશે" એમ માની સંતોષ પકડે છે. પણ એ બાબતમાં અમારો અનુભવ એવો છે કે, વરાધ–વાવળીના પ્રકરણમાં બતાવેલી 'ઑંખલી" નામની દવા, અર્ધા વાલથી એક વાલ સુધી પાન એક પાકું તથા એલચી નંગ બે છોડા સાથે, જરા પાણી મૂકી ખૂબ ઝીણાં વાટી તેનો રસ કાઢી, તે રસને જરા ગરમ કરી, તે પછી તેમાં પેલું ઓસડ નાંખી, દિવસમાં બે અથવા ત્રણ વખત પાવાથી, તે બાળકને ઘણો ફાયદો કરે છે. એ નઠારી ઉધરસ ઘણા જોરમાં આવતી હોય તેને આ ઑંખલી નામના ઓસડથી જલદી ફાયદો થાય છે, અને ઉધરસ ધીમી ગતિવાળી હોય તો તેનાથી ધીમે ફાયદો થાય છે. આ ઑંખલી નામની દવા સાધારણ લુખી ઉધરસવાળાને મધમાં ચટાડવાથી સારો ફાયદો કરે છે. માટે આ દવા બનાવીને વાપરવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.

નાનાં બાળકની ઘણીવાર આંખો દુઃખવા આવે છે, આંખમાં ખીલ થાય છે, આંખે ચીપડા વળે છે, આંખ ચોંટી જાય છે, બાળક આંખ ઉઘાડી શકતું નથી અને આંખમાં કાંકરો ખુંચવાથી દિવસ અને રાત, એવ્હેન રહી રડયાં કરે છે, અને વખતે એવું બને છે કે, આંખના ખીલ વધીને ઉપલાં પોપચાંમાં એક લીંબુ જેવડો પાતળી ચામડીવાળો ચળકતો સોજો ઉત્પન્ન કરે છે, જેથી બાળકની આંખ કોઇપણ પ્રકારે ઉઘડી શકતી નથી તે જોઇ તેનાં માતાપિતાને એવો ભય રહે છે કે, રખેને બાળક આંધળું થાય. એવા સોજાથી બાળક આંધળું તો થતું નથી, પણ વખતે આંખમાં ફુલું પડી આવે છે. આવી રીતે આંખના દર્દોમાં નીચે પ્રમાણે ઉપાય કરવાઃ—સુરોખાર તોલો એક, ધોળા મરી તો. ૩ અને ઊંચા પ્રકારનું સિંદુર તો. આઠ એને એવું ઝીણું વાટવું કે, ચપટી ભરીને હથેલીમાં મુકી ઉપર આંગળી ફેરવીએ તોપણ, કાંકરી જણાય નહિ એવું વાટીને શીશીમાં ભરી રાખવું. એનું નામ અમે "રાતો સુરમો" પાડેલું છે; તથા લોધર તો. એક, ફટકડી તો. એક,

અને અફીણ તો. પા. એ ત્રણને બારીક વાટી પાણીમાં મેળવી તેની ચણા જેવડી ગોળીઓ વાળી સુકાવી રાખવી. એ ગોળીનું નામ "**આંખે ચોપડવાની ગોળી**" એવું રાખ્યું છે તથા બાવળની લીલી પાલી શેર એક લાવી, તેમાંના કાંટા વગેરે વણી કાઢી, તેને દશ શેર પાણીમાં ઉકાળી, પાણી ગરમ થાય એટલે, તેમાં સંચોરો નવટાંક, તથા સિંધવખાર નવટાંક નાંખી ઉકળવા દેવું. જ્યારે ચાર શેરને આશરે પાણી બાકી રહે. ત્યારે તેને ગાળી લઇ કુચા નિચોવી ફેંકી દેવા. તે ગાળેલા પાણીને તપેલામાં પાછું ચુલે ચઢાવી, તેમાં ચોખ્ખું મધ શેર એક નાંખી, ધીમે તાપે ઉકાળી, તેની મધ જેવી ચાસણી કરવી. જો ચાસણી કરતાં ભૂલ થશે અને ચાસણી નરમ રહેશે, તો તેના ઉપર ફુગ આવશે, એટલે તે ઓસડ ફેંકી દેવું પડશે. અને જો ચાસણી ખરી થઇ જશે તો, તે ઓસડ આંખમાં આંજવાને લાયકનું રહેશે નહિ. કારણ કે આંખમાં આંજતાં ગુંદરની પેરે, સળી સાથે તે વળગી રહેશે અને આંખમાં પસરશે નહિ, એટલે ઓસડ નકામું થઇ જશે. માટે બનાવનારે તે ચાસણી ઠંડી પડયા પછી, મધ જેવી જાડી રહે છે કે નહિ? તેની તપાસ કરી બુદ્ધિપૂર્વક ચાસણી બનાવવી. આ ઉપાય સરંગધ સંહિતામાં "બબ્બુલાદિ સ્વરસ" એ નામથી લખેલો છે. માત્ર તેમાં અમે સંચોરો અને સિંધવ ઉમેરીને, તે દવા બનાવીએ છીએ અને તેથી ઘણોજ ફાયદો થતો જોવામાં આવે છે. જો બાળક એક માસ કરતાં પણ નનું હોય અને તેની આંખો દુખવા આવે, તો આ "બબ્બુલાદિ સ્વરસ" સળીથી ઘણાજ થોડા પ્રમાણમાં આંજવો. એ બબ્બુલાદિસ્વરસ નાના બાળકથી માંડીને, મોટાં માણસ સુધી, દરેકની આંખમાં આંજી શકાય છે. એ સ્વરસ આંજવાથી, આંખ દુખવા આવી હોય, આંખે ચીપડા વળતા હોય, આંખ ચોંટી જતી હોય, આંખમાંથી પાણી ગળતું હોય, આંખમાં કાંકરા ખુંચતા હોય, આંખમાં અગન બળતી હોય. આંખમાં ખીલ વખ્યા હોય, વગેરે (આંખના મોતીયા, કાચબીંદુ, પરવાળાં (બેવડાવાળ ઉગે છે તે) અને ઝેયો; એટલા રોગ સિવાયના) તમામ રોગો ઘણીજ સરસ રીતે મટે છે. જો કોઇ બાળકને ઉપર લખ્યા પ્રમાણે ખીલપર લીંબુ જેવડો મોટો સોજો આવી જાય તો, ઉપર લખેલા

સ્વરસમાં સળી બોળી, તે સ્વરસવાળી સળી, ઉપર લખેલા લાલ સુરમામાં બોળી, તે બાળકની આંખમાં આંજવાથી બે કે ત્રણ દિવસમાં તદન આરામ થઈ જાય છે. સોજો, ક્યાં અને કેવી રીતે જતો રહે છે, તેની ખબર પણ પડતી નથી. જો કોઇની આંખમાં ફુલાં પડયાં હોય, તોપણ ઉપર પ્રમાણે સ્વરસમાં સળી બોળી, તે સળી લાલ સુરમામાં બોળી આંજવાથી, ફુલાં પણ મટી જાય છે. આંખમાં સાધારણ ખીલ પડયા હોય અને આંખ વચરમાઈ ગઇ હોય એટલે આંખ દુખવા આવી, ઝાંખ મારી ગઇ હોય, ત્યારે એકલો સ્વરસ આંખમાં આંજી, આંખની પાંપણ અને પોપચાંપર "આંખે ચોપડવાની ગોળી" થંડા પાણીમાં ઘસીને ચોપડાવવી. કેટલીક વાર એવું જોવામાં આવ્યું છે કે, આંખના કાળા ડોળા અને સફેદ ડોળાના સાંધાપર, અથવા સફેદ ડોળાપર મગની દાળ જેવડી ફોલ્લી થાય છે, અને આખો ડોળો લાલ બની જાય છે, તે પછી પેલી ફોલ્લી ફુટી જઇ આંખના ડોળામાં મગની દાળ જેવડો ખાડો પડે છે અને તે ખાડામાંથી પરૂ વહે છે, તેવી આંખમાં જો કોઇ દવા નાંખીએ અને પેલા ખાડામાંથી આંખની ભીતરના કાચમાં ઉતરી જાય તો, તેને આંધળો થવાનો સંભવ છે; તેવી આંખમાં માત્ર "બબ્બુલાદિ સ્વરસ" આંજવાથી અજાયબ જેવો ફાયદો થાય છે કેટલીકવાર આંખની નાક તરફની બાજુથી માંસનું પડ, વધતું કાળા ડોળા તરફ આવે છે અને આંખની બીજી બાજુથી બીજું માંસનું પડ કાળા ડોળા તરફ વધતું આવે છે. જો તેને અટકાવવામાં નહિ આવે તો આખી આંખ, માંસના પડથી ઢંકાઇ જાય છે. એવી અવસ્થામાં બબ્બુલાદિ સ્વરસવાળી સળી રાતા સુરમામાં બોળીને દિવસમાં એકવાર સવારે અથવા રાત્રે આંજવાથી માંસ વધતો અટકી જઇ, આંખ સારી થઇ જાય છે.

જો કોઇ સ્ત્રીને એક બાળક ધાવણું હોય અને તેવી અવસ્થામાં બીજો ગર્ભ રહે, ત્યારે જો તે છોકરૂં તે માતાને ધાવે, તો તે બાળક દુબળું, તેજ વનાનું અને પીળું થતું જાય છે, હાથ–પગ કંતાય છે અને પેટ મોટું થાય છે, કેટલાકને ઝાડા થાય છે અને કેટલાકનો ઝાડો બીલકુલ બંધ થઇ જાય છે, જેને લૌકિકમાં "પાલુરો લાગ્યો છે"

એમ કહેવામાં આવે છે. તેવા રોગમાં તે બાળકને આગળ કહેલા "માલતિચૂર્ણ"નો ઉપયોગ કરાવવાથી ઘણો ફાયદો થાય છે, પરંતુ એવી અવસ્થામાં તે બાળકને, તેની માતાનું દુધ ધાવતું બંધ કરી દેવું જોઇએ અથવા બીજી ધાવને આપવું કે આગળ કહી ગયા તે પ્રમાણે દુધ બનાવીને તે દુધ પીતાં શીખવવું. જ્યારે પાસુરો લાગે છે અથવા સ્ત્રીને દુધ આવતું નથી ત્યારે ઘણે ભાગે બાળકને માટે ધાવ રાખવામાં આવે છે, પરંતુ ધાવનું દુધ ભાગ્યેજ કોઇ બાળકને માફક આવે છે. કારણ કે બાળક જેટલા મહિનાનું હોય, તેટલા મહિનાની સુવાવડી ધાવ મળવી મુશ્કેલ છે. અને જો ધાવ, બાળકના કરતાં વધારે માસની સુવાવડી હોય, તો તે બાળકને તેનું દુધ પચતું નથી. બીજું કારણ એવું છે કે, જે માતાના પેટમાં બાળક ઉત્પન્ન થયું હોય, તે માતાની પ્રકૃતિ પ્રમાણે બાળકના શરીરનું બંધારણ થયું હોય છે, અને તે કરતાં પણ વધારે વખત તો અને જુદી માતાના જુદાં ખાનપાનથી અને જુદી પ્રકૃતિથી, દુધમાં વિરૂદ્ધ-ગુણ ઉત્પન્ન થવાથી તે દુધ, બાળકને માફક આવતું નથી તેમાં જો આપણી જાતિ કરતાં હીનજાતિની ધાવ મળી આવે, તો બાળકના શરીરને નુકસાન કરે એટલુંજ નહિ, પણ તેના માનસિક વિચારને પણ નુકસાન કરે છે. એટલા માટે નીચ જાતિની ધાવ રાખવા કરતાં, ગાય-બકરી કે ભેંસનું દુધ ઘણું ઉત્તમ ગણ્યું છે અને જો ધાવ રાખવાની ઇચ્છા હોય તો, પોતાની જાતવાળી, મધ્ય અવસ્થાવાળી, સારા સ્વભાવવાળી, સર્વદા આનંદમાં રહેનારી, ઘણા અને સારૂં દુધવાળી, પુત્ર ઉપર પ્રેમ રાખનારી, પોતાને આધીન રહેનારી, થોડું મળવાથી સંતોષ પામનારી, કપટ વગરની અને બાળકને પેટના પુત્ર સમાન ગણનારી ધાવ રાખવી. પણ જે સ્ત્રી શોકથી વ્યાકુળ, ભોગથી પીડાયલી, થાકેલી, સર્વદા વ્યાધિવાળી, બહુ ઉંચી, બહુ નીચી, બહુ જાડી, બહુ પાતળી, ગર્ભવાળી, તાવવાળી, લાંબા તથા ઉંચા સ્તનવાળી, અજીર્ણ રહ્યા છતાં જમનારી, પથ્ય વગરની, ક્ષુદ્ર કામમાં આસક્ત, દુઃખથી પિડાયલી, કે ચંચળ વૃત્તિની હોય, તેને ધાવ તરીકે રાખવાથી, બાળક રોગી થાય છે. પાકા આહારથી થએલા રસનો મધુર મધુર સાર, સઘળા દેહમાંથી સ્તનમાં આવતાં, તે સાર ધાવણરૂપે થાય

છે, અને જણ્યાને ત્રણ રાત અથવા ચાર રાત થયા પછી, હૃદયમાં રહેલી ધમનીઓ ખુલ્લી પડીને, ધાવણની પ્રવૃત્તિ કરે છે. તે સ્ત્રીને પુત્રના સ્પર્શથી, દર્શનથી, સ્મરણથી, અને તેણે સ્તન પકડવાથી, વીર્યની પેઠે ધાવણ છુટે છે. પુત્ર ઉપર નિરંતર રહેતો સ્નેહજ, ધાવણનો પ્રવાહ થવામાં કારણભૂત છે. પુત્ર ઉપર પ્રેમ નહિ રાખવાથી, ભયથી, શેકથી, ક્રોધથી, ભૂખ્યા રહેવાથી, અથવા બીજો ગર્ભ રહેવાથી સ્ત્રીઓનું દૂધ ઓછું થઇ જાય છે. માતાએ ભારે આહાર કરવાથી, અયોગ્ય વિહાર કરવાથી, તેના શરીરમાં દોષોનો પ્રકોપ થાય છે, જેથી ધાવણ ખરાબ થાય છે. અયોગ્ય આહાર અને અયોગ્ય વિહાર કરનારી સ્ત્રીના વાયુ, પિત્ત અને કફ, ધાવણને બગાડી નાંખે છે, અને તેથી બાળકના શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે. જો ધાવણ, પાણીમાં નાંખતાં પાણી ઉપર તર્યા કરે અને સ્વાદમાં કષાય હોય તો તેને વાયુથી ખરાબ થયલું જાણવું. જો પાણીમાં નાંખતાં, જેની પીળી પીળી કણીઓ થઇ જાય. અને સ્વાદમાં ખાટું તથા તીખું હોય, તો તેને પિત્તથી ખરાબ થયલું જાણવું. અને જો પાણીમાં નાંખતાં બુડી જાય અને ચીકણું હોય, તે ધાવણ કફથી ખરાબ થયલું જાણવું. જેમાં બે નિશાનીઓ મળતી આવે, તે બે દોષોથી અને ત્રણે નિશાની મળતી આવે, તે ત્રણે દોષથી બગડેલું જાણવું. એવા બગડેલા ધાવણને સુધારવા માટે બાળકની માતાએ, મગનું ઓસામણ પીવું. અથવા ભારંગી, દેવદાર, વજ, અતિવિષ, એને વાટીને પીવાં અથવા કાગી પહાડ, પીલુડી, મોથ, કરિયાતુ, દેવદાર, સુંઠ, ઇંદ્રજવ, ઉપલેટ અને કડુ એનો ક્વાથ પીવાથી પણ ધાવણ સારૂં થાય છે. જે ધાવણ પાણીની સાથે મળી જાય, જેનો રંગ બદલાયો ન હોય, તાંતણાવાળું ન હોય, અને ધોળું, પાતળું તથા ટાઢું હોય તે ધાવણ સારૂં છે એમ જાણવું. બાળકને માતાએ અથવા ધાવે, પોતાના અંગ સ્વચ્છ કરી, સારાં કપડાં પહેરી, પૂર્વ દિશામાં મુખ રાખી, આસનપર બેસી પછી જમણા સ્તનને પાણીથી સારી પેઠે ધોઇ. જરા દૂધ કાઢી નાંખી, બાળકનું મોઢું ઉત્તર દિશામાં રહે તેવી રીતે ધીમેથી ખોળામાં લઇ ધવડાવવું. સ્તનમાંથી થોડું દૂધ કાઢી નાંખ્યા વિના તે દૂધને બાળક ધાવે છે, તે બાળકને વમન, ઉધરસ અને શ્વાસની પીડા

થાય છે. બાળકને દૂધ ધવડાવતી વખતે, માતાએ પોતાના મનમાં એવા વિચાર કરવા કે, મારા સ્તનમાં ક્ષીરસાગર, દૂધની વૃદ્ધિ કરજો. મારૂં બાળક સર્વદા કલ્યાણને પામનાર અને બળવાન્ થજો. જેથી દેવતાઓ અમૃત પીને લાંબું આયુષ્ય ભોગવે છે, તેમ મારો પુત્ર મારૂં અમૃત રસ જેવું દૂધ પીને, લાંબા આયુષ્યવાળો થજો. આવો વિચાર કરી બાળકને દૂધ ધવડાવવું. જો બાળકને દૂધની તાણ પડતી હોયે તો; સતાવરી તોલો અર્ધો દૂધમાં ઘસીને તેમાં બીજું દૂધ ૫ શેરને આસરે મેળવીને તે દૂધ માતાને પાતા રહેવું, જેથી દૂધ વધે છે. અથવા ખજુરીના ઝાડના થડમાં જથાબંધ લીલાં મૂળિયાં ઉગે છે અને તે તમામ ઝાડને નહિ, પણ કેટલીક ખજુરીને ખાસ ઉગે છે, તે મૂળિયાં લાવી, તેમાંથી બે મૂળિયાં ચોખાના ધોવણમાં ઘસી, આ રવિવારથી પેલા રવિવાર લગી આઠ દિવસ પાય તો જરૂર દૂધ વધુ ઉતરે છે. આ મૂળિયાંથી આગળની બે ત્રણ સુવાવડમાં બીલકુલ દૂધ નહિ ઉતરેલી સ્ત્રીને પાંચ રવિવાર સુધી પાવાથી, તેને દૂધ ઉતરેલું જણાયું છે. આગળ કહેવામાં આવ્યું છે કે, માતાએ સ્વસ્થતાપૂર્વક ઉગમણે મોંઢે બેસીને જમણા સ્તનને ધોઇને, થોડુંક દૂધ કાઢી નાંખીને, બાળકને ઉત્તર દિશા તરફ સુવાડીને ધવડીને ધવડાવવું. આ વિચાર હસવા સરખો અને માતાને અઘવડ ભર્યો લાગશે અને કોઇ શંકા કરશે કે, પૂર્વ દિશા તરફ બેસવાથી જમણું સ્તન દક્ષિણ દિશામાં જાય છે અને બાળકનું મુખ ઉત્તર દિશામાં રાખવું, એ કેટલું બધું અઘવડ ભરેલું છે! તેમ સ્વાભાવિક રીતે જીવતા માણસને ઉત્તર દિશાનું માથું કરીને સુવાડવું એ વહેમ ભરેલું મનાય છે. એના સમાધાનમાં જણાવવાનું કે, જો માતા બાળકને પોતાના ખોળામાં ગાદી રાખીને ધવડાવે તો, બાળકનું અર્ધું શરીર માતાની જાંગ ઉપર સમાઇ રહે, અને પગ જમીનપર લટકતા રહે, જેથી બાળક મળ–મૂત્ર કરે, અને તે મળ–મૂત્ર માતાના શરીરમાં લાગે, જેથી સ્વભાવિક રીતે માતાના મનમાં ક્ષોભ ઉત્પન્ન થાય અને બાળકને ધવડાતી વખતે જરા પણ ક્ષોભ થાય તો દૂધને વહેવાવાળી કેશવાહીનાઓમાં દૂધ આવતું અટકી જાય, અને પોતાના સ્થાનેથી છૂટું પડેલું દૂધ કેશવાહીનીઓમાં અટકી રહેવાથી, સ્તનમાં એક જાતનો

દુખાવો ઉત્પન્ન કરે, અને તે દુખાવાવાળું દૂધ બાળકના ધાવવામાં આવે તો, બાળકની પ્રકૃતિને બગાડે; એટલા માટે બાળકનું માથું ઉત્તર દિશામાં રાખવાનું વ્યાજબી ગણેલું છે. બીજું કારણ એવું છે કે, જે માતા પોતાના બાળકને ખોળામાં લઇને ધવડાવે છે, તે બાળક ચત્તું ખોળામાં સુઇને ધાવે તેથી તેનો વાંસો, કમાનની પેઠે ગોળ થાય છે, અને અન્નાશયનો ભાગ, પક્વાશયની ઉપર દબાણ કરે છે તેથી ધાવેલું દૂધ પચતું નથી અને ઉલટી થઇ બહાર નીકળી જાય છે, એટલા માટે બાળકને જમણી જાંગપર સુવાડવું એ ઘણું સગવડવાળું છે. હવે ઉત્તરદિશાએ માંથું રાખવા બાબતમાં શંકા બાકી રહી તેનું સમાધાન એવું છે કે, યોગીઓ અને સિદ્ધ પુરૂષોને હંમેશાં ઉત્તર દિશાનું મસ્તક રાખીને સુવાનો પ્રથા છે, કારણ કે તેઓ મનુષ્યના જેટલી વિષયવાસના અને ષટ્રસ ભોજન લેતા નથી. જેથી ઉત્તર દિશાના લોહચુંબકનું આકર્ષણ તેમને લાગતું નથી. તેજ પ્રમાણે બાળક જે દૂધપીતી પ્રથમાવસ્થામાં ષટ્ ઉર્મિના વેગથી રહિત હોય છે, અને ષટ્રસ લઇ શકતો નથી તેથી, તેને ઉત્તરદિશાનું મુખ રાખવામાં હરકત નથી. પરંતુ એથી ઉલટું દક્ષિણ દિશાનું માંથું રાખીને દૂધપાન કરાવવાથી, દક્ષિણ દિશાનો આગ્નેવાયુ જે ઝેરી ગણાય છે, તે બાળકના કોમળ મસ્તકમાં પ્રવેશ કરી, વખતે ભયંકર રોગને ઉત્પન્ન કરે છે, એટલા માટે બાળકનું માથું ઉત્તર દિશામાં રાખવાનું આયુર્વેદે ફરમાવ્યું છે. એ નિયમનો ભંગ કરી આજે બાળકોને ગમે તે રીતે ધવડાવવામાં આવે છે, તેથી ઘણી સ્ત્રીઓના સ્તનને બાળકનું માથું અડકી જાય છે, અથવા માથું સ્તન સાથે અફળાય છે જેથી સ્તનમાં રહેલી કેશવાહીનીઓમાં અવ્યવસ્થા થવાથી સ્તનમાં ગાંઠ ધાલે છે અને તેમાં અસહ્ય દુઃખાવો થાય છે, એટલુંજ નહિ પણ, ઘણીવાર સ્તન પાકે છે, તેથી સ્ત્રીની તથા બાળકની પ્રકૃતિમાં ઘણો ભારે બગાડો થાય છે; એટલા માટે બાળકનું માથું પોતાના સ્તનને નહિ અડકે એવી સંભાળ માતાએ જરૂર રાખવી. કદાચ દૈવયોગે સ્તનમાં પહાડ ધાલે અને દુખાવો થાય તો, કેટલીક વૃદ્ધ સ્ત્રીઓ તે સ્તન ઉપર કાળી માટી અને મીઠું ચોપડાવે છે પરન્તુ તેથી ઘણીવાર સ્ત્રીને દૂધ આવતું અટકી જાય છે એટલા માટે કાળી માટી

ચોપડવી નહિ, પણ રાતી માટી એટલે સુનાગેરૂ અથવા ગુલેઅરમાની પાણીમાં મેળવી કઢી જેવી કરી, વારેવારે ચોપડવી, જેથી ગાંઠ પીગળી જાય છે અને દૂધ વહેતું રહે છે. ઉપર બતાવી ગયા તેમ, માતાએ પોતાના સ્તનને, બાળકને ધવડાવતાં પહેલાં ધોવું જોઇએ. તે મુજબ જે સ્ત્રી પોતાના સ્તનને ધોતી નથી, તે સ્ત્રીને સ્તનની ડીટડીની આસપાસ મેલના પોપડા વળે છે, અને જ્યારે બાળક ધાવે, ત્યારે તે પોપડા ઉખડી જાઇ, તે જગ્યાએ પાક થાય છે, જેથી બાળકને ધવડાવતાં, અસહ્ય દુખાવો તેની માતાને થાય છે, એટલુંજ નહિ પણ તે ફાટમાંથી નીકળતું પરૂ, બાળકના પેટમાં જાય છે, અને બાળકના ધાવતાં જે દુખાવો થાય છે તેથી, પુરૂં દૂધ તે ધવડાવી શકતી નથી, એટલે પા'નો ચડેલું દૂધ સ્તનમાં આવી, મહા પીડા ઉત્પન્ન કરે છે. જ્યારે એવી પીડાથી સ્તનમાં સોજો આવ્યો હોય, ગાંઠ વધતી જતી હોય સ્તન પાક પર ચઢવા માંડયું હોય, ત્યારે ઘણાક ચિકિત્સકો એ સ્તનને પકવવા માટે અળસીનો કે ઘઉંના થુલાનો શેક કરાવે છે, અને પછી પાકતા સ્તનવાળી સ્ત્રીની પીડા ઓછી કરવા માટે, તેના સ્તનને શસ્ત્રક્રિયાથી ચીરી, અંદરનું પરૂ કાઢી નાંખે છે. અત્રે ચિકિત્સકને બે વાત સંભાળવાની હોય છે. એક તો કાચું ચીરેલું હોવાથી, તેને પકવવા માટે, પોલ્ટીસ જારૂ રાખવું પડે છે અને પરૂ નીકળવા માટે, જખમનું મોં ખુલ્લું રાખવું પડે છે. એવી રીતે ચિકિત્સા કરવાથી સ્ત્રીના સુખનો અને બાળકના દૂધનો નાશ થાય છે, પરંતુ સ્તન પાકતું જાય, બાળક ધાવતું જાય અને સ્તન સારૂં થાય એવી ચિકિત્સા કરવી હોય તો સ્ત્રીના સ્તન ઉપર કોઇપણ જાતનો શેક કરવો નહિ, તથા નસ્તર લગાવવું નહિ, પણ જો જરૂર પડે તો, અને તેને પકાવવાની ઉતાવળ કરવી હોય તો તેને કાળી દ્રાક્ષના ઠળીયા કાઢી નાંખી, ખૂબ બારીક વાટી, પાણી છાંટયા વિના તેની પટ્ટી બનાવી, સ્તન ઉપર લગાવવી. એથી ઓગળવાનો ભાગ ઓગળી જશે અને પાકવાનો ભાગ જલદી પાકીને પરૂ ઉપર આવી જશે. દરદ એની મેળે ફુટી જશે અને જો એજ પટી ચાલુ રાખવામાં આવશે તો દરદ ભીતરથી રૂઝાતું આવી, તેના મોઢામાં રબરની ટયુબ કે બત્તી દાખલ કર્યા સિવાય, અથવા જખ-

મમાં રેષા પૂર્યા સિવાય, જખમ નીચેથી રૂઝાતો આવશે, અને જખમનું મોં બંધ થશે નહિ. જો એ સ્તનપાકમાં પિત્તનું પ્રાધાન્યપણું હશે, તો તો એકલી દ્રાક્ષનો પ્રયોગ બસ થશે પણ કફની પ્રાધાન્યતાવાળું સ્તન (દાહક ગુણ વિનાનું) હશે, તો તેને **બેરજીના મલમની** જરૂર પડશે માટે તે મલમ નીચે પ્રમાણે બનાવવો;—તલનું ચોખ્ખું તેલ શેર એક તથા ઉંચા પ્રકારનું સિંદુર અર્ધોશેર લઇ પાંચ શેર ચોખા ચઢે એવડું વાસણ લઇ, તેમાં પ્રથમ તેલ નાંખી, ગરમ કરી, તેમાંથી ધુમાડા નીકળવા માંડે, ત્યારે તેમાં સિંદૂર નાંખી, લોખંડના તવેથાથી હલાવવું. જેને તવેતો પકડતાં નહિ આવડતું હોય, તે છાંટા ઉડવાથી દાઝશે, અને હાથ પગને સમાલવા જશે તો મલમ ઉભરાઇને ચુલામાં પડશે, તેથી મોટો ભડકો થઇ મલમ બનાવનારનું ઘર બળી જશે, માટે આ ચાસણી સંભાળ પૂર્વક કરવાની છે. જ્યારે તેલ ને સિંદુર કાળું બની જાય, ત્યારે તવેથાવતી તેમાંનો મલમ લઇ, એક પાણીના પાત્રમાં બે ચાર ટીપાં પાડવા અને પછી તપાસી જોવો, કે ગોળી વળે એવો થયો છે કે નહિ? જો ચાસણી તપાસવામાં નહિ આવશે અને મલમ ખરો થઇ જશે તો, તેની પટી થશે નહિ. અને જો મલમ કાચો રહી જશે તો બાઘો પકડશે નહિ. એટલા માટે ચાસણી ઉપર ખુબ ધ્યાન રાખવું. તેની રીત એવી છે કે, ઠંડા પાણીમાં મલમનું ટીપું નાંખવાથી પાણીમાં હુંદું દેખાય તો જાણવું કે, ચાસણી કાચી છે. અને જો પાણીમાં ટીપું નાંખ્યું કે ડુબી જાય, તો જાણવું કે ચાસણી ખરી થઇ ગઇ છે, એટલે મલમ ફેંકી દેવાનો થયો છે. એવી રીતે બરાબર ચાસણી થયેલો મલમ તૈયાર કરીને, તે એક શેર તેલનો મલમ હોય તેને પાછો ધીમા તાપ ઉપર મુકીને, ખદખદે નહિ એવો ગરમ કરવો, એટલે તે પાતળો થશે, ત્યારે તેમાં બેરજી શેર ચાર, થોડે થોડે નાંખતા જવી અને હલાવવું. એવી રીતે ચાર શેર બેરજી ઓગળી જાય, એટલે નીચે ઉતારીને ઠંડું પાડવા દેવું. આવી રીતે બેરજીનો મલમ તૈયાર કરી તેની પટ્ટી બનાવી, સ્ત્રીના કફપ્રાધાન્ય પાકતા સ્તનપર મારવી, જેથી સ્તન જલદી પાકી પરૂ નીકળી જશે અને સ્તન રૂઝાઈ જશે, તથા તેમાનું દૂધ જીવતું રહેશે. જો સ્તનમાં દૂધ વધતું ભરાઇ આવે તો તેને કોઇ સારી

બાઇ માણુસે ધાવીને થુંકી નાંખવું જોઇએ, અથવા વિલાયતી કાચ અને રબરનો ટુકો (યંત્ર) આવે છે, તેવડે સહેલાઇથી દૂધ ખેંચી લેવાય છે, તે પછી બાળકને ધવાડવામાં આવે તેથી બાળકને કોઇપણ પ્રકારનો રોગ થતો નથી, કારણ કે, દૂધને વહેવાવાળી નસો બગડી હોય તો, ડીંટડીમાંથી દૂધ આવતુંજ નથી. અને દૂધ આવતું હોય તો ધાવવાને હરકત નથી.

કેટલીકવાર નાનાં બાળકને સખત તાવ આવે છે અને તે તાવ આવવાનું કારણ, જેમ મોટાં માણુસને મિથ્યા આહાર અને મિથ્યા વિહારે કરીને આમાશયમાં રહેલો જે દોષ, તે રસને અનુગામી થઇને કોઠામાં આવવાથી, શરીર તપે છે તેને તાવ કહે છે; તેમ બાળકને માતાના મિથ્યા આહાર અને વિહારે કરીને તાવ આવે છે. મોટાં માણુસને જેટલા પ્રકારના તાવ આવે છે તેટલા પ્રકારના તાવ, નાનાં બાળકને પણ આવે છે. પણ જેટલા પ્રકારના ઓષધોપચાર મોટાં માણુસને કરવામાં આવે છે, તેટલા પ્રકારના ઓષધોપચાર નાનાં બાળકને કરી શકાતા નથી. જેમ મોટાં માણુસને તાવમાં લંઘન કરાવવાની જરૂર છે, તેમ બાળકને પણ લંઘનની જરૂર છે, પરંતુ બાળકને દૂધ ધાવવાનું બંધ નહિ કરતાં, તેની માતાનો ગુર્વાન્ન અને વિદાહી આહાર બંધ કરવાથી, બાળકને લંઘન થઈ શકે છે. જો એક માસની અંદરનું બાળક હોય અને તેને તાવ આવતો હોય, તો તેની માતાને ઓસડ ખવડાવાથી, તે બાળકનો તાવ જાય છે. પણ ત્રણ માસ ઉપરનું બાળક થાય અને તેને તાવ આવે તો, તે બાળકને ઓસડ આપવાની જરૂર છે, અને તેની માતાને પથ્ય પળાવવાની જરૂર છે. માટે શરદઋતુ ઉતર્યા પછી, હેમંતઋતુના અરસામાં જુવાર, બાજરી કે કપાસના ખેતરમાં "કડવી નાઇ"ને નામે ઓળખાતો એક છોડ ઉગે છે, તે છોડ નવ આંગળ ઉંચો, લાંબાં અને સાંકડાં પાંતરાંવાળો, પીળાં, ભુરા અને ધોળાં ફુલવાળો, સ્વાદમાં બહુજ કડવો થાય છે તેને ઉખેડી લાવી, છાંયામાં સુકવી, સુકાયા પછી જેટલું વજન થાય તેમાં ચોથે ભાગે કાળાં મરી મેળવી, ઘણુંજ બારીક વસ્ત્રગાળ ચૂર્ણ કરી રાખવું. એ ચૂર્ણનું નામ અમે "રાસ્ના" પાડેલું છે. એ ચૂર્ણની માત્રા એક

રત્તીથી એક વાલ સુધી નાનાં બાળકને અને બે વાલ સુધી મોટા માણસને પાણી સાથે દિવસમાં ત્રણ વખત આપવાથી તાવ જાય છે. આ ચૂર્ણથી સુદર્શન ચૂર્ણ કરતાં પણ વધારે ફાયદો જણાયો છે. જો બાળકને તાવની સાથે પાતળા ઝાડા થતા હોય તો ફટકડીને ફુલાવીને તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરીને એક શીશીમાં ભરી રાખવું. જે બાળકને આપવું હોય તેને "રાસ્નાનું ચૂર્ણ" અને ફુલાવેલી ફટકડી જેને અમે "સૌરાષ્ટિ" એવું નામ આપેલું છે તે, અર્ધો ભાગે લઇ, એને મેળવી પાણી સાથે આપવાથી, તાવ સાથે પાતળા ઝાડા થતા હોય તે મટે છે. ઉપર બતાવી ગયા તેમ, વરાધ—વાવળી કે સસણીની સાથે જે બાળકને તાવ આવતો હોય તે તાવનો કાંઇ પણ ઉપાય કરવો નહિ. કારણ તે સસણી, વરાધ કે વાવળીમાં તાવ એજ, બાળકનું જીવન છે. જો તાવનો ઉપાય કરતાં, તાવ જતો રહ્યો અને હાંફણ બાકી રહી ગઇ, તો એ હાંફણ મટતી નથી. પણ હાંફણનો ઉપાય કરવાથી એ હાંફણ નરમ પડી કે, તાવ પોતાની મેળેજ ચાલ્યો જાય છે. માતાના અતિ કુપથ્યથી અન્નનો રસ દગ્ધ થઇ, દૂધદ્વારાએ બાળકના શરીરના પિત્ત અને કફમાં અવ્યવસ્થા ઉત્પન્ન કરી, તાવને ઉત્પન્ન કરે છે, જેથી બાળકના હાથ-પગ ઠંડા થઇ, માથું ગરમ થઇ જાય છે, અથવા હાથ—પગ અને માથું ગરમ થાય છે અને બાકીનું શરીર ઠંડું પડી જાય છે. એવા "વિષમ-જ્વરમાં" બાળકના માથા ઉપર ઠંડા પાણીનાં પોતાં મૂકાવવાં, જેથી હાથપગ ગરમ થશે અને "રાસ્ના સાથે સૌરાષ્ટિ" આપવાથી તાવ જશે. પણ જો હાથ પગ ગરમ અને શરીર ઠંડું થઇ જાય, એવા તાવવાળા બાળક ભાગ્યેજ જીવે છે, તોપણ તેમાં આગળ બતાવેલું "નળબંધ" નામનું ચૂર્ણ વધારે કામ કરે છે. જો બાળકને કૃમિની સાથે તાવ આવતો હોય, તો તે બાળકને નળબંધ સાથે જરા સૌરાષ્ટિ મેળવીને આપવાથી તાવ જાય છે. આયુર્વેદાચાર્યોએ એવું લખ્યું છે કે, મોટા માણસને જે ઓસડ આપી શકાય છે, તે નાના બાળકને પણ આપી શકાય છે; કારણ કે વયમાં નાનાં મોટાં છે, પણ કાંઇ રોગ નાનો મોટો નથી. માટે વયના પ્રમાણમાં જેટલા પ્રમાણમાં મોટાં માણસને દવા અપાય તેવી દવા, નાના પ્રમાણમાં બાળકને પણ આપી શકાય. પરંતુ

અમારો અનુભવ એવો છે કે, નાનાં બાળકને રસાયણી પ્રયોગના કોઇ પણ ઉપચાર કરવા, એ ભય ભરેલું છે. નાનાં બાળકને ઉલટી સાથે તાવ આવતો હોય તો, રાસ્ના તથા સોરાષ્ટ્રિની સાથે એકેક ગોળી, આગળ બતાવેલી છર્દિરિપુની, પાણીમાં વાટી આપવાથી, ઉલટીને બંધ કરી તાવને મટાડે છે. નાનાં બાળકને સંતત, સતત, અન્યેદુષ્ક, તૃતીયક, ચતુર્થક નામના તાવ પણ આવે છે. એ તાવમાં એકલી સોરાષ્ટિ આપવાથી ઘણું સારૂં કામ થાય છે, પરંતુ એ તાવમાં સતત, અને સંતત, એ અવધીયા તાવ છે, એટલે તે સાત દિવસે અથવા ચૌદ દિવસે, નવ દિવસે અથવા અઢાર દિવસે, અગિઆર દિવસે અથવા બાવીશ દિવસે ઉતરે છે; અને અવધ પહેલાં એ તાવને કાઢવાનો પ્રયત્ન કરવામાં આવે તો, દર્દીને સન્નિપાત થઇ, વખતે તેનું મરણ નીપજાવે છે. એટલા માટે એવા અવધીયા તાવમાં ૭–૯ કે ૧૧ દિવસ પછી સૌરાષ્ટિનો ઉપયોગ કરવો અને તે પહેલાં પાચક દવા તરીકે, અતિવિષ, કાકડાસિંગ, વાયવડંગ, સિંધવ એનું ચૂર્ણ કરી તે ચૂર્ણમાંથી એક વાલ ચૂર્ણ લઇ, તેને એક કાચના પ્યાલામાં મૂકી, તેના ઉપર બાળકને પાઇ શકાય એટલું ખખળતું ઉનું પાણી રેડી, ઢાંકી દેવું. ટાઢું થયા પછી તે પાણીને કપડાથી નીચોવ્યા કે દાબ્યા સિવાય, ગાળી લેવું. એ પાણી દિવસમાં બે ત્રણવાર આપ્યા કરવું, એટલે બાળકનો આમ પાચન થઇ જશે અને પછી જો સૌરાષ્ટિ આપવામાં આવે, તો તાવ જતો રહેશે. જો બાળક ૧થી ૩ માસનું હોય અને તેને તાવ આવે તો રાઇ, સરસવ, મીઠું, ગુગળ, લોબાન–શેરીલોબાન, ઘોડાજવ, વાયવડંગ, લીંમડાનાં પાંતરાં એનું ચૂર્ણ કરી, બાળક સુતું હોય ત્યાંથી થોડે છેટે, એ ચૂર્ણનો ધુપ કરવો, જેથી તે ધુપની ગંધ બાળકના શ્વાસોચ્છવાસદ્વારા, બાળકના શરીરમાં પ્રવેશ કરી, તાવને અટકાવે છે અથવા ઉતારે પણ છે. આ ધૂપના ચૂર્ણનું નામ અમે "માહેશ્વર ધૂપ" રાખેલું છે. જો બાળકને તાવની સાથે ખેંચ આવતી હોય, જેને લોકો "ઝાળક આવી છે" એમ કહે છે, અને જેના કારણમાં કૃમિપ્રાધાન્યપણું ભોગવે છે, તેવા તાવમાં આગળ બતાવેલી કૃમિકુઠાર રસની ગોળીઓ અદ્દભુત કામ બજાવે છે. આટલી વાત ધ્યાનમાં રાખવાની છે કે, જ્યાં સુધી બાળકને તાવ આવે

ત્યાં સુધી તેને નવડાવવું નહિ, શરીરે તેલ કે ઘી ચોપડવું નહિ, હવા અને અજવાળાનો લાભ આપવો, પણ તેના હાથ કે પગ ઉઘાડા રાખવા નહિ. હાથ પગ ઉઘાડા રાખેલા હોય અને બાળકને સતતજ્વર આવતો હોય તેવા અરસામાં, બાળકના હાથ કે પગ ઉપર પવનનો ઝપાટો લાગે તો, તેથી જ્ઞાનતંતુને નુકસાન પહોંચી, તે બાળકના હાથ કે પગ જૂઠા પડી જાય છે, જે જીવતાં સુધી મટતા નથી. માટે બાળકના હાથ પગને સંભાળથી ઢાંકી રાખવા. આ ફેન્સી જમાનામાં, બાળકને કાળા કાટવાળું ઝભલું પહેરવાનો રિવાજ, જંગલી અને અસભ્ય લાગે છે, પણ ગળીથી રંગેલા કાળા કપડાંના ઝભલાંથી બાળક કે જે, દુનિયામાં પ્રથમ શિયાળો, ઉનાળો કે ચોમાસું ભોગવે છે, તેના વાતાવરણની અસરથી બાળકની ચામડીનો અને તેના શરીરનો બચાવ કરવા માટે, કાળા કાટવાળાં ઝભલાં પહેરાવવાનો રિવાજ આપણા ઘરડાઓએ પાડેલો હતો. હવે તો તે રિવાજ ગયો અને તેથી, જે બાળકનું પેટ હંમેશાં ઢાંકેલું રહેતું હતું તે પેટ ઉઘાડું રહેવા માંડયું, જેથી બાળકની ડુંટી દ્વારાએ પવન નાભિમાં પ્રવેશ કરી, પેટમાં એક જાતની શૂળ ઉત્પન્ન કરે છે; નાભિના સ્થાનમાંથી રસને વહેવાવાળી તથા લોહીને વહેવાવાળી શિરાઓ પ્રકટ થયલી છે, તથા પવનને ધમવાવાળી ધમનીઓ પ્રકટ થયલી છે. તે શિરાઓ અને ધમનીઓમાં બહારના વાયુનો પ્રવેશ થવાથી, બાળકને નાના પ્રકારના રોગો ઉત્પન્ન થવાનો સંભવ છે. એટલા માટે બાળકનું રક્ષણ કરનારાઓએ બાળકનું પેટ કોઇ પણ અવસ્થામાં, ભૂલેચૂકે પણ ઉઘાડું નહિ રહી જાય, તેની સંપૂર્ણ કાળજીપૂર્વક સંભાળ રાખવી. કેટલીક માતાઓમાં પોતાના બાળકને રખેને શરદી લાગી જશે, એવા ભયથી નાના બાળકને ઉનનાં કપડાં પહેરાવવાનો શોખ થાય છે. તેમાં ખાસ કરીને ઉનનાં મોજાં અને ઉનનાં ઓચલા (માથે પહેરાવવાની કાન ઢાંકણી ટોપી જેવું) પહેરાવવાનો રિવાજ પડી ગયો છે. ઘણીવાર તો એવું જોવામાં આવે છે કે, માથાના ઓચલા બાળકથી નહિ ઉંચકાય, એટલા વજનના મોટા મોટા ફુમતાંવાળા તથા ઝાલરોવાળા પહેરાવે છે. તે માતાઓના મનને જાણે છોકરૂં એટલે એક લાકડાનું પુતળુંજ હોય, એમ લાગવું જોઇએ. જો એમ નહિ લાગતું હોય તો એવા મોટા

બોચલો પહેરાવી, બાળકનું માથું અને કાન ઢાંકી દઇ, તેના ગળામાં કસ બાંધી, બાળકને ગભરાવી નાંખનારી ક્રિયા કરતાં પહેલાં તેને વિચાર આવવો જોઇએ કે, આવો ભારી વજનનો બોચલો પહેરાવવાથી બાળકને કેટલો પરિતાપ થશે! પણ ફેસનની ફીસીઆરી આગળ, વિચાર અને સામાની લાગણી તપાસી શકાતી નથી. બાળકના શરીર ઉપર ઉનનું કાપડ પછી તે ફલાનલ હો, બનાત હો, કે ઊનનું ગુંથેલું કપડું હો, પરંતુ તેની ગરમીથી પસીનો થાય છે, અને તે ઉનનું કાપડ દરરોજ ધોવામાં નહિ આવવાથી, તેમાં ઝીણા જંતુ ઉત્પન્ન થઇ બાળકની ચામડીનાં છિદ્રદ્વારાએ તેના લોહીમાં પ્રવેશ કરી, બાળકનાં ફેફસાં અને હૃદયને નબળાં પાડી નાંખે છે! જે વખતે બાળકની છાતીને ખુલ્લી રાખી હવાનો સ્પર્શ થવાની જરૂર છે, તે વખતમાં હૃદય ઉપર ગરમ કપડું રહેવાથી હવા નીકળી શકતી નથી અને પ્રવેશ પણ કરી શકતી નથી. એટલે ઘણા રોગો ઉત્પન્ન થવાનો સંભવ છે. હૃદયના ઉપર ખુલ્લી હવા લાગવાથી હૃદયને પુષ્ટિ મળે છે એવા હેતુથી, પશ્ચિમના વિદ્વાનો "હાર્ટડીઝીઝ" એટલે હૃદયની શૂળવાળા દરદીને છાતી ઉપર મારવા માટે "બેલેડોના પ્લાસ્ટર"ની પટ્ટી આપે છે. તે પટ્ટીને પણ પ્રમાણસર જાળી જેવાં કાણાં પાડે છે, તેનો હેતુ છાતીમાં હવાનો પ્રવેશ કરવા સારૂ અને છાતીનો પસીનો બહાર નીકળવા સારૂ તે કાણાં પાડેલાં છે. તોપછી આપણા લોકો, છાતી ઉપર ગરમ કપડું રાખી, શું ફાયદો ઉઠાવતા હશે, તે સમજી શકાતું નથી. કેટલાક મોટા માણસો પણ ઉનાળાની ઋતુ હોવા છતાં, ગરમ ગંજીફરાક પહેરી રાખે છે અને એવી બડાઇ મારે છે કે, આ ગરમ ગંજીફરાક પહેરવાથી પસીનો વળે છે, પણ તેથી શરીરમાં તેની ભિનાશને લીધે ઠંડક રહે છે. પરંતુ અમે ઘણા પુરૂષો કે જે ગરમ ગંજીફરાક પહેરનારા છે, તેઓને છાતીના દુખાવાની ફરિયાદ કરતાં સાંભળ્યા છે. છાતીમાં દુખવાની ફરિયાદ કરનારાને અમે પ્રથમ એજ પ્રશ્ન પૂછીએ છીએ કે, તમે ગરમ ગંજીફરાક પહેરો છો? તેના જવાબમાં તે જો હા કહે તો તે ગરમ ગંજીફરાક નહિ વાપરવાની તેને સખત ભલામણ કરીએ છીએ. જેથી કોઇ પણ જાતનું ઔષધ આપ્યા સિવાય, થોડા દિવસમાં તેનો દુખાવો મટી જાય છે. પરંતુ જેને ગરમ ગંજીફરાક

પહેરવાની ટેવ પડી ગઈ હોય છે તેને તે પહેર્યા વિના ચાલતું નથી, તો અમે તેને શરીર ઉપર સુતરાઉ ગંજીફરાક પહેરી, તેના ઉપર ગરમ ગંજીફરાક પહેરવાની છૂટ આપીએ છીએ.

આખી દુનિયાનાં બાળકોને "શીતળા"ના નામથી ઓળખાતો અને આયુર્વેદાચાર્યોએ "મસૂરીકા"ના નામથી વર્ણવેલો તથા આપણા દેશમાં શીતળા, સૈયડકાકા, માતા, દેવકાકા વગેરે નામથી પ્રખ્યાતિ પામેલો એક ભયંકર રોગ ચાલુ છે. આપણા લોકો તેને દેવનો પ્રકોપ માનીને કોઇ પણ ઉપચાર નહિ કરતાં, તેની બાધાઆખડી રાખે છે. આપણા દેશના મુસલમાન લોકો પૈકી જેઓ હિંદુના મુસલમાન થયલા છે, તેઓમાંના કેટલાક, બાધા—આખડી રાખે છે, પણ તેઓ પુજવા જતા નથી, છતાં કોઈ હિંદુને હાથે બાધા ચઢાવી દે છે, અને બાકી મુસલમાનો બીલકુલ બાધા રાખતા નથી. તે પ્રમાણે પશ્ચિમના વિદ્વાનો તથા ખ્રિસ્તી પ્રજા, બાધા રાખતી નથી, પરંતુ "વેકસીનેશન" કરીને એક રીત શોધી કાઢી છે, જે શીતળા નીકળેલા ફોલ્લામાંથી ચેપ લઇ, બીજા બાળકના શરીરમાં, શીતળા નીકળતાં પહેલા દાખલ કરે છે, જેને "શીતળા કઢાવ્યા" એમ કહેવામાં આવે છે. એ ચેપ લગાડયા પછી, તે ઠેકાણે શીતળાના ફોલ્લા નીકળે છે, અને તેની બાધા—આખડી રાખવામાં આવે છે, તેથી શીતળાથી આખું શરીર બગડતું નથી અને જેને શીતળા કઢાવવામાં ન આવ્યા હોય તેને, ભયંકર શીતળા નીકળી ઘણાને ખોડખાંપણવાળા બનાવી, ઘણાનું મોત નીપજાવે છે. શીતળામાં, "શીતળા, અછબડા, અને ગોબરૂ" એ ત્રણ જાત જોવામાં આવે છે, અને એ ત્રણે જાત લોહીગત, માંસગત, મેદગત અને અસ્થિગત હોય છે. એટલે લોહી, માંસ, મેદ અને હાડકાં સુધી તે પહોંચેલી હોય છે. તેનું વર્ણન કરતાં અમારે જણાવવું જોઇએ કે, એ શીતળા, માતાપિતાના વીર્ય—રજના દોષથી ઉત્પન્ન થતા હોવાને લીધે, બાળકને આખી જિંદગીમાં એકવાર નીકળવાના તો ખરાજ, પણ બાધા આખડીથી તે અટકવાના કે મટવાના નથી. જેમકે જે શીતળા, અછબડા કે ગોબરૂ લોહીમાંથી આવેલું હોય અને તેની સુખડી ગમે તેટલી વધારે અથવા ભયંકર હોય, છતાં તેની બાધાઆખડી રાખવામાં ન આવે તોપણ, તે શીતળા મટયા પછી, તે બાળકની ચામડીમાં ખ ડા પડવાનાજ,

જેને આપણે શીતળાના વણુના નામથી ઓળખીએ છીએ. જે શીતળા મેદમાંથી આવેલા હોય, તેને માટે માતા-પિતા ગમે તેટલી ખર્ચાળુ અને ગમે તેવી મુશ્કેલી ભરેલી બાધા-આખડી રાખે, તોપણ શીતળાદેવી તેની બાધા-આખડીનો કાંઇપણ સ્વીકાર કર્યા સિવાય, તે બાળકનો પ્રાણ લે છે, અથવા જો કોઇ બાળક બચી ગયું, તો તેને આંખે, કાને અથવા હાથે પગે, કાયમ રહે એવી ખોડ રહે છે. જે શીતળા અસ્થિ એટલે હાડકાંમાંથી આવેલા હોય, તે શીતળામાં ગમે તેટલી અઘરી બાધા રાખવામાં આવે, પણ તે બાળક બચતું નથી. આ સ્થાનો ત્રણે જાતના શીતળાને માટે છે. તેમાં માંસગત શીતળા ખોડ મૂકી જાય છે, પણ માંસગત અછબડા અને ગોબરૂ તો, પ્રાણ લઇને જાય છે. એટલું તો ખરૂં છે કે આ શીતળા નામના રોગમાં કોઇ પણ જાતનો ઓષધોપચાર કારગત થતો નથી. તેથી ભોળા લોકોને શીતળા દેવપર શ્રદ્ધા હોવાથી તેની બાધા આખડી રાખે છે અને જેમજેમ ઉપદ્રવ વધતો જણાય, તેમતેમ વધારે બાધા રાખવામાં આવે છે. જ્યારે ઘરમાં શીતળા આવ્યા હોય ત્યારે તે ઘરમાં શીતળા સિવાય બીજા કોઇ દેવનું પૂજન થતું નથી. ઘરમાં કોઇપણ મિત્ર કે અતિથિ આવ્યા હોય, તેને આદરમાન આપી શકાતું નથી. ઘરના પુરૂષ વર્ગથી હજામત કરાવાતી નથી, તેમ કપડાં ધોવાતાં અથવા ધોવા અપાતાં નથી. ઘરમાં તે બાળકની માતા સિવાય કોઇ રજસ્વળા થાય તો તેનો પડછાયો શીતળા ઉપર પાડી શકાતો નથી, અને એકંદરે કહીએ તો, શીતળા આવેલા હોય તે ઘરમાં, અનાજ ખાવું અને પાણી પીવા સિવાયનો તમામ વ્યવહાર બંધ કરવો પડે છે. છતાં સાધારણ બાધા-આખડી ઉપરાંત, ઉપદ્રવની બાધા જૂદી રાખવી પડે છે; જેમકે ખાંસી ઉપડે તો, ખોળ ચઢાવવાની માને છે, આંકડી ઉપડે તો, રૂપાની આંકડી ચડાવે છે, હાથપગ રહી જાય તો સમડીના લાકડાના હાથ-પગ ચડાવે છે, આંખ ઉઘડતી નહિ હોય તો, રૂપાની કે કાચની આંખ ચડાવવાની માને છે; એટલી એટલી માનતા લેવા છતાં પણ, શીતળા દેવી પ્રસન્ન નહિ થાય તો માથા ઉપર બળતી સગડી, લીમડાની સાડી, અને આખરે નરક ભરેલું ખાસડું મોમાં ઘાલીને, શીતળા દેવીની પૂજા કરવાની બાધા રાખે છે. આ ઉપરથી, આપણા દેશમાં પોતાના પુત્રો

ઉપર માતાનો વાત્સલ્યપ્રેમ કેટલો છે, તેની પરાકાષ્ટા જણાય છે. !! પુત્ર-રત્નને માટે બીજા દેશોમાં પણ વાત્સલ્યતા હોય છે, પરંતુ આર્યાવર્તે તેની હદ કરી છે! ખરી રીતે જોતાં, શીતળા એક પ્રકારનો "રોગ" છે, અને તેના સામાન્ય ઉપચાર કરવાથી, સાધ્ય હોય તે સુખરૂપ મટે છે, કષ્ટસાધ્ય, દુઃખરૂપ નીવડે છે, અને અસાધ્ય હોય તે પ્રાણ લે છે. છતાં આપણે સંભાળ રાખવાની ખાસ જરૂર છે. શીતળા, માતાપિતાના રજ–વીર્ય સાથે સંબંધ ધરાવતા હોવાથી, આસપાસના વાતાવરણની અને ખબર લેવા આવનારા લોકોના વિચારની, તેના ઉપર જલદી અસર થાય છે. તેથી જે લોકોનાં મન બળવાન્ હોતાં નથી, તેને આલંબનરૂપે બાધા-આખડી રાખી, શીતળાદેવીના ઉપર વિશ્વાસ રાખી તેનું ધ્યાન ધરવાથી મનને સંતોષ રહે છે ને એટલા માટેજ, જેને શીતળા આવેલાં હોય તેની પાસે, બ્રાહ્મણ અથવા ગોર દ્વારાએ "શીતળાષ્ટક"નો નિત્ય પાઠ કરાવવામાં આવે છે. આપણા લોકોમાં એવો રિવાજ છે કે, શીતળાની મોસમ ચાલતી હોય, તે અરસામાં બાળકને તાવ આવે, તો ઘણાં માણસો તથા વૈદ્યો જાણી શકે છે કે, આ તાવ શીતળાનો છે, જેથી તેને કાંઇજ ઉપચાર કરતા નથી. એ કાર્ય ઘણું વ્યાજબી છે અને શીતળા આવ્યા પછી લીમડાનાં તોરણ બાંધવાં, દર્દીની આસપાસ લીમડો રાખવો, લીમડાની ડાળીથીજ તેને પવન નાંખવો તથા ઘણાં માણસો ભેગાં થઇ, વાતાવરણને બગાડી નહિ નાંખે એવા હેતુથી, કોઇને આદરમાન નહિ આપવું તથા ઘણી સ્ત્રીઓ એકઠી થઇ, આખા ગામની કુથલી અને નિંદા કરે છે, તેની ખરાબ અસર શીતળાવાળા બાળકને થાય નહિ, એટલા માટે "શીતળાને વચકું પડી જશે" એવી જે માન્યતા ઠરાવેલી છે તે યોગ્ય છે. એ સિવાયની બીજી ગડબડો નકામી છે, એમ અમારૂં માનવું છે, પરંતુ જેના મનમાં શીતળાનો ભય લાગતો હોય, તેને માટે ગમે તેમ કરવાની છૂટ છે.

જ્યારે ગામ કે મહોલ્લામાં શીતળાનો ઉપદ્રવ શરૂ થાય, ત્યારે દરેક માબાપે, પોતાનાં બાળકને, દિવસમાં એકવાર બપોરના વખતે સુખડ ઘસીને તેમાં જરા શાકર નાંખીને પાવી અને સુખડ ઘસીને તેનું પાણી

બનાવીને આખે શરીરે ચોપડવું, જેથી શીતળા આવતા અટકી જશે અને કદાચ આવશે તો તે લોહી અથવા માંસમાંથીજ આવશે, એ વાત નક્કી છે. જે બાળકને શીતળા આવે, તેને શરૂઆતમાં ગોળ અને ચણા ખવાડવામાં આવે, તો શીતળા જલદી બહાર નીકળી જાય, દાણા ઘણા સારા ભરાય છે, એટલુંજ નહિ પણ તેમાં ઉપદ્રવ ઓછા થાય છે. જ્યારે નવ દિવસે નીર ભરાઈ રહે, એટલે દાણા ખાલી રહે ત્યારે નવમા દિવસની પાછલી રાત્રે, તેને રક્ષા ચઢાવવામાં આવે છે, આ દિવસથી અડાયાની રાખોડી બનાવી તેને જાડે કપડે ચાળી તે આખે શરીરે ઘસવી. ઘણા લોકો શીતળાની ચામડી ખેંચાતી હોવાના ભયથી તેને ઘી લગાડી, ઉપર રાખોડી દાબે છે. તેથી ચામડી બની વેદના ઓછી થાય છે ખરી. પણ ઘી અને રાખોડીનો યોગ થવાથી ચામડીનો રંગ કાળો પડી જાય છે. તે જીવતા સુધી બદલાતો નથી, માટે ઘી સાથે રાખોડી લગાડવી નહિ. પણ જો જરૂર જણાય તો, રાખોડીને ચાળ્યા પછી પાણીમાં પલાળી રાખી મૂકી, બે દિવસ વાસી થયા પછી, તે રાખોડી ચોપડવાથી, રસી ઝરપતાં ખાડા પડી ગયલા અને પાકપર ચડેલા તથા ખેંચાતી ચામડીવાળા શીતળાને ઘણો ફાયદો થાય. જેમ જેમ વધારે દિવસ અને વધારે વખત, અડાયાની રાખોડી ચોળવામાં આવે તેમ તેમ ચામડીનો રંગ ગૌરવર્ણ બની, ચહેરો તેજસ્વી થાય છે. જ્યારે શીતળાના દાળ-છોતાં ઉખડી જાય ત્યારે આપણા લોકો શીતળા દેવીના સ્થાનક ઉપર બાળકને તેડી જઇ તેની બાધા ચઢાવે છે, પરંતુ તેની ખરી બાધા અને પૂજા, જેના શરીરમાં શીતળા આવેલાં છે, જેને આપણે દેવ તરીકે માનીએ છીએ, તો તે બાધા અને પૂજા, તે શીતળા આવેલા બાળકનેજ ચઢાવવી જોઇએ. જે બાળકને હાથ પગે ખેડ આવવા જેવો સંભવ હોય, તે બાળકને માટે સમડીના લાકડાના હાથ-પગ શીતળાને ચઢાવ્યા કરતાં, તેના લાકડાંને ઘસીને તેના હાથેપગે ચોપડવાથી, હાથ-પગ સારા થાય છે અને ગાંઠો પીગળી જાય છે. તેવીજ રીતે રઢીયાં-પઢીયાં એટલે ઘઉંના લોટનાં ઘીમાં તળેલાં નાનાં બીસ્કીટ જેવાં ગોળ ચકતાં ચઢાવે છે. તે એમ સૂચવે છે કે એ ખોરાક શીતળાવાળા બાળકને ખવડાવવાથી, તેને નડતો નથી અને શક્તિ આપે છે; તથા ખાસ કરીને ગોલાઇની ભાજી, લીંબડાનાં પાંતરાં,

ટાઢકીયાં એટલે ધાણા, વરીઆળી, એલચી, શાકર અને લીંબોળીનાં પડીકાં, ચડાવવામાં આવે છે. તેનો હેતુ એવો છે કે, શીતળાની ગરમી બહુ વધી ગઇ હોય અને બાળકને ઝાડા પાતળા થતા હોય, મોં આવી ગયું હોય, આંખપર ઝાંખ લાગતી હોય તો એક પાંતરૂં લીમડાનું, સાત પાંતરાં ગોલાઇની ભાજીનાં, એક વાલ વરીઆળી, બે વાલ ધાણા, બે દાણા એલચીના અને એક લીંબોળી, એને વાટીને તેનું પાણી બનાવી કપડે ગાળી લઇ; તેમાં થોડી શાકર મેળવી, દિવસમાં બે વખત પાવાથી ગરમી શાંત થઇ જાય છે. આ પ્રયોગ શીતળા આવ્યા પછી જેટલે દિવસે શીતળા પૂજાય, તે પૂજાયા પછી તેટલા દિવસ પાવાથી, તમામ ગરમી નીકળી જઇ, શરીર આરોગ્ય બને છે. શીતળાની શરૂઆતથી શીતળા ગળામાં અને મોંઢામાં ભરાઇ ગયા હોય તેવા વખતમાં, તે બાળકને થોડું દૂધ અને ઘી, ગરમ કરીને પાયા કરવું ને તેથી પણ વધારે ભયંકર રૂપ પકડયું હોય, તો એકલું ઘી તેના મોંમાં, રૂના પુમડાવડે મૂક્યાં કરવું. જો ખાંસી કાંઇ જોર મારતા હોય તો જેઠીમધનું છોડું પાણીમાં ઘસી, દિવસમાં બે ત્રણવાર પાવાથી ખાંસી વગેરે મટી જાય છે. આ જમાનાના કયા શોધ પ્રમાણે પશ્ચિમના વિદ્વાનો, "ક્રોમોપથી"ના કાયદા પ્રમાણે શીતળાની આસપાસ રાતા પડદા બાંધવાનું ફરમાવે છે. પરંતુ તે આપણા દેશને બંધ બેસતું નથી; ભલે તે દેશમાં ફાયદો કરતું હોય. આપણા દેશમાં તો શીતળાની આસપાસ બારી બારણે લીલા પડદા બાંધવા. દર્દીની ઉમ્મર મોટી હોય તો તેને લીલાં કપડાં પહેરવા ઓઢવા આપવાથી વધારે ફાયદો થાય છે, અને એટલા માટેજ અમારા પુર્વજોએ ઠંડકને આપનારો, ચિત્તની શાંતિ કરનારો, શીતળાની મોસમમાં નવપલ્લવ થનારો કોઇપણ ઉપદ્રવ નહિ કરતાં મનને ગમનારો લીંમડો પસંદ કરી તેને પ્રાધાન્યપણું આપ્યું છે.

અમારી ન્યાયશીલ, પ્રજાપ્રિય, અને પ્રજાહિતચિંતક ગવર્નમેન્ટે, આ શીતળાની બાબતમાં પ્રજાના ઉપર એટલો મોટો આભાર કર્યો છે કે, જેનું વર્ણન જીભથી કે કલમથી થઇ શકે એમ નથી. જ્યારથી શીતળાને માટે, શીતળા આવેલા છોકરાનો ચેપ લઇ, બીજા છોકરાને તે ચેપ મૂકી, શીતળા કાઢવાનો ફરજીયાત કાયદો બાંધવામાં આવ્યો ત્યારથી, માંસગત અને મેદગત શીતળાનું જોર ભાંગી જવાથી, દેશમાં શીતળાથી આંધળાં,

લૂલાં, કૂબડાં, કાણાં, બહેરાં અને કદરૂપાં થતાં છોકરાં, ઘણે ભાગે અટકી ગયાં, પરંતુ તેનાથી એક ઉપાધિ વધી પડી, કે જે બાળકને શીતળા આવ્યાં હોય તે બાળકનો ચેપ લઇ બીજા બાળકમાં મુકવામાં આવે, તેથી સાધારણ રીતે કોઇપણ જાતનું નુકસાન દેખાતું નથી, પરંતુ જે છોકરાનો ચેપ લીધો હોય, તે છોકરાના વંશમાં, કલીક એટલે પેઢીધર ઉતરતા રોગો, જેના શરીરમાં ચેપ મૂક્યો હોય તે બાળકના શરીરમાં પ્રવેશ કરી, તેના વંશમાં દાખલ થઇ જાય છે. દાખલા તરીકે એક પિતાને પ્રમેહ અથવા ટાંકીનો રોગ થયો હોય અને તે રોગ સારો થઇ ગયા પછી, તેના વીર્યથી બાળક ઉત્પન્ન થાય, તો તે બાળકને પિતાના પ્રમેહને લીધે, પેસાબની સાથે ધાતુ પડવાનો અથવા જે જગ્યાએ પેસાબ કરેલો હોય તે જગ્યાએ સફેદ ડાઘો પડવાનો, અથવા તેના પેસાબમાં પથરી બંધાવાનો કે પેસાબમાં રેતી પડવાનો રોગ થવાનોજ. અને જો ટાંકી (ફીરંગ રોગ) થઇ ગયા પછી તે સારી થઇ ગઇ હોય અને તે પછી બાળક ઉત્પન્ન થાય, તો તેને બહ અથવા રાંધણવાયુ (પાંગળાપણું), કમ્પવાયુ કે અર્ધાંગવાયુ થવાનો. એવા બાળકના પિતાની તપાસ કરતાં તેને પ્રમેહ કે ટાંકીનો રોગ થયો નથી એમ સાબીત થાય, તો પછી તેની માતાએ બીજાના વીર્યથી એ બાળક ઉત્પન્ન કરેલું છે એમ કહી શકાય. પરંતુ તેની તપાસમાં પણ તે સ્ત્રી પતિવ્રતા નીવડે તો, તે રોગ ક્યાંથી આવ્યો? એની તપાસ કરવાની સ્વાભાવિક રીતે ફરજ પડે. તે તપાસને અંતે સાબીત થયું કે, જે બાળકનો ચેપ લઇ આ બાળકને શીતળા કઢાવેલા, તે બાળકના માતાપિતાને આ રોગ થએલો અને તેનો, ચેપદ્વારાએ આ છોકરાના શરીરમાં આવિર્ભાવ થએલો. એ બાબતને માટે અમે ભૂલતા નહિ હોઇએ તો, ઘણાં વર્ષ ઉપર એક ઇંગ્લંડના છાપામાં છપાયલી બાબત, ગુજરાતના છાપામાં છપાયલી અમારા વાંચવામાં આવેલી. તેમાં જણાવેલું કે, ઇંગ્લંડમાં એક લીબરલ સ્ત્રી પોતાના બાળકને શીતળા કઢાવવા ગઇ. તેના બાળકના શરીરમાં એક કોન્ઝરવેટીવ બાળકનો ચેપ મૂકવાનો ડોકટરે વિચાર કર્યો. તે વખતે માતાએ વાંધો ઉઠાવ્યો, કે મારા છોકરાના શરીરમાં હું કોન્ઝરવેટીવનું લોહી દાખલ કરવા ઇચ્છા નહિ. તે ઉપરથી અમારા અનુમાનને વધારે પુષ્ટિ મળી

કે, અમારા દેશમાં દિનપરદિન ઉંચવર્ણમાં ગણાતી કોમમાં આહાર, વિહાર અને સ્વભાવ, અનાયાસે નીચવર્ણના જેવા થતા જાય છે અને પ્રજાનું આત્મબળ, ધર્મબળ તથા શ્રદ્ધાબળ ઘટતું જાય છે. તેનું ખરૂં કારણ આ શીતળાનો ચેપ છે; કારણ કે કોઇપણ બાળકને ઉંચવર્ણના બાળકનો ચેપ લઇ બીજા બાળકને મૂકવા દેવાને ઉંચવર્ણના લોકો રાજી હોતા નથી, તેથી વેક્સીનેટરો નીચ વર્ણના બાળકની માતાને અમુક પૈસા આપી અથવા કાંઇપણ નહિ આપતાં તેઓના બાળક પૈકી જે બાળક સશક્ત અને ઉપરથી નીરોગી જણાતું હોય, તેનો ચેપ લઈ, ઉંચ વર્ણના બાળકમાં મૂકતા હતા; તેનું પરિણામ એવું આવતું હતું કે, તે સશક્ત જણાતા બાળકના શરીરમાં પેઢીઘર ઉતરતા એટલે હરસ, કુષ્ટ, ક્ષય, દમ, ગુલ્મ, પ્રવેહ, ટાંકી વગેરે રોગો દાખલ થઇ જતા અને જો તેવા રોગવાળું બાળક ન હોય, તોપણ તેના શરીરમાં વંશપરંપરાથી ઉતરી આવેલા દુર્વ્યસનો, અભક્ષ્યાભક્ષ્ય કરવાની ટેવ અને અધર્મની વૃત્તિ, એ તો જરૂર દાખલ થતાજ, જેનો પ્રત્યક્ષ પુરાવો વર્તમાનકાળની પ્રજાનું વર્તન છે! પરંતુ આપણી ગવર્નમેન્ટનો એક એવો સિદ્ધાંત છે કે, આપણા મનમાં જે વાત અપ્રિય હોય અને આપણે જેને હાનિકારક માનતા હોઇએ તે વાત, વિનીતભાવથી, યોગ્ય રીતે, અતિશયોક્તિ સિવાય, સાયન્સની દૃષ્ટિથી સમજાવવામાં આવે તો, તે ઉપર લક્ષ આપી તેનો જેમ બને તેમ બંદોબસ્ત કરી જલદીથી ફેરફાર કરે. તે પ્રમાણે જ્યારે સરકારના મનમાં આ વાત બરાબર ઉતરી કે તુરત, શીતળા આવેલા બાળકનો ચેપ લઈ, બીજા બાળકના શરીરમાં મૂકવાનો રિવાજ બંધ કરવામાં આવ્યો, અને ખર્ચનો મોટો બોજો ઉઠાવીને પણ દર વર્ષે લાખો બાળકોને માટે, ગૌશીતળાનો ચેપ કાચની ટયુબમાં ભરીને વેક્સીનેટરોને જોઇતા પ્રમાણમાં પૂરો પાડવાનું ભગીરથ કાર્ય, પોતાને માથે લઇ બાળકોમાં થતું રોગનું સંકરત્વ તથા વર્ણનું સંકરત્વ અટકાવ્યું. તેને માટે આર્યાવર્તની સમસ્ત પ્રજા, બ્રિટિશ ગવર્નમેન્ટનો જેટલો ઉપકાર માને તેટલો ઓછો ગણાય. કારણકે આર્યાવર્તની ઉન્નતિ કરવા માટે દૃઢ આગ્રહી, ઉદાર અંતઃકરણવાળા, આત્મબળવાળા, પારકાને માટે પોતાના સ્વાર્થનો ભોગ આપનારા, વિદ્વાન, ઐશ્વર્યવાન્ તથા પ્રભા-

શ્રાળી પુરૂષોની જરૂર છે. તે ખોટ આ ગોશીતળાની રસીથી પ્રજાને પૂરી પાડી, પ્રજા ઉપર મોટો ઉપકાર કરી, આર્યાવર્તને ઉન્નતિના દ્વારપર જવાનો માર્ગ ખુલ્લો કરી આપ્યો, તેને માટે અમે અમારા ન્યાયશીળ ગવર્નમેન્ટને કોટીશઃ ધન્યવાદ આપીએ છીએ, અને પ્રજાને ભલામણ કરીએ છીએ કે, કોઈ પણ જાતની શંકા વિના, તમારા બાળકને ગોશીતળા મૂકાવી, તેને ખોડવાળા, રોગી અને કદરૂપાં બનતાં બચાવશો.

આયુર્વેદે મુસુરીકા નામથી લખેલા અને પ્રજાએ શીતળાના નામથી ઓળખેલા આ ભયંકર રોગનો વિષય પૂરો કરતાં, અમે ભલામણ કરીએ છીએ કે, જેમ બને તેમ શીતળાને માટેના વહેમો ઓછા કરી, શીતળાને માટે પૂજન વિધિ માટે ઠરાવેલાં દ્રવ્યો ભલે શીતળાને ચઢાવી આવો, પણ ખરી રીતે શીતળાથી પીડાતા અને શીતળાની ગરમી જે બાળકના શરીરમાં અવશેષ રહી ગયલી હોય તે બાળકને, તે પૂજવામાં આવતાં વસાણું તથા વસ્તુઓ પાવાથી, ઘણોજ ફાયદો થશે, અને તેથી વધારે ફાયદો મેળવવો હોય તો, હાલમાં નામદાર ગવર્નમેન્ટે, એકવાર શીતળા કઢાવ્યા પછી પાંચ વર્ષે, દશ વર્ષે, કે પંદર વર્ષે ફરીથી શીતળા કાઢવાનું કામ આરંભ્યું છે તેનો લાભ લઇ, પોતાનાં બાળકને ફરીથી શીતળા કઢાવવા તત્પર રહેવું, એવી અમારી ખાસ વિજ્ઞાપના છે. કારણ કે શીતળા કઢાવવાથી, માતાપિતાના રજ--વીર્યથી ઉત્પન્ન થયલી ગરમી નાશ પામે છે, એટલુંજ નહિ પણ, ફરીથી શીતળા કઢાવવામાં આવે, તો અમારા વિચાર પ્રમાણે, બાળકના શરીર ઉપર ચામડીના થતા તમામ દર્દોનો નાશ થાય છે. એટલા માટે ફરીથી સૂચના કરીએ છીએ કે વીશ વર્ષની નીચેનાં બાળકો, અને જરૂર હોય તો મોટી ઉમ્મરનાં માણસોએ પણ, ગોશીતળા ખુશીથી કઢાવવા. એટલું કહીને અમે આ શીતળાનો વિષય પૂરો કરીએ છીએ. આમાં કોઇ પણ જાતની ખામી રહી ગઇ હોય, તો શારીરવિદ્યાના જાણનાર તથા પ્રકૃતિશાસ્ત્રના જાણનાર અને સાયન્સના જાણનારા વિદ્વાન્ ગૃહસ્થોએ સુધારો કરી, પ્રજા ઉપર ઉપકાર કરવો.

ઘણાખરાં નાનાં બાળકને ગુદાને સ્થાને, અને બાળકીઓને ગુદા તથા પેસાબને સ્થાને, ગરમી જણાઈ, તે જગ્યા રાતા રંગની અને જરા

જરા પાકતી, દુખતી અને અગન બળતી જણાય છે, જેને લૌકિકમાં "આગરૂ" થયું છે એમ કહેવામાં આવે છે. તેના મુખ્ય કારણમાં માતાના લોહીનો બિગાડ તથા ધોવાની ખામી છે. એવું દર્દ દેખાય ત્યારે સુન્નાગેરૂ, કલઇસફેતો, સફેત કાથો અને શંખજીરૂ સરખે ભાગે લઇ, તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, જો રસી ઝરતી હોય તો તેનાપર કોરૂં દાબવું અને રસી ઝરતી ન હોય તો ધોયલા ઘીમાં મેળવી ચોપડવું. ઘી ઓછામાં ઓછું ૨૧ વાર ધોયલું હોવું જોઇએ. જેમ જેમ ઘીને વધારે પાણીથી ધોવામાં આવે, તેમ તેમ તેમાં રૂઝવવાની શકિત વધારે આવે છે. બીજો એક મલમ બનાવી લગાડવાથી પણ જલદી આરામ થાય છે. તેનું નામ અમે "ધોળો મલમ" અથવા "પાણીનો મલમ" રાખ્યું છે. તલનું તેલ તોલા સોળ લઇ તપેલીમાં મૂકી સઘડી ઉપર કોલસાના તાપમાં મૂકવું. તેમાંથી ધુમાડા નીકળવા માંડે. એટલે તેમાં રાળ તોલા ચારનું ચૂર્ણ કરી, તેલમાં નાંખી નીચે ઉતારવું એટલે રાળ તેલમાં પીગળી જશે. તેને કપડેથી ગાળી લઈ એક થાળીમાં નાંખી ઠંડું પડવા દેવું. તે ઠંડું પડયા પછી તેમાં થોડું થોડું મીઠું પાણી ઉમેરતા જવું અને ફીણતા જવું. જેમ જેમ ફીણતા જઇએ, તેમતેમ તે રાળ અને તેલ ફુલતું જશે અને માખણ જેવો રંગ તથા આકાર પકડતું જશે. જ્યારે ભેંસના માખણ જેટલી કઠણાશ તથા સફેદી આવે ત્યારે એ મલમ તૈયાર થયો એમ જાણવું. એ મલમ તૈયાર થયા પછી, તેને એક કાચના પાત્રમાં રાખી, તેના ઉપર પાણી રેડી મુકવું. જ્યાંસુધી તે પાણીમાં ડુબેલો રહેશે ત્યાંસુધી તે બગડશે નહિ, થોડે થોડે દિવસે તે પાણી બદલતાં જવું. જો પાણી બદલશો નહિ તો તે પાણી કાળું પડી જશે અન મલમમાં, ઉપર પોપડો વળશે. પણ જો પાણી બીલકુલ નાંખવામાં નહિ આવશે, તો વાતાવરણની ગરમીથી જેમ જેમ પાણી સુકાતું જશે, તેમ તેમ મલમ ચીકણો થતો જશે, એટલે ચોપડવાના કામમાં આવશે નહિ, પણ ફેંકી દેવો પડશે. માટે એ મલમને પાણીમાંજ રાખી મૂકવો. એ મલમ ચોપડવાથી આગરૂ, ચાંદા, સડતા ફોલ્લા અને દાઝેલા ઉપર ઘણોજ ફાયદો થાય છે, એવો અમારો અનુભવ છે.

મોટા માણસની માફક નાનાં બાળકો બોલીને પોતાને થતા દુઃખની હકીકત કહી શકતાં નથી. તેથી ઘણી વખતે માત-પિતા તથા વૈદ્યો તેની ચિકિત્સામાં ભૂલ કરે છે. તેટલા માટે નીચે પ્રમાણેની સંજ્ઞાઓ ધ્યાનમાં રાખી હોય તો, રોગને પારખવામાં ઘણી સહાયભૂત થઇ શકે છે. બાળકના રડવા ઉપર, તેને ઓછી કે વધતી પીડા થાય છે તે સમજાય છે. તે બાળક વારંવાર જે ઠેકાણે હાથ અડકાડે છે અને જે ઠેકાણે આપણો હાથ અડકાડતાં વધારે રડે છે અથવા સમજણો હોય તો આપણો હાથ ખસેડી નાંખે છે, તે ઠેકાણે કોઇપણ જાતનું દુઃખ છે એમ સમજવું. જો બાળક આંખ મીચીને રડતું હોય તો, તેનું માથું દુખે છે એમ જાણવું. ઝાડાનું બંધ થવું, ઓકારીનું આવવું, માતાના સ્તનને કરડવું, પેટમાં ગડગડાટ થવો, પેટ ચડવું અને પેટ ઉછળવું, એ લક્ષણથી બાળકના કોઠામાં પીડા છે એમ જાણવું. મળમૂત્રમાં ગંધ આવવી, ચારે તરફ આંખ ફાડીને જોવું, એ લક્ષણ હોય તો, તેની ગુદામાં અથવા પેશાબમાં કોઇ પ્રકારની પીડા છે એમ જાણવું. વૈદ્યોએ બાળકનું નાક, મોઢું, કાન, હાથ, પગ અને બીજા અવયવો તથા સાંધાઓને વારંવાર તપાસતા રહેવું, જેથી નહિ બોલી શકતા બાળકનો ગુપ્ત રોગ ધ્યાનમાં આવી જશે અને તે પ્રમાણે ચિકિત્સા કરવાથી બાળકને જલદી આરામ થશે.

એક "કુકૂણક" નામનો રોગ દૂધના દોષથી બાળકનેજ થાય છે. તેનું લક્ષણ એવું છે કે, બાળકની આંખમાં ચેળ આવે છે, આંખ ગળે છે અને તે બાળક કપાળ, આંખ અને નાકને ચોળે છે. તથા તે તડકા સામું જોઇ શકતું નથી અને આંખ ઉઘાડતું નથી. એવો રોગ થયો હોય તો હરડાં, બેડાં, આમળાં, લોધર, સાટોડી, આદુ, રીંગણીમૂળ અને દોડકીનું મૂળ એને વાટીને એક ગોળો બનાવી મુકવો. પછી તે ગોળાને ઘસીને જરા ઉનો કરીને બાળકથી ખમાય તેવો કપાળે ચોપડવો, જેથી એ રોગ મટે છે.

બાળકને લોહીવાળા ઝાડા થતા હોય તો, મોચરસ, લજામણી, ધાવડીનાં ફુલ અને કમળનું કેશર એના ચૂર્ણને પાણીમાં ઉકાળી પાવાથી,

રક્તાતિસાર બંધ થાય છે. જો બાળકને પ્રવાહીકા (મરડો) થયો હોય તો લોધર, ઇંદ્રજવ, ધાણા, આમળાં, વાળો અને મોથ; એનું ચુર્ણ કરી મધમાં ચટાડવાથી તાવ અને પ્રવાહીકાનો નાશ થાય છે. ઘણીવાર બાળકને ભસ્માજીર્ણ થાય છે, તેમાં બાળક પુષ્કળ ખાય છે અને ભૂખ્યું ને ભૂખ્યું જણાય છે. તેવા રોગમાં "લઘુવસંત માલતિ" ઘણો ફાયદો કરે છે. જો બાળકને હિક્કા (હેડકી) થઇ હોય તો, એક ચોખાપુર માણેકરસ લઈ, તેને થોડા ગોળના પાણીમાં મેળવી પાવાથી, હીચકી બંધ થઇ જાય છે. જો બાળકને પેસાબ ઘણીવારે થતો હોય, પેસાબ કરતાં રડતો હોય, તો ગળોનું સત્વ અર્ધા વાલ સુધી દિવસાં ત્રણ વખત મધ સાથે ચટાડવું અથવા દૂધમાં કે પાણીમાં મેળવીને પાવું. જો બાળકને મૂત્ર ટપકયાં કરતું હોય તો, એલચી નંગ એક, છોડાં સાથે પાણી મૂકી ઝીણી વાટી દિવસમાં ત્રણ વખત પાવી, જેથી પેશાબ ટપકતો બંધ થઇ જાય છે. જો બાળકની નસ્કોરી ફૂટતી હેય, એટલે નાકેથી લોહી પડતું હોય, તો દાડેમનાં ફૂલનો રસ નાકમાં મૂકવો. જો બાળકના કાનમાં ચસકા મારતા હોય તો એક બે ટીપાં સરસીયા તેલનાં મૂકવાથી ચસકા મટે છે, પણ જો પરૂ વહેતું હોય તો કાગળની ભુંગળી બનાવી સમુદ્રફીણનું ચૂર્ણ અથવા કુલાવેલી ફટકડીનું ચૂર્ણ, અથવા અબીલ ફુંકવાથી કાન પાકતો મટી જાય છે, અથવા આવળનાં ફુલને, છાંએ સુકવી તેનું બારીક ચૂર્ણ કરી, કાનને સળી ઉપર રૂ લપેટી તેનાથી પરૂ લુછી કાઢી તેમાં તે ફુલનો ભુકો ફુંકવાથી આરામ થાય છે. જો કાનમાં નાસુર પડી ગયું હોય અને પરૂ વહ્યા કરતું હોય તો, વડનાં પાકાં પાન, કરંજનાં પાન, શુંદીનાં પાન, અને કાળીયા સરસનાં પાન ભેગાં વાટીને તેની વડી બનાવી તેલમાં તળી કાઢી, તે તેલને ગાળી શીશીમાં ભરી મૂકવું. એ તેલ કાનમાં મુકવાથી, કાન રૂઝાઇ જાય છે. જો બાળકને ઓછા થયા હોય, એટલે હાથનાં કાંડાંથી હથેલીનો પાછલો ભાગ, પગનાં કાંડાંથી પગની પાટલી સુધી મગના દાણા જેવડા, રાતી ' મોંયવાળા સંખ્યાબંધ ફોલ્લા થાય છે, અને બે મટે છે, ચાર સુકાય છે અને આઠ નવા નીકળે છે, એવું જો થયું હોય તો, તેનો ઉપાય રવિવાર, મંગળવાર,

કે ગુરૂવારને દિવસે એક ડાળી પીપળાની, કે જેના ઉપર સાત પાંતરાં હોય તે મંગાવી, તેનાં દરેક પાંતરાં ઉપર એવો શ્લોક લખી, તે ડાળીને

समुद्रस्य परे पारे लंका नामे महापुरीम
वायुपुत्रस्तु गच्छति यत्र राजा विभीषणः

તેલનો ધૂપ દઈ, તે બાળકના ઘરના રાંધવાના ચુલા ઉપર લટકાવવાં. એ પ્રમાણે રવિવારે પીપળાનાં પાન ઉપર, મંગળવારે આંકડાનાં પાન ઉપર અને ગુરૂવારે નાગરવેલનાં પાન ઉપર લખીને બંધાવવાથી, ઓછાનાં ચાંદાં સુકાઈ જાય છે. આ પ્રયોગમાં શું ચમત્કાર છે અથવા શું યુક્તિ છે ? તે સમજાતું નથી, પણ સેંકડો બાળકના ઓછા સારા થઈ ગયાં છે, માટે અમે તો એને પ્રભાવિક ગુણવાળો પ્રયોગ માનીએ છીએ.

બાળકોને બીજા ઘણી જાતના રોગો થાય છે અને તે રોગોની ચિકિત્સા મોટાં માણસ પ્રમાણેજ કરવામાં આવે છે; જેના પ્રયોગો ચાલુ હોવાને લીધે અમે વધારે લંબાણ કરતા નથી. બાળકને માટે નિઘંટ રત્નાકર, ભાવપ્રકાશ, રસરત્ન સમ્મુચય, વગેરે ગ્રંથોમાં ઘણા રોગોના ઘણા ઉપાયો લખેલા છે, પરંતુ તે અનુભવેલા નહિ હોવાથી અમે તેના ઉતારા કરી ટીપ્પણ વધાર્યું નથી. પણ નિઘંટ રત્નાકરમાં "માતૃકાઓની પીડા" અને જ્યોતિષ શાસ્ત્રના માનેલા નવ ગ્રહો સિવાયના બીજા નૈગમેષાદિ ગ્રહોના નડવાથી બાળકોના જૂદા જૂદા રોગોનું વર્ણન કરેલું છે, તેમાં તે માતૃકાઓ અને ગ્રહો બાળકને શું કારણથી નડે છે, તે નહિ સમજાવાથી અને તે શબ્દોમાં શું અલંકાર રહેલા છે તે અક્કલમાં નહિ ઉતરવાથી તેનું વર્ણન કર્યું નથી. જો કોઈ મહાન્ તર્કવાદી એ ગ્રહોને જે અલંકારમાં ગોઠવેલા છે તેની શોધ કરી, પ્રયોગ સિદ્ધ કરે, તો બાળકો ઉપર ઘણો ઉપકાર થાય એમ છે, એટલુંજ કહીને આ વિષયને સંપૂર્ણ કરીએ છીએ. ઇત્યલમ્

તારીખ ૪-૪-૧૯ ગરેઉ

પ્રયોજક—
શા. તિલકચંદ તારાચંદ વૈદ્ય—સુરત.
લેખક—
ઇશ્વરલાલ રતનલાલ ત્રિવેદી—સુરત.

પરિશિષ્ટ.

આ આયુર્વેદ નિબંધમાળાનો પ્રથમ ભાગ દશ નિબંધોમાં પૂરો કરીએ છીએ. તે નિબંધોમાં દવાઓની બનાવટ પૈકી તામ્રભસ્મ અને માણેકરસની બનાવટ, તે તે સ્થળમાં લખવાનો યોગ નહિ હોવાથી અને પાછળથી એટલી અપૂર્ણતા જણાવાથી, આ નિબંધમાળાને છેડે પરિશિષ્ટના રૂપમાં લખીએ છીએ.

તામ્રભસ્મ બનાવવાની રીતઃ—તાંબાના પતરાને ઠેકાણે હાલમાં ખોટા કસબમાંથી તાંબાની ગોટી નીકળે છે તે તાંબું ઘણા ઉંચા પ્રકારનું હોય છે, તેવી ગોટી ચાલીશ તોલા લઈ, તેને સાતવાર ત્રિફળાના ઉકાળામાં છમકારી તથા સાતવાર તપાવીને તલના તેલમાં ટાઢી પાડી, પછી સાતવાર ગોમૂત્રમાં છમકારી પારો શેર પા તથા ગંધક શેર અર્ધો એ બેને સાથે વાટી, કાજળી કરી, તે કાજળીને લીંબુના રસમાં ઘુંટી, તેમાં તાંબાની ગોટીને મેળવીને એક ગોળો બનાવી સરાવસંપુટમાં મૂકી, કપડમટી કરી ગજપુટનો અગ્નિ આપવો. એવા બે પુટ આપવાથી જે તામ્રભસ્મ બને, તે શીતભંજી રસમાં નાંખવી અથવા બીજા રસોમાં પણ વાપરવી. અમારો અનુભવ એવો છે કે કોઇ પણ ધાતુ કે ઉપધાતુની ભસ્મ, એકલી ખાવી કે ખવડાવવી નહિ, પણ તેને કોઇ પણ રસોમાં નાંખી તે રસોની વિધિપૂર્વક બનાવટ કરીને ખવડાવવાથી, રોગો ઉપર ઘણી સારી અસર કરે છે.

માણેકરસ બનાવવાની રીત;—વરખી હડતાળને લાવીને તેને અધખોખરી ખાંડીને, સફેદ અબરખના બે મોટાં પાનાં લઇને, એક પાના ઉપર હડતાળ પાથરીને તેના ઉપર બીજું અબરખનું પતરૂં ઢાંકીને, તેના સાંધાને ઘઉંની કણેકથી બંધ કરીને, પછી તે પતરા જેવડાં બે છાણાં સળગાવીને તેનો પાકો દેવતા બનાવીને એટલે છાણાંનો ધુમાડો બંધ થાય તે પછી, એક છાણાના પાકા દેવતા ઉપર પેલા અબરખના પતરાવાળો હડતાળનો ભૂકો મૂકવો, અને તેના ઉપર બીજા છાણાંનો પાકો

દેવતા ઢાંકી દેવો. એટલે દશ મિનિટમાં અબરખનાં પતરાંની વચમાં મૂકેલી હડતાળ, પોતાનો પીળો રંગ તજીને લાલ માણેકના રંગના જેવી ચળકતી બની જશે. એનું નામ માણેકરસ છે. આ ક્રિયા કોઇ શાસ્ત્રમાં જોવામાં આવી નથી, પણ ગુરૂપરંપરાથી અમારા જિલ્લાના વૈદ્યોમાં પ્રચલિત છે. એ માણેકરસ કફજવરમાં, ત્રિદોષ જવરમાં, સન્નિપાતમાં, ખાંસીમાં, હાંફણમાં, યોગ્ય અનુપાન સાથે એક રત્તી સુધી આપવાથી, વાયુ અને કફની પ્રાધાન્યતાવાળા રોગોને ઘણી ઝડપથી ફાયદો કરે છે.



આયુર્વેદ નિબંધમાળા ભાગ બીજાનું.

દિગ્દર્શન.

આયુર્વેદ નિબંધમાળાના પ્રથમ ભાગમાં આવેલા દશ નિબંધો વાચકવર્ગે ધ્યાન દઇને વાંચ્યા હશે અને તે ઉપરથી ખાતરી થઈ હશે કે, પ્રથમ ભાગના દશ નિબંધમાં તેના પ્રણેતાએ કોઇપણ જાતના સ્વાર્થ વિના આયુર્વેદનાં ગૂઢ તત્વોના ખુલાસા સાથે, અનુભવસિદ્ધ ઔષધો વૈદ્યોને કીર્તિ આપવાવાળા અને રોગીને આરોગ્યતા આપવાવાળા, ખુલ્લા હૃદયથી પ્રકાશ કર્યાં છે. તેજ પ્રમાણે આયુર્વેદ નિબંધમાળાનો બીજો ભાગ તૈયાર થયો છે. જેમાં એકવીશ નિબંધોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રથમ ભાગમાં સૃષ્ટિની ઉત્પત્તિથી લઇને બાળકની સારવાર એટલે બાળકનું બાળકપણું જ્યાં સુધી પહોંચે છે ત્યાં સુધીમાં તેની સંભાળ કેવી રીતે લેવી અને તેને થતા રોગના ઉપાયો કેવી રીતે કરવા? તથા બાળકની માતાનું અને બાળકનું રક્ષણ કેવી રીતે કરવું તે સંબંધી વિચાર દર્શાવવામાં આવેલા છે. તે પછી બાલ્યકાળ વીત્યા પછીના સમયમાં સ્ત્રી પુરૂષોને જે સ્વતંત્રતા મળે છે તે સ્વતંત્રાને લીધે, મિથ્યા આહાર અને મિથ્યા વિહારથી ઉત્પન્ન થતા તમામ રોગોનાં નિદાનો અને તેને મટાડવાના અનુભવસિદ્ધ ઉપાયો લખવામાં આવ્યા છે. એ આયુર્વેદ નિબંધમાળાના બીજા ભાગમાં, આજ સુધી લખાયલાં તથા પ્રગટ થયલાં સંપૂર્ણ વૈદકશાસ્ત્રનાં પુસ્તકોમાં રોગોનાં નિદાનો લખવામાં આવ્યા છે; જો કે તે નિદાનો એટલી પૂર્ણતાથી લખવામાં આવ્યા છે કે, શરીરની અંદરના ભાગમાં કયો દોષ કેવી રીતે બગાડ પામવાથી શરીરમાં શું ઉપાધિ થાય છે તેનો નિશ્ચય કરી રોગોનાં નામ આપવામાં આવ્યા છે, જેથી વૈદ્યો તે રોગોની યથાર્થ પરીક્ષા કરી, રોગોનાં કારણને જાણી, રોગોને નિર્મૂળ કરી શકે છે; પરંતુ તે રોગોનાં કારણોનાં કારણ, આ નિબંધમાળામાં રોગોનાં નિદાનમાં જોવામાં આવશે. તે એવી રીતે કે આયુર્વેદના સંહિતા ગ્રંથોમાં રોગનાં નિદાન જાણવાને

માટે શારીરશાસ્ત્રમાં વાયુ, પિત્ત અને કફ એ ત્રિદોષને માની તેની અવ્યવસ્થાથી જે રોગ થાય છે, તેનાં લક્ષણો બતાવવનો પ્રયત્ન કર્યો છે, પરંતુ જેમ શારંગધરાચાર્યે ઔષધ લેવાના સમયના પ્રકરણમાં પાન, અપાન, ઉદાન, વ્યાન અને સમાન વાયુની અવ્યવસ્થાથી જે રોગ ઉત્પન્ન થયા હોય, તેને માટે જે ઔષધ આપવાનું હોય તે ઔષધ કયે કયે સમયે આપવું તે બતાવ્યું છે, પણ ઉપર લખેલા પાંચ પ્રકારના વાયુની અવ્યવસ્થાથી કયા કયા રોગો ઉત્પન્ન થાય છે, તે કોઈ પણ નિદાનશાસ્ત્રે લખ્યું નથી. એટલા માટે અમે તે ત્રિદોષ સિદ્ધાંતનું પ્રતિપાદન કરતાં, મનુષ્ય શરીરમાં રહેલા પાન, અપાન, ઉદાન, વ્યાન અને સમાન એ પાંચ પ્રકારના વાયુ તથા પાચક, સાધક, આલોચક, રંજક અને ભ્રાજક એ પાંચ પ્રકારનાં પિત્ત, અને ક્લેદન, અવલંબન, રસન, સ્નેહન અને સંશ્લેષણ, એ પાંચ પ્રકારના કફ મળીને પંદર પ્રકાર જે આયુર્વેદે ઠરાવેલા છે, તેના જૂદા જૂદા ગુણ–ધર્મનો વિચાર કરી, તે તે વાયુ, પિત્ત અને કફના હીન–મિથ્યા અને અતિયોગથી શરીરમાં થયલી અવ્યવસ્થાને કારણે રોગોનાં જે લક્ષણ કહેવામાં આવ્યાં છે, તેમાં કયા દોષનો હીન–મિથ્યા કે અતિયોગ થયો છે, કે જેથી શરીરમાં અમુક પ્રકારનો ઉપદ્રવ થયો છે તેનો નિશ્ચય કરી તે રોગનું નિદાન સ્પષ્ટ કરી બતાવ્યું છે. આયુર્વેદમાં પિત્ત, કફ, મળ અને ધાતુઓને પંગુ ગણેલા છે અને તેને વાયુ જ્યાં ઘસડી જાય ત્યાં જવાવાળા માનેલા છે, એટલે પાંચ પ્રકારના વાયુમાં જો તેનો હીન–મિથ્યા કે અતિયોગ થયો હોય તો તે પિત્ત, કફ, મળ અને ધાતુઓમાં હીન–મિથ્યા અને અતિયોગ ઉત્પન્ન કરે છે, અને તેથી દરેક રોગમાં જૂદા જૂદા ઉપદ્રવો જણાય છે; તે ઉપદ્રવો વિસ્તારપૂર્વક સમજાવવાથી વૈદ્યોને પોતાના શાસ્ત્રમાં કેટલું બળ, કેટલું ગાંભીર્ય અને કેટલું મહત્વ સમાયલું છે. અને તેના પ્રણેતા ઋષિ મુનિઓએ આયુર્વેદના ઉપર કેટલો કાબુ મેળવેલો છે, તેનું રહસ્ય સમજાશે. એટલે આયુર્વેદ સિવાયનાં ઇતર ચિકિત્સા શાસ્ત્રો જેમ રોગનાં કારણ તરફ ધ્યાન નહિ આપતાં, માત્ર તેના કાર્યને શાંત કરવા પ્રયત્ન કરે છે, તેમ આયુર્વેદના અભ્યાસકોએ રોગીની ચિકિત્સા કર્યા કરવાનું નથી, પરંતુ આયુર્વેદે રોગના મૂળ કારણને શોધીને

દોષના સૂક્ષ્મ તત્વોનો અભ્યાસ કરીને, મનુષ્ય શરીરની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણભૂત ત્રણ દોષોરૂપે ત્રિગુણાત્મક પ્રકૃતિના ભેદને સમજાવવા જે પ્રયત્ન કર્યો છે તે ઉપર જેમ જેમ આયુર્વેદના અભ્યાસકો વિચાર કરતા જશે, તેમ તેમ તેના જ્ઞાનમાં વધારો થઇ, આયુર્વેદનું અસલ સ્વરૂપ જાણવામાં આવશે. દાખલા તરીકે અપાન વાયુનો હીનયોગ થાય, જેથી સમાનવાયુનો અતિયોગ થાય, એટલે પાચકપિત્તનો હીનયોગ થાય. આ પાચકપિત્તનો હીયેનાગ થવાથી રંજકપિત્ત આહારના રસના ઉપર રંગ ચઢાવી તેનું યથાર્થ રૂધિર બનાવી શકે નહિ. એક તરફ સમાનવાયુના અતિયોગમાં અપાનવાયુના મિશ્રણને લીધે અપાનવાયુ પોતાના સ્થાનમાંથી મળરૂપ દ્રવ્યને પોતાની સાથે લાવેલો, તે સાથે સમાનવાયુ, પાનવાયુમાં જઇને ભળે છે એટલે રંજકપિત્તે બનાવેલા રૂધિરમાં પાનવાયુ ભળવાથી રૂધિરમાં અપાનવાયુ સાથે આવેલા મળો મિશ્રિત થાય છે. જો એ અપાનવાયુ પાનવાયુ સાથે મળી ઉદાનવાયુમાં ભેળાઇ જાય તો મુખના, આંખના, કાનના અને માથાના રોગો ઉત્પન્ન કરે છે, પણ જો એ અપાનવાયુ પાનવાયુ સાથે મળી રૂધિરની સાથે વ્યાનવાયુમાં એકઠો થાય, એટલે ચામડીમાં રહેલા ભ્રાજકપિત્તનો હીનયોગ થાય. અને વ્યાનવાયુના અતિયોગથી સંશ્લેષણ કફ સૂકાઇ જાય, જેથી શરીરની ત્વચામાં રહેલું સ્નિગ્ધપણું અને આર્દ્રપણું ઘટી જવાથી ચામડીના વિવિધ પ્રકારના રોગો ઉત્પન્ન થાય. એવી રીતે દરેક સ્થાનના વાયુ, પિત્ત અને કફનાં પંદર સ્થાનો જે આયુર્વેદે નિશ્ચય કરેલાં છે, તે પંદર સ્થાનો પૈકીના વાયુ, પિત્ત અને કફના હીન મિથ્યા અને અતિ યોગથી કયા કયા ઉપદ્રવો થાય છે, તે આ નિબંધમાળાના બીજા ભાગમાં ત્રિદોષ સિદ્ધાંતની રીતમાં બતાવવામાં આવ્યા છે, અને તે તે રોગના અમારા અજમાવેલા, અનુભવેલા, આયુર્વેદમાં લખેલા તથા અમારા નવા શોધેલા અને ગુરૂપરંપરાથી મળેલા ઉપાયોજ લખવામાં આવ્યા છે. એ ઉપાયો પૈકી એક પણ ઉપાય અનુભવ સિવાય, કોઇપણ ગ્રંથના ઉતારા તરીકે લેવામાં આવ્યો નથી. એટલે તે વૈદ્યરાજોને એ નિબંધમાળામાં લખેલા ઉપાયો બનાવવાને તથા વાપરવાને ઘણુંજ અનુકૂળ થઇ પડશે.

૧૬૬ આયુર્વેદ નિબંધમાળા ભાગ બીજાનું દિગ્દર્શન.

આયુર્વેદ નિબંધમાળાના પ્રથમ ભાગનું આ પુસ્તક અમારા વડીલ ચિકિત્સકોને પરીક્ષા માટે, તથા અમારા સહયોગી ચિકિત્સકોને આનંદ આપવા માટે અને અમારા વિદ્યાર્થી વર્ગોને ઉપદેશ આપવા માટે, ભેટ આપવા ઠરાવ્યું છે; માત્ર તેની પાસેથી ટપાલ ખર્ચના બે આના લેવા ઠરાવ્યા છે. તેવી રીતે આયુર્વેદ નિબંધમાળાનો બીજો ભાગ પણ આ નિબંધમાળા કરતાં દોઢગણા કદનો થવા છતાં (જો નાણાંની સગવડ હશે તો) ચિકિત્સકોને ભેટ આપવાનો વિચાર છે, પણ જો તેમ નહિ બની શક્યું તો જેટલો ખર્ચ લાગે તેટલાજ વરાડ પડતે હિસાબે તેની કિંમત ઠેરવી, તેટલાજ પૈસા લેવામાં આવશે. કારણ કે વિદ્યાને વેચવા કરતાં તેનું દાન કરવું. તે અમે શ્રેષ્ઠ માનીએ છીએ. પરંતુ દાન કરવાની શક્તિ નહિ હશે તો પડતલ કિંમતે આપીશું, પણ નફો મેળવવાની જરા પણ આશા રાખતા નથી. એટલા માટે જે જે ચિકિત્સકોને આયુર્વેદ નિબંધમાળાનો બીજો ભાગ મેળવવાની ખુશી હોય, તેમણે પોતાનું નામ અમારા રજીસ્ટરમાં નોંધાવવું, એટલે બીજો ભાગ પ્રગટ થતાં તે તે ગૃહસ્થોને ખબર આપવામાં આવે. એટલી વાત યાદ રાખવાની છે કે, જે જે વૈદ્યરાજો અમારા લીસ્ટમાં નામ નોંધાવશે, એટલે તેઓને આ પુસ્તક લેવુંજ પડશે એવી ફરજ પાડવામાં આવતી નથી, પણ બીજો ભાગ છપાઇ તૈયાર થયા પછી જેમનાં નામ નોંધાયાં હશે, તેમને ખબર આપવામાં આવશે અને જેઓના જવાબ પાછા ફરી વળશે, તેઓનેજ તે પુસ્તક મોકલવામાં આવશે. આ નિબંધમાળાનો પહેલો ભાગ વાંચતાં ગર્ભિણીના રોગો, સુવાવડીની સારવાર અને બાળકને થતા રોગોના નિબંધમાં જે જે ઉપાયો લખ્યા છે તે કાંઇપણ કપટ વિના, કાંઇપણ શંકા વિના, કોઇપણ જાતના ગુરૂમત રાખ્યા વિના, માત્ર પરોપકાર દૃષ્ટિથી અમારો અનુભવ, અમારી સાથે મરી નહિ જાય એટલા હેતુથીજ પ્રકટ કરવામાં આવ્યા છે. તે પ્રમાણે નિબંધમાળાના બીજા ભાગમાં તમામ રોગોના ઉપાયો, તેની બનાવટ અને તેનો ઉપયોગ કેમ કરવો તે, તથા તે ઉપાયો બનાવતાં કયે કયે ઠેકાણે કેવી કેવી જાતનાં વિઘ્નો આવે છે, અને તેવી વખતે ઉપાય બનાવનારા વૈદ્યે કેવી કેવી સાવધાની રાખવી, તે ખુલ્લા હૃદયથી કોઈ પણ જાતના

સંકોચ વિના દર્શાવવામાં આવ્યું છે, અને અમારી ખાત્રી છે કે જો આયુર્વેદ નિબંધમાળાના ત્રણે ભાગ ધ્યાનપૂર્વક વાંચી તેમાં લખેલા નિયમ પ્રમાણેનું વર્તન રાખવામાં આવે તો કોઇપણ ચિકિત્સક પોતાની કીર્તિમાં વધારો કરી, મનુષ્ય જાતપર મોટો ઉપકાર કરી શકે. એટલાજ હેતુથી આ નિબંધમાળાના ત્રણ ભાગ લખવામાં આવ્યા છે. ઇત્યલમ્

તારીખ	પ્રયોજક—
૧૩–૮–૧૮	શા. તિલકચંદ તારાચંદ વૈદ્ય–સુરત.
	લેખક—
મંગળવાર	ઇશ્વરલાલ રતનલાલ ત્રિવેદી–સુરત.



પુસ્તકો મળવાના ઠેકાણાં.

તિલકચંદ તારાચંદ વૈદ્ય
ઘીઆશેરીનો ટેકરો–સુરત.

કરસનદાસ નારણદાસ બુકસેલર્સ
નાણાવટ–સુરત.

સુરત સીટી પ્રીન્ટીગ પ્રેસ
ચૌટાના પુલ ઉપર–સુરત.